नमो नमः श्री गुरु प्रेमसूरये.

पूर्वाचार्यकृत

# पुष्पप्रकरणमाला

(सानुवाद ९ प्रकरणो)

-: प्रकाशक :-

श्री जिनशासन आराधना ट्रस्ट

७, श्रीजी भोईवाडो, भुलेश्वर, मुंबई - ४०० ००२

नमोनमःश्रीगुरुप्रेमसूरये.

पूर्वाचार्योकृत

# पुष्पप्रकरणमाला

(सानुवाद ९ प्रकरणो)

-: प्रकाशक :-

श्री जिनशासन आराधना ट्रस्ट

७, त्रीजो भोईवाडा, भुलेश्वर, मुंबई - ४०० ००२.

विक्रम संवत २०४५ वीर संवत २०१५ मुल्य रु.५० /-

## આર્થિક સહકાર

મહારાષ્ટ્ર દેશોધ્ધારક આ. શ્રીવિજયયશોદેવસૂરીશ્વરજી મ. ના. પટ્ટાલંકાર પ્રશાંતમૂર્તિ પૂ.આ. **શ્રીવિજયધનપાલસૂરીશ્વરજી** મહારાજાના આજ્ઞાવર્તી પૂ. સાધ્વી **શ્રી રોહિણાશ્રીજી** મ. ના. સંયમ જીવનની અનુમોદનાર્થે સાધ્વીશ્રી વિનિતાશ્રી ના સદુપદેશથી શ્રુતાબ્ધિમાં છુટાછવાયા પડેલા શ્રુતરત્નોને એક સાથે સંગ્રહિત કરતી આ **'પુષ્પપ્રકરણમાળા'** ને કરમાતી અવસ્થામાં આર્થિક સહકાર દ્વારા નવપલ્લવિત કરવામાં નિમિતભૂત બનનાર **કાંતાબેન જંયતિલાલ શાહ (જળગામ)** આભાર કદી નહિં ભુલીએ.

**લી. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

## -: પ્રકાશકીય :-

આનંદની અવધિ નથી આજ અમારા અંતરમાં કારણ એક જ છે કે અતિજીર્ણ-શીર્ણ અવસ્થાપ્રાપ્ત અને દુર્લભ એવા 'પુષ્પપ્રકરણમળા' નામના આ ગ્રંથને પુનરુધ્ધાર ધ્વારા પ્રકાશિત કરવાનો અપૂર્વ અવસર આજ અમને મળી રહયો છે.

પૂર્વે 'પુષ્પમાળા' પ્રકાશિત કરી, જેમાં સમ્યક્ત્વાદિ ૨૦ દ્વારોની શૃંખલાબધ્ધ વિચારણા હતી. આ ગ્રંથ છે 'પુષ્પપ્રકરણમાળા' જેમાં કાયસ્થિતિ પ્રકરણાદિનું વિશદ વિવેચન છે, તથા ટુંક સમયમાંજ 'પ્રકરણપુષ્પમાળા' પણ બહાર પડી રહયું છે, જેમાં નિગોદ છત્રીસી-પરમાણુ વિ.નું વર્ણનીય વર્ણન છે.

ત્રણે ગ્રંથો શાસ્ત્રોના તાત્વિક ઉંડા રહસ્યોથી ભરપૂર હોઈ તત્વપ્રેમી વિદ્વાનોને તથા ભાષાંતર સહિત હોવાથી સંસ્કૃત-પ્રાકૃતના અનભ્યાસી ધર્મપ્રેમીઓ માટે પણ અત્યંત ઉપયોગી બની રહેશે.

પ્રસ્તુત ગ્રંથ સંવત ૧૯૮૨ માં ખંભાત નિવાસી માસ્તર ઉમેદચંદ રાયચંદે છપાવી પ્રસિધ્ધ કરેલ. પ્રસ્તુત પ્રકરણને આપણા સુધી પહોંચાડવામાં અનન્ય સહાયક એ શ્રુતભકતને આ અવસરે શે ભુલાય ?.....

પ્રસ્તુત ગ્રંથમાળા પૂર્વાચાર્યાકૃત ૯ ગ્રંથરત્નોથી ગુંથાએલી છે.

(૧) કાયસ્થિતિ પ્રકરણ
(૨) વિચાર સપ્તતિકા
(૩) વિચાર પંચાશિકા
(૪) સમકિત વિચાર ગર્ભિત મહાવીર સ્તવન
(૫) સિદ્ધપંચાશિકા.
(૬) સિદ્ધ દંડિકા
(૭) નિગોદ ષટ્ત્રિંશિકા
(૮) શ્રી ભાવપ્રકરણ
(૯) શ્રી પંચનિર્ગ્રંથી

(૧) પ્રથમ કાયસ્થિતિ એટલે મરીને ફરી ફરી તેજ ભવમાં જનમવું તે. કુલમંડનસૂરિકૃત આ કૃતિમાં ચૌદે રાજલોકના ચારે ગતિના પ્રત્યેક જીવનો (સુક્ષ્મને બાદર-જધન્ય/ઉત્કૃષ્ટ) કાયસ્થિતિ સંવેધ (એક ભવમાંથી મર્યા પછી પુનઃ તે ભવમાં પાછા આવવાનો કાળ કે ભવો) વર્ણવવામાં આવ્યો છે.

(૨) વિનયકુશલની વૃતિરુપ મહેન્દ્રસૂરિકૃત 'વિચાર સપ્તતિકા'માં શાશ્વતી પ્રતિમાઓ-ચૈત્યો-કોટીશીલા સૂર્યના કિરણો-કૃષ્ણરાજી વિ.બાર વિચારોનો સારભૂત સંગ્રહ છે.

(૩) આનંદવિમલસૂરિના શિષ્ય વાનરમુનિ ઉધ્ધ્ત 'વિચાર પંચાશિકા'માં ગર્ભકાળ-સંમૂર્ચ્છિમ મનુષ્યની ગતિ-આગતિ/ પર્યાપ્તિ વિગેરે નવ દ્વારોની વિચારણા છે.

(૪) ન્યાયસાગરકૃત 'મહાવીર જિન સ્તવન' ગ્રંથનાં ૬ ઢાળીયા સ્તવનમાં સમકિતનું સ્વરૂપ, તેના ભેદો-કાળ-કારણો વિ.વિષયો ટુંકમાં પણ સુંદર રીતે આવરી લેવાયા છે.

(૫) સાગરસમા સિધ્ધપ્રાભૃતનામના ગ્રંથને સામે રાખી દેવેન્દ્રસૂરિકૃત 'સિધ્ધ પંચાશિકા'માં સત્પદાદિ ૯ દ્વારો તથા ક્ષેત્ર-કાળ-ગતિ વિગેરે પંદર દ્વારો દ્વારા સકલ કર્મથી મુકત થયેલા સિધ્ધ પરમાત્માના શુધ્ધસ્વરુપનું ર સર્વતોવ્યાપિ ર સારભૂત છતા અતિવિશદ વર્ણન કરાયું છે.

(૬) દેવેનદ્રસૂરિરચિત 'સિધ્ધદંડિકા'માં ઋષભદેવ પરમાત્માની પાટપરંપરામાં અસંખ્યકાળ સુધી અસંખ્યાતા રાજવીઓ પોતાની આગવી આંતરિક આરાધના દ્વારા સિધ્ધગતિ અને સર્વાર્થીસિધ્ધ વિમાનને સર કરતા રહયા તેના કાળને અનુરુપ ક્રમને ગુંથવામાં આવ્યો છે.

(૭) 'નિગોદ ષટ્ત્રિશિકા'માં નિગોદના જીવો-તેના ભેદો-ગોળાઓ-ગોળામાં શરીરો-શરીરમાં જીવોની અવસ્થા/ અવગાહના-અલ્પબહુત્વ વિગેરેનું સુંદર સ્પષ્ટીકરણ છે.

(૮) વિજયવિમલઉધ્ધ્ત 'ભાવ પ્રકરણ'માં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, સ્કંધ, કર્મ, ગતિ, જીવ-આ આઠ દ્વારોમાં ઔપશમિકાદિ પાંચ ભાવોનો વિચાર-તેમાં ભાવોના ભાંગાઓ-ભાવોના ભેદ-ગુણઠાણાને વિષે ભાવો-ગતિમાં ભાવો-વિગેરેનું વિશદીકરણ છે.

(૯) ભગવતીસૂત્રના ૨૫માં શતકના છઠ્ઠા ઉદ્દેશાની સંગ્રહણીરૂપ 'પંચનિર્ગ્રંથી' પ્રકરણમાં પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રંથિ-સ્નાતક-આ પાંચ પ્રકારના સાધુઓની

વ્યાખ્યા-સ્વરુપ-પ્રજ્ઞાપના-ભેદો-વેદ-રાગ-કલ્પ વિગેરે ૩૬ દ્વારો દ્વારા જીણવટ-ભરી છણાવટ કરી ગ્રંથને અતિમૌલિક બનાવ્યો છે.

સંક્ષેપમાં ઘણું જાણવાની રુચિવાળા તત્વપ્રિય જીવોને વિશેષ લક્ષમાં રાખી નવપ્રકરણરત્નોનો શ્રુતસમુહમાંથી સમુધ્ધાર કરવામાં આવ્યો છે. પ.પૂ.અદ્વિતીય-ગીતાર્થમુર્ધન્ય સિધ્ધાંતમહોદધિ સ્વ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પનોતા પટ્ટાલંકાર વિદ્વદ્વરેણ્ય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય પંન્યાસજી **શ્રીપદ્મવિજયજી ગણિવર્યશ્રીના** વિનેય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયહેમચંદ્રસૂરિ મહારાજના** ઉપદેશથી ઉત્થાન પામેલ અમારા ટ્રસ્ટ દ્વારા તેનો પુનરુધ્ધાર થયો. આજસુધી લગભગ ૬૦ જેટલા ગ્રંથોને પુનઃ સજીવન કરવાનો લાભ અમને મળ્યો છે. જીર્ણ અવસ્થાપ્રાપ્ત સેંકડો ગ્રંથોને નૂતન કરવાની અમારી પ્રબળ ભાવના છે. અનેક આત્માઓ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ તથા બીજા અનેક ગ્રંથોના અધ્યયન-અધ્યાપન દ્વારા આત્મહિત સાધે અને તેનાથી પેદા થતા પુણ્યબળના પ્રભાવે અમારા શ્રુતભકિતના કાર્યમાં વિસ્તૃત પ્રગતિ થાય એજ શાસનદેવને અભ્યર્થના.

**લી.જિનશાસન આરાધના ટ્રસ્ટ**


**ટ્રસ્ટીઓ**

(૧) ચંદ્રકુમાર બી. જરીવાલા (૨) લલિતભાઈ આર. કોઠારી

(૩) નવિનચંદ્ર બી. શાહ (૪) પુંડરીક એ. શાહ



अर्हम्

श्री पार्श्वनाथाय नमः

श्री

# कायस्थिति प्रकरण.

( मूल तथा भाषांतर सहित. )

( १ )

वर्धमानं जिनं नत्वा, यथाभूतार्थदेशकम् ।
कुर्वे कायस्थितिस्तोत्रे, कियदर्थप्रकाशकम् ॥ १ ॥

अर्थ—यथार्थ तत्त्वना उपदेशक श्री वर्धमान स्वामीने नमस्कार करीने आ कायस्थिति नामना स्तोत्रमां ( जो ) केटलोक अर्थ प्रकाश करुं छुं.

श्री प्रज्ञापना उपांग तथा विवाह प्रज्ञप्ति ( भगवती ) विगेरे सूत्रोमां कायस्थिति तथा भव संवेध विगेरेनो विचार सविस्तर कहेलो छे, तेने पोतानी बुद्धिथी अवधारण करीने आ ग्रंथ कर्ता आचार्य ( श्री कुलमंडन सूरिए ) पंचम काळने लीधे

हीन बुद्धि अने हीन बळवाळा, श्री सिद्धान्त रुपी समुद्रनो पार पामवामां अशक्तिवाळा तथा संक्षेप रुचिवाळा शिष्यजनोना अनुग्रहने माटे सूक्ष्मार्थना सारांशथी निबद्ध आ ग्रंथ कर्यो छे. तेना प्रारंभमां भक्तिना अतिशयपणाथी त्रण भुवनना स्वामी श्री जिनेश्वर भगवाननी स्तुति करे छे. प्रथम पोताना अभीष्ट देवता प्रत्ये पोतानी विज्ञप्तिने प्रकाश करवा पूर्वक अभिधेय कहे छे.

जह तुह दंसणरहिओ, कायठिईभीसणे भवारन्ने ।
भमिओ भवभयभंजण, जिणिंद तह विन्नविस्सामि॥१॥

मूलार्थ—हे संसारना भयनो नाश करनार जिनेंद्र! तमारा दर्शन रहित हुं जे प्रमाणे आ कायस्थितिए करीने भयंकर भवारण्यमां भटक्यो, ते प्रणाजे तमने विज्ञापना करुं छुं-जणावुं छुं. १.

टीकार्थ—हे जिनेन्द्र! तमारा दर्शनथी रहित-दर्शन एटले द्रव्यथी दृष्टिवडे जोवुं ते, अने भावथी सम्यग्दर्शन (समकित) कहेवाय छे. अहीं सर्वकल्याणनुं एकांत कारण होवाथी भावदर्शन लीधेलुं छे. कारण के द्रव्य दर्शन तो अभव्योने पण अनंती वार प्राप्त थाय छे. तेथी तमारा दर्शने करीने रहित एटले सम्यक् दर्शनथी रहित एवो हुं अर्थात् हुं शब्दे करीने समग्र प्राणीओ जाणवा केमके सर्व जीवोने ए ज प्रमाणे भव भ्रमणनो प्रकार छे, तेथी हुं शब्दे करीने सर्व जीवो ग्रहण करवा. कायस्थिति एटले सामान्यथी जीवपणा रुप लक्षणे करीने अने विशेषथी नारकादिक लक्षणवाळा पर्याये करीने उपर कहेला जीवनुं जे सततपणे उत्पन्न थवुं ते. एवी कायस्थितिवडे भयंकर आ भवरुपी अरण्यने विषे नारकादिक कायस्थितिना दुःखोना अनुभव पूर्वक जे रीते हुं भम्यो छुं, तेवी रीते तमारी पासे विज्ञप्ति करुं छुं. अहीं संबोधन द्वाराए विज्ञप्ति करवानुं कारण बतावे छे.—हे भवभयभंजन! तिर्यंच वगेरे गतिरुप संसारना भयनो-वारंवार

तेवी गतिमां भ्रमण करवा रुप आशंकानो नाश करनार एवा हे भगवान ! १.

अहीं स्तुति करनार आचार्य माहाराजे जीवोनी कायस्थितिनो विचार करवा आरंभ कर्यो छे, ते कायस्थिति सामान्य अने विशेषे करीने बे प्रकारनी छे. तेमां सामान्यथी कायस्थिति संसारी जीवनुं जीववुं एटले प्राणोने धारण करवा ते. ते जीवन संसारी जीवने सर्वदा होय छे.केमके आयुषकर्मना अनुभव रुप द्रव्यप्राणो अने ज्ञानादिक भावप्राणो तेमने निरंतर रहेला होय छे. अने मुक्त-सिद्धना जीवोने ज्ञानादिक भावप्राणोनुं धारण करवुं अवस्थितपणे छे. माटे (सामान्यथी) संसारी अवस्थामां सर्वत्र सर्वकाळे जीवन रहेलुं ज छे. हवे विशेषथी कायस्थितिने स्तोत्र कर्त्ता पोते ज कहे छेः--

अव्ववहारियमज्झे, भमिउण अणंतपुग्गलपरट्टे ।
कहवि ववहाररासिं, संपत्तो नहि तत्थविय ॥ २ ॥

मूलार्थ—हे नाथ ! हुं अव्यवहारिक राशिमां अनंत पुद्गल परावर्त सुधी भ्रमण करीने कोइ पण प्रकारे व्यवहार राशिने प्राप्त थयो. तो त्यां पण चिरकाळ भ्रमण कर्युं. २.

टीकार्थ—अहीं सांव्यवहारिक अने असांव्यवहारिक एम बे प्रकारना जीवो छे. तेमां जेओ अनादि निगोदनी अवस्थामांथी उद्धरीने ( बहार नीकळीने ) पृथ्वीकायादिक भवोने विषे रहेला छे तेओ दुनियामां लोकोना दृष्टिमार्गमां आवता होवाथी पृथ्वी आदि व्यवहारने पाम्या, माटे तेओ सांव्यवहारिक कहेवाय छे. जो के तेओ फरीथी पण निगोदावस्थामां जाय छे, तोपण तेओ व्यवहारने माटे (व्यवहार राशिमां) आवेला होवाथी सांव्यवहारिक ज कहेवाय छे. अने जेओ अनादि काळथी निगोदावस्थामां ज रहेला छे, तेओ व्यवहार मार्गथी रहित होवाथी ( कोइ वार पण व्यवहार

मार्गमां आवेला नहीं होवाथी ) असांव्यवहारिक ज कहेवाय छे. असांव्यवहारिक अनादि निगोद जीव राशिमां अतीत काळ (गयेला काळ)ना अनादिपणाने लीधे अनंता पुद्गल परावर्त सुधी रहीने कोइ पण प्रकारे जेम पर्वतनी नदीमां रहेलो पाषाण केटलेक काळे गोळ लीसो थाय छे, तेम तेवा प्रकारनी भवितव्यताना वशथी पृथ्वी आदि व्यवहारने पामीने हुं व्यवहार राशिने प्राप्त थयो. तो हे नाथ! त्यां पण—व्यवहार राशिमां पण हुं आगळ कहेवाशे ते प्रकारे भम्यो. आ कायस्थितिनो विचार प्रज्ञापना सूत्रना अढारमा पदमां सविस्तरपणे जीव, गति, इन्द्रिय अने कायादिक अनुयोगद्वार वडे अनुक्रमे निरूपण कर्यो छे. ते ज प्रमाणे अहीं पण तेने ज अनुसारे संक्षेपथी कहेवाय छे. २.

उक्कोसं तिरियगईए, असंनिएगिंदिवणनपुंसेसु ।
भमिओ आवलियअसंखभागसम पुग्गलपरट्टा ॥ ३ ॥

मूलार्थ—हुं तिर्यग्गतिमां, असंज्ञिमां, एकेन्द्रियमां, वनस्पतिमां अने नपुंसकमां उत्कृष्टथी आवलिकाना असंख्याता भाग(ना समय) जेटला पुद्गल परावर्त सुधी भम्यो छुं. ३.

टीकार्थ—उत्कृष्टथी तिर्यग्गतिमां, संज्ञिथी उलटा एटले असंज्ञिमां, एकेन्द्रियमां तथा सूक्ष्म, बादर निगोद अने प्रत्येक ए त्रणे जातिनी वनस्पतिकायमां अने नपुंसकमां असंख्येय समयवाळा आवलिकानाअसंख्यातमां भाग जेटला एटले आवलिकाना असंख्येय भागे जेटला समयो आवे तेटला पुद्गल परावर्त सुधी हुं भम्यो छुं. ३.

सामन्नं सुहुमत्ते, ओसप्पिणिओ असंखलोगसमा ।
भमिओ तह पिहु सुहुमे, पुढवीजलजलणपवणवणे ॥४॥

मूलार्थ—तेमां सूक्ष्मपणाने विषे सामान्यथी ( ओघथी ) असंख्य लोकाकाश प्रदेश प्रमाण जेटली अवसर्पिणना काळ सुधी हुं भम्यो छुं. अने ते ज प्रकारे ( तेटलोज काळ ) सूक्ष्म पृथ्वीकाय, अप्काय, अग्निकाय, वायुकाय अने वनस्पतिकायने विषे प्रत्येक प्रत्येकमां पण भम्यो छुं. ४.

टीकार्थ—तथा सूक्ष्मपणाने विषे एटले सूक्ष्म नाम कर्मना उदयवाळा जीवोमां ओघथी एटले पृथ्वी कायादिक विशेष विना ज ( पांचे जातिमां भेळो ) असंख्य लोक प्रमाण अवसर्पिणी सुधी हुं भम्यो. तेमां असंख्येय लोक एटले अलोकाकाशने विषे लोकना प्रमाण जेवडा असंख्याता आकाशना खंडो कल्पवा, तेना जे प्रदेशो एटले जेना भाग न थइ शके एवा जेटला भागो थाय तेटला प्रमाणवाळी अवसर्पिणीओ सुधी हुं भम्यो छं. अने ओघे जेटलो काळ कह्यो तेटलो ज एटले असंख्येय लोकाकाश प्रदेश प्रमाणवाळी अवसर्पिणीओ सुधी सूक्ष्म पृथ्वीकाय, अप्काय, तेउकाय, वायुकाय अने वनस्पतिकायने विषे प्रत्येके प्रत्येके पण हुं भम्यो छु. असंख्यातना असंख्य भेद ( प्रकार ) होवाथी ओघमां ( ओघने आश्रीने ) कहेला अवसर्पिणीना असंख्यातपणानी अपेक्षाए प्रत्येक प्रत्येक सूक्ष्म पृथ्वी आदिमां कहेलुं अवसर्पिणीनुं असंख्यातपणुं घणुं नानुं जाणवुं. आ कायस्थितिनुं स्वरुप सांव्यवहारिक जीवने आश्रीने कहेलुं छे. केमके असांव्यवहारिक राशिमां रहेला सूक्ष्म निगोदना जीवो अनादिकाळना छे, एम प्रथम कही गया छीए. वळी सूक्ष्म वनस्पति कायना जीवो पण अहीं सांव्यवहारिक ज जाणवा. ४.

ओहेण बायरत्ते, तह बायरवणस्सईसु ता उ पुणो ।
अंगुलअसंखभागे, दोसह्न परत्तय निगोए ॥५॥

मूलार्थ—ओघथी बादरपणामां अने बादर वनस्पतिकायमां अंगुलना असंख्य भाग प्रमाण अवसर्पिणीओ सुधी हुं भम्यो छुं. तथा निगोदने विषे अढी पुद्गल परावर्तन सुधी हुं भम्यो छुं. ५.

टीकार्थ—ओघथी एटले पृथ्वी आदि विशेषनी अपेक्षा विना सामान्यथी बादर (एकेंद्रि) पणामां एटले बादर नाम कर्मोदयमां वर्तता तथा विशेषथी बादर वनस्पतिकायने विषे पण तेटली अवसर्पिणीओ सुधी हुं भम्यो. केटली अवसर्पिणी ? ते कहे छे.—अंगुलना असंख्येय भाग प्रमाणवाळा क्षेत्र (प्रदेश)ने विषे प्रति समये एक एक आकाश प्रदेश लेतां असंख्याती उत्सर्पिणीओ लागे छे. कह्युं छे के "अंगुल श्रेणी मात्र क्षेत्रने विषे असंख्याती उत्सर्पिणीओ लागे छे." तेटली एटले असंख्याती उत्सर्पिणीओ अहीं जाणवी. तथा सामान्यथी सूक्ष्म अने बादर रुप निगोदने विषे मंद भागी एवो हुं अढी पुद्गल परावर्त सुधी भम्यो. ५..

बायरपुढवीजलजलणपवणपत्तेयवणनिगोएसु ।
सत्तरिकोडी अयराणं नाह भमिओऽहं ॥ ६ ॥

मूलार्थ—वळी हे नाथ ! बादर पृथ्वीकाय, अप्काय, अग्निकाय, वायुकाय, प्रत्येक वनस्पतिकाय अने निगोदने विषे हुं सीत्तेर कोडाकोडी सागरोपम सुधी भम्यो छुं. ६.

टीकार्थ—बादर पृथ्वी, जळ, अग्नि, वायु, प्रत्येक वनस्पति अने निगोद (साधारण वनस्पति) ए सर्व प्रत्येक प्रत्येकमां सीत्तेर कोडाकोडी सागरोपम सुधी हुं भम्यो एटले के बादर पृथ्वीकायिक जीव बादर पृथ्वीकायमां ज फरी फरीने उत्पन्न थाय, तो ते त्यां उत्कृष्टो सीत्तेर कोडाकोडी सागरोपम काळ सुधी उत्पन्न थया करे, एज प्रमाणे बादर जळ, अग्नि, वायु, प्रत्येक वनस्पति अने बादर निगोदमां पण पोताना कायमां बादरपणाने नहीं छोडता जीवोनी

कायस्थितिना काळनुं प्रमाण प्रत्येके प्रत्येके एटलुंज कहेवुं (जाणवुं) ६

संखिज्जवाससहस्से, बितिचउरिंदीसु ओहओ अ तहा।
पज्जत्तबायरेगिंदिभूजलानिलपरित्तेसु ॥ ७ ॥

मूलार्थ—ओघथी बेइंद्रिय, तेइंद्रिय अने चउरिंद्रियने विषे हुं संख्याता हजार वर्षो सुधी भम्यो, तथा पर्याप्त बादर एकेन्द्रि पृथ्वीकाय, अप्काय, वायुकाय अने प्रत्येक वनस्पतिकाय, तेमने विषे पण संख्याता हजार वर्षो सुधी हुं भम्यो. ७.

टीकार्थ—ओघथी एटले पर्याप्त अने अपर्याप्त रुप विशेषण विना ज सामान्यपणे द्वींद्रिय, त्रींद्रिय अने चतुरिंद्रिय रुप विकलेन्द्रियोने विषे संख्याता हजार वर्षो सुधी भम्यो. अहीं भावार्थ ए छे के-द्वीन्द्रियादिक जातिमां केटलाएक ( थोडा ) भव भ्रमणनो संभव होवथी प्रत्येक जातिमां संख्याता काळनीज स्थीती संभवे छे. हवे पर्याप्तादिक विशेषणवाळा बादर एकेन्द्रिय पृथ्वी आदिनी कायस्थिति आ गाथामां तथा आगळनी गाथामां द्वीन्द्रियादिकनी कायस्थिति कहे छेः-पर्याप्त बादर नाम कर्मना उदयमां वर्तता एकेन्द्रियो जे पृथ्वी, जळ, वायु अने प्रत्येक वनस्पति तेमने विषे प्रत्येके प्रत्येके हुं संख्याता हजार वर्षो सुधी भम्यो. अहीं भावार्थ ए छे के-जेणे पर्याप्त पर्यायनो त्याग कर्यो नथी एवा पृथिव्यादिकमांना एकने विषे उत्पन्न थनारा बादर एकेन्द्रियने उत्कृष्ट आयुष्यवाळा भवनी संकलना ( गणतरी ) करवाथी संख्याता हजार वर्षोज थाय छे. ते आ प्रमाणे-पर्याप्त बादर पृथ्वीकायनी स्थिति उत्कृष्टथी बावीश हजार वर्षनी छे, अप्कायनी स्थिति सात हजार वर्षनी छे, वायुकायनी त्रण हजारनी छे तथा प्रत्येक वनस्पति कायनी स्थिति दश हजार वर्षनी छे. तेथी आ पृथिव्यादिकने विषे निरंतर केटलाक भवना आयुष्यना काळनी गणतरी करतां

संख्याता हजार वर्षो ज थाय ए घटे छे. अहीं जे पर्याप्त कह्यो छे, ते लब्धिनी अपेक्षाए जाणवो, पण करणनी अपेक्षाए न जाणवो, केमके लब्धि पर्याप्तनो विग्रहगतिमां पण संभव छे माटे. ७.

**बायरपजग्गिबितिचउरिंदिसु संखदिणवासदिणमासा।**
**संखिज्जावासअहिआ, तसेसु दो सागरसहस्सा॥८॥**

मूलार्थ—बादर पर्याप्त अग्निकाय तथा पर्याप्त द्वीन्द्रिय, त्रीन्द्रिय अने चतुरिन्द्रियनी कायस्थिति अनुक्रमे संख्याता दिवस, संख्याता वर्ष, संख्याता दिवस अने संख्याता मासनी जाणवी. तथा त्रसकायनी स्थिति उत्कृष्टथी संख्याता वर्षे अधिक एवा बे हजार सागरोपमनी जाणवी. ८.

टीकार्थ—बादर पर्याप्त अग्निकायनी तथा पर्याप्त द्वीन्द्रिय, त्रीन्द्रिय अने चतुरिन्द्रियनी कायस्थिति अनुक्रमे संख्याता दिवस, वर्ष, दिवस अने मास सुधीनी जाणवी. अर्थात्–बादर पर्याप्त अग्निकायनी उत्कृष्ट भवस्थिति त्रण रात्रि दिवसनी छे, तेथी करीने उत्कृष्टादि स्थितिवाळा केटलाक पर्याप्त भव करवानो संभव होवाथी संख्याता रात्री दिवसो ज थाय छे. द्वीन्द्रियनी बार वर्ष, त्रीन्द्रियनी ओगणपचास दिवस अने चतुरिन्द्रियनी छ मासनी उत्कृष्टी भवस्थिति छे. तेथी करीने निरंतर पर्याप्त भवना काळनी गणना करवाथी पण कह्या प्रमाणे संख्याता ज वर्षादिक आवे छे तथा त्रसने विषे एटले त्रस कायमां उत्कृष्टथी कायस्थिति संख्याता वर्षे अधिक बेहजार सागरोपमनी छे. ८.

**अयरसहस्सं अहियं, पणिंदिसु तितीसअयर सुरनरए।**
**संनिसु तह पुरिसेसुं, अयरसयपहुत्तमब्भहियं॥९॥**

मूलार्थ—पंचेन्द्रियने विषे संख्याता वर्षे अधिक एवा एक

हजार सागरोपमनी कायस्थिति छे. तथा देवगति अने नरकगतिने विषे तेत्रीश सागरोपमनी कायस्थिति छे. तथा संज्ञि पंचेन्द्रिय अने पुरुषवेदने विषे बसोथी नवसो सागरोपमथी कांइक अधिक कायस्थिति छे. ९.

टीकार्थ—पर्याप्त अने अपर्याप्त रुप विशेषण विना ज सामान्ये करीने पंचेन्द्रियने विषें संख्याता वर्षे अधिक एक हजार सागरोपमनी कायस्थिति छे. तेमां पर्याप्त पंचेन्द्रियनी उत्कृष्ट कायस्थिति बसोथी नवसो सागरोपमथी कांइक अधिक जाणवी. तथा देवगति अने नरकगतिने विषे तेत्रीश सागरोपमनी उत्कृष्ट कायस्थिति छे, कारण के ते गतिवाळा जीवो पोताना भवथी चवीने फरीथी (तरत ज) ते ज भव (गति) मां उत्पन्न थता नथी. ते बन्ने गतिवाळानी जघन्य कायस्थिति दश हजार वर्षनी छे. तथा संज्ञिपंचेन्द्रियने विषे अने वेदनी अपेक्षाए पुरुषवेदने विषे बसोथी नवसो सागरोपमथी कांइक अधिक उत्कृष्ट कायस्थिति छे, अने जघन्यथी अन्तर्मुहूर्तनी छे. ९.

गब्भयतिरियनरेसु य, पल्लतिगं सत्तपुव्वकोडीओ ।
दसहियपलियसयं थीसु पुव्वकोडिपहुत्तजुअं ॥ १० ॥

मूलार्थ—गर्भज तिर्यंच अने मनुष्यने विषे उत्कृष्ट कायस्थिति त्रण पल्योपम अने सात करोड पूर्वनी जाणवी. तथा स्त्रीवेदने विषे एकसो ने दश पल्योपम तथा बेथी नव करोड पूर्वनी कायस्थिति जाणवी. १०.

टीकार्थ—गर्भज तिर्यंच अने मनुष्यने उत्कृष्टथी त्रण पल्योपम ने सात करोड पूर्वनी कायस्थिति जाणवी. केमके करोड पूर्व वर्षना आयुष्यवाळो पंचेन्द्रिय तिर्यंच करोड पूर्व वर्षना आयुष्यवाळा पंचेन्द्रिय तिर्यंचने विषे वारंवार (फरी फरीने) उत्पन्न थाय,

तो उत्कृष्टथी सात वार उत्पन्न थाय. अने जो आठमीवार पण तेमांज उत्पन्न थाय, तो अवश्य असंख्याता वर्षना आयुष्यवाळा तिर्यंचने विषे उत्पन्न थाय छे, ते असंख्याता वर्षना आयुष्यवाळाने विषे उत्कृष्ट आयुष्य त्रण पल्योपमनुं छे, तेथी करीने उपर कहेलुं कायस्थितिनुं प्रमाण योग्य ज छे. एज प्रमाणे मनुष्यने विषे पण जाणवुं तथा स्त्रीवेदने विषे उत्कृष्टथी एकसो दश पल्योपम अने बेथी नव करोड (सुधी) पूर्वनी कायस्थिति छे. ते आ प्रमाणे—कोइ जंतु करोड पूर्वना आयुष्यवाळा स्त्रीपणाने विषे उपरा उपर पांच के छ भव करीने इशान देवलोकमां पंचावन पल्योपमनी उत्कृष्ट आयुष्यवाळी (स्थितिवाळी) अपरिगृहीता देवीमां उत्पन्न थाय. पछी त्यांथी चवीने फरीथी करोड पूर्व वर्षना आयुष्यवाळी मनुष्यनी स्त्रीने विषे अथवा तिर्यंचनी स्त्रीने विषे स्त्रीपणे उत्पन्न थाय. त्यांथी फरीने पण इशान देवलोकमां प्रथमनी जेम ५५ पल्योपमने आउखे उत्पन्न थाय, ते त्यांथी चवीने पछी अवश्य बीजा वेदमां जाय छे. तेथी पूर्वे कहेलुं प्रमाण बराबर छे. १०

इत्थिनपुंसे समओ, जहन्नु अंतोमुहुत्त सेसेसु ।
अपजेसुक्कोसंपि य, पजसुहुमे थूलणंतेऽवि ॥ ११ ॥

मूलार्थ—स्त्रीवेद तथा नपुंसकवेदने विषे जघन्य कायस्थिति एक समयनी छे. ते सिवायना बीजाने विषे जघन्य कायस्थिति अन्तर्मुहूर्तनी छे. अपर्याप्तने विषे उत्कर्षथी पण कायस्थिति अन्तर्मुहूर्तनी छे तथा पर्याप्त सूक्ष्मने विषे अने बादर निगोदने विषे पण तेज प्रमाणे अन्तर्मुहूर्तनी कायस्थिति जाणवी.

टीकार्थ—पूर्वोक्तने विषे जघन्य कायस्थिति कहे छे-स्त्रीवेद अने नपुंसकवेदने विषे जघन्य कायस्थिति एक समयनो छे. जेमके

स्त्रीवेदना उदयवाळो अथवा नपुंसक वेदना उदयवाळो कोइ प्राणी उपशम श्रेणीने विषे ( आरुढ थइने ) त्रण वेदनो उपशम करवाथी अवेदकपणानो अनुभव करीने पछी ते श्रेणीथी पडीने पोताना भवना वेदने एक समय सुधी अनुभवे, अने पछी बीजे समये देवत्वने विषे उत्पन्न थाय, त्यां ( देव भवने विषे ) तेने पुरुषपणुं ज होय छे. अहीं प्रथमथी आरंभीने उत्कृष्ट कायस्थिति कही छे; तेनी अंदर जघन्य कायस्थिति तो मात्र स्त्रीवेद अने नपुंसकवेदनी ज बतावी छे. हवे तेनी अपेक्षाए बाकी रहेला देव अने नारकीने वर्जिने शेष तिर्यग् गत्यादिने विषे जघन्य कायस्थिति अंतर्मुहूर्तनी जाणवी. कारण के तेमनुं आयुष्य जघन्यथी पण अंतर्मुहूत ज छे. तथा लब्धिनी अपेक्षाए अपर्याप्तने विषे उत्कर्षथी कायस्थिति पण अंतर्मुहूर्तनी ज छे. कारण के तिर्यंचो अने मनुष्यो जो के अपर्याप्तावस्थाए ज मरण पामीने फरी फरीथी अपर्याप्तपणे केटलाक भव सुधी निरंतर उत्पन्न थाय छे, तोपण तेओनी एक भवनी अपर्याप्तावस्था लघुतर अंतर्मुहूर्त प्रमाणनी होवाथी अपर्याप्त केटलाक भवे करीने उत्कर्षथी पण अपर्याप्तावस्था गुरुतर अन्तर्मुहूर्तना प्रमाणवाळी थाय छे. अहीं ( उत्कर्षथी पण ए ठेकाणे ) 'अपि' एटले पण शब्द लख्यो छे, तेथी जघन्यथी पण अपर्याप्तावस्थामां देव अने नारकीओने लब्धि अपर्याप्तपणानो अभाव होवाथी बाकीना ( ते सिवायना ) नर अने तिर्यंचोने विषे कायस्थिति अन्तर्मुहूर्तनी ज छे एम समजवुं तथा पर्याप्त सूक्ष्म अने पर्याप्त बादर निगोदने विषे पण अपर्याप्तोने माटे कहेली जघन्य अने उत्कृष्ट स्थितिनी जेम भावना करवी, ते आ प्रमाणे-पर्याप्तावस्थाने आश्रीने सूक्ष्म पृथ्वीकायादिकने विषे जघन्यथी अने उत्कर्षथी कायस्थिति अन्तर्मुहूर्तनी ज छे, केमके त्यार पछी ते अवश्य

अपर्याप्तपणे ज उत्पन्न थाय छे. (उपरा उपर पर्याप्तावस्था सूक्ष्म के बादर निगोदमां अन्तर्मुहूर्तथी वधारे टकतो नथी.) ११.

विन्नत्ता कायठिइत्ति. कालओ नाह जह भमिय पुव्वा ।
भवसंवेहंगिन्हि, तु विन्नविस्सामि सामिपुरो ॥ १२ ॥

मूलार्थ—हे नाथ ! हुं पूर्वे जे प्रकारे भम्यो, ते प्रकारे काळने आश्रीने में कायस्थितिनी विज्ञप्ति करी. हवे हमणां स्वामीनी (आपनी) पासे भव संवेधने आश्रीने कायस्थितिनी विज्ञप्ति करीश—करुं छुं. १२.

टीकार्थ—हे नाथ ! आ प्रमाणे एटले जघन्य अने उत्कृष्टादिक पूर्वोक्त प्रकारे काळथी (काळने आश्रीने) कायस्थितिनी विज्ञप्ति करी, के जे प्रकारे हुं पूर्वे एटले अनादि एवा अतीतकाळमां भम्यो हतो. हवे हमणां स्वामीनी (आपनी) पासे ते ज कायस्थितिनी भावना संवेधने आश्रीने विज्ञापना करीश (करुं छुं). भव संवेध एटले विवक्षित भवथी बीजा भवमां जइने अथवा तुल्य भवमां रहीने फरीथी पण यथा संभव त्यां ज (ते भवमां ज) उत्पन्न थवुं ते. १२.

परभवतब्भवआउं, लहुगुरुचउभंगि सन्निनरतिरिओ ।
नरयछगे उक्कोसं, इगंतरं भमइ अट्ठभवे ॥ १३ ॥

मूलार्थ—परभव अने ते भव (कहेवाने इच्छेला भव) ना आयुष्यने जघन्य अने उत्कृष्टनी साथे विचारतां चार भांगा थाय छे, ते चारे भांगे विचारतां संज्ञिमनुष्य अने तिर्यंच पहेली छ नरकमां उत्कर्षथी एकांतर आठ भव भ्रमण करे छे. १३.

टीकार्थ—भव संवेधमां कोइ ठेकाणे आयुष्यना जघन्य अने उत्कर्षपणाथी विचार करतां भवोनी संख्यामां भेद पण थाय छे, माटे ते विषेना चार भांगाओने प्रगट करवापूर्वक प्रतिज्ञात हकीकत

कहे छेः–परभव एटले [1]परावर्तभव अने ते भव एटले जे भव संबंधी कहेवानी इच्छा होय ते भव ते बन्ने भवना आयुष्यने जघन्य अने उत्कर्ष रुप बे पदनी साथे योजना करतां चार भांगा (चौभंगी) थाय छे. ते आ प्रमाणे–आ भवमां उत्कृष्ट आयुष्य अने परभवमां पण उत्कृष्ट आयुष्य १, आ भवनुं उत्कृष्ट अने परभवनुं जघन्य २, आ भवनुं जघन्य अने परभवनुं उत्कृष्ट ३, तथा आ भवनुं जघन्य अने परभवनुं पण जघन्य ४, आ रीते भव संवेधनो विचार श्री भगवती सूत्रना चोवीसमा शतकमां चोवीश दंडकना अनुक्रमथी प्राणीओना परस्पर संवेध वडे जघन्य अने उत्कृष्ट उपपात, परिमाण, भव, काळ अने आयुष्य विगेरे प्रतिपादन करवाने अवसरे विस्तारथी निरुपण करेलो छे. तेने अनुसारे अहीं पण तेनी भावना संक्षेपथी करीये छीये.–आयुष्यना चार प्रकारना भांगे विचार करतां संज्ञी मनुष्य तथा तिर्यंच पहेली छ नरकमां उत्कर्षथी एकांतर आठ भवो सुधी भ्रमण करे छे. ते आ प्रमाणे–कोइ संज्ञीपंचेन्द्रिय मनुष्य सातमी सिवाय प्रथमनी छमांनी कोइ एक नरकमां उत्पन्न थाय, अने त्यांथी उधरीने (नीकळीने) पाछो मनुष्यमां उत्पन्न थाय, त्यांथी फरीने नरकमां जाय, ए प्रमाणे एकांतर आठ भवो करे छे. पछी नवमे भवे ते अवश्य बीजा पर्यायपणे उत्पन्न थाय छे, जघन्यथी तो आगळनी गाथामां कहेवाशे ते प्रमाणे बे भव करे छे. ए वात अहीं पण जाणी लेवी. एज प्रमाणे ( मनुष्य प्रमाणे ) तिर्यंचने माटे पण भावना करवी. १३.

भवणवणजोइकप्प–दुगेवि इअ अडभवाउदु जहन्ना ।
सग सत्तमीइ तिरिओ, पण पुन्नाउसु य ति जहन्ना ॥१४॥

---

१ ज्यां अहने प्रस्तुत भवमां आववानुं कहेवुं होय ते परावर्तभव समजवो.

मूलार्थ—भवनपति, व्यंतर, ज्योतिष्क तथा सौधर्मादिक आठ देवलोकने विषे एकांतर भव भ्रमण करता मनुष्यो अने तिर्यंचो उत्कर्षथी आठ भव करे छे. अने जघन्यथी बे भव करे छे. सातमी नरकमां ( एकांतर भ्रमण करतां ) तिर्यंचो उत्कर्षथी सात भव करे छे, परंतु पूर्ण आयुष्ये सातमी नारकीमां उत्पन्न थाय, तो उत्कर्ष पण पांच भवो करे छे, अने जघन्यथी त्रण भय करे छे. १४.

टीकार्थ—भवनपति, व्यंतर अने ज्योतिष्कने विषे तथा सौधर्मादिक आठ कल्पवासी वैमानिक देवताओने विषे एकांतर भ्रमण करतां मनुष्य अने तिर्यंचा उत्कर्षथी आठ भव करे छे अने जघन्यथी बे भव करे छे. तिर्यंच सातमी नरकमां एकांतर भ्रमण करतां उत्कृष्टथी सात भव करे छे. ते आ प्रमाणे–जेम कोइ करोड पूर्वना आयुष्यवाळो संज्ञी पंचेन्द्रि तिर्यंच सातमी नरकमां जघन्य आयुष्यपणे उत्पन्न थाय, त्यांथी नीकळीने तिर्यंचमां आवे, त्यांथी फरीने सातमीमां जाय, त्यांथी पाछो तिर्यंचमां आवे, त्यांथी फरीने सातमीमां जाय, त्यांथी पाछो तिर्यंचमां उत्पन्न थाय, त्यांथी मरीने तेने सातमी पृथ्वीमां जवानो असंभव छे, तेथी सात ज भवो थाय छे. सातमी नरकमां एकांतर उत्पन्न थता तिर्यंचने [1]समग्रकाळ छासठ सागरोपम अने चार करोड पूर्व जेटलो लागे छे परंतु जो तिर्यंच तेत्रीश सागरोपम रुप उत्कृष्ट स्थितिवाळा सातमी पृथ्वीना नारकीओमां पूर्ण आयुषे एकांतर उत्पन्न थाय, तो ते ( तिर्यंच ) उत्कृष्टपणे बे वार नारकोमां जाय अने त्रणवार तिर्यंचमां उत्पन्न थाय एमां पांच भव थाय छे, त्यार पछी फरीथी ते सातमी नरके उत्पन्न थतो नथी. जघन्यथी एक

१ साते भवोमां थइने आटलो काळ लागे छे

भव नरकमां अने बे भव तिर्यंचमां एम त्रण भव ज करे छे. मनुष्यने सातमी नरकमां जघन्यथी अने उत्कर्षथी पण बे ज भव थाय छे. केमके सातमी पृथ्वीथी नीकळीने ते अवश्य मत्स्यमां ज उत्पन्न थाय छे. ( मनुष्य थतो ज नथी. ) १४.

गेविज्जाण य चउगे, सग पणणूत्तर चउक्कि ति जहन्नं।
पज्जनरो तिसवट्ठे, दुहा दु भव तमतमाइ पुणो ॥ १५ ॥

मूलार्थ—पर्याप्त संज्ञी मनुष्य ग्रैवेयकमां अने आनतादिक चार देवलोकमां एकांतर सात भव करे छे, प्रथमना चार अनुत्तर विमानमां पांच भव करे छे, बन्नेमां जघन्यथी त्रण भव करे छे. सर्वार्थ सिद्धिमां जघन्य अने उत्कृष्टपणे त्रण भव ज करे छे. तथा तमतमा पृथ्वीने विषे जघन्य अने उत्कृष्टथी बे भव करे छे. १५.

टीकार्थ—पर्याप्त संज्ञी मनुष्य नव ग्रैवेयकमां अने आनतादिक चार देवलोक ( ९–१०–११–१२ ) मां एकांतर गति करे तो उत्कृष्टथी सात भव पूर्ण करे छे, जेम कोइ मनुष्य आनतादिकमां उत्पन्न थयो, त्यांथी चवीने मनुष्य थयो, त्यांथी फरीने आनतादिकमां गयो. ए रीते त्रणवार देवलोकमां अने चार वार मनुष्यमां उत्पन्न थाय छे. तथा चार अनुत्तर विमानमां एकांतर गमन करे तो उत्कृष्टथी पांच भव करे छे. तेमां पहेलो, मध्यनो अने छेल्लो एम त्रण भव मनुष्यना अने वच्चे वच्चे बे भव विजयादिकना, ए प्रमाणे पांच भवज करे छे. आ बन्नेमां ( नवग्रैवेयक, चार कल्प ने चार अनुत्तरमां ) जघन्यथी त्रण भव करे छे. केमके आनतादिक देवो मनुष्यमांथीज थाय छे—एटले मनुष्यज आनतादिकमां जाय छे, अने त्यांथी चवीने पाछा मनुष्यने विषेज उत्पन्न थाय छे. तथा सर्वार्थ सिद्धिने विषे मनुष्य जघन्य अने उत्कृष्टथी पण त्रणज भव करे छे; केमके सर्वार्थ सिद्धिमांथी आवेलो मनुष्य

अवश्य सिद्धिमां ज जाय छे. तथा तमस्तमा नामनी सातमी पृथ्वीने विषे जघन्यथी अने उत्कर्षथी पण मनुष्य बे भवने ज पूर्ण करे छे. १५.

दुहजुगलि तिरिअमणुआ, दुभवा भवणवणजोइकप्पदुगे॥
रयणप्पहभवणवणे, दुहदुभवअसन्निपजतिरिओ ॥ १६ ॥

मूलार्थ—जुगलिया तिर्यंच अने मनुष्य भवनपति, व्यंतर, ज्योतिष्क अने पहेला बे कल्पोने विषे उत्कृष्टथी तथा जघन्यथी बेज भवने पूरे छे (करे छे) तथा पर्याप्त असंज्ञी तिर्यंच रत्नप्रभा, भवनपति अने व्यंतरने विषे पण जघन्य तथा उत्कृष्टथी बे भवज पूरे (करे) छे १६.

टीकार्थ—युगलिया तिर्यंचो अने मनुष्यो जघन्यथी अने उत्कृष्टथी एम बन्ने प्रकारे भवनपति, व्यंतर, ज्योतिष्क तथा प्रथमना बे कल्पने विषे उत्पन्न थया सता बे भवने ज पूरे छे, केमके भवनपत्यादिकथी चवीने तेओने पाछो यु गलियाने विषे उत्पत्तिनो संभव नथी. तथा रत्नप्रभा नामनी पहेली नरकने विषे अने भवनपति तथा व्यंतरने विषे पर्याप्त असंज्ञी तिर्यंच उत्पन्न थाय तो ते पण जघन्य अने उत्कर्षथी बे भवने ज पूरे छे. केमके त्यांथी नीकळेला असंज्ञी तिर्यंच थता नथी. १६.

पजसन्नितिरिनरेसु य, सहसारंता सुरा य छन्निरया।
अडभव सत्तमनिरया, तिरिए छभव चउ पुव्वाऊ ॥१७॥

मूलार्थ—सहस्रार ( आठमा ) देवलोक सुधीना देवताओ अने पहेली छ नरकना नारकीओ पर्याप्त संज्ञी तिर्यंच अने मनुष्यने विषे उत्कृष्टथी आठ भव पूरे छे, तथा सातमी पृथ्वीना नारकीओ ( जघन्य आयुष्यवाळा ) पर्याप्त संज्ञी तिर्यंचने विषे उत्कृष्टथी छ

भव करे छे, परंतु उत्कृष्ट आयुष्यवाळा सातमी पृथ्वीना नारकीओ उत्कृष्टथी चार भव ज करे छे. १७.

टीकार्थ—पर्याप्त अने संज्ञी एवा विशेषणवाळा तिर्यंचो अने मनुष्योने विषे एकांतरे उत्पन्न थता सहस्रार देवलोक सुधीना देवताओ एटले भवनपति, व्यन्तर, ज्योतिष्क तथा प्रथमना आठ कल्प ( स्वर्ग ) ना देवताओ तथा पहेली छ पृथ्वीना नारकीओ उत्कृष्टा आठ भव पूरे छे. जेम कोइ भवनपत्यादिकमांथी चवीने एकांतर भवनी उत्पत्तिवडे चार वार पर्याप्त संज्ञी मनुष्य थाय छे. त्यार पछी एटले आठ भव कर्या पछी ते भुवनपत्यादिकमां उत्पन्न थतो नथी. ए प्रमाणे बीजे स्थाने ( तिर्यंचने विषे पण ) जाणवुं. तथा ( जघन्य आयुष्यवाळा ) सातमी पृथ्वीना नारकीओ पर्याप्त संज्ञी तिर्यंचने विषे एकांतर उत्पत्तिने आश्रीने छ भव पूरे छे. केमके एकांतरे पर्याप्त संज्ञी तिर्यंचमां उपजता सातमी पृथ्वीना नारकीने चोथीवार सातमी पृथ्वीमां उपजवानो असंभव छे, पूर्ण एटले उत्कृष्ट आयुष्यवाळा सातमी पृथ्वीना नारकी पोताना (नारकीना) भवथी आरंभाने चार भव सुधीज पर्याप्त संज्ञी तिर्यंचमां एकांतरे भ्रमण करे छे, तेथी अधिक भव करे नहीं.

**पजसन्निनरे छभवा, गेविज्जाण य चउकदेवा य ।**
**चउणुत्तरा चउभवा, दुजहन्न दुहावि दु सवट्ठा ॥ १८ ॥**

मूलार्थ--ग्रैवेयक अने आनतादिक चार देवलोकना देवो पर्याप्त संज्ञी मनुष्यने विषे छ भव करे छे. चार अनुत्तर विमानवासी देवो चार भव करे छे. आ सर्व जघन्यथी बे भव करे छे, तथा सर्वार्थसिद्धिना देव जघन्य अने उत्कृष्टथी बे भव ज करे छे.१८

टीकार्थ--ग्रैवेयक अने आनतादिक चार देवलोकना देवो पोताना भवथी मांडीने पर्याप्त संज्ञी मनुष्यने विषे एकांतरे उत्कृष्टा

छ भव करे छे. तथा चार अनुत्तर विमानवासी देवो पोताना भवथी आरंभीने पर्याप्त संज्ञी मनुष्यने विषे एकांतरे उत्पन्न थाय तो उत्कृष्टा चार भव करे छे. अने जघन्यथी सर्वे एटले ग्रैवेयक, चार आनतादिक अने चार अनुत्तरवासी देवो पर्याप्त संज्ञी मनुष्यने विषे बे भव ज करे छे. तथा सर्वार्थसिद्धिना देवताओ पर्याप्त संज्ञी मनुष्यने विषे उत्पत्तिने आश्रीने जघन्य तथा उत्कृष्टथी पण बे भव ज करे छे. १८

भूजलवणेसु दुभवा, दुहा वि भवणवणजोइसदुकप्पा ।
अमिआउतिरिनरे तह, मिहु सन्नियर तिरिसन्निनरा ॥१९॥

मूलार्थ—भवनपति, व्यन्तर, ज्योतिष्क अने पहेला बे कल्पना देवो पृथ्वी, जळ अने वनस्पतिकायने विषे जघन्य तथा उत्कर्षथी बे भवज करे छे. तथा संज्ञी अने असंज्ञी तिर्यंचो अने संज्ञी मनुष्यो युगलिक तिर्यंचने विषे अने युगलिक मनुष्यने विषे मांहोमांहे बे भव करे छे. १९.

टीकार्थ—भवनति, व्यन्तर, ज्योतिष्क अने सौधर्म तथा इशान देवलोकना देवो पृथ्वी, जळ अने वनस्पतिकायने विषे उत्पन्न थाय तो जघन्यपणे तथा उत्कृष्टपणे बे भव ज करे छे. केमके पृथिव्यादिकथी उधरीने ( नीकळीने ) तेओनी भवनपत्यादिकमां उत्पत्तिनो अभाव छे. अग्निकायिक अने वायुकायिकमां तो देवगतिनी उत्पत्तिनो ज असंभव छे, एटले तेमां देवो उपजता ज नथी, तेथी तेनो भव संवेध अहीं कह्यो नथी. तथा संज्ञी अने असंज्ञी तिर्यंचो तथा संज्ञी मनुष्यो युगलिया तिर्यंचोने विषे तथा युगलिया मनुष्योने विषे मांहोमांहे उत्पन्न थाय तो बे भव करे छे. ते आ प्रमाणे-संज्ञी अने असंज्ञी तिर्यंच युगलिया मनुष्यने विषे तथा युगलिया तिर्यंचने विषे तेमज संज्ञी मनुष्य युगलिया तिर्यंचने

विषे अने युगलिया मनुष्यने विषे उत्पत्तिने आश्रीने बे भव ज करे छे. केमके युगलियानो भव कर्या पछी ते अवश्य देवपणे ज उत्पन्न थाय छे. १९.

भूजलपवणग्गी मिह, वणा भुवाइसु वणेसु अ भुवाई।
पूरंति असंखभवे, वणा वणेसु अ अणंतभवे. ॥ २० ॥

मूलार्थ—पृथ्वीकाय, जळकाय, वायुकाय अने अग्निकाय अन्योन्यने विषे असंख्याता भव पूरे छे, वनस्पतिकाय पृथ्व्यादिक चार कायने विषे असंख्याता भव पूरे छे, पृथिव्यादिक चार काय वनस्पतिकायने विषे असंख्याता भव पूरे छे, अने वनस्पतिकाय वनस्पतिकायने विषे अनंता भव पूरे छे. २०.

टीकार्थ—पृथ्वीकाय, जळकाय, वायुकाय अने अग्निकाय परस्पर एकांतर भव ग्रहण करवाना प्रकारवडे असंख्याता भव पूरे छे. जेम कोइ पृथ्वीकायिक जीव अप्काय, वायुकाय अने अग्निकायमांना कोइ एकने विषे उत्पन्न थाय, त्यांथी पाछो पृथ्वीकायपणे उत्पन्न थाय, त्यांथी पाछो फरीने अप्कायादिक त्रणमांथी कोइ एकने विषे उत्पन्न थाय. ए प्रमाणे पृथ्वीकाय जीव एकांतरे अप्कायिकादिक त्रणमांथी कोइ एकने विषे उत्पन्न थाय तो उत्कर्षथी असंख्याता भव सुधी भ्रमण करे छे. ए ज प्रमाणे अप्काय, वायुकाय अने अग्निकायना जीवो पृथ्वीकायादिक त्रण कायामांना कोइ एकने विषे उत्पन्न थाय तो दरेक उत्कृष्टपणे असंख्याता भव पूरे छे. तथा वनस्पतिकायिक जीवो पृथिव्यादिक चार कायिकमांना दरेकने विषे एकांतर भवनी उत्पत्तिए करीने उत्कर्षथी असंख्याता भव पूरे छे तथा पृथ्वी कायादिक चारे कायाना दरेक जीवो वनस्पतिकायने विषे एकांतरे उत्पन्न थाय तो उत्कर्षथी असंख्याता भव पूरे छे. तथा वनस्पतिकायना जीवो

वनस्पतिकायने विषे ज फरी फरीने उत्पन्न थाय तो उत्कर्षथी अनंताभव करे छे. २०.

पणपुढवाइसु विगला, विगलेसु भुवाइ विगलसंखभवे ।
गुरुआउतिभंगे पुण, भवट्ठ सव्वत्थ दुजहन्ना ॥ २१ ॥

मूलार्थ—विकलेंद्रियो पृथिव्यादिक पांचमांना दरेकने विषे संख्याता भव करे छे, तथा पृथिव्यादिक पांचे अने विकलेंद्रियो विकलेन्द्रियोने विषे संख्याता भव करे छे. तथा पूर्वे कहेला चार भांगामांना उत्कृष्ट आयुष्यवाळा त्रण भांगामां आ सर्वे पृथिवीकायिकादिक ( उत्कृष्टपणे ) आठ भव करे छे. ते सर्वेने जघन्यथी बे भव जाणवा. २१

टीकार्थ—विकलेंद्रियो एटले द्वींद्रिय, त्रींद्रिय अने चतुरिंद्रिय ए दरेक जीव पृथ्वी, जळ, वायु, अग्नि अने वनस्पतिकाय ए पांचेमांना कोइ एकने विषे एकांतरे उत्पन्न थाय तो ( उत्कर्षथी ) संख्याता भव करे छे. जेमके कोइ द्वींद्रिय जीव पृथ्वीकायमां उपज्यो, त्यांथी पाछो द्वींद्रिय थयो, त्यांथी फरीने पृथ्वीकायमां उपज्यो. ए प्रमाणे संख्याता भव करे छे, ए ज प्रमाणे अप्कायादिकने विषे पण संख्याता भव जाणवा. तथा द्वींद्रियनी जेम ज त्रींद्रिय अने चतुरिंद्रियने माटे पण जाणवुं. तथा पृथ्वीकायादिक पांच अने द्वींद्रियादिक विकलेंद्रियो जो द्वींद्रियादिक विकलेंद्रियने विषे एकांतर उत्पन्न थाय तो (उत्कर्षथी) संख्याता भव पूरे छे. तथा विकलेंद्रियोने विषे उत्पन्न थता पृथ्वीकायादिकनी भावना पूर्वेनी जेम जाणवी. अने विकलेंद्रिय माटे आ प्रमाणे जाणवुं के—कोइ द्वींद्रिय जीव त्रींद्रियने विषे उत्पन्न थयो, त्यांथी द्वींद्रियने विषे उपज्यो, त्यांथी फरीने त्रींद्रियने विषे गयो. ए प्रमाणे एकांतर भवे संख्याता भव करे छे. ए प्रमाणे चतुरिंद्रियने विषे उत्पन्न थता द्वींद्रियना पण

संख्याता भव जाणवा. अने ए ज प्रमाणे एटले द्वींद्रियने माटे कहेली युक्ति प्रमाणे ज द्वींद्रिय अने चतुरिंद्रियने विषे उत्पन्न थता त्रींद्रियना तथा द्वींद्रिय अने त्रींद्रियने विषे उत्पन्न थता चतुरिंद्रियना संख्याता भव जाणवा. तथा पूर्वे कहेला चार भांगामांना उत्कृष्ट आयुष्यवाळा पहेला त्रण भांगामां एटले ए त्रण भांगानी अपेक्षाए यथासंभव उत्पन्न थता आ दोढ गाथामां कहेला पृथ्वीकायादिक सर्वे जीवो उत्कृष्टथी आठ भव करे छे. जेमके कोइ उत्कृष्ट आयुष्यवाळो पृथ्वीकायिक जीव उत्कृष्ट आयुष्यवाळा अप्कायिकने विषे उत्पन्न थाय, त्यांथी पाछो उत्कृष्ट आयुष्यवाळा पृथ्वीमां उत्पन्न थाय, अने त्यांथी फरीने उत्कृष्ट आयुष्यवाळा अप्कायमां थाय, ए रीते एकांतर भव करता चार ज वार उत्पन्न थाय छे. एटले बे मळीने आठ भव करे छे. तथा उत्कृष्ट आयुष्यवाळो पृथ्वीकायिक जघन्य आयुष्यवाळा अप्कायने विषे पण ए ज प्रमाणे चारवार उत्पन्न थाय छे, तथा जघन्य आयुष्यवाळो पृथ्वीकायिक उत्कृष्ट आयुष्यवाळा अपकायने विषे ए ज प्रमाणे आठ भवनो पूरक थाय छे. ए ज प्रमाणे सर्वे अप्कायादिकने माटे जाणवुं. आ दोढ गाथामां कहेला सर्वे पृथ्वीकायादिक जीवो उत्कृष्ट आयुष्यवाळा त्रण भांगे जघन्यथी बे भव करे छे. २१.

**मिह सन्नियरतिरिनरा, विगलभुवाइसु अ नरतिरिसु एए।**
**अट्ठभवा चउभंगे, दुह पवणग्गिसु नरा दुभवा॥ २२ ॥**

मूलार्थ—चारे भांगे संज्ञी, असंज्ञी, तिर्यंच अने मनुष्यो मांहोमांहे आठ भव करे छे. तथा तेओ विकलेंद्रिय अने पृथ्विव्यादिकने विषे पण आठ भव करे छे. तथा विकलेंद्रिय अने पृथिव्यादिकना जीवो संज्ञी, असंज्ञी, नर अने तिर्यंचने विषे पण आठ भव करे छे. तथा मनुष्यो वाउकाय अने अग्निकायने विषे जघन्यथी तथा उत्कृष्टथी बे भव ज करे छे. २२.

टीकार्थ—युगलियाने वर्जिने संज्ञी, असंज्ञी, तिर्यंचो तथा मनुष्यो चारे भांगे ( चारे भांगानी अपेक्षाए ) माहोमांहे एकांतरे उत्पन्न थाय तो उत्कृष्टा आठ भव करे छे. तथा तेओ ज ( संज्ञी, असंज्ञी, तीर्यंच अने मनुष्यो ) विकलेंद्रियने विषे तथा पृथ्वीकायादिकने विषे पण एकांतर उत्पन्न थाय तो चारे भांगे उत्कृष्टा आठ भव करे छे. तथा विकलेंद्रिय अने पृथिव्यादिक संज्ञी, असंज्ञी, नर, तिर्यंचने विषे एकांतरे उत्पन्न थाय तो चारे भांगे उत्कृष्टा आठ भव करे छे. तथा मनुष्यो वायुकाय अने अग्निकायने विषे जघन्यथी तथा उत्कृर्षथी बे भव ज करे छे, केमके वायुकाय अने अग्निकायथी उधरेलोजीव मनुष्य थतो ज नथी. २२.

परतब्भवाउ माणा, इह पहु संवेहओऽणुबंधठिई ।
कित्तिउ विन्नविउमलं, चउभंगिजहन्नुकोस कमा ॥ २३ ॥

*मूलार्थ—हे प्रभु ! परभव अने ते भवना आयुष्यना काळ*मानने आश्रीने अहीं संसारमां संवेधनी अनुबंध स्थिति छे. ते सर्वने जघन्य तथा उत्कृष्टना क्रमथी चारे भांगे विज्ञापना करवाने (बतावvाने) हुं केटलो शक्तिमान थाउं ? २३.

टीकार्थ—हे प्रभु! परभव एटले विवक्षित (कहेवाने इच्छेला) भवनो परावर्त भव, अने ते भव एटले विवक्षित भव, ए बन्नेना आयुष्यना प्रमाण संबंधी काळने आश्रीने आ संसारमां संवेधथी अनुबंधनी स्थिति छे. तेमां संवेध एटले विवक्षित भवथी बीजा विवक्षित भवमां वारंवार परावर्त करीने संभव प्रमाणे उत्पन्न थवुं ते, अनुबंध एटले विवक्षित पर्यायवडे व्यवच्छेद विना (निरंतरपणे) उत्पन्न थवुं ते. संवेधथी जे अनुबंध अने ते अनुबंधनी स्थिति ते आ प्रमाणे-जेम करोड पूर्वना आयुष्यवाळो कोइ मनुष्य रत्नप्रभा पृथ्वीमां उत्कृष्ट स्थितिवाळो नारकी थाय, तो तेनी अनुबंध स्थिति

उत्कर्षथी चार सागरोपम अने चार करोड पूर्वनो होय छे, अने जघन्यथी एक करोड पूर्व अने दश हजार वर्षनी होय छे. २३.

इय कायठिई भमिओ, सामि तुह दंसणं विणा बहुसो।
दिट्ठोसि संपयं ता, अकायपयसंपयं देसु ॥ २४ ॥

मूलार्थ—हे स्वामी ! तमारा दर्शन विना हुं घणी वार आ कायस्थितिने विषे भम्यो छुं. हवे मने आपनुं दर्शन थयुं छे, तेथी अकाय स्थाननी संपदा मने आपो. २४.

टीकार्थ—हे स्वामी ! आ प्रमाणे एटले पूर्वोक्त युक्तिवडे हुं तमारा दर्शन विना घणीवार कायस्थितिमां भम्यो छुं. हमणां मने तमारुं दर्शन थयुं छे, तेथी कायरहित एटले सिद्धोना पद (मुक्ति) नी संपदा मने आपो.

॥ इति श्री कुलमंडनसूरिविरचिता कायस्थितिः ॥



अर्हम्

श्री सर्वज्ञायनमः

श्रीमद्विजयानंदसूरीश्वरपादपद्मेभ्यो नमः

# श्रीविचार सप्ततिका (सित्तरी) ग्रंथ

( मूळ तथा भाषांतर साथे. )

---*---

विश्वनी स्थितिनो विचार करनार श्री सर्वज्ञ जिनेश्वरने नमस्कार करीने हुं आ विचार सप्ततिका ( सीत्तरी ) नामना ग्रंथनो कांइक संक्षेपथी अर्थ कहुं छुं.

आ सर्वज्ञ प्रणीत प्रवचन ( आगम ) ने विषे अनेक विचारो रहेला छे, परंतु अहीं (आ ग्रंथमां) अंचळ गच्छना श्रृंगारना हाररुप श्री महेन्द्रसिंह नामना सूरीश्वरे बार विचारोनो संग्रह कर्यो छे. ते बारेना नाम माटे प्रथम द्वारगाथा कहे छेः—

१ २ ३ ४ ५ ६
पडिमा मिच्छा कोडी चेई अ पासाय रविकरप्पसरो ।
७ ८ ९ १० ११ १२
पज्जत्ति किन्ह वलया नंदी गिहिकिरिअ गुणट्ठाणा ॥१॥

अर्थ—प्रतिमा एटले शाश्वती प्रतिमाओनी संख्यानो विचार १, मिच्छा–इर्यापथिकीना मिथ्या दुष्कृतनो विचार २, कोटी–कोटी शिलाना स्वरुपनो विचार ३, चैत्य–शाश्वता सिद्धायतन.

नीसंख्यानो विचार ४, प्रासाद-देवोना विमानोना आकारनो वि-
चार ५, छ दिशाओमां सूर्यना किरणो प्रसरे छे, तेनो विचार ६,
पर्याप्ति-औदारिक, वैक्रिय अने आहारक ए त्रण शरीरने आश्रीने
छ पर्याप्तिनो विचार ७, कृष्ण-पांचमा स्वर्गमां रहेलो कृष्णराजीनो
विचार ८, वलय-वलयाकारे रहेला मानुषोत्तर, कुंडल अने रुचक
नामना त्रण पर्वतनो विचार ९, नंदी-नंदीश्वर नामना आठमा
द्वीपनो विचार १०, गृहिक्रिया-श्रावकोनी धर्मक्रियानी वक्तव्यता
संबंधी विचार ११, तथा गुणस्थान-चौदे गुणस्थानकोनो विचार.
आ बार द्वारो वडे विचार सप्ततिका नामनो आ ग्रंथ कर्यो छे. १.

तेमां पहेलुं प्रतिमा द्वार कहे छेः—

उसभाईजिणपडिमं इक्कं पि न्हवंतपूअयंतेहिं ।
चिंतेअव्वं एयं भव्वेहिं विवेगमंतेहिं ॥ २ ॥

अर्थ—विवेकी भव्य जीवोए ऋषभादिक अनेक जीनेश्वरोनी प्रतिमामांथी कोइ पण एक जिन प्रतिमानुं स्नात्र करतां तथा पूजन करतां आ प्रमाणे विचार करवो. २.

जे विचार करवानो छे, ते पांच गाथा वडे कहे छेः—

भवणवई भवणेसुं कप्पाइविमाण तह महीवलए ।
सासयपडिमा पनरस कोडिसय बिचत्त कोडीओ ॥ ३ ॥
पणपन्नलक्ख पणवीस सहसा पंच य सयाइं चालीसा ।
तह वणजोइसुरेसुं सासयपडिमा पुण असंखा ॥ ४ ॥
॥ युग्मम् ॥

अर्थ-भवनपतिना भवनोने विषे, कल्पादिक विमानोने विषे तथा महीवलय एटले तिरछा लोकने विषे शाश्वती प्रतिमाओ पंनरसो कोड (पंदर अबज), बेतालीश करोड, पंचावन लाख,

पचीस हजार, पांचसोने चालीश छे. तथा व्यंतर अने ज्योतिषिना भुवनोने विषे असंख्य शाश्वती प्रतिमाओ छे. कारण के तेमना निवास स्थानोज असंख्याता छे. आ विषे बीजा ग्रंथमां व्यन्तर अने ज्योतिष्क सिवायना बीजा सर्व स्थळोनी शाश्वती प्रतिमाओ " पंदरसो करोड (पंदर अबज), बेतालीश करोड, अठावन लाख, छत्रीश हजार ने अंशी तीर्थंकरना बिंबोने हुं प्रणाम करुं छुं. " ए प्रमाणे संख्या जोवामां आवे छे. तो ते ग्रंथना अभिप्राये तेटली संख्या जाणवी, अने आ ग्रंथने अभिप्राये आटली—अहीं कही तेटली संख्या जाणवी. ३–४.

हवे अशाश्वती प्रतिमाओ कहे छे:—

तह चेव जंबूदीवे धायइसंडे य पुक्खरद्धे अ ।
भरहेरवयविदेहे गामागरनगरमाईसुं ॥ ५ ॥

अर्थ—तथा जंबूद्वीपने विषे, धातकी खंडने विषे, पुष्करार्धने विषे, भरत, ऐरवत अने विदेह क्षेत्रने विषे तथा ग्राम, आकर ( खाणा ) अने नगरादिकने विषे. ५.

ए सर्वेमां शुं छे ? ते कहे छे:—

सुरमणुएहिं कयाओ चेइअं गिहचेइसुं जा पडिमा ।
उक्कोस पंचधणुसय जाव य अंगुट्ठपव्वसमा ॥ ६ ॥

अर्थ—ए पूर्वे कहेला स्थानोने विषे केटलीक देवताओनी करेली एटले विद्युन्माली देवताए श्री महावीर जीवित स्वामीनी[1] प्रतिमा करी हती तेनी जेम अनेक देवताओनी करेली अने केटलीक भरतचक्री विगेरे मनुष्योए ( राजाओए ) करावेली अष्टापद पर्वतपर रहेली चोवीश तीर्थंकरोनी प्रतिमाओनी जेम तथा केट-

१ जे भगवंतनी हयातिमां तेमनी प्रतिमा भरावबामां आवे ते जीवित स्वामीनी प्रतिमा कहेवाय छे.

लीक चैत्योने विषे एटले श्रावकोए करावेला देहरांओने विषे रहेली अने केटलीक गृहचैत्यो एटले घर देरासरोने विषे रहेली एम जे जे जिन प्रतिमाओ छे, तेओना देहनुं प्रमाण उत्कृष्टथी पांचसो धनुषनुं अने जघन्यथी अंगुष्ठना पर्व जेटलुं होय छे. ६.

ते ( अशाश्वती प्रतिमाओ ) केटली छे ? ते कहे छे:—

बहुकोडिकोडिलक्खा ता उ च्चिय भावओ अहं सव्वा।
समगं च्चिय पणमामि न्हवेमि पूएमि झाएमि ॥ ७ ॥

अर्थ—ते अशाश्वती प्रतिमाओ घणा लाख कोटी कोटी छे. ते तथा पूर्वे कहेली शाश्वती प्रतिमाओ, ते सर्वने हुं भावथी समकाळेज मस्तकवडे प्रणाम करुं छुं, सुगंधी जळ वडे स्नान करावुं छुं, चन्दन अने पुष्पादिकथी पूजा करुं छुं, तथा मन वडे ध्यान करुं छुं, ए प्रमाणे चिंतववुं. ७.

( इति प्रथमप्रतिमाद्वारं ) १.

---

हवे इर्यापथिकी मिथ्या दुष्कृत नामनुं बीजुं द्वार कहे छे:—

चउदसपय अडचत्ता तिगहिअतिसई सयं च अडनउअं।
चउगइ दसगुण मिच्छा पण सहसा छ सय तीसाय ॥८॥

अर्थ—नरकने विषे जीवना चौद पद (भेदो), तिर्यंचने विषे अडताळीश, मनुष्योने विषे त्रणसोने त्रण तथा देवताओने विषे एकसो अठाणुं, ए प्रमाणे चारे गतिमां उत्पन्न थता जीवोना कुल पांचसोने त्रेसठ ( ५६३ ) भेदो छे तेमने इर्यापथिकी दंडकनी सातमी संपदामां रहेला अभिहया विगेरे दश पदो वडे गुणताथी पांच हजार छसोने त्रीस ( ५६३० ) मिथ्या दुष्कृतो संक्षेपथी कहेलां छे.

ए प्रमाणेना भेदो शी रीते थाय छे ? ते विस्तारथी कहे छे.

नेरइआ सत्तविहा पज्जत्तणेग चउदसहा ।
अडचत्ताईसंखा तिरिनरदेवाण पुण एवं ॥ ९ ॥

अर्थ—रत्नप्रभा पृथ्वी आदि सात भेदे करीने नारकीओ सात प्रकारना छे. तेओ पर्याप्त अने अपर्याप्त एवा बे भेदवाळा होवाथी चौद प्रकारना थाय छे. तथा तिर्यंच, नर अने देवोना अडतालीश विगेरे भेदोनी जे संख्या कही छे ते आ प्रमाणे (वक्ष्यमाण) प्रकारे थाय छे.

तेज कहे छेः—

भूदग्गिवाउअणंता वीसं सेसतरु विगल अट्ठेव ।
गब्भेयर पज्जेयर जलथलनहउरभुआ वीसं ॥ १० ॥

अर्थ—पृथ्वी, अप्, तेज, वायु अने अनंतकाय ( साधारण ) वनस्पति ए पांच (स्थावरना) मूळ भेद छे तेओ सूक्ष्म अने बादर एवा बे प्रकारना होवाथी तेमना दश भेद थाय छे. ते दशे पर्याप्त अने अपर्याप्त भेदवाळा होवाथी वीश प्रकार थया. हवे शेष वनस्पति एटले प्रत्येक वनस्पति अने द्वींद्रिय, त्रींद्रिय, चतुरिंद्रिय-रुप विकेलेन्द्रि, एम चार प्रकार थया, ते चारे पर्याप्त अने अपर्याप्त भेदे करीने आठ प्रकारना थया. हवे गर्भज ने इतर-संमूर्छिम, अने पर्याप्त ने इतर-अपर्याप्त भेदे करीने चार प्रकारना पांच जातिना तिर्यंच पंचेन्द्रियो छे. ते पांच जति आ प्रमाणे-जळचर, स्थळचर, खेचर, उरपरिसर्प अने भुजपरिसर्प. आ पांचेने उपरना चार भेद वडे गुणवाथी वीश भेद थया. एम पूर्वे कहेला वीश एकेन्द्रियो, प्रत्येक वनस्पति अने विकलेन्द्रिय मळीने, आठ तथा वीश पंचेन्द्रियो ए सर्वे मळीने तिर्यंचना अडतालीश भेद थया. १०.

हवे मनुष्यना भेदो कहे छेः—

**पनरस तीस छपन्ना कम्माकम्मा तहंतर दीवा ।**
**गब्भा पज्ज अपज्जा समुच्छ अपज्जा तिसय तिन्नि ॥११॥**

अर्थ—पांच भरत, पांच ऐरवत अने पांच महाविदेहमां उत्पन्न थनारा एटले कुल पंदर कर्मभूमिमां उत्पन्न थनारा मनुष्यो तथा भरत अने ऐरवतनी वच्चे रहेला पांच हैमवंत, पांच हरिवर्ष, पांच रम्यक, पांच हैरण्यवंत, पांच देवकुरु अने पांच उत्तरकुरु. ए त्रीस अकर्मभूमिमां उत्पन्न थनारा युगलियां, तथा क्षुद्र हिमवंतने शिखरी पर्वतना पर्यंतमांथी अने पश्चिम तरफ हाथीना दांतने आकारे बबे दाढाओ नीकळीने लवण समुद्रमां गयेली छे. ते दाढाओ कुल आठ थइ. ते दरेक दाढाओ उपर सात सात द्वीपो छे. ए प्रकारे कुल छप्पन अंतरद्वीपोने विषे युगलियां थाय छे. ते पंदर, त्रीश अने छप्पन मळी एकसोने एक क्षेत्रमां जे गर्भज मनुष्यो थाय छे. तेओना पर्याप्त अने अपर्याप्त एवा बे भेद होवाथी तेना बन्नेने बे प्रकार थया, अने पूर्वे कहेला एकसोने एक क्षेत्रोने विषे संमूर्छिम मनुष्यो उपजे छे, तेओ केवळ अपर्याप्त ज होय छे. केमके तेमने पर्याप्तपणे उपजवानो अभाव छे. ( तेओ पर्याप्ति पूरीं कर्या अगाउ ज मरण पामे छे, तेथी ते एकसो एक भेळवतां सर्व मळीने मनुष्यना त्रणसोने त्रण भेदो थाय छे. ) ११.

हवे देवताओना भेदो कहे छेः—

**भवणा परमा जंभय वणयर दस पनर दस य सोलसगं ।**
**गइ ठिर जोइस दसगं किब्बिस तिग नव य लोगंता ॥१२॥**

अर्थ—दश भुवनपति, पंदर परमाधार्मिक; दश जृंभक, अने सोळ व्यन्तर, तथा गति स्थिति अथवा चर अने स्थिर भेदवाळा पांच पांच ज्योतिष्क एटले कुल दश, त्रण किल्बिषिक अने नव लोकांतिक. १२.

विवेचन—असुरकुमार विगेरे दश प्रकारना भवनपतिओ प्रसिद्ध छे. असुरनिकायनी जातिवाळा पंदर परमाधार्मिक छे, ते आ प्रमाणे–अंब १, अंबरीस २, सासय ३, सबल ४, रुद्र ५, अवरुद्र ६, काळ ७, महाकाळ ८, असिपत्र ९, धनुष १०, कुंभ ११, वालु १२, वेतरणी १३, खरशर १४, अने महाघोष १५. ए पंदर परमाधार्मिको छे. ए पंदरे अन्वर्थ* संज्ञा ( नाम ) छे, ते विषे समवायांगनी वृत्ति विगेरेथी जाणी लेवुं. तथा दश प्रकारना जृंभक कह्या, ते आ प्रमाणे छेः–अन्न जृंभक १, पान जृंभक २, आलय जृंभक ३, वस्तु जृंभक ४, शयन जृंभक ५. पुष्प जृंभक ६, फळ जृंभक ७, विद्या जृंभक ८, पुष्पफळ जृंभक ९, अने अव्यक्त जृंभक १०. आ दशे व्यन्तरनी जातिवाळा छे, अने तेओ दीर्घ वैताढय उपर वसे छे. तथा व्यन्तरो सोळ प्रकारना छे. ते आ प्रमाणे–रत्नप्रभा पृथ्वीना उपरना हजार योजनमां उपरना सो योजननी अंदर वसनारा आठ जातिना व्यन्तरो छे ते आ प्रमाणे–पिशाच, भूत, यक्ष. राक्षस, किंनर, किंपुरुष, महोरग, अने गंधर्व. बीजा आठ प्रकारना व्यन्तरो जे वाणव्यन्तर कहेवाय छे ते रत्नप्रभा पृथ्वीना उपरना सो योजनमां उपरना दश योजननी अंदर वसे छे. ते आ प्रमाणे–अणपन्नी, पणपन्नी, इसीवादी, भूतवादी, कंदी, महाकंदी, कोहंड अने पतंग. ए बन्ने मळीने सोळ प्रकारना व्यन्तरो छे. तथा चंद्र, सूर्य, ग्रह, नक्षत्र अने तारा ए पांच जातिना ज्योतिष्को चर अने स्थिर भेदे करीने दश प्रकारना थाय छे. तथा सौधर्म अने इशान देवलोकनी नीचे त्रण पल्योपमना आयुष्यवाळा १, सनत्कुमार देवलोकनी नीचे त्रण सागरोपमना आयुष्यवाळा २, अने लांतक देवलोकनी नीचे तेर सागरोपमना

* अर्थ निष्पन्न नामो छे. एटले नरकमां ते ते कार्यना करनारा होवाथी नाम पडेला छे.

आयुष्यवाळा ३, एम त्रण प्रकारना किल्बिषिमां देवताओ छे. तथा नव प्रकारना लोकांतिक देवो कह्या छे ते आ प्रमाणे-सारस्वत, आदित्य, वन्हि, वरुण, गर्दतोय, तुषित, अव्याबाध, आग्नेय अने रिष्ट. १२.

कप्पा गेविज्जणुत्तर बारस नव पण पजत्तमपजत्ता।
अडनउ अ सयं अभिहयवत्तियमाईहिं दसगुणिआ ॥१३॥

अर्थ—बार कल्प ( देवलोक ) नव ग्रैवेयक अने पांच अनुत्तर विमान ए त्रणे मळीने छवीश प्रकारना देवताओ, तथा पूर्व गाथामां कहेला दश, पंदर, दश, सोळ, दश, त्रण अने नव एम सर्व मळीने नवाणुं भेद देवताओना थाय छे. बीजा ग्रन्थमां-"इंद्र, सामानिक, त्रायस्त्रिंश, पार्षद,[1] अंगरक्षक, लोकपाल, अनीक,[2] अनीकना अधिपति, आभियोगिक अने किल्बिष एम दश प्रकारना भुवनपतिने वैमानिक देवताओ छे.,' इत्यादि देवना भेदो अनेक प्रकारे बताव्या छे परन्तु आ ग्रंथकारे अहीं नवाणुं भेदनी ज विवक्षा करी छे. ते सर्वना पर्याप्त अने अपर्याप्त बे भेदे करीने एकसो अठाणुं भेद थाय छे. तेमां पूर्वे कहेला त्रण गतिवाळाना भेदो मेळववाथी पांचसोने त्रेसठ प्रकार थाय छे. ते सर्वने अभिहता आदि दश पद वडे गुणवाथी जे संख्या थाय छे ते नीचेनी गाथामां कहे छे. १३.

अभिहयपयाइ दह गुण पण सहसा छ सय तीसई भेआ।
ते रागदोसदुगुणा इक्कारस सहस दोसया सट्ठी ॥ १४॥

अर्थ—उपर कहेला पांचसो तेसठ भेदोने अभिहता विगेरे दश पद वडे गुणवाथी पांच हजार छसोने त्रीश भेद थाय छे. तेने

१ अभ्यन्तर, मध्य ने बाह्य ए त्रण पर्षदाना देवो. २ सात प्रकारना सैन्यना देवो

राग अने द्वेष एम बे प्रकारे गुणवाथी अगियार हजार बसोने साठ भेद थाय छे. १४.

मणवयकाए गुणिआ तित्तीस सहस्स सत्त सय साया।
करकारणानुमइए लख्खं सहसो ति सय चाला ॥ १५ ॥

अर्थ—ते (११२६०) ने मन, वचन अने काया वडे गुणवाथी तेत्रीश हजार सातसोने अेंशी ३३७८० भेद थाय छे. तेने पण करवुं, कराववुं अने अनुमोदवुं ए त्रण करण वडे गुणवाथी एक लाख, एक हजार त्रणसोने चाळीश १०१३४० भेद थाय छे. १५.

कालतिगेणं गुणिआ ति लख्ख चउ सहस्सवीसमहिआ य।
अरिहंतसिद्धसाहुदेवयगुरुअप्पसख्खोहिं ॥ १६ ॥
अट्ठारसलख्खाइं चउवीस सहस्स एगवीसहिआ।
इरिआमिच्छादुक्कडपमाणमेअं सुए भणियं ॥ १७ ॥

अर्थ—ते (१०१३४०) ने त्रण काळ वडे एटले अतीतकाळ संबंधी पापने निंदुं छुं, अनागत (भविष्य) काळ संबंधी प्रत्याख्यान करुं छुं, अने वर्तमानकाळ आश्री संवरुं छुं. एम अतीत, अनागत अने वर्तमान ए त्रण काळ वडे गुणवाथी त्रण लाख, चार हजार ने वीश (३०४०२०) भेद थाय छे. तेने अरिहंत, सिद्ध, साधु, सम्यग्दृष्टि इंद्रादिक देवो, गुरु अने आत्मानी साक्षीरूप छए गुणवाथी अढार लाख, चोवीश हजार, एकसो ने वीश (१८२४१२०) भेद थाय छे. आ प्रमाणे इर्यापथिकी मिथ्या दुष्कृतनुं प्रमाण श्रुतमां कहेलुं छे. कोइ ठेकाणे आभोग अने अनाभोग रूप बेए गुणीने छत्रीश लाख, अडतालीश हजार, बसें ने चाळीश ३६४८२४० कहे छे. १६-१७.

( इति मिथ्यादुष्कृतद्वारम् ।२। ).

हवे कोटी शिला नामनुं त्रीजुं द्वार कहे छे.—

जोयणपिहुलायामा दसन्नपव्वयसमीव कोडिसिला ।
जिणछक्क तित्थसिद्धा तत्थ अणेगाउ मुणिकोडी ॥१८॥

अर्थ—उत्सेध अंगुलना मा[illegible]ी एक योजन पहोळी, एक योजन लांबी अने एक योजन उंची ( जाडी ) कोटिशिला नामनी गोळ शिला भरतक्षेत्रना मध्य खंडमां मगध देशने विषे दशार्ण पर्वतनो समीपे छे ते कोटिशिला उपर श्री शांतिनाथ जिनेश्वरथी आरंभीने छ तीर्थंकरोना तीर्थना करोडो मुनिओ सिद्ध थया छे. १८.

शी रीते सिद्ध थया ? ते कहे छे.--

पढमं संतिगणहर चक्काउह णेगसाहुपरियरिआ ।
बत्तीसजुगेहिं तओ सिद्धासंखिज्जमुणिकोडी ॥ १९ ॥

अर्थ—ते कोटिशिलापर प्रथम श्री शांतिनाथ जिनेश्वरना प्रथम गणधर श्री चक्रायुध अनेक साधु सहित सिद्धि पदने पाम्या छे. त्यार पछी बत्रीश युगवडे करीने एटले तेमनी पट्ट परंपरामां बत्रीश पाट सुधी संख्याता करोड मुनिओ सिद्ध थया छे. १९.

संखिज्जा मुणिकोडी अडवीसजुगेहिं कुंथुनाहस्स ।
अरजिण चउवीसजुगा बारसकोडीओ सिद्धाओ ॥२०॥

अर्थ—तथा श्री कुंथुनाथ स्वामीना तीर्थमां अठावीश युग (पाट) सुधीमां संख्याता करोड मुनिओ सिद्ध थया छे. तथा श्री अरनाथ जिनेश्वरना तीर्थमां चोवीश युग (पाट) सुधी बार करोड मुनिओ सिद्ध थया छे. २०

मल्लिस्स वीसजुगा छ कोडि मुणिसुव्वयस्स कोडितिगं ।
नमितित्थे इगकोडी सिद्धा तेणेव कोडिसिला ॥ २१ ॥

अर्थ—श्री मल्लिनाथ जिनेश्वरना तीर्थमां वीश युग (पाट)

सुधी छ करोड साधुओ सिद्ध थया छे. तथा श्री मुनिसुव्रत जिनेश्वरना तीर्थमां त्रण करोड मुनिओ सिद्ध थया छे. तथा श्री नमिनाथ तीर्थंकरना तीर्थमां एक करोड मुनिओ सिद्ध थया छे. ते सिवाय बीजा पण घणा मुनीओ त्यां सिद्ध थया छे. तेथी करीने ते शिलापर करोडो मुनिओ सिद्ध थवाथी ते कोटिशिला नामे ओळखाय छे. २१

हवे ते कोटिशिला कोणे उपाडी ? ते कहे छे.—

छत्तं सीसंमि गीवा वच्छे कुच्छी कडीइ ऊरूसु ।
जाणू कडमवि जाणूं नीयासा वासुदेवेहिं ॥ २२ ॥

अर्थ—नव वासुदेवोए ते शिला उपाडती वखते नीचे लखेला पोतपोताना अंग सुधी आणी हती. पहेला त्रिपृष्ठ वासुदेवे ते शिला वाम हस्ते उपाडीने मस्तकथी उंचे छत्रने स्थाने राखी हती, बीजा द्विपृष्ठ वासुदेवे तेज रीते उपाडीने मस्तक सुधी आणी हती, त्रीजा स्वयंभू वासुदेवे तेज रीते उपाडीने ग्रीवा सुधी आणी हती, चोथा पुरुषोत्तम वासुदेवे वक्षस्थळ सुधी आणी हती, पांचमा पुरुषसिंह वासुदेवे उदर सुधी आणी हती, छट्ठा पुरुष पुंडरीक वासुदेवे कटीभाग सुधी आणी हती, सातमा दत्त नामना वासुदेवे उरु (साथळ) सुधी आणी हती, आठमा लक्ष्मण वासुदेवे जानु (ढींचण) सुधी उंची करी हती, अने नवमा कृष्ण वासुदेवे जानुथी कांइक नीचे सुधी उपाडीने उंची करी हती. २२

। इति कोटिशिलाद्वारं तृतीयम् । ३ ।

हवे चोथुं शाश्वत चैत्यद्वार कहे छे.—

इक्कार अहिअपणसय सासयचेइअ नमामि महि वलए ।
तीसं वासहरेसु वेयड्ढेसु च सतरिसयं ॥ २३ ॥

अर्थ—पृथ्वी वलयमां–तिर्यग् लोकमां रहेला पांचसोने अ-

च्यार शाश्वत चैत्योने हुं वंदना करुं छुं. उर्ध्व लोकमां जे ८४९७०२३ चैत्यो तथा अधोलोकमां ७७२०००००० चैत्यो तथा व्यंतर अने ज्योतिष्कोने विषे असंख्याता चैत्यो शाश्वतां कह्यां छे, ते अन्य ग्रंथोमां स्पष्ट रीते कह्यां छे, त्यांथी जाणवां. अहीं तो तिर्यग् लोकमां रहेलां चैत्योनां स्थानकानी ज विवक्षा करी छे. ते आ प्रमाणे त्रीश वर्षधर पर्वतो उपर त्रीश चैत्यो छे. कारण के दरेक पर्वत उपर एक एक चैत्य छे. तथा १७० दीर्घ वैताढ्य पर्वतोपर एकसोने सीतेर शाश्वत चैत्यो छे.

ते विषे कह्युं छे केः—

**वीसं गयदंतेसुं कुरुदुमदसगे तहेव नउईअ ।**
**वक्खारगिरिसु असिई पणसिई मेरुपणगंमि ॥ २४ ॥**

अर्थ—२० गजदंत पर्वतो उपर वीश चैत्यो छे, तथा देवकुरु उत्तर कुरुमां रहेला जंबूवृक्षादिक दश वृक्षोपर नेवुं चैत्यो छे. ते आ प्रमाणे–ए वृक्षना मध्यनी उर्ध्व शाखापर एक अने तेनी दिशाओ तथा विदिशाओ मळी आठ बाजुए रहेला आठ कूटनी उपर एक एक चैत्य होवाथी दरेक वृक्षे नव नव चैत्यो थयां, तेथी दश वृक्षना नेवुं चैत्यो थयां. तथा ( पांच महा विदेहमां कहेला ) एंसी वृक्षस्कार पर्वतोपर एंशी चैत्यो छे. तथा पांच मेरु पर्वतना थइने पंचाशी चैत्यो छे. ते आ प्रमाणे–चारे *वनोमां चारे दिशाए एकेक चैत्य होवाथी सोळ अने एक चैत्य चूलिकापर होवाथी मेरु पर्वते सतर सतर चैत्यो छे. तेथी पांच पर्वतना मळीने पंचाशी चैत्यो छे. २४

**इसुमणुकुंडलरुअगे चउ चउ वीसं च नंदीसरदीवे ।**
**अडवीसनंदिकुंडलिरुअगे सयपन्नबासयरी ॥ २५ ॥**

---

* भद्रशाळ, नंदन, सोमनस ने पांडुक ए चार वनो जाणवां.

अर्थ—इषुकार,[1] मानुषोत्तर, कुंडल अने रुचक ए चार पर्वतोपर प्रत्येके चार चार चैत्यो छे, तथा नंदीश्वर द्वीपमां वीश[2] चैत्यो छे. हवे आ चैत्योना उच्चत्व विगेरेनुं प्रमाण कहे छे. नंदीश्वरना वीश अने कुंडल तथा रुचकना आठ मळी अठावीश चैत्यो पूर्व पश्चिम सो योजन लांबां छे, दक्षिण उत्तर पचास योजन पहोळां छे, तथा बोंतेर योजन उंचां छे. ते सर्व चार चार द्वारवाळां छे. २५.

हवे तेथी अर्धा प्रमाणवाळां कहे छेः—

अट्ठाराइय दुसई पन्नद्ध छत्तीसं दीहपिहुलुच्चा ।
माणुसइसुगयदंतयवक्खारवासहरमेरुसुं ॥ २६ ॥

अर्थ—मानुषोत्तरनां चार, इषुकारनां चार, गजदंतनां वीश, वक्षस्कारनां एंशी, वर्षधरनां त्रीश अने चूलिका सिवाय पांच मेरु पर्वत उपरनां एंशी-ए सर्व मळीने बसोने अढार चैत्यो पचास योजन लांबां, पचीश योजन पहोळां अने छत्रीश योजन उंचां छे. २६.

पणसट्ठिअहिअ सयदुग संपुण्णकोसमद्ध देसूणं ।
दीहे पिहु उच्चत्ते कुरुदुमवेअड्ढचूलासु ॥ २७ ॥

अर्थ—दश कुरुक्षेत्रमां रहेला जंबू आदि दस वृक्षोनां नेवुं चैत्यो, पांच महाविदेहनी १६० विजय, ५ भरत अने ५ ऐरावत कुळ १७० क्षेत्रमां रहेला १७० दीर्घ वैताढ्यो उपरनां एकसोने सीतेर चैत्यो, तथा पांच मेरुनी चूलिकानां पांच चैत्यो, ए सर्व

१ इषुकार चारनी उपर थइने चार चैत्य समजवा. बीजा त्रणे पर्वतो फरता वलुलाकारे छे ते दरेकनी उपर चार दिशाए एक एक होवाथी चार चार समजवा.

२ अन्यत्र (पर) चैत्यो कहेला छे. आ मतांतर जणाय छे.

मळीने बधेने पांसठ चैत्यो एक योजन लांबां, एक योजनथी कांइक ओछां पहोळां अने अर्ध योजन उंचां छे. एम सर्व मळीने तीर्छालोकमां ५११ शाश्वत चैत्यो छे. देवेन्द्रसूरि विगेरेए करेलां शाश्वत जिन स्तोत्रोने विषे तिर्यग् लोकमां शाश्वत चैत्यो ३२५९ कह्यां छे, ते मतांतर जाणवुं. ते विषे 'वीरं जय सेहर' ए प्रथम पदवाळा क्षेत्र समासमां कह्युं छे के-" तिर्यग् लोकमां रहेला जिनचैत्योने माटे विसंवाद-भिन्न भिन्न मतो छे, तेनो खुलासो गीतार्थज जाणी शके छे. " २७

। इति चैत्यद्वारं चतुर्थम् । ४ ।

हवे पांचमुं प्रासाद द्वार कहे छेः—

*पासाया ईसाणे सुहमा[1] सिद्धो[2] ववाय[3] हरए[4] ।*
*अभिसेअ[5] अलंकारा[6] ववसाए[7] नंदी[8] बलिपीढं[9] ॥२८॥*

अर्थ—देवताना मूळ [1]प्रासादावतंसकथी इशान खूणमां आस्थान सभानी जेवी, जिनेश्वरनी दाढाबडे युक्त एवा माणवक चैत्यवाळा स्तंभादिकथी युक्त एवी सुधर्मा नामनी सभा होय छे. १. तेनी आगळ इशान खूणमांज सिद्धायतन-जिनगृह होय छे २. तेनी आगळ उपपात सभा होय छे के ज्यां ते ते विमानमां थनारा देवो उत्पन्न थाय छे. ३. तेनी आगळ निर्मळ जळथी भरेलो द्रह होय छे, जेमां देवताओ स्नान करे छे. ४. तेनी आगळ अभिषेक सभा होय छे, तेमां देवताओ पोतपोताना विमानाधिपति स्वामिने अभिषेक करे छे. ५. तेनी आगळ अलंकार सभा होय छे, तेमां अभिषेक थया पछी आवीने ते ( देवोनो स्वामी ) अलंकार

---

१ सौथी मोटा मूळ प्रासाद के जेमां विमानाधिपति देवता देवांगनाओ सहित रहे छे ते.

विगेरे पहेरे छे. ६. तेनी आगळ व्यवसाय सभा होय छे, तेमां आवी त्यां रहेला शाश्वत पुस्तको वांचीने धार्मिक व्यवसायादिक ग्रहण करे छे. ७. तेनी आगळ नंदा पुष्करिणी (वाव) होय छे, तेमां हाथ पग धोइने तेमां उगेलां कमळो लइ जिनभवनमां आवी गर्भगृह (गभारा) मां रहेली पांचसे धनुष्यना देहमानवाळी एकसोने आठ जिन प्रतिमाओनी सत्तर भेदी आदि पूजा, स्तुति, वंदना विगेरे शक्रस्तव कहेवा पर्यंत करे छे. ८. त्यार पछी समग्र विमानने चंदनना छांटा नांखीने पूजे छे, पछी नंदा पुष्करिणीना आगळ बलिपीठ होय छे, त्यां आवीने तेओ बळीदान मूके छे. ९. जीवाभिगमनी वृत्तिमां विजय देवना अधिकारमां आठमे स्थाने बलिपीठ अने नवमे स्थाने वापी कही छे, ते मतान्तर छे, एम जणाय छे. दरेक विमानमां आ नव स्थानको त्रण त्रण द्वारवाळां अने मूळ प्रासादथी इशान खूणमांज अनुक्रमे रहेलां होय छे. जीवाभिगम अने राजप्रश्नीय उपांग विगेरेमां पण एज प्रमाणे कह्युं छे. २८.

ते नव स्थानको पैकी छ स्थानकोमां प्रत्येके प्रत्येके त्रणे द्वारोमां जे जे होय छे, ते कहे छे.—

मुहमंड[१] पिच्छमंडव[२] थूभं[३] चेइअ[४] झउअ[५] पुक्खरिणी[६] ।
जम्मुत्तरपुव्वासुं जिणभवणसभासु पत्तेअं ॥ २९ ॥

अर्थ—पश्चिम दिशा सिवाय दक्षिण, उत्तर अने पूर्व दिशामां एकेक द्वार होय छे. ते त्रणे द्वारमां प्रवेश करतां प्रथम मुख मंडप होय छे. १. तेनी आगळ प्रेक्षामंडप होय छे. २. तेनी आगळ स्तूप होय छे, ते स्तूपनी उपर आठ मंगळ होय छे, स्तूपनी चारे दिशाओमां एकेक मणिपीठ होय छे, ते दरेक मणिपीठ उपर स्तूपनी सन्मुख अनुक्रमे ऋषभ, वर्धमान, चंद्रानन, अने वारिषेण नामनी एक एक जिनप्रतिमा होय छे. ३. ते स्तूपनी आगळ चैत्य वृक्ष

होय छे. ४. तेनी आगळ इंद्रध्वज होय छे. ५. तेनी आगळ जळथी भरेली पुष्करिणी वापी होय छे. ६. आ छ प्रकारो जिन भवनने विषे तथा पांच सभाओने विषे प्रत्येक प्रत्येक द्वारे होय छे. जिनभवन तथा सभा विगेरे नवेनुं प्रमाण तथा मुखमंडप विगेरेनुं प्रमाण राजप्रश्नीय उपांग आदि सूत्रोथी जाणी लेवुं. २९.

हवे मूळ प्रासादावतंसक क्यां छे ? ते कहे छेः—

**ओआरियलयणंमि अ पहुणो पणसीइ हुंति पासाया ।**
**ति सय इगचत्त कत्थइ कत्थवि पणसट्ठि तेर सयं ॥३०॥**

अर्थ—सौधर्म विमानमां चोतरफ प्राकार छे, ते त्रणसो योजन उंचो छे. मूळमां सो योजन पहोळो छे, मध्यमां पचास योजन पहोळो छे, अने उपरना भागमां पचीश योजन पहोळो छे. भवनपति निकायना भवनोने विषे रहेलो प्राकार उंचाइ अने पहोळाइमां सौधर्म विमानना प्राकार करतां अर्ध प्रमाणवाळो छे. ते प्राकारनी मध्ये (वचमां) सर्वत्र उपकारिकालयन एटले पीठिकाओ होय छे. ते सर्व पीठिकाओनी उपर विमानना स्वामीना पंचाशी प्रासादो होय छे, कोइ विमानमां ते पीठिकाओनी उपर त्रणसोने एकतालीश प्रासादो होय छे, अने कोइ विमानमां ते पीठिकाओ उपर एक हजार त्रणसोने पांसठ प्रासादो होय छे. एम त्रण प्रकार (भेद) छे ३०.

ते प्रासादो शी रीते रहेला छे ? ते कहे छेः—

**मुहपासाओ चउदिसि चउहिं ते सोलसेहिं सोला वि ।**
**चउसट्ठीए सा वि अ छप्पन्नेहिं दुसएहिं ॥ ३१ ॥**

अर्थ—मुख्य प्रासादनी चार दिशामां चार प्रासादो रहेला छे. ते पहेली पंक्ति. मूळ प्रासाद भेगो गणतां पांच प्रासाद थया. चार बाजुना चार प्रासादोनी चारे दिशामां एक एक प्रासाद

होवाथी तेवा सोळ प्रासादो छे, एटले दरेक प्रासादना फरता चार चार प्रासादो छे. ए बीजी पंक्ति. सर्व मळीने २१ प्रासादो थया. हवे ते सोळ प्रासादो बीजा चोसठ प्रासादोथी परिवरेला छे, ते त्रीजी पंक्ति. सर्वे मळीने ८५ थया. ते चोसठ प्रासादो बीजा बसेंने छप्पन प्रासादोथी परिवरेला छे, ते चोथी पंक्ति. सर्वे मळीने ३४१ थया. ३१.

**ते वि अ पुण सहसेणं चउवीसहिएण हुंति परिअरिआ।**
**मूलुच्चत्तपुहुत्ता अद्धद्धे पण वि पंतीओ ॥ ३२ ॥**

अर्थ—ते बसेंने छपन प्रासादो पण एक हजार अने चोवीश प्रासादोथी परिवरेला छे, ते पांचमी पंक्ति. सर्वे मळीने १३६५ थया. आ पांचे पंक्तिओ मूळ प्रासादावतंसकनी उंचाइ, पहोळाइ अने लंबाइथी अनुक्रमे अर्धा अर्धा प्रमाणवाळी होय छे. एटले के ज्यां मूळ प्रासादावतंसक उंचाइ अने पहोळाइमां पांचसो योजननो छे, त्यां पहेलो चार प्रासादवाळी पंक्ति अढीसो योजनना मानवाळी होय छे. बीजी पंक्तिना प्रासादो ते करतां अर्ध प्रमाणवाळा होय छे, त्रीजी पंक्तिना प्रासादो ते करतां अर्ध प्रमाणवाळा होय छे, ए रीते अनुक्रमे पांचे पंक्ति जाणवी. ३२.

हवे दरेक विमानमां केटला प्रासादो होय छे ? ते कहे छेः-

**तेर सय पणसट्टाइअ पणपंतीहिं हुंति पासाया।**
**पणसी पंतितिगेणं तिसई इगचत्त चउहि तु ॥ ३३ ॥**

अर्थ—विमानोमां पंक्तिना संबंधमां त्रण भेद-प्रकार छे. ते आ प्रमाणे केटलाक विमानोमां पांच पंक्ति छे, केटलाकमां चार पंक्ति छे अने केटलाकमां त्रण पंक्ति होय छे. तेथी ओछुं विमान चार निकायने विषे नथी, तेमां पांच पंक्तिवाळामां एकहजार त्रणसोने पांसठ १३६५ प्रासादो होय छे. त्रण पंक्ति होय छे त्यां पंचाशी

प्रासादो होय छे, अने चार पंक्ति होय छे त्यां त्रणसोने एकताळीश ३४१ प्रासादो होय छे अहीं चार पंक्तिनी संख्या पछी त्रण पंक्तिनी संख्या कहेवी जोइए, छतां तेम न कर्युं तेनुं कारण मूळ गाथा एवा व्यतिक्रमथी रचेली छे ते समजवुं ३३.

आ त्रणे प्रकारमां-दरेकमां दरेक दिशाए केटला केटला प्रासादो होय छे ? ते कहे छेः--

पणसीई एगवीसा पणसी पुण एगचत्त तिसईए ।
तेरस सय पणसट्ठा तिसई इगचत्त पइक्कुहं ॥ ३४ ॥

अर्थ—त्रण पंक्तिवाळामां दरेक दिशामां एकवीश एकवीश प्रासादो होवाथी ( मूळ प्रासाद सहित ) पंचाशी प्रासादो थाय छे. तथा चार पंक्तिवाळामां ए दरेक दिशामां पंचाशी पंचाशी प्रासादो होवाथी मूळ प्रासाद सहित त्रणसोने एकताळीश प्रासादो थाय छे, तथा पांच पंक्तिवाळा विमानोने विषे दरेक दिशाओमां मध्यवर्ती प्रासादो सहित त्रणसो एकताळीश प्रासादो होवाथी एकहजार त्रणसोने पांसठ १३६५ प्रासादो थाय छे. ३४.

। इति पञ्चमं प्रासादद्वारम् । ५ ।

हवे किरणप्रसर नामनुं छट्ठं द्वार कहे छे. तेमां प्रथम सूर्यनो पूर्व, पश्चिम, दक्षिण अने उत्तर दिशानो विभाग देखाडे छे.

पिट्ठे पुव्वा पुरओ अवरा वलए भमंतसूरस्स ।
दाहिणकरंमि मेरू वामकरे होइ लवणोही ॥ ३५ ॥

अर्थ—मेरुपर्वतनी चोतरफ प्रदक्षिणा फरता सूर्यनी पाछळ पूर्व दिशा ने सन्मुख पश्चिम दिशा होय छे. सूर्यना जमणा हाथ तरफ मेरुपर्वत रहे छे अने वाम ( डावा ) हाथ तरफ लवण समुद्र रहे छे. आ सूर्यनी ( पोतानी ) दिशाओ छे. पण लोकोनी दिशा नथी. लोकोनी दिशा सूर्यनी अपेक्षाएज होय छे. सर्व क्षेत्रोमां ते

( दिशाओ ) नाप दिशाओ कहेवाय छे. पण स्वाभाविक तो क्षेत्रदिशा छे. ते ( दिशाओ ) मेरुपर्वतमां आवेला रुचक प्रदेशोथी उत्पन्न थाय छे. रुचक प्रदेशो ते मेरुपर्वतनी बराबर मध्यमां रहेला आठ आकाश प्रदेशो छे अने ते समभूतळने स्थाने गोस्तनने आकारे रहेला छे. तेमां चारे बाजुए बे बे प्रदेशो छे ते गाडानी उधीने आकारे आगळ वधता वधता छे. ते पूर्वादिक चारे महादिशाओ छे अने एक प्रदेशरुप चार रुचको मुक्ताफळनी श्रेणीने आकारे रहेला छे. ते चारे विदिशाओ छे. तथा चार प्रदेशवाळी समश्रेणीए ऊर्ध्व ( उंची ) अने अधो ( नीची ) दिशा छे. आ रीते जंबूद्वीपनी जगतीमां विजयद्वारे पूर्व दिशा छे, वैजयन्तद्वारे दक्षिण दिशा छे. जयंतद्वारे पश्चिम दिशा छे अने अपराजितद्वारे उत्तर दिशा छे. आ प्रमाणे क्षेत्रदिशाओनो निर्णय जाणवो ३५.

हवे छ दिशाओमां हम्मेशां जंबूद्वीपमां रहेला सूर्यना किरणो प्रसरे छे, ते छ गाथा वडे बतावे छेः—

**सगचत्त सहस दुसई तेवट्ठा ते इगवीसट्ठंसा ।**
**पुव्वावरखरपसरो कक्के सूरा अहुत्तरउ ॥ ३६ ॥**

अर्थ—कर्क संक्रांतिने पहेले दिवसे सुडताळीश हजार बसेंने त्रेसठ योजन तथा एक योजनना साठ भागमांथी एकवीश भाग ४७२६३ $\frac{21}{60}$ एटलो सूर्यथी पूर्व दिशामां किरणनो प्रसर छे, अने एटलोज सूर्यथी पश्चिम दिशामां छे. ते दिवसे बन्ने मळीने उदय अने अस्तनुं आंतरुं ९४५२६ $\frac{42}{60}$ योजन छे. हवे उत्तर दिशामां किरणना पसारनुं मान कहे छे. ३६

**असिईस ऊण सहसा पणयालीसाऽह जम्मउ दीवे ।**
**असिइसय लवणे वि अ तित्तीस सहस सतिभागा ॥३७॥**

अर्थ—सर्व अभ्यंतरना मांडलामां वर्तता सूर्य कर्क संक्रा-

तिने पहेले दिवसे एकसोने अंशी योजन जगतीथी द्वीपनी अंदर पेसे छे. तेथी पीस्तालीश हजार योजनमां तेटला ( एकसो अंशी ) योजन ओछा जाणवा. एटले के चुमाळीश हजार आठसोने वीश ४४८२० योजन उत्तर दिशामां मेरु सुधी किरणो प्रसरे छे. जो के मांडलानी समान श्रेणीए मेरुनो विष्कंभ दश हजार योजननो नथी, पण तेथी कांइक न्यून छे, तोपण व्यवहारथी तेटलो लीधो छे. हवे दक्षिण दिशामां किरणनो प्रसर कहे छे—दक्षिण दिशामां जंबुद्वीप संबंधी एकसोने अंशी योजन तथा लवण समुद्रमां तेत्रीश हजार त्रणसोने तेत्रीश योजन तथा एक योजननो त्रीजो भाग, ए बन्ने मळीने ३३५१३ $\frac{१}{३}$ योजना किरणोनो प्रसर छे. एज प्रमाणे जंबूद्वीपमां रहेला बीजा सूर्यनो पण किरण प्रसर जाणी लेवो. ३७.

हवे मकर संक्रांतिमां जेटलो किरण प्रसर ओछो रहे छे ते कहे छे.

इगतीस सहस अड सय इगतीसा तह य तीससट्ठंसा ।
मयरे रविरसीउ पुव्ववरेणं अहउदीणे ॥ ३८ ॥

अर्थ—सौथी अंदरना मांडलामांथी बहार नीकळतो सूर्य अनुक्रमे किरणना प्रसरमां ओछो थतो थतो सौथी बहारना मांडलामां आवे छे. त्यां एकत्रीश हजार आठसोने एकत्रीश योजन तथा एक योजनना एकसठीया त्रीश भाग ३१८३१ $\frac{३०}{६१}$ आटला योजन किरणनो प्रसर मकर संक्रांतिमां पूर्व अने पश्चिम दिशामां होय छे, बन्ने मळीने ते दिवसे उदय अने अस्तनुं आंतरुं ६३६६३ थाय छे. अहीं हमेशां १७२ $\frac{१०}{६०}$ | $\frac{१४४}{१८३}$ | योजन किरण प्रसरनी हानी थती जाय छे तेमां पूर्व अने पश्चिम ए दरेकने माटे जूदुं जूदुं कहीए तो तेथी अर्ध एटले ८६ $\frac{५}{६०}$ | $\frac{७२}{१८३}$ | योजन किरण प्रसरनी हानी थाय छे. ३८.

हवे मकरसंक्रांतिमां उत्तर तथा दक्षिण दिशामां थता किरणना प्रसरने कहे छेः—

लवणे तिसई तीसा दीवेण पणचत्त सहस अह जम्मे ।
लवणम्मि जोअणतिगं सतिभाग सहस्स तित्तीसा ॥३९॥

अर्थ—सूर्य सौथी बहारना मांडलामां आवे त्यारे ते लवण समुद्रने विषे त्रणसोने त्रीश योजन जाय छे, तेथीं लवण समुद्र संबंधी त्रणसोने त्रीश तथा द्वीप संबंधी पीस्तालीश हजार ए बन्ने मळीने ४५३३० योजन उत्तर दिशामां किरणनो प्रसर छे–तथा दक्षिणमां ( लवणनी दिशामां ) तेत्रीश हजार ने त्रण योजन तथा एक योजननो त्रीजो भाग ३३००३⅓ एटला योजन किरणनो प्रसर छे. ३९.

हवे उंचे तथा नीचे ( उर्ध्व तथा अधोदिशामां ) तेजना प्रसरनुं स्वरुप कहे छेः—

मयरम्मि वि कक्कम्मि वि हिट्ठा अट्ठार जोअणसयाइं ।
जोयणसयं च उड्ढं रविकर एवं छसु दिसासु ॥ ४० ॥

अर्थ—मकर विगेरे छ संक्रांतिने विषे तथा कर्क विगेरे छ संक्रांतिने विषे अर्थात् सर्व मांडलामां वर्तता सूर्यनुं तेज ( किरणनो प्रसर ) अढारसो योजन सुधी नीचे जाय छे. कारण के सूर्यथी आठसो योजन समभूतल छे. अने समभूतलनी अपेक्षाए एक हजार योजन नीचे अधोग्रामा छे. ते ( अधोग्रामो ) जंबूद्वीपना पश्चिम विदेह क्षेत्रमां मेरु पर्वतथी आरंभीने जगतीनी सन्मुख जतां एक एक प्रदेशनी हानी वडे क्षेत्र नीचुं नीचुं थतुं जाय छे, ते छेक छेल्ला विजयद्वारने स्थाने बेंतालीश हजार योजन नीचो भूभाग रहेलो छे. ते विषे लघुक्षेत्र समासमां कह्युं छे के–" मेरुथी पश्चिमे बेंताळीश हजार योजन जतां प्रांते एक हजार योजन नीची पृथ्वी

छे, अने त्यां अधोग्रामो छे. " त्यार पछी त्रण हजार योजन सुधी समभूतलनी तुल्यता होवाथो सरखो पृथ्वीनो भाग छे. त्यांथी शीतोदा नदीनो प्रवेश तो जयंतद्वारनी नीचे थइने लवण समुद्रमां अनेक हजार योजनो जइने थाय छे. आ अधोदिशामां किरण प्रसरनुं प्रमाण जंबूद्वीपमां रहेला सूर्यनी अपेक्षाए ज जाणवुं. कारण के बीजा द्वीपना सूर्यो तो अधोदिशामां आठसो योजनज तपे छे. केमके ते क्षेत्रनी पृथ्वी समान-सरखी छे. तथा उंचे (उर्ध्व दिशामां) सर्वे क्षेत्रोमां सर्वे सूर्योनो किरण प्रसर एकसो योजन सुधी छे. ते विषे भगवती सूत्रना आठमा शतकना आठमा उदेशमां कह्युं छे के- "हे भगवान ! जंबूद्वीपना सूर्यो केटला क्षेत्र सुधी उंचे तपे छे ? केटला क्षेत्र सुधी नीचे तपे छे ? अने केटला क्षेत्र सुधी तिरछा तपे छे ? हे गौतम ! एकसो योजन उंचे तपे छे, अधोदिशामां अढारसो योजन तपे छे. इत्यादि. आ प्रमाणे छ दिशामां सूर्यना किरणनो प्रसर कह्यो. ४०.

हवे जंबूद्वीपमांज दक्षिण अने उत्तरमां सर्वदा (हंमेशां) सर्व मळीने किरण प्रसरनुं मान कहे छेः--

पइदिणमवि जम्मुत्तर अडसत्तरि सहस सहसतइअंसा।
उड्ढह गुणवीससया अविट्ठिया पुव्वावरस्सीउ ॥ ४१ ॥

अर्थ—हंमेशां दक्षिण अने उत्तरना किरणोनो प्रसर मेळवतां इठोतेर हजार त्रणसो तेत्रीश योजन तथा एक योजननो त्रीजो भाग ७८३३३$\frac{1}{3}$ एटला योजन किरण प्रसरे छे, तथा ऊर्ध्व अने अधो मळीने ओगणीश सो योजन किरण प्रसरे छे, तथा सूर्यथी पूर्वमां अने पश्चिममां सूर्यना किरणो स्थिर छे; केमके सर्वे मांडलामां हानि वृद्धि थाय छे. आ प्रमाणे सूर्यना तेजनो प्रसर जंबूद्वीपने विषेज जाणवो. केमके लवण समुद्र, धातकीखंड, कालोद

समुद्र, अने पुष्करार्ध द्वीपमां रहेला सूर्योना तेजनो प्रसर तो अधिक अधिक छे. तेथी तेमनु स्वरुप अमारा करेला मंडल प्रकरणमांथी जाणी लेवुं. मनुष्य लोकनी बहारना क्षेत्रोमां सूर्य अने चंद्र स्थिर रहेला छे. ४१.

। इति रविकरप्रसरद्वारं षष्ठम् । ६ ।

हवे सातमुं पर्याप्ति द्वार कहे छेः--

आहार१ सरीरिं२ दिय३ ऊसास४ वउ५ मणो६ छ पज्जत्ति ।
चउ१ पंच२ पंच३ छप्पिअ४ इग१ विगला२ऽमण३ समण४ तिरिए ॥४२॥

अर्थ—पर्याप्ति एटले आहारादिकना पुद्गलोने ग्रहण करीने परिणाम पमाडवाना कारणरुप आत्मानी विशेष प्रकारनी शक्ति ते पर्याप्ति पुद्गलोना संचयथी प्राप्त थाय छे. तेवी पर्याप्तिओ छ छे. तेमां जे शक्ति वडे करीने जीव आहारने ग्रहण करीने खळ अने रसपणे परिणमावे, ते आहार पर्याप्ति कहेवाय छे. १ जे शक्ति वडे रसरुप थयेला आहारने औदारिक, वैक्रिय अने आहारक ए त्रण शरीरने योग्य एवा पुद्गलरुप रस, रुधिर, मांस, मेद, अस्थि, मज्जा, अने शुक्र ( वीर्य ) रुप सात धातुपणे यथासंभव परिणमावे, ते शरीर पर्याप्ति २. जे शक्तिवडे धातु रुपे परिणाम पामेला आहारना पुद्गलोमांथी एक, बे, त्रण, चार अथवा पांच इन्द्रियोने योग्य एवा पुद्गलोने लइने पोताने जेटली होय तेटली इन्द्रिय रुपे परिणमावीने तथा तेनु अवलंबन करीने पोतपोताना विषयने जाणवा समर्थ थाय छे, ते इन्द्रिय पर्याप्ति. ३. जे शक्ति वडे उच्छ्वास अने निश्वासने योग्य एवां दळीयां ग्रहण करीने ते रुपे परिणमावीने तथा तेनुं अवलंबन करीने उच्छ्वास निश्वास लेवा मूकवामां समर्थ थाय छे, ते आनप्राण पर्याप्ति. ४. जे शक्ति-

वडे भाषाने योग्य एवां दळीयां ग्रहण करीने भाषापणे परिणमावीने तथा अवलंबन करीने मूके ते भाषा पर्याप्ति. ५. तथा जे शक्तिवडे मनोवर्गणानां दळीयांने ग्रहण करीने मनपणे परिणमावीने तथा अवलंबन करीने मननकार्यमां समर्थ थाय, ते मन पर्याप्ति कहेवाय छे. तेमां एकेन्द्रियोने पहेली चार पर्याप्तिओ होय छे. विकलेन्द्रियने भाषासहित पांच पर्याप्तिओ होय छे. अमनस्क एटले संमूर्छिम मनुष्य अने तिर्यंचोने पहेली पांच पर्याप्तिओ होय छे तथा समनस्क एटले गर्भज तिर्यंचोने मन सहित छए पर्याप्तिओ होय छे. ४२.

गब्भयमणुआणं पुण छप्पिअ पज्जत्ति पंच देवेसु ।
जं तेसिं वयमणाणं दुवे वि पज्जत्ति समकालं ॥ ४३ ॥

अर्थ—गर्भज मनुष्योने छए पर्याप्तिओ होय छे. संमूर्छिम मनुष्यो अपर्याप्तपणेज मरण पामे छे, तेथी तेमने पहेली त्रण पर्याप्तिओज संभवे छे.* केमके करण अपर्याप्तपणे कोइ अपर्याप्ता जीवने पण मरणनो संभव नथी. तथा देव अने नारकोओने पांच पर्याप्तिओ होय छे; कारण के तेमने वचनपर्याप्ति अने मनपर्याप्ति समकाळेज थाय छे, तेथी तेमने पांच कहेवाय छे. ४३.

हवे पहेला त्रण शरीरने विषे सर्व पर्याप्तिओने योग्य एवा काळनुं प्रमाण कहेवाने इच्छता सता कहे छेः—

उरालविउव्वाहारग छन्ह वि पज्जत्ति जुगवमारंभे ।
ताण वि पढमिगसमए बीआ पुण अंतमोहुत्तो ॥ ४४ ॥

अर्थ—औदारिक, वैक्रिय अने आहारक ए त्रणे शरीरने विषे समकाळे छए पर्याप्तिओनो आरंभ थाय छे, एवी व्यवस्था

* सामान्ये समूर्छिम पंचेन्द्रियने पांच पर्याप्तिओ कहेल छे.

छे, अने निष्ठा (पूर्णता) अनुक्रमे पामे छे. ते आ प्रमाणे-प्रथम आहारपर्याप्ति, त्यार पछी शरीरपर्याप्ति, त्यार पछी इन्द्रियपर्याप्ति, एम अनुक्रमे जाणवी. छ पर्याप्तिमां पहेली ओजाहारपर्याप्ति त्रणे शरीरमां एक समयेज पूर्ण थाय छे, अने बीजी शरीरपर्याप्ति त्रणे शरीरमां अंतमूहूर्तना प्रमाणवाळी छे. ४४.

हवे बाकीनी पर्याप्तिओनुं काळप्रमाण औदारिक शरीरने आश्रीने गाथाना पूर्वार्धवडे कहे छे, अने वैक्रिय तथा आहारक शरीरने आश्रीने गाथाना उत्तरार्धवडे कहे छेः—

**पिहु पिहु असंखसमइअ अंतमुहुत्ता उराल चउरो वि ।**
**पिहु पिहु समया चउरो वि हुंति वेउव्विआहारे ॥ ४५ ॥**

अर्थ—त्रीजी, चोथी, पांचमी अने छट्ठी ए चार पर्याप्तिओ औदारिक शरीरने विषे असंख्याता समयवाळा पृथक् पृथक् अंतर्मुहूर्ते पूर्ण थाय छे. एटले ते सर्वे पर्याप्तिओ तेटला मोटा अंतर्मुहूर्त वडे परिपूर्ण थाय छे तथा वैक्रिय अने आहारक शरीरने विषे त्रीजी, चोथी. पांचमी अने छट्ठी ए चारे पर्याप्तिओ पृथक् पृथक् एक एक समये पूर्ण थाय छे. जेम एक समये इन्द्रिय पर्याप्ति, बीजे समये उच्छ्वास पर्याप्ति, त्रीजे समये वचन (भाषा) पर्याप्ति, अने चोथे समये मन पर्याप्ति पूर्ण थाय छे. ४५.

आ प्रमाणे मनुष्य अने तिर्यंचने आश्रीने पर्याप्तिओ कही, हवे देव अने नारकीने आश्रीने कहे छेः—

**छन्ह वि समारंभे पढमा समए वि अंतमोहुत्ती ।**
**ति तुरिअ समए समए सुरेसु पण छट्ठ इगसमए ॥ ४६ ॥**

अर्थ—देव अने नारकीने विषे छ ए पर्याप्तिनो समकाळे प्रारंभ थाय छे, तोपण पहेली ओजाहार रूप पर्याप्ति एक समये

परिपूर्ण थाय छे. बीजी शरीर पर्याप्ति त्यार पछी अंतर्मुहूर्त पूर्ण थाय छे. त्रीजी अने चोथी पर्याप्ति त्यार पछी पृथक् पृथक् एक एक समये थाय छे. तथा पांचमी वचन पर्याप्ति अने छट्ठी मनपर्याप्ति ए बन्ने त्यार पछी एकज समये पूर्ण थाय छे. कारण के तेनो तेवो स्वभावज छे देव अने नारकीने उत्तर वैक्रियमां पण एज प्रमाणे पर्याप्तिओ पूर्ण थाय छे. ४६.

॥ इति पर्याप्तिद्वारं सप्तमम् ॥ ७

हवे कृष्णराजीना स्वरुप नामनुं आठमुं द्वार कहे छे.

बंभे रिट्ठे तइअंमि पत्थडे अट्ठ कण्हराईउ ।
इंदय चउसु दिसासु अक्खाडगसंठआ दिग्घे ॥४७॥

अर्थ—ब्रह्मलोक नामना पांचमा देवलोकमां रहेला त्रीजा रिष्ट नामना प्रस्तर (पाथडा) मां आठ कृष्णराजीओ छे. तेमनो आकार केवो छे ? ते कहे छेः-सचित्त अने अचित्त पृथ्वीना परिणामरुप भींतने आकारे रहेली छे. रिष्ट नामना त्रीजा प्रस्तरमां रहेला इन्द्रक विमाननी चारे दिशाओमां बबे कृष्णराजीओ छे. ते आ प्रमाणे—पूर्व दिशामां दक्षिण उत्तर लांबी अने तीरछी पहोळी बे कृष्णराजीओ छे, एज प्रमाणे दक्षिण दिशामां पूर्व पश्चिम लांबी बे कृष्णराजीओ छे, पश्चिम दिशामां दक्षिण उत्तर लांबी विस्तृत बे कृष्णराजीओ छे, तथा उत्तर दिशामां पूर्व पश्चिम लांबी विस्तृत बे कृष्णराजीओ छे. ते सर्व मळीने आठ थाय छे. ते कृष्णराजीओ केवी छे ? ते कहे छे. आखाटकना संस्थान वडे रहेली छे. आखाटक एटले प्रेक्षणने स्थळे ( अखाडानी भूमिमां ) चारे तरफ

बेसवाना आसन होय छे. ते आकारे रहेली छे, एम प्रज्ञप्तिनी[1] टीकामां पण कहेलुं छे. ४७

ते कृष्णराजीओनुं लंबाइमां केटलुं प्रमाण छे ?

जोअणअसंख पोहत्ति संख ईसाणि अच्चि[1] अच्चिमाली[2] ।
वइरोअणं[3] पहंकर[4] चंदाभं[5] सूरिअ[6] सुकालं[7] ॥ ४८ ॥
सुपइट्ठाभं[8] रिट्ठं[9] मज्झे वट्टं बहि वि चित्तट्ठ ।
तेसिं पहू सारस्सयपमुहा तदुगपरिवारा ॥ ४९ ॥

अर्थ—ते कृष्णाराजीओ असंख्याता हजार योजन लांबी छे, संख्याता हजार योजन पृथु ( पहोळी ) छे, तथा तेमनो परिक्षेप ( विस्तार-परिधि ) असंख्याता हजार योजननो छे. तेमनी उंचाइ आ प्रमाणे छे—कोइ महर्द्धिक देवता जे गति वडे त्रण चपटीमां ( त्रण चपटी वगाडीये तेटली वारमां ) आखा जंबूद्वीपनी फरती एकवीसवार प्रदक्षिणा दे, तेवो देवता तेज गति वडे पंदर दिवसे एक कृष्णराजीनुं उल्लंघन करे, पण बीजीनुं उलंघन करी शके नहि. एटली ते उंची छे. ते कृष्णराजीओनी वचमां शुं छे ? ते कहे छे.- आ कृष्णाराजीनी इशान विगेरे दिशा तथा विदिशाओ मळी आठे आंतरामां एटले बबे राजोनी वच्चे चार दिशामां चार अने बबे राजीना खुणा उपर चार विदिशामां चार एम आठ विमानो छे,

---

१ कृष्णराजीनुं चित्र नीचे प्रमाणे




लीटी ए कृष्णराजीनी नीशानी छे अने

● ए विमाननी निशानी छे.

अने तेमना बहुमध्य प्रदेशमां एक विमान छे, ते आ प्रमाणे-उत्तर अने पूर्वनी अभ्यंतरनी[1] बे कृष्णराजीओनी वच्चे अर्चि नामनुं विमान छे १, ए प्रमाणे पूर्व दिशानी बे कृष्णराजीनी वच्चे अर्चिमाली नामनुं विमान छे २, पूर्व अने दक्षिणना अभ्यंतरनी बे कृष्णराजीनी वच्चे वैरोचन नामनुं विमान छे ३, दक्षिणनी बे कृष्णराजीओनी वच्चे प्रभंकर विमान छे ४, दक्षिण अने पश्चिमना अभ्यंतरनी बे कृष्णराजीओनी वच्चे चद्रप्रभ विमान छे ५, पश्चिमनी बे कृष्णराजीओनी वच्चे सूराभ विमान छे ६, पश्चिम अने उत्तरना अभ्यंतरनी बे कृष्णराजीओनी वच्चे सुकाल विमान छे ७, उत्तरनी बे कृष्णराजीओनी वच्चे सुप्रतिष्ठाभ नामनुं विमान छे ८, तथा सर्व कृष्णराजीओना मध्य भागमां रिष्टाभ नामनुं विमान छे ९, ते एक वर्तुलाकारे छे, अने प्रथमना आठ विचित्र आकारनां छे, कारण के ते आवलिकामां रहेलां नथी. ते विमानोथी असंख्याता हजार योजनोने छेटे अलोक छे. ते विमानोना स्वामी सारस्वत विगेरे देवताओ छे, तेओ बे प्रकारना परिवारवाळा छे. एटले तेना परिवारमां बे मत छे. हवे तेमांना प्रथमना त्रण युगळमा आगळ कहेशुं तेटला देवो अने परिवार छे. ४९

सत्त सयसत्त चउदस सहसा चउदहिअ सगसहससत्ते ।
नव नव सय नव नव हिअ अव्वाबाहागिचरिट्ठेसु ॥५०॥

अर्थ—सारस्वत अने आदित्य नामना बन्ने देवोने सातसो ने सात देवोनो परिवार छे. ए प्रमाणे अग्नि अने वरुण ए बन्ने देवोने चौद हजार ने चौद देवोनो परिवार छे. गर्दतोय अने तुषितने सात हजार ने सात देवोनो परिवार छे. बाकीना अव्याबाध, आग्नेय तथा रिष्ट ए त्रणेमांना दरेकने आ ग्रंथकारना मते नवसो ने

---

१ अंदरनी.

नव देवोनो परिवार छे. तेमां सर्व विमानना मळीने सर्व ते जातीना देवो २४४५५ छे. प्रवचन सारोद्धार विगेरे घणा ग्रंथोमां तो छेल्ला त्रण देवोना मळीने नवसो ने नव देवोनो परिवार कह्यो छे. तेना मतमां सर्व विमानना सर्व देवो २२६३७ जाणवा. ५०

हवे ते देवोनां नामो कहे छेः--

**सारस्समाइच्चा वण्ही करुणा य गद्दतोया य ।**
**तुसिआ अव्वाबाहा अग्गिया चेव रिट्ठा य ॥ ५१ ॥**

अर्थ—सारस्वत १, आदित्य २, वन्हि ३, वरुण ४, गर्दतोय ५, तुषित ६, अव्याबाध ७, आग्नेय ८, तथा रिष्ट ९, आ नाम ते नामना विमानमां रहेनारा होवाथी पडेलुं छे एटले रिष्ट विमानना आधारवाळा अथवा रिष्ट विमानमां रहेनारा ते रिष्ट देवो. आ प्रमाणे जाणवुं. आ सारस्वत विगेरे देवो ब्रह्मदेव लोकने अते एटले समीपे रहेनारा होवाथी ते लोकान्तिक कहेवाय छे. ते देवो जिनेश्वरनो दीक्षाना समयथी एक वर्ष पहेलां जो के जिनेश्वर स्वयंबुद्ध छे, तो पण तेवा प्रकारनो आचार (व्यवहार) होवाथी जिनेश्वर पासे आवीने " हे भगवान ! सर्व जगतना जीवोने हितकारक तीर्थ प्रवर्तावो " एम कहे छे. ते देवताओनुं जघन्य तथा उत्कृष्ट आयुष्य आठ सागरोपमनुं होय छे. तथा तेओ सात आठ भवे मोक्षे जाय छे. ५१.

हवे कृष्णराजीओनो परस्पर स्पर्श थवानुं स्वरुप कहे छेः—

**पुव्वंतर जम्म बहिं पुट्ठा जम्मंतरा बहिं वरुणं ।**
**तम्मज्झुत्तरबाहिं उईणमज्झा बहिं पुव्वं ॥ ५२ ॥**

अर्थ—पूर्व दिशानी अभ्यंतर राजी दक्षिणनी बहारनी राजीनो स्पर्श करे छे १, दक्षिणनो अभ्यंतर राजी पश्चिमनी बहारनी

राजीनो स्पर्श करे छे २, पश्चिमनी अभ्यंतर राजी उत्तरनी बहारनी राजीनो स्पर्श करे छे ३, तथा उत्तरनी अभ्यंतर राजी पूर्वनी बहारनी राजीनो स्पर्श करे छे. ४.

हवे ते कृष्णराजीओना कोण (खूणा) ना विभाग कहे छेः—

पुव्वावरा छलंसा तंसा पुण दाहिणुतरा बज्झा ।
अब्भंतर चउरंसा सव्वा वि अ कण्हराईउ ॥ ५३ ॥

अर्थ—पूर्व तथा पश्चिमनी बहारनी बे कृष्णराजीओ छ हांस वाळी-षट्कोण छे, अने उत्तर दक्षिणनी बहारनी बे कृष्णराजीओ त्रिकोण छे, अने अभ्यंतरनी चारे कृष्णराजीओ चतुरस्र-चार खुणावाळी एटले चोखंडी छे.

॥ इति कृष्णराजीद्वारमष्टमम् ॥ ८ ॥

हवे नवमुं वलयद्वार कहे छेः—

पुक्खरिगारस तेरस कुंडले रुअगि तेर ट्ठारसवा ।
मंडलिआचलतिन्निऊ मणुत्तर कुंडलो रुअगो ॥ ५४ ॥

अर्थ—कालोद समुद्रनी बहार वलयना आकारे रहेलो सोळ लाख योजनना विस्तारवाळो पुष्करवर नामनो द्वीप छे, तेना अर्धथी बहारना दळमां पहेलो पर्वत छे १, तथा जंबूद्वीपथी अग्यारमो कोइना मते तेरमो कुंडलद्वीप छे, तेना अर्ध भागमां बीजो पर्वत छे २, तथा "जंबूधायइपुक्खर" ए प्रमाणे संग्रहणीमां देखाडेला क्रमवडे तेरमो अथवा बीजाना मते अढारमो रुचक द्वीप छे, तेमां त्रीजो पर्वत छे. ए प्रमाणे मंडलाचल वलयाकार त्रण पर्वतो पुष्करवर, कुंडल अने रुचक नामना द्वीपोमां अर्धा अर्धा भागमां प्राकार ( किल्ला ) ना आकारे रहेला छे. ते पर्वतोनां नाम मानुषोत्तर, कुंडल अने रुचक एवां छे. ५४.

हवे गाथाना पूर्वार्धवडे ते पर्वतोनी उंचाइ कहे छे:--

सत्तरसए इगवीसा[1] बायालसहस[2] चुलसिसहसुच्चा[3] ।
चउसय तीसा कोसं[1] सहसं[2] सहसं[3] च उगाढा ॥ ५५ ॥

अर्थ--मानुषोत्तर पर्वत सतरसो ने एकवीश योजन उंचो छे १, कुंडल पर्वत बेताळीश हजार योजन उंचो छे २ अने रुचक पर्वत चोराशी हजार योजन उंचो छे ३, हवे गाथाना उत्तरार्ध वडे ते पर्वतोनो भूमिमां अवगाह ( उंडाइ ) बतावे छे. पहेलो मानुषोत्तर पर्वत उंचाइने चोथे भागे एटले चारसो ने त्रीस योजन तथा एक क्रोश ( गाउ ) भूमिमां अवगाहीने रह्यो छे. बीजा बे कुंडल तथा रुचक पर्वतो हजार हजार योजन भूमिमां अवगाहीने रह्या छे. ५५.

हवे ते पर्वतोना नीचे, वच्चे तथा उपरना विष्कंभनुं मान कहे छे:—

भुवि दससय बावीसा मज्झे सत्त य सया उ तेवीसा ।
सिहरे चत्तारि सया चउवीसा मणुअकुंडलगा ॥५६ ॥

अर्थ--पहेला बे पर्वतनो विष्कंभ कहे छे-समान भूतळनी अपेक्षाए ( तळेटीए ) एक हजार ने बावीश योजननो विस्तार छे, मध्य भागमां सातसोने त्रेवीश योजननो विस्तार छे, अने शिखर उपर चारसो ने चोवीश योजननो विस्तार छे. आ प्रमाणे मानुषोत्तर अने कुंडल पर्वतनो विष्कंभ-विस्तार जाणवो. ५६.

हवे रुचक पर्वतनो त्रणे स्थाननो विस्तार ए बन्ने पर्वतो करतां भिन्न छे, ते कहे छे:--

दससहसा बावीसा भुवि[1] मज्झे सगसहस्स तेवीसा[2] ।
सिहरे चउरा सहसा चउवीसा[3] रुअगसलंमि ॥ ५७ ॥

अर्थ--रुचक पर्वतनो पृथ्वीनी सपाटी पर दश हजार ने बावीश योजननो विस्तार छे १, मध्य भागमां सात हजार ने त्रेवीश योजननो विस्तार छे २, तथा शिखरपर चार हजार ने चोवीश योजननो विस्तार छे ३, आथी करीने प्रथमना बे पर्वतोना विस्तारमां जेटला सो छे तेने स्थाने अहीं तेटला हजार छे, एम जाणवुं. ५७.

हवे पूर्वे कहेला बे पर्वतो करतां आ रुचक पर्वतना शिखर पर जे विशेष छे ते कहे छे:--

रुअगसिहरे चउदिसि बिअसहस्सेगेगचउत्थि अट्ठट्ठ ।
विदिसि चउइ अ चत्ता दिसिकुमरी कूड सहसंका ॥५८॥

अर्थ—वलयाकारवाळा रुचक पर्वतना चार हजार ने चोवीश योजनना विस्तारवाळा शिखरभागना चार विभाग करवा. तेमां दरेक विभाग एक हजार ने छ योजननो थाय छे. तेमां प्रथम भागने मूकीने बीजा भागमां पूर्वादिक चारे दिशामां सहस्रकूट नामना एक एक ( बधा मळीने चार ) कूट छे, तथा ते रुचक पर्वतना शिखरना एक हजार ने छ योजनना विस्तारवाळा चोथा भागमां ( दरेक दिशाए ) आठ आठ कूटो छे. ( बधा मळीने बत्रीश छे. ) पण ते दिक्कुमारीओनां स्थानो छे, एम जाणवुं. नहि तो तेनी मध्ये रहेला सिद्धकूट सहित दरेक दिशामां नव नव कूटो थाय छे, एम वृद्धो ( बहुश्रुतो ) कहे छे. ते सिद्धकूट उपर जिनेश्वरनो प्रतिमाथी सुशोभित सिद्धायतन छे. तथा तेज चोथा भागमां विदिशाओमां चार कूटो छे. ते सर्व ( ३६ ) सहस्र कूट नामवाळा छे. एटले-ते मूळमां ( तळेटीमां ) हजार योजनना विस्तारवाळा छे, मध्यमां सातसो योजन विस्तारवाळा छे, शिखरपर पांचसो योजन विस्तारवाळा छे अने एक हजार योजन ऊंचा

छे. ते सर्व कूटो उपर भुवनपतिनीकायनो चालीश दिक्कुमारीओ पोताना परिवार सहित रहे छे. तेमां पूर्व दिशाए जे आठ कूटो छे, तेमनां नाम आ प्रमाणे स्थानांग सूत्रमां कहेलां छे-' रिष्ट, तपनीय, कांचन, रजतदिक्, सौस्तिक, प्रलंबक, अंजन तथा अंजन पुलक. ए आठ कूट रुचकनी पूर्व दिशाए आवेला छे. ' ते कूटोमां जे नामनी दिक्कुमारीओ रहे छे ते आ प्रमाणे-नंदोत्तरा, नंदा, सुनंदा, नंदिवर्धिनी, विजया, वैजयंती, जयंती तथा अपराजिता. दक्षिणनां आठ कूटोनां नाम आ प्रमाणे-कनक, कांचन, पद्म, नलिन, शशी, दिवाकर, वैश्रमण, तथा वैडूर्य ए रुचकनी दक्षिण दिशाना आठ कूटो छे. तेमां आ देवीओ वसे छे-समाहारा, सुप्रदत्ता, सुप्रबुद्धा, यशोधरा, लक्ष्मीवती, शेषवती, चित्रगुप्ता अने वसुंधरा. पश्चिम दिशाना आठ कूटो आ प्रमाणे-सौस्थिक, शुभ, हिमवंत, मंदर, रुचक, रुचकोत्तम, चांद्र अने सुदर्शन. तेमां आ नामनी देवीओ रहे छे-इलादेवी, सुरादेवी, पृथ्वी, पद्मावती, एकनासा, नवमिका, भद्रा तथा अशोका. हवे उत्तरमां जे आठ कूटो छे. तेनां नामो-रत्न, रत्नोच्चय, सर्वरत्न, रत्नसंचय, विजय, वैजयंत, जयंत अने अपराजित, तेमां देवीओ आ प्रमाणे छे अलंबुसा, मित (श्र) केशी, पुंडरीका, वारुणी, हासा, सर्वप्रभा, श्री अने ह्री ए आठ उत्तरमां रहेली छे. तथा चित्रा, [1]चित्रकनका, सुतेजा अने सुदामिनी ए चार विदिशाना कूटमां रहेनारी छे. तथा रुपा, रुपासिका सुरुपा अने रुपकावती ए चार रुचकद्वीपनी मध्यमां रहे छे. ५८.

---

१. आ चार प्रथमना चार सहस्राक कूट उपर रहेनारी संभवे छे.

हवे ते पर्वतो संबंधी विशेष विचार कहे छेः—

पढमो सीहनिसाई अद्धजवनिभो अ चउदिसिं सिहरे।
पन्नाई चउ जिणगेहा सयाइ चउचेइआ दुन्नि ॥ ५९ ॥

अर्थ—पहेलो मानुषोत्तर नामनो पर्वत जेम सिंह बेठेलो होय तेना आकार जेवो छे, एटले के जेम सिंह आगळना बे पग उंचा करीने, पाछळना बे पग संकोचीने पश्चात्भागमां कांइक ढळतो बेसे छे, एटले बेठेलो सिंह मस्तकना प्रदेशमां उंचो अने पाछळना भागमां नीचो नीचो होय छे, एज प्रमाणे मानुषोत्तर पर्वत पण जंबूद्वीपनी दिशा तरफ छिन्नटंक, सर्वथी उंचो भींतनी जेम सरखो (सपाट) अने पाछळना भागमां तो शिखरना भागथी आरंभीने नीचो नीचो छे. अथवा ते पर्वत अर्धा जवनी जेवो छे. एटले जवनो दाणो अर्धो करेलो जेवो होय तेवो छे अथवा जवना ढगला जेवो छे. जेम जव अथवा जवनो ढगला अपांतराळे उंचो, अर्धा भागे छेदायेलो अने मध्य भागमां छिन्नटंक जेवो होय छे, अने बहारना भागमां थोडो जाडाइनी अपेक्षाए पातळो पातळो होय छे. तेज प्रमाणे आ पवत पण छे. वळी तेना शिखरपर चारे दिशामां चार जिनचैत्यो छे ते चैत्यो केवां छे ? ते कहे छे-पचास योजन लांबां, पचीश योजन पहोळां अने छत्रीश योजन उंचां एवां चार शाश्वत जिनचैत्यो रहेलां छे. तथा कुंडल अने रुचक ए दरेक पर्वतना शिखरपर चारे दिशामां चार जिनचैत्यो छे. ते सो योजन लांबां, पचास योजन पहोळां अने बोंतेर योजन उंचां जिनचैत्यो छे. ५९.

॥ इति नवमं वलयद्वारम् ॥ ९

हवे दशमुं नंदीश्वरद्वीप संबंधी द्वार कहे छेः—

तेवट्ठं कोडिसयं लरका चुलसीइ वलयविक्खंभो ॥
नंदीसरट्ठमदीवो चउदिसि चउ अंजणा मज्झे ॥ ६० ॥

अर्थ—सो करोड ( एक अब्ज ) त्रेसठ करोड अने चोरासी लाख (१६३८४०००००, योजनना वलय विष्कंभ (घेरावा)वाळो, जंबूद्वीपथी आठमो नंदीश्वर नामनो द्वीप छे. ते द्वीप समग्र सुर अने असुरना समूहने आनंद आपनार तथा मोटा जिनालयो उद्यानो, पुष्करिणीओ (वावो) अने पर्वतो विगेरे पदार्थोना समूहथी उत्पन्न थयेली विभूतिवडे इश्वर (श्रेष्ठ) छे, तेथी ते नंदीश्वर एवा सार्थक नामवाळो छे. ते द्वीपना वलयना मध्य भागमां पूर्व विगेरे चारे दिशाओमांनी दरेक दिशामां एक एक भागे ( मध्य भागे ) चार अंजनगिरि रहेला छे. तेमनां नाम आ प्रमाणे छेः—पूर्व दिशामां देवरमण नामे, दक्षिणमां नित्योद्योत नामे, पश्चिममां स्वयंप्रभ नामे अने उत्तरमां रमणीय नामे अंजनगिरि छे. ६०.

हवे ते अंजनगिरिनुं स्वरुप कहे छेः—

गोपुच्छा अंजणमय चुलसीसहस्सुच्च सहसमोगाढा ।
समभुवि दससहसपिहु सहसुवरिं तेसिं चउदिसिसु ॥६१॥

अर्थ—उंचा करेला गायना पुच्छना संस्थाने रहेला एटले के जेम गायनुं पूछडुं मूळमां स्थूळ होय अने उपर जतां अनुक्रमे नानुं नानुं ( पातळुं पातळुं ) होय, तेम आ चारे अंजन पर्वतो मूळमां अधिक विस्तारवाळा अने उपर उपर अनुक्रमे थोडा थोडा विस्तारवाळा छे ते पर्वतो सर्वथा अंजन रत्नमय ( नील रत्नमय ) छे. ते चारे पर्वतो बहारथी ( पृथ्वीपरथी ) चोराशी हजार योजन उंचा छे, एकहजार योजन पृथ्वीनी अंदर रहेला छे. पृथ्वीनी सपाटी उपर (तळेटीए) दशहजार योजनना विस्तारवाळा छे, अने त्यार पछी उपर जतां अनुक्रमे हीन थतां थतां छेक उपर एकहजार योजनना विस्तारवाळा छे. ते पर्वतोनी परिधि ( घेराव ) मूळमां (तळेटीए) एकत्रीश हजार छसेंने त्रेवीश (३१६२३) योज-

नथी कांइक हीन (ओछी) छे, अने तेमनां शिखरपरनी परिधि त्रण हजार एकसो ने बासठ योजन छे. ते पर्वतोनी चारे दिशाओमां शुं छे ते कहे छे?—

लक्खंतरिआ चउ चउ वावी स दस य जोअणुविद्धा।
लक्खं दीहपिहुच्चे तम्मज्झे दहिमुहा सोल॥ ६२॥

अर्थ—लाख योजनने आंतरे एटले ते चारे अंजनगिरिनी चारे दिशाओमां लाख लाख योजनने छेटे चार चार वावो छे. तेमनां नामो आ प्रमाणे-पूर्व दिशामां रहेलो जे अंजनगिरि छे, तेनी पूर्व दिशामां लाख योजनने छेटे पूर्वमां नंदोत्तरा, दक्षिणमां नंदा, पश्चिममां आनंदा अने उत्तरमां नंदीवर्धना ४ नामनी वावो छे. दक्षिण दिशामां जे अंजनगिरि छे तेनी पूर्व दिशामां भद्रा ५, दक्षिणमां विशाला ६, पश्चिममां कुमुदा ७, अने उत्तरमां पुंडरीकिणी ८, नामनी वावो छे. पश्चिम दिशामां जे अंजनगिरि छे, तेनो पूर्वमां नंदिषेणा ९, दक्षिणमां अमोघा १०, पश्चिममां गोस्तुभा ११, अने उत्तरमां सुदर्शना १२ नामनी वावो छे. तथा उत्तर दिशामां रहेला अंजनगिरिनी पूर्वमां विजया १३, दक्षिणमां वैजयवंती १४, पश्चिममां जयंती १५, अने उत्तरमां अपराजिता १६, नामनी वावो छे. ए प्रमाणे सोळ वावो छे. ते दरेक वाव दश दश योजन उंडी छे, निर्मळ, शीतळ अने स्वादु जळथी भरेली छे, तथा मत्स्य विगेरे जळचर प्राणीओथी रहित छे. ते दरेक वाव लंबाइमां तथा पहोळाइमां लाख योजननी छे. ते चारे दिशामां रहेली सोळे वावो जंबूद्वीप जेटली परिधवाळी विचित्र मणीओनां पगथीयां अने थांभलाओथी तथा विविध प्रकारनी पूतळीओ अने मोटा तोरणोथी युक्त छे. ते दरेक वाव पूर्व विगेरे दिशाना अनुक्रमे अशोक, सप्तच्छद, चंपक अने आम्रना वनोए करीने व्याप्त छे. एटले सर्व

मळीने चोसट वनो छे. ते सोळे वावोनां मध्यमां एटले बराबर मध्य भागमां दधिमुख नामना सोळ पर्वतो रहेला छे. ६२

ते दधिमुख नामना पर्वतो केवा छे ? ते कहे छे.

सहसोगाढा चउसट्ठिसहस्सुच्चा दससहस्स पिहुला य।
सव्वत्थ समा पल्लगसरिसा रुप्पामया सव्वे ॥ ६३ ॥

अर्थ—ते दरेक दधिमुख पर्वतो एक हजार योजन पृथ्वीनी अंदर रहेला छे, बहार चोसठ हजार योजन उंचा छे, अने सर्वत्र (मूळमां मध्यमां, अने शिखरमां) दश हजार योजन सरखा पहोळा छे. तथी करीने उंचे, मध्ये अने नीचे (तळेटीए) सरखा विस्तारवाळा छे, माटेज तेओ पल्यनी जेवा कहेवाय छे, पल्य एटले अनाज मापवानुं कोष्ठक (मापुं) तेने आकारे रहेला छे. वळी ते पर्वतो रुपामय छे एटले सर्वथा श्वेतवर्णवाळा छे, ते सोळे दधिमुख पर्वतोनां नामो ते ते वावोने अनुसारे (तेनो जेवांज) जाणवां. ६३

हवे अंजनगिरि अने दधिमुख पर्वतोमां जेटलो विशेष छे. ते कहे छेः—

अंजणदहिमुहचेइअ वीसं चउदार दीहपिहुउच्चा।
सयपन्ना बावत्तरि जोअण ठाणंगिजिअभिगमे ॥ ६४ ॥

अर्थ—चारे अंजन पर्वतोपर अने सोळे दधिमुख पर्वतोपर एक एक चैत्य होवाथी सर्व मळीने वीश चैत्यो छे, ते दरेक चैत्य चार चार द्वारवाळां छे. अन्य आचार्यना मते बत्रीश रतिकर नामना पर्वतोपर पण एक एक चैत्य होवाथी एकंदर बावन चैत्यो छे. ते दरेक सिद्धायतनो ( चैत्यो ) सो सो योजन पूर्व पश्चिम लांबां, पचास पचास योजन उत्तर दक्षिण पहोळां अने बोतेर योजन उंचां छे. ते दरेक चैत्यना दरेक द्वारमां मुखमंडप १, प्रे-

क्षामंडप २, चैत्यस्तूप ३, चैत्यवृक्ष ४, महेन्द्रध्वज ५, अने पुष्करिणी ( वाव ) ए छ पदार्थो रहेला छे. तेमां मुखमंडप अने प्रेक्षामंडप सो योजन लांबा, पचास योजन पहोळा अने सोळ योजन उंचा छे. चैत्यस्तूप सोळ योजन लांबा अने सोळ योजन पहोळा छे. चैत्यवृक्ष अने महेन्द्रध्वजनी पीठीकाओ आठ योजन लांबी पहोळी छे, अने पुष्करिणो वावो सो योजन लांबी पहोळी अने दश योजन उंडी छे. आ पर्वत उपरनी वावोमां मत्स्य विगेरे जळचर प्राणीओ छे, एम प्रज्ञापनाना त्रीजा पदनी वृत्तिमां कह्युं छे. चैत्यवृक्ष अने इन्द्रध्वजनुं प्रमाण जीवाभिगम उपांगथी जाणी लेवुं. आ प्रमाणे वीश सिद्धायतनोनुं स्वरुप ठाणांगमां अने जिवाभिगममां कह्युं छे. ६४.

हवे रतिकर पर्वतो विषे कहे छेः—

**नंदी विदिसिं चउरो दसिगसहस्सापिहुच्चपाऊहे ।**
**झल्लरिस अ चेइअ रइकर ठाणंगिसुत्तम्मि ॥ ६५ ॥**

अर्थ—नंदीश्वर द्वीपनी चारे विदिशामां चार रतिकर पर्वतो छे. ते पर्वतो पण चैत्यो रहित छे. प्रवचन सारोद्धारादिक ग्रंथने अनुसारे तो चार वावोना आंतरामां बे बे रतिकर पर्वतो रहेला छे ( आ प्रमाणे एक दिशामां चार वावो होवाथी आठ रतिकर पर्वतो छे. ) एक दिशामां जेवुं कह्युं, तेवुंज बीजी त्रण दिशामां होवाथी सर्वमळीने बत्रीश रतिकरपर्वतो सिद्धायतन सहित छे. हवे प्रथम कहेला चार रतिकर पर्वतोनु तथा अन्य आचार्यना मते बत्रीश रतिकर पर्वतोनुं एक सरखुंज प्रमाण छे, ते कहे छे- दश हजार योजन पहोळा अने दश हजार योजन विस्तारवाळा एटले लांबा, गोळ, एक हजार योजन उंचा अने एक हजार योजनना चोथा भागे एटले अढीसो योजन भूमिनी अंदर रहेला

छे. ते पर्वतो नीचे ( तळेटीए ) तथा उपर ( शिखरे ) दश हजार योजन सरखा पहोळा होवाथी सर्वत्र सरखा छे, तेथी झल्लरी नामना वाजींत्र जेवा[1] वर्तुलाकारे छे. आ सर्व हकीकत ठाणांग सूत्रमां कहेली छे: ६५.

हवे उपर कहेला स्थानथी बीजा स्थानोमां एटले ऊर्ध्वलोक अने अधोलोकमां जे सिद्धायतनो छे तेनी उचाइ विगेरेनुं प्रमाण कहे छे:—

नंदीसर व्व उड्ढं पन्नासाई असुरजिणभवणं ।
नयं अद्धं नागाइसु वंतरनगरेसु तय अद्धं ॥ ६६ ॥

अर्थ—नंदीश्वरमां रहेला चैत्यनी जेम देवलोकमां रहेला सिद्धायतनो सो योजन लांबा, पचास योजन पहोळां तथा बौतेर योजन उंचां छे. परंतु त्रण त्रण द्वारवाळां छे. भुवनपतिमां असुरकुमारनिकायना जिनभवनो तेनाथी अर्धा प्रमाणवाळां छे, एटले पचास योजन लांबां, पचीस पहोळां अने छत्रीश योजन उंचां छे. तथा नागकुमारादिक नव निकायोमां रहेलां चैत्यो तेथी पण अर्धा प्रमाणवाळां एटले पचीस योजन लांबां, साडाबार योजन पहोळां अने अढार योजन उंचां छे. तथा व्यंतरोनां नगरोमां रहेलां चैत्यो तेथी पण अर्धा प्रमाणवाळां एटले साडाबार योजन लांबां, सवा छ पहोळां अने नव योजन उंचां छे. तथा ज्योतिष्क विमानोमां अने तिरछा लोकमां रहेलां चैत्यो भिन्न भिन्न प्रमाणवाळां छे. ६६

॥ इति नन्दीश्वरद्वीपद्वारं ॥ १०

---

१ लांबा पहोळा दश हजार ने पहोळा एक हजार होवाथी कपडा देखावावाळा होवाने लीधे झालर जेवा कह्या छे.

हवे अगीआरमुं गृहिक्रिया नामनुं द्वार कहे छे:—

मन्नह जिणाणं आणं[१] मिच्छं परिहर[२] धरह सम्मत्तं[३] ।
छव्विहआवसयंमि अ उज्जुत्तो होइ पइदिअहं[४] ॥ ६७ ॥
पव्वेसु पोसहवयं[५] दाणं[६] सीलं[७] तवो अ[८] भावो अ[९] ।
सज्झाय[१०] नमुक्कारो[११] परोवयारोअ[१२] जयणाय[१३] ॥६८॥
जिणपूआ[१४] जिणथुणणं[१५] गुरुथुई[१६] साहंमिआण वच्छल्लं[१७] ।
ववहारस्स य सुद्धी[१८] रहजत्ता[१९] तित्थजत्ता य[२०] ॥६९॥
संघोवरिबहुमाणो[२१] धम्मिअमित्ती[२२] पभावणातित्थे[२३] ।
नवखित्ते धणवयणं[३२] पुत्थयलिहणं विसेसेण[३३] ॥ ७० ॥
परिगहमाणा[३४] ऽभिग्गह[३५] इक्कारसस[ड्ढ]पडिमफासणया[३६] ।
सव्वविरईमणोरह[३७] एमाई सड्ढकिच्चाइं ॥ ७१ ॥

अर्थ—जिनेश्वरनी आज्ञा मानवी १, मिथ्यात्वनो त्याग करवो २, सम्यक्त्वने धारण करवुं ३, छ प्रकारना आवश्यकमां प्रतिदिन उद्यमवंत थवुं ४, (६७) पर्वने दिवसे पौषध व्रत लेवुं ५, दान ६, शील ७, तप ८, भाव ९, स्वाध्याय १०, नवकारनो जप ११, परोपकार १२, जतना १३, (६८) जिनेश्वरनी पूजा १४, जिनेश्वरनी स्तुति १५, गुरुनी स्तुति १६, साधर्मीवात्सल्य १७, व्यवहारनी शुद्धि १८, रथयात्रा १९, तीर्थयात्रा २०, (६९) संघनी उपर बहु मान २१, समान धर्मवाळापर मैत्री २२, शासननी प्रभावना २३, नव क्षेत्रमां द्रव्यनो व्यय ३२, विशेषे करीने पुस्तको लखाववां ३३, (७०) परिग्रहनुं प्रमाण करवुं ३४, अभिग्रह धारण करवा ३५, श्रावकनी अग्यार प्रतिमाओनुं वहन करवुं ३६, अने सर्व विरति ( चारित्र ) ग्रहण करवानो मनोरथ करवो ( इच्छा राखवी ) ३७, ए विगेरे श्रावकोनां कृत्यो छे. ७१.

॥ इति गृहिक्रियाद्वारमेकादशम् ॥ ११

हवे चौद गुणस्थान नामनुं बारमुं द्वार कहे छेः—

**अह चउदससु गुणेसुं कालपमाणं भणामि कविहं पि[1] ।**
**न मरइ मरइ[2] वि जेसुं सह परभवुं जेहिं[3] अप्पबहूं[4] ॥७२॥**

अर्थ—आ गुणस्थान नामना द्वारमां पण चार प्रतिद्वारो (अंतर्गत द्वारो) छे. ते आ प्रमाणे–चौदे गुणस्थानकोमां जघन्य अने उत्कृष्ट एम बन्ने प्रकारनो स्थितिना काळनुं प्रमाग १, तथा जे जे गुणस्थानोमां रहेलो जीव मरे के न मरे ? तेनुं स्वरुप २, तथा जीव जे जे गुणस्थानो सहित परभवमां जाय अथवा न जाय ते ३, तथा गुणस्थानोनुं अल्प बहुत्व ४, आ प्रमागे गुणस्थानोनां चार प्रतिद्वारोने हुं कहीश–कहुं छुं. ७२.

तेमां पहेला प्रतिद्वारनी व्याख्या करवा इच्छता आचार्य मिथ्यात्वनो स्थितिना काळनो भेद बतावे छे.

**मिच्छं अणाइऽनिहणं अभव्वे भव्वे वि सिवगमाजुग्गे ।**
**सेवगहा अणाइसंतं साईसंतं पि तं एवं ॥ ७३ ॥**

अर्थ—अनादि अनंत १, अनादि सांत २, सादि अनंत ३, अने सादि सांत ४, ए चार भेदोमां अभव्य जीवने अनादि अनंत भांगे मिथ्यात्व होय छे, तथा भव्यमां पण जे मोक्ष पामवाने अयोग्य होय, तेने पण अनादि अनत भांगे मिथ्यात्व होय छे. आथी करीने भव्य अने अभव्य बन्नेने अनादि अनंत मिथ्यात्व सिद्ध थयुं, ए प्रथम भांगो जाणवो. तथा मोक्ष पामवाने योग्य एवा भव्य जीवने अनादि सांत एटले आदिरहित अने अंत सहित मिथ्यात्व होय छे. जेमके कोइक जीव मरुदेवो मातानी जेम समकित पामीने (वम्या शिवाय) तरत ज मोक्षे जाय छे, ए बीजो भांगो जाणवो २. तथा कोइक जीवने सादि सांत मिथ्यात्व होय छे. जेमके कोइ जीव श्री महावीर स्वामी विगेरेनो जेम समकित

पामीने पछी फरीथी मिथ्यात्व पामे छे, अने त्यार पछी फरीने समकित पामी मोक्षे जाय छे. ए चोथो भांगो जाणवो. सादि अनंत नामनो त्रीजो भांगो मिथ्यात्वना विषयमां होतो नथी. ७३.

तेमां सादि सांत नामनो त्रीजो भांगो मिथ्यात्वने विषे केटलाक काळ सुधी रहे छे ? ते कहे छे—

**लहु अंतमुहू गुरुअं देसूणमवड्डपुग्गलपरट्टं ।**
**सासाणं लहु समओ आवलिछक्कं च उक्कोसं ॥ ७४ ॥**

अर्थ—ते सादि सांत भांगे मिथ्यात्व जघन्यथी अंतर्मुहूर्त सुधी रहे छे, अने उत्कृष्टथी देशे उणा अपार्ध ( अर्ध ) पुद्गल परावर्त सुधी रहे छे १. तथा सास्वादन नामनुं बीजुं गुणस्थानक जघन्यथी एक समय अने उत्कृष्टथी छ आवलि सुधी रहे छे. तेथी वधारे रहेतुं नथी २. ७४.

**अजहन्नमणुक्कोसं अंतमुहू मीसगं अह चउत्थं ।**
**समहिअतित्तीसयरे उक्कोसं अंतमुहू लहुअं ॥ ७५ ॥**

अर्थ—त्रीजुं मिश्र गुणस्थानक जघन्य तथा उत्कृष्टथी असंख्य समयवाळा एक अंतर्मुहूर्त सुधी रहे छे ३. चोथु अविरत नामनुं गुणस्थानक उत्कृष्टथी तेत्रीश सागरोपमथी कांइक अधिक काळ सुधी रहे छे. कारण के सर्वार्थ सिद्ध विमाननी स्थिति तेत्रीश सागरोपमनी छे, तेमां एक मनुष्य भवनुं आयुष्य वधे छे, ते अपेक्षाए एटलुं प्रमाण जाणवुं, अने जे क्षायोपशमिक समकितनी "साहिअ तितीसायर खइअं दुगुणं खउवसम्मं" ( क्षायिकने आश्रीने तेत्रीश सागरोपमथी अधिक स्थिति छे, अने क्षायोपशमिकने आश्रीने तेथी बमणी स्थिति छे ) ए स्थळे छासठ सागरोपमथी कांइक अधिक स्थिति कही छे, ते समकित छतां पण देशविरति विगेरे गुणस्थानकना अंतर्गतपणाए करीने जाणवी.

चोथा गुणस्थानकनी जघन्य स्थिति अंतर्मुहूर्तनी जाणवी. ४. ७५.

देसूणपुव्वकोडी गुरुअं लहुअं च अंतमुहु देसं ।
छट्ठइगारसंता लहु समया अंतमुहु गुरुआ ॥ ७६ ॥

अर्थ—पांचमा देशविरति गुणस्थानकनी उत्कृष्ट स्थिति आठ वर्ष उणी करोड पूर्वनी जाणवी: कारण के कोइक करोड पूर्वना आयुष्यवाळो जीव आठ वर्षनी उम्मर थया पछी देशविरतिने ग्रहण करे, तेथी आ प्रमाण थइ शके छे. तथा जघन्य स्थिति एक अतर्मुहूर्तनी छे ५. छट्ठेथी अग्यार पर्यंत एटले प्रमत्त ६, अप्रमत्त ७. निवृत्ति ८, अनिवृत्ति ९, सूक्ष्म संपराय १० अने उपशांतमोह ११ नामना छ गुणस्थानकनी जघन्य स्थिति एक समयनी छे, आ समयनी स्थिति भवनी परावृत्ति वडे ( भव बदलाइ जायतो ) पमाय छे. कारण के ते छए गुणस्थानकमां वर्तता जीव श्रेणीना आरोह तथा अवरोहमां एक समय कोइ पण गुणस्थानकने पामीने पछी तरतज तेमने मरणनो संभव होय छे. ते छए गुणस्थानकनी उत्कृष्ट स्थिति अतर्मुहूर्तनी छे. ७६.

अंतमुहुत्तं एगं अलहुक्कोसं अजोगिखीणेसु ।
देसूणं पुव्वकोडी गुरुअं लहु अंतमुहु जोगी ॥ ७७ ॥

अर्थ—अयोगी केवली नामना चौदमा अने क्षीणमोह नामना बारमा गुणस्थानकनी जघन्य अने उत्कृष्ट स्थिति एक अतर्मुहूर्तनी छे. तथा सयोगी केवली नामना तेरमा गुणस्थानकनी उत्कृष्ट स्थिति नव वर्ष ऊणी एक करोड पूर्वनी छे, अने जघन्यथी अंतर्मुहूर्तनी छे. ७७.

हवे बीजुं प्रतिद्वार कहे छेः—

मीसे खीणसजोगी न मरंत मरंतेगारसगुणेसु ।
तह मिच्छसासाणअविरइ सहपरभवगा न सेस हा॥७८॥

अर्थ—त्रीजा मिश्र गुणस्थानके, बारमा क्षीणमोहे अने सयोगी नामना तेरमे गुणस्थाने वर्तती जीव मरण पामतो नथी. बाकीना अग्यार गुणस्थान एटले मिथ्यात्व १, सास्वादन २, अविरति ३, देशविरति ४, प्रमत्त ५, अप्रमत्त ६, निवृत्ति ७, अनिवृत्ति ८, सूक्ष्म संपराय ९, उपशांत मोह १०, अने अयोगी केवली ११ ने विषे वर्ततो जीव मरण पामे छे. ( ए बीजुं प्रतिद्वार पूर्ण थयुं. ) हवे उत्तरार्ध गाथा वडे त्रीजुं प्रतिद्वार कहे छे-मिथ्यात्व, सास्वादन अने अविरति ए त्रण गुणस्थानक सहित जीवो परभवमां जाय छे. अर्थात ते त्रण गुणस्थानो जीवनी साथे परभवमां जाय छे. बाकीना गुणस्थानो जीवोनी साथे परभवमां जता नथी. अर्थात् मिश्र, देशविरति, प्रमत, अप्रमत, निवृत्ति, अनिवृत्ति, सूक्ष्म संपराय, उपशांत मोह, क्षीणमोह, सयोगी अने अयोगी ए गुणस्थानोने लइने जीवो परभवमां जता नथी. ७८.

( अहीं त्रीजुं प्रतिद्वार पूर्ण थयुं. )

हवे चोथुं अल्पबहुत्व नामनुं प्रतिद्वार कहे छेः--

**उवसंतिजिणा थोवा संखिज्जगुणाओ खीणमोहिजिणा।**
**सुहुमनिअट्टिअनिअट्टि तिन्नि वि तुल्ला विसेसहिआ ७९**

अर्थ—आधारने विषे आधेयनो उपचार थवाथी गुणस्थानने ठेकाणे गुणस्थानने विषे वर्तता जीवो लेवाय छे तेथी करीने उपशांति जिनो एटले उपशांत मोहने विषे वर्तता जीवो सर्वथी थोडा छे. कारण के उपशम श्रेणी प्रतिपद्यमान जीवो एक समयमां उत्कर्षथी चोपन लभ्य थाय छे. तेमनाथी क्षीणमोह संख्यात गुणा छे. कारण के क्षपकश्रेणी प्रतिपद्यमान जीवो एक समये एकसोने आठ लभ्य थइ शके छे आ उत्कर्षनी अपेक्षाए जाणवुं. जघन्यनी अपेक्षाए तो तेथी उलटुं पण होइ शके. जेमके क्षीणमोह सौथी

थोडा होय, अने उपशांत मोह तेनाथी संख्यात गुणा होय. एम पण थइ शके. तेमनाथी ( क्षीणमोहथी ) सूक्ष्म संपराय, अनिवृत्ति अने अपूर्वकरण ए त्रणे गुणठाणे वर्त्तता जीवो विशेष अधिक होय छे तेओ पोतपोताने स्थाने एक बीजानो तुल्य ( सरखा ) होय छे. ७९.

जोगि अपमत्त इयरे संखगुणा देस सासणा मिस्सा ।
अविरय अजोगी मिच्छा चउर असंखा दुवे णंता ॥ ८० ॥

अर्थ—तेमनाथी सयोगी केवली संख्यात गुणा होय छे. कारण के तेओ बेथी नव करोड पामी शकाय छे. तेमनाथी अप्रमत्त संख्यात गुणा होय छे, कारण के तेओ बे हजार करोडथी नव हजार करोड पामी शकाय छे. तेमनाथी बीजा एटले प्रमत्त गुणस्थानवाळा संख्यात गुणा होय छे, कारण के घणा जीवो प्रमादी होय छे, अने प्रमत्तपणुं घणा काळ सुधी रहे छे. तेमनाथी देशविरत, सास्वादन, मिश्र अने अविरत ए दरेक असंख्यात गुणा होय छे, कारण के देशविरतिने धारण करनार तिर्यंचो असंख्याता छे. सास्वादनवाळा तो कोइ वार न पण होय. अने होय त्यारे पण जघन्यथी एक बे होय छे, तथा उत्कृष्टथी देशविरति करतां असंख्याता होय छे. तेमनाथी मिश्र असंख्यात गुणा होय छे, कारण के सास्वादनना छ आवळीकारूप उत्कृष्ट काळ करतां मिश्रनो आंतर्मुहूर्तिक काळ घणो मोटो छे. तेमनाथी अविरतो असंख्यात गुणा होय छे, कारण के ते गुणस्थाने चारे गतिना जीवो होय छे. अविरतोथी भवस्थ ( केवळी ) अने अभवस्थ ( सिद्ध ) ए बे प्रकारना अयोगी अनंता छे, कारण के सिद्धो अनंता छे. तेमनाथी मिथ्यादृष्टिओ अनंत गुणा छे, कारण के तेमां अनंत वनस्पति काय जीवोनो समावेश थाय छे तेओ मिथ्यादृष्टि ज छे.

आ प्रमाणे चोथुं प्रतिद्वार पूर्ण थयुं, अने तेथी करीने गुणस्थान नामनुं बारमुं द्वार पण पूर्ण थयुं. ८०.

हवे ग्रथनो उपसंहार (समाप्ति) करे छे.

चउदसगुणसोवाणे इअ दुहरोहे कमेण रुहिऊणं ।
नरसुरमहिंदवंछियसिवपासाए सया वसह ॥ ८१ ॥

अर्थ—आ प्रमाणे हे भव्य जीवो ! चौद गुणस्थानरुप पगथीयां के जे भारे कर्मीओ वडे दुःखे आरोहण कराय तेवां छे, तेना पर अनुक्रमे आरोहण करीने मनुष्य, देव अने इंद्रोए पण इच्छेला मोक्षरुप प्रासादने विषे निरंतर निवास करो. अथवा मनुष्य अने देवोए तथा महेंद्रसिंह नामना सूरिए वांछित एवा मोक्ष प्रासादने विषे निवास करो. आ अर्थथी ग्रंथकारे पोतानुं नाम पण सूचव्युं छे. ८१.

श्री तपगच्छरुपी आकाशना आंगणामां (मध्यमां) सूर्य समान श्री विजयदेव नामना सूरिनी आज्ञाथी विनय कुशळ नामना मुनिए आ वृत्तिनी रचना करी छे.

॥ इति श्री विचार सप्ततिकावृत्तिः ॥



अर्हम्

श्री पार्श्वनाथाय नमः

श्रीमद्विजयानंद सूरीश्वर पादपद्मेभ्यो नमः

# ॥ श्री विचार पञ्चाशिका ॥

( मूळ तथा भाषांतर. )

वीरपयकयं नमिउं देवा सुरनर विरेफ सेविअयं ।
जिणसमयसमुद्दाओ विचारपंचासियं वुच्छं ॥ १ ॥

भावार्थ—सुर, असुर अने मनुष्योरुपी भ्रमरोए सेवन करेला श्री महावीर स्वामीना चरणकमळने नमस्कार करीने जिन समय (जिनेश्वरे कहेला सिद्धान्तश्रुत) रुपी समुद्रमांथी उद्धरीने विचारपंचाशिकाने हुं कहुं छुं. (१)

विशेषार्थ—आ विचारपंचाशिका नामना ग्रंथमां नव पदार्थोनो विचार कहेवामां आव्यो छे. तेमां प्रथम शरीर केटलो काळ गर्भमां रहीने नरके तथा स्वर्गे जाय छे? तेनो विचार (१) त्यांथी आवीने (ते नरक तथा स्वर्गमांथी मनुष्य अने तिर्यंच गतिमां

आवीने ) केटलो काळ जोवे छे ? तेनो विचार (२), अपुद्गली तथा पुद्गलीनो विचार (३), संमूर्छिम मनुष्यनी गति तथा आगति (गमन आगमन ) नो विचार (४) पर्याप्ति (५), जीवादिकनुं अल्प· बहुत्व (६), प्रदेश पुद्गल तथा अप्रदेश पुद्गल (७),–कडजुम्मा विगेरे (८), अने पृथ्वी आदिनुं परिमाण (९) ए नव विचार कहेवाना प्रारंभमां प्रथम शरीरनुं स्वरुप कहे छेः–

उरालिय वेउव्विय आहारगतेअकम्मुणं भणियं ।
एयाए सरिराणं नवहा भेयं भणिस्सामि ॥ २ ॥

भावार्थ—औदारिक, वैक्रिय, आहारक, तैजस अने कार्मण ए पांच शरीरना नव भेदोने हुं कहीश. ए नव भेद आ प्रमाणे– कारण १, प्रदेश संख्या २, स्वामी ३, विषय ४, प्रयोजन ५, प्रमाण ६, अवगाहना ७, स्थिति ८, तथा अल्प बहुत्व ९. (२)

बायरपुग्गलबद्धं ओरालिय उयारं आगमे भणियं ।
सुहुमसुहुमेण ततो पुग्गल बंधेण भणियाणि ॥ ३ ॥

अर्थ—औदारिक शरीर बादर (स्थूळ) पुद्गलोथी बंधायेलुं छे. तेमां उदार एटले प्रधान अने औदारिक शरीर एटले प्रधान शरीर ए प्रमाणे औदारिकनुं आगमने विषे वर्णन करेलुं छे. ते (औदारिक) थकी उत्तरोत्तर सूक्ष्म सूक्ष्म पुद्गलना बंधे करीने बंधातां वीजां (चार) शरीरो कहेलां छे. ३.

विशेषार्थ—बादर पुद्गलो एटले स्थूळ पुद्गलोथी बंधा- येल–उपचय पामेलुं औदादिक शरीर होय छे· ते केवु छे? उदार एटले प्रधान ते संबंधी आवश्यक सूत्रमां कह्युं छे के–जिनेश्वरना रुपथी गणधरनुंरुप अनंतगुण हीन छे, गणधरना रुपथी अनंतगुणहीन आहारक शरीर छे, तेनाथी अनंतगुण हीन अनुत्तर विमानवासी देवतानुं रुप छे, तेनाथी अनंतगुण हीन अच्युत देवनुं, तेनाथी

आरणनुं, ए रीते प्राणत, आनत, सहस्रार, शुक्र, लांतक, ब्रह्म, माहेंद्र, सनत्कुमार, इशान, सौधर्म, भवनपति अने ज्योतिषी ए सर्व देवोनुं रुप उत्तरोत्तर अनंतगणुं हीणुं छे. ज्योतिषी देवथी व्यंतरनुं रुप अनंतगुण हीन छे, तेनाथी चक्रवर्तीनुं रुप अनंतगुण हीन छे, तेनाथी वासुदेवनुं रुप अनंतगुण हीन छे, तेनाथी बळरामनुं रुप अनंतगुण हीन छे, तेनाथी मंडळिक राजानुं रुप अनंतगुण हीन छे, त्यार पछीना बीजा राजाओ अने सर्वे मनुष्योनुं रुप छ ठाण-गत छे. ते छ स्थान आ प्रमाणे-अनंत भाग हीन १, असंख्य भाग हीन २, संख्यात भाग हीन ३, संख्यात गुण हीन ४, असंख्यात गुण हीन ५ अने अनंत गुण हीन ६. ते औदारिक शरीरथी सूक्ष्म पुद्गलो वडे वैक्रिय शरीर बंधायेलुं होय छे, तेनाथी सूक्ष्म पुद्गलो वडे आहारक शरीर बंधायुं छे. तेना सूक्ष्म पुद्गलो वडे तैजस अने तैजसथी सूक्ष्म पुद्गलो वडे कार्मण शरीर बंधायेलुं छे. (३).

ए पांच शरीरना प्रदेशनी संख्या कहे छेः-

उरालिए अनंता तत्तो दोसु असंखगुणियाओ ।
तत्तो दोसु अणंता पणससंखा सुए भणिया ॥ ४ ॥

अर्थ—औदारिक शरीरमां अनंता प्रदेशो छे. तेनाथी बीजा बे शरीरमां असंख्यात गुणा छे, एटले के औदारिक शरीरमां प्रदेशो सर्वथी थोडा छे, तेनाथी वैक्रिय शरीरमां असंख्यात गुण अधिक छे. अने तेनाथी आहारक शरीरमां असंख्यात गुण अधिक छे. तेनाथी (ते आहारक शरीरथी) छेल्ला बे शरीरमां अनंत गुणा प्रदेशो छे, एटले के आहारक शरीरथी अनंतगुणा तैजस शरीरमां अने तैजसथी अनंत गुणा कार्मण शरीरमां प्रदेशो रहेला छे. ए प्रमाणे सिद्धान्तमां कह्युं छे. (४)

हवे तेना स्वामी कहे छेः—

तिरिअनराणमुराऌं वेउव्वं देवनारगाणं च ।
तिरियनराणं पि तहा तल्लद्धिजुयाए तं भणियं ॥ ५ ॥

अर्थ—तिर्यंच अने मनुष्यने औदारिक शरीर होय छे, देवताओ अने नारकीओने वैक्रिय शरीर होय छे. तेमज वैक्रिय लब्धिवाळा केटलाक तिर्यंच अने मनुष्योने पण वैक्रिय शरीर होय छे. (५)

चउदसपुव्विजईणं होइ आहारगं न अन्नेसिं ।
ते अकम्मण भणिअं संसारत्थाण जीवाणं ॥ ६ ॥

अर्थ—चौद पूर्वने धारण करनारा मुनिओने आहारक शरीर होइ शके छे, ते सिवाय बीजाने ते (आहारक) शरीर होतुं नथी. तथा तैजस अने कार्मण ए बे शरीर सर्वे संसारी जीवोने (चारे गतिवाळा जीवोने) होय छे एम कह्युं छे. ६.

हवे ते पांचे शरीरनो विषय कहे छेः—

ओरालियस्स विसओ तिरियं विज्जाहराणमासज्ज ।
आनंदीसर गुरुओ जंघाचारणाण आरूयगो ॥ ७ ॥

अर्थ—औदारिक शरीरनो विषय विद्याधरोने आश्रीने तीर्छो उत्कर्षथी नंदीश्वरद्वीप सुधी छे, तथा जंघाचारण मुनिने आश्रीने (उत्कर्षथी) रुचक पर्वत सुधी छे. (७)

उड्ढं उभयाणं पिय आपंडगवणं सुए सया भणिओ ।
विउव्वियस्स विसओ असंखदीवा जलहिणो य ॥ ८ ॥

अर्थ—ऊंचे गति करवामां ते बन्नेनो एटले विद्याधर अने जंघाचारण मुनिनो विषय मेरुपर्वत उपरना पंडक नामना वन सुधी छे, एम सिद्धान्तमां कह्युं छे. वैक्रिय शरीरनो विषय असंख्य द्वीप समुद्र सुधी छे. ८.

आहारगस्स विदेहा तेयाकम्माण सव्वलोगो य ।
ओरालियस्स कज्जं केवलधम्माइयं भणियं ॥ ९ ॥

अर्थ—आहारक शरीरनो विषय महाविदेह क्षेत्र पर्यंत छे, तथा तैजस अने कार्मण शरीरनो विषय सर्व (समग्र) लोकमां छे; केमके जीव केवळी समुद्घात करे छे, त्यारे ते सर्व लोकमां व्यापी जाय छे.

हवे ते पांचे शरीरनुं प्रयोजन (पांचमो भेद) कहे छे:-

औदारिक शरीरनुं प्रयोजन धर्म, केवलज्ञानादिक, तथा सुख दुःखादिकनी प्राप्ति एटले अनुभव करवो ते छे. ९.

थूलसुहुमं च रूवं एगअणेगाइ कज्जयं कहियं ।
वेउव्वियस्स आहारस्स संदेहविच्छेययं भणियं ॥ १० ॥

अर्थ—स्थूल अने सूक्ष्म एवां एक अथवा अनेक रूपो करवां ए वैक्रिय शरीरनुं कार्य-प्रयोजन कहेलुं छे, तथा सूक्ष्म पदार्थना संबंधमां थयेला संशयनो विनाश करवो, ( आहारक शरीरवडे केवळी पासे जइ पुछी लेवुं ) इत्यादिक आहारक शरीरनुं प्रयोजन कह्युं छे १०.

तेजससरीरकज्जं आहारपायं सुए समक्खायं ।
सावाणुग्गहणं पुण कम्मणस्स भवंतरे गहियं ॥ ११ ॥

अर्थ—खाधेला आहारनो परिपाक करवो तथा कोइने शाप आपवो के कोइना पर अनुग्रह करवो ( आशिष देवी ), ए तैजस शरीरनुं प्रयोजन छे, एम श्रुतमां कह्युं छे. तथा एक भवमांथी बीजा भवमां गति करवी, ए कार्मण शरीरनुं प्रयोजन छे. ११.

हवे ए पांचे शरीरनुं प्रमाण ( छठ्ठो भेद ) कहे छे:-

ओरालियं शरीरं जोयणं दससय पमाणओ अहियं।
वेउव्वियं च गुरुअं जोअणलक्खं समहियं वा ॥ १२ ॥

अर्थ—औदारिक शरीरनुं उत्कृष्ट प्रमाण एक हजार जोजनथी कांइक अधिक छे, अने वैक्रिय शरीरनुं उत्कृष्ट मान लाख योजनथी कांइक अधिक छे. आ विषय पर प्रज्ञापना सूत्रना एकवीशमा पदमां कह्युं छे के-तिर्यंच जातिमां बादर पर्याप्त वायुकाय, जळचर, चतुष्पद (चार पगवाळा जानवरो), उरपरिसर्प, भुजपरिसर्प अने खेचरो* (पक्षीओ) ने तथा संख्याता वर्षना आयुष्यवाळा गर्भज मनुष्यो-आटलाने ज होय छे. ते सिवाय बीजाने वैक्रिय शरीरनो निषेध छे, केमके तेओने (बीजाओने) भव स्वभावथी ज वैक्रिय लब्धिनो असंभव छे. १२.

आहारगं सरीरं हत्थपमाणं सुए समक्खायं।
तेयस्स कम्मणमाणं लोयपमाणं सया भणियं ॥ १३ ॥

अर्थ—आहारक शरीरनुं प्रमाण एक हाथनुं श्रुतमां कह्युं छे. तथा तेजस अने कार्मण शरीरनुं मान उत्कर्षथी लोक प्रमाण (लोक जेवडुं) कह्युं छे. १३.+

हवे पांचे शरीरनी अवगाहना (सातमो भेद कहे छेः—

असंखपएससठियं ओरालियं यं जिणेण वज्जरियं।
इत्तो य बहुयरेसु चवियं वेउव्वियसरीरं ॥ १४ ॥

अर्थ—औदारिक शरीर असंख्याता आकाश प्रदेशमां स्थित रहेलुं छे, एम जिनेश्वरे कह्युं छे; अने वैक्रिय शरीर ते करतां वधारे आकाश प्रदेशमां रहेलुं छे, एम कह्युं छे १४.

---

* आ पंचेन्द्री तिर्यंचो पण संख्याता आयुवाळाने गर्भज जाणवा.

+ आ प्रमाण केवळी समुद्घातने आश्रीने समजवुं.

एहिं तो अप्पंमि पए सवग्गे तइय वज्जरियं ।
सव्वे लोगागासे तेयसकम्माण गाहणयं ॥ १५ ॥

अर्थ—उपर कहेला बे शरीर करतां अल्प ( थोडा ) प्रदेश वर्गमां त्रीजा आहारक शरीरनी अवगाहना कहेली छे. तथा तैजस अने कार्मण शरीरनी उत्कृष्ट अवगाहना सर्व लोकाकाश प्रदेशमां कहेली छे. १५.

हवे पांचे शरीरनी*स्थितिनो भेद ( आठमो ) कहे छे.

अंतोमुहुत्त लहुयं ओरालिय आउमाण संगहियं ।
गुरुयं तिपल्लमुत्तं वेउव्वे अह भणिस्सामि ॥ १६ ॥

अर्थ--औदारिक शरीरना आयुष्यनुं प्रमाण (स्थितिनुं मान) जघन्य अंतर्मुहूर्तनुं कहेलुं छे, अने उत्कृष्ट त्रण पल्योपमनुं कह्युं छे. हवे वैक्रिय विषे कहुं छुं १६.

दसवरससहस्साइं उक्कोसं सागराणि तित्तीसं ॥
उत्तरवेउव्वियंमि लहुयमुहुत्तं गुरुयमेवं ॥ १७ ॥

अर्थ--( वैक्रिय शरीरनुं आयुष्यमान ) जघन्य दश हजार वर्षनुं अने उत्कृष्ट तेत्रीश सागरोपमनुं छे तथा उत्तर वैक्रियनुं ( आयुष्य ) जघन्यथी अंतर्मुहूर्तनुं छे, अने उत्कर्षथी आ प्रमाणे छे, एटले आगळ लखेली जीवाभिगमनी गाथामां कह्युं छे ते प्रमाण छे.

अंतोमुहुत्त निरएसु होइ चत्तारि तिरिमणुएसु ।
देवेसु अद्धम सो उक्कोसविउव्विए कालो ॥ १८ ॥

---

* अहीं स्थिति एटले ते शरीरवाळा जीवोनुं आयुष्य जाणवुं. अवगाहनाना पर्यायमां जे स्थित-स्थिति एवा शब्दो मूकाय छे, ते अमुक क्षेत्रने व्यापीने रहेवुं ते छे.

अर्थ—नरकने विषे उत्तर वैक्रियनुं उत्कृष्ट काळ प्रमाण अंतर्मुहूर्तनुं छे, तिर्यंच अने मनुष्यने विषे चार अंतर्मुहूर्तनुं छे, देवताओने विषे उत्कृष्टपणे वैक्रिय शरीरनुं स्थितिमान अर्ध मासनुं छे. आ विषे भगवती सूत्रमां वायुकायिकने तथा पंचेन्द्रिय तिर्यंच अने मनुष्योने उत्कृष्टपणाथी पण उत्तर वैक्रिय शरीरनुं स्थितिमान अन्तर्मुहूर्तनुं कह्युं छे. तेनुं रहस्य ज्ञानी गम्य छे. १८.

आहारगस्स कालो अन्तमुहुत्तं जहन्नमुक्किट्ठो ।
तेयस्स कम्मणरूवे सव्वेसिमणाइए भणिए ॥ १९ ॥

अर्थ—आहारक शरीरनुं काळमान जघन्यथी तथा उत्कृष्टथी अंतर्मुहूर्तनुं छे. तथा तैजस अने कार्मण शरीर सर्वे (भव्य अने अभव्य) जीवोने अनादि कहेलु छे.* (अर्थात् तैजस अने कार्मण शरीर अनादि काळथी जीवने लागेल छे.) १९.

भव्वे सपज्जवसिए अपज्जवसिए अभव्वजीवेसु ।
अप्पबहुत्तं भणिमो एगं दो वा जहन्नेणं ॥ २० ॥

अर्थ—तेमां भव्य प्राणीने आश्रीने सापर्यवसित एटले सांत अने अभव्य जीवोने आश्रीने अपर्यवसित एटले अनंत कहेल छे. हवे ते पांचे शरीरनुं अल्प बहुत्व (नवमो भेद) कहे छे—तेमां सर्वना करतां आहारक शरीर थोडा छे, केमके ते कदाचित् संभवे छे. ज्यारे तेनो संभव थाय छे त्यारे जघन्यथी एक के बे होय छे. २०

उक्कोस नवसहस्सा आहारसरीरगा हवंति सुए ।
अन्तरमेसिं जहन्नं समयं छम्मास गुरुभणियं ॥ २१ ॥

* आ बे शरीर भव्य (जाति भव्य विनाना) ने आश्रीने अनादि सांत छे अने अभव्यने आश्रीने अनादि अनंत छे.)

अर्थ—अने उत्कृष्टपणे नव हजार आहारक शरीर होय छे. ए शरीरनुं अन्तर ( आंतरुं ) जघन्यथी एक समयनुं अने उत्कृष्टथी छ मासनुं कहेलुं छे. २१.

इत्तो असंख वेउव्विआणि हुंति सरीरगाणि जए ।
तत्तो असंखगुणिआ ओरालिअदेहसंघाया ॥ २२ ॥

अर्थ—ए आहारक शरीरोथी वैक्रिय शरीरो असंख्य गुणां छे. अने वैक्रिय शरीरोथी औदारिक शरीरना समूहो असंख्य गुणा छे. + २२.

तत्तो तेअस-कम्मण हुंति सरीराणि णंतगुणिआणि ।
वित्थरभेअविआरो णेअव्वो सुअसमुद्दाओ ॥ २३ ॥

अर्थ—ते औदारिक शरीरोथी तैजस अने कार्मण शरीरो प्रत्येक जीवने एकेक जुदा जुदा होवाथी अनंता छे. आ नवे भेदोनो विस्तारथी विचार श्रुत रूपी समुद्रथी जाणी लेवो. ( अर्थात् अहीं संक्षेपे कह्यो छे, ) २३

प्रथम शरीरनो विचार कह्यो, हवे बीजो विचार कहे छे:—

नरसंखायगमणं रयणाए भवण जाव इसाणे ।
ताय तणु जहन्नेणं परिमाणं अंगुलपहुत्तं ॥ २४ ॥

अर्थ—संख्याता वर्षना आयुष्यवाळा जे गर्भज मनुष्यो रत्नप्रभा नामनी पहेली नरके, भवनपतिमां, व्यन्तरमां ज्योतिषिमां अने सौधर्म तथा इशान देवलोकमां जाय छे, तेओना शरीरनुं प्रमाण जघन्यथी पण अंगुल पृथकत्व ( बेथी नव आंगळनुं ) होय छे. २४.

---

+ अनंता निगोद जीवोनुं शरीर औदारिक एक ज होवाथी औदारिक शरीर असंख्याता ज छे.

ताण ठिई जहन्नेणं मासपहुत्तं ति होइ नायव्वा ।
उक्कोस पुव्वकोडी जेठतणु पंचधणुहसयं ॥ २५ ॥

अर्थ--अने तेनी स्थिति एटले आयुष्य जघन्यथी पण मास पृथक्त्व ( बेथी नव मास ) नुं होय छे, एम जाणवुं. तथा तेमनी उत्कृष्ट स्थितिनुं मान करोड पूर्वनुं छे, अने तेओनुं उत्कृष्ट शरीरनुं प्रमाण पांचसो धनुषनुं छे. २५

सक्करसणाइएसु मणुआणं तणु जहन्नओ होइ ।
रयणिपहुत्तं जेअं उक्कोसं पुव्वमणिअं तु ॥ २६ ॥

अर्थ--जे मनुष्योनुं गमन शर्करा पृथ्वीथी आरंभीने छए नरकमां तथा सनत्कुमार देवलोकथी आरंभीने अनुत्तर विमान पर्यंत होय छे, ते मनुष्योना शरीरनुं मान जघन्यथी पण बेथी नव रत्नि ( हाथ ) नुं अने उत्कृष्टथी पूर्वे कहेलुं छे एटलुं एटले पांचसो धनुषनुं होय छे. २६.

ताण ठिई जहन्नेणं वासपहुत्तं तु होइ णायव्वा ।
उक्कोसा पुव्वं पिव आगममणस्स एमेव ॥ २७ ॥

अर्थ—तेमनी स्थिति (आयु) जघन्ये बेथी नव वर्षनी होय छे, अने उत्कृष्ट पूर्वे कहेलो एटले एक करोड पूर्वनी होय छे. आगमनने माटे पण एज प्रकार छे. शी रीते ? ते विवरीने कहे छेः— रत्नप्रभा पृथ्वीथी नीकळीने जेओ गर्भज मनुष्यपणे उत्पन्न थाय छे, तेमनी स्थिति जघन्य बेथी नव मासनी होय छे. अर्थात् तेटला काळनी अंदर तेओ काळ धर्म पामता नथी, अने तेओना शरीरनुं जघन्य प्रमाण बेथी नव अंगुलनुं होय छे. तथा तेमनी उत्कृष्ट स्थिति एक करोड पूर्वनी होय छे, अने तेमना शरीरनुं मान उत्कृष्टथी पांचसो धनुषनुं होय छे जेओ शर्करा प्रभादिक पांच नरक भूमिमांथी आवीने गर्भज मनुष्यपणे उत्पन्न थाय छे, तेओनी जघन्य

स्थिति बेथी नव वर्षनी होय छे, अने उत्कृष्ट स्थिति एक करोड पूर्वनो होय छे. तथा जेओ भवनपति, व्यंतर, ज्योतिष्क, सौधर्म अने इशान देवलोकथी आवीने गर्भज मनुष्यपणे उत्पन्न थाय छे, तेओनी पण जघन्य स्थिति बेथी नव मासनी होय छे, अने उत्कृष्ट स्थिति करोड पूर्वनी होय छे, तेओना शरीरनुं मान जघन्यथी बेथी नव अंगुळनुं होय छे अने उत्कृष्टथी पांचसो धनुषनुं होय छे हवे जेओ सनत्कुमारथी आरंभीने अनुत्तर विमान सुधीना देवलोकथी आवीने गर्भज मनुष्यपणे उत्पन्न थाय छे, तेओनी जघन्य स्थिति बेथी नव वर्षनी होय छे, अने उत्कृष्ट स्थिति करोड पूर्वनी होय छे. तेओनुं शरीर जघन्यथी बेथी नव हाथनुं होय छे अने उत्कृष्टथी पांचसो धनुषनुं होय छे. २७.

हवे पुद्‌गली अने अपुद्‌गली नामनो त्रीजो विचार कहे छेः-

धम्माधम्मागासा जीवा कालो य खायगं चेव ।
सासायण उवसमियं अपुग्गलाइं तु एआइं ॥ २८ ॥

अर्थ—धर्मास्तिकाय, अधर्मास्तिकाय, आकाशास्तिकाय, जीव, काळ, क्षायिकभाव, सास्वादनभाव, अने औपशमिकभाव ए आठ अपौद्‌गलिक छे. २८

ओरालिअ वेउव्विअ आहारग तेजसं झूणी मणो ।
उस्सासं निस्सासं कम्मण कम्माणि छाय तमो ॥ २९ ॥
वग्गण अणंत आयव मिस्सखंधो अचित्तमहखंधो ।
वेअग खाओवसमं उज्जोअ पुग्गल सुए भणिअं ॥३०॥

अर्थ—औदारिक, वैक्रिय, आहारक, तैजस ध्वनि (भाषा), मन, उच्छ्वास निश्वास, कार्मण शरीर, कर्म, छाया ( पडछायो ), तम एटले अंधकार, अनंती वर्गणा, आतप, मिश्रस्कंध, अचित्त-

महास्कंध, वेदक समकित, क्षायोपशम समकित अने उद्योत ए अढार पुद्गलिक छे, एम श्रुतमां कहेलुं छे. २८–३०.

हवे संमूर्छिम मनुष्यनी गति अने आगति नामनो चोथो विचार कहे छेः—

नेरइअ देव अगणी वाउ य वज्जिअ असंख जीवा ओ।
सेसा सव्वे वि जिआ समुच्छिममणुएसु गच्छंति ॥३१॥

अर्थ—नारकी, देवता, अग्निकाय, वायुकाय, असंख्याता आयुष्यवाळा तिर्यंच अने मनुष्यो–एटलाने वर्जिने बाकीना सर्वे संसारी जीवो संमूर्छिम मनुष्यमां जाय छे (उत्पन्न थाय छे). ३१

नेरइअदेवजुअला वज्जिअ सेसेसु जीवट्ठाणेसु।
संमुच्छिमनराणं गमणं सव्वे वि अ पढमगुणठाणी ॥३२॥

अर्थ—संमूर्छिम मनुष्योनी उत्पत्ति नारकी, देव अने युगलियाने वर्जिने बाकीना जीव स्थानकोने विषे होय छे, अने तेओ सर्वे प्रथम गुणस्थानमां वर्तनारा एटले मिथ्यादृष्टि, अन्तर्मुहूर्तनी भवस्थितिवाळा अने बेथी नव मुहूर्तनी कायस्थितिवाळा होय छे. ३२

हवे पर्याप्तिनुं स्वरुप (पांचमो विचार) कहे छेः–

आहार सरीरिंदिय उसासे वय मणे छ पज्जत्ती।
चउ पंच पंच छप्पिय इगविगलाऽमणसमण तिरिए ॥३३॥

अर्थ—आहार पर्याप्ति, शरीर पर्याप्ति, इंद्रिय पर्याप्ति, उच्छ्वास पर्याप्ति, वचन पर्याप्ति अने मन पर्याप्ति ए छ पर्याप्तिओ छे. तेमां एकेन्द्रियोने पहेली चार पर्याप्तिओ होय छे, विकलेन्द्रिय एटले द्वींद्रिय, त्रींद्रिय अने चतुरिंद्रियने पहेली पांच पर्याप्तिओ होय छे, असंज्ञी मनुष्य अने तिर्यंचने एटले संमूर्छिम पंचेन्द्रिय मनुष्य अने

तिर्यंचने पहेलो पांच पर्याप्तिओ होय छे, तथा संज्ञी-गर्भज तिर्यंचोने छए पर्याप्तिओ होय छे.

गब्भय नर निरएसु छप्पिय पज्जत्ति पंच देवाणं ।
जं तेसिं वयमणाणं दोण्ह वि पज्जत्ति समकालं ॥३४॥

अर्थ--गर्भज मनुष्यो अने नारकीओने छ पर्याप्तिओ होय छे, तथा देवताओने पांच पर्याप्तिओ होय छे, कारणके देवताओने वचन अने मन संबंधी बे पर्याप्तिओ समकाळे (एकी वखते) ज थाय छे. श्रीराजप्रश्नीय उपांग विषे कह्युं छे के-"त्यार पछी ते सूर्याभ देवता पांच प्रकारना पर्याप्ति भावने पाम्यो. ते आ प्रमाणे आहार पर्याप्ति, इन्द्रिय पर्याप्ति, शरीर पर्याप्ति, उच्छ्वास पर्याप्ति तथा वचन पर्याप्ति." ३४.

उरलवेउव्वाहारे छण्ह वि पज्जत्ति जुगवमारंभो ।
तिण्हं पढमेगसमए बीआ अंतोमुहुत्तिआ हवइ ॥३५॥

अर्थ--औदारिक, वैक्रिय अने आहारक शरीरवाळाने छए पर्याप्तिओनो आरंभ समकाळेज थाय छे. तेमां ते त्रणे शरीरवाळाने पहेली आहार पर्याप्ति एक समयमां थाय छे. अने बीजी शरीर पर्याप्ति अंतर्मुहूर्ते थाय छे. ३५.

पिहु पिहु असंखसमइय अंतमुहुत्ता उरालचउरो पि ।
पिहु पिहु समया चउरो हुंति विउव्विआहारे ॥ ३६ ॥

अर्थ--औदारिक शरीरवाळाने छेल्ली चार (इंद्रिय, उच्छ्वास, वचन अने मन) पर्याप्तिओ जुदा जुदा असंख्य असंख्य समयवाळा अंतर्मुहूर्ते थाय छे, तथा वैक्रिय अने आहारक शरीरवाळाने ए चारे पर्याप्तिओ भिन्न भिन्न समये समये थाय छे एटले के पहेले समये इंद्रिय पर्याप्ति, बीजे समये उच्छ्वास पर्याप्ति, त्रीजे समये वचन पर्याप्ति अने चोथे समये मन पर्याप्ति. ए प्रमाणे थाय छे. ३६

छण्हं वि समारंभो पढमा समएण अंतमुहु बीआ।
ति तुरिअ समए समए सुरेसु पण छन्न इगसमए ॥३७॥

अर्थ--देवताओने छए पर्याप्तिनो आरंभ समकाळे थाय छे. पछी तेमांनी पहेली आहार पर्याप्ति एक समये पूर्ण थाय छे, बीजी शरीर पर्याप्ति अंतर्मुहूर्ते पूर्ण थाय छे, त्रीजी अने चोथी एक एक समये थाय छे एटले के त्रीजी इंद्रिय पर्याप्ति एक समये थाय छे, चोथी उच्छ्वास पर्याप्ति त्यार पछीना बीजे समये थाय छे. तथा पांचमी वचन पर्याप्ति अने छट्टी मन पर्याप्ति एकज समये थाय छे.

जे जीवो पोतपोतानी पर्याप्तिओ वडे अपर्याप्ता छता न काळ धर्म पामे छे, तेओ पण पहेली त्रण पर्याप्तिओने तो समाप्त एटले पूर्ण करीने पछी एक अंतर्मुहूर्तमां आयुष्य बांधीने ( आयुष्यनो बंध करीने ) अने त्यार पछी अबाधाकाळ रूप अंतर्मुहूर्त सुधी जीवीने पछी ज मरे छे, पण ते पहेलां मरता नथी, कारण के आवता भवनुं आयुष्य आहार, शरीर अने इन्द्रिय ए त्रण पर्याप्ति वडे पर्याप्ता थएला जीवो ज बांधे छे, ( अने आगामी भवनुं आयुष्य बांध्या विना जीव मरतो नथी तेमज जघन्य अंतर्मुहूर्त जेटला पण अबाधा काळ विना ते आयु उदयमां आवतुं नथी तेथी उपर कहेलुं युक्ति युक्त छे. ) ३७.

सो लद्धिए पज्जत्तो जो य मरइ पूरिउं सपज्जत्ति।
लद्धि अपज्जत्तो पुण जो मरइ ता अपूरित्ता ॥ ३८ ॥

अर्थ—जे ( जीव ) पोतानी पर्याप्तिओ पूर्ण करीने मरे, ते लब्धि पर्याप्तो कहेवाय छे, अने जे जीव पोतानी पर्याप्तिओ पूर्ण कर्या पहेलां मरी जाय ते लब्धि अपर्याप्तो कहेवाय छे. ३८.

नउजवि पूरेइ परं पूरिस्सइ स इह करणअपज्जत्तो।
सो पुण करणपज्जत्तो जेणं ता पूरिआ हुंति ॥ ३९ ॥

अर्थ--जेणे पोतानी पर्याप्तिओ हमणां पूर्ण करी नथी, परंतु आगळ उपर अवश्य पूर्ण करवानो छे, ते करण एटले शरीर इन्द्रियादि वडे अपर्याप्तो होय त्यां सुधी करण अपर्याप्तो कहेवाय छे, अने जेणे पोतानी पर्याप्तिओ पूर्ण करी होय छे ते करण पर्याप्तो कहेवाय छे. ३९.

हवे अल्प बहुत्व नामनो छट्ठो विचार कहे छेः--

नर नेरइआ देवा सिद्धा तिरिआ कमेण इह होंति ।
थोव असंख असंखा अणंत गुणिआ अणंतगुणा ॥ ४० ॥

अर्थ--मनुष्यो सौथी थोडा छे, तेनाथी असंख्य गुणा नारकी छे, तेनाथी असंख्य गुणा देवताओ छे, तेनाथी अनंतगुणा सिद्धो छे, अने तेनाथी अनंतगुणा तिर्यंचो छे, एम अनुक्रमे जाणवुं. आ अल्प बहुत्व पांच गतिनी अपेक्षाए कहेलुं छे. ४०

नारी नर नेरइआ तिरित्थि सुर देवी सिद्ध तिरिआ य ।
थोव असंखगुण चउ संखगुणऽनंतगुण दुन्नि ॥ ४१ ॥

अर्थ--मनुष्यनी स्त्रीओ सौथी थोडी छे, तेनाथी चार असंख्य गुणा छे, एटले के मनुष्यनी स्त्रीओथी मनुष्यो असंख्य गुणा छे, अहीं संमूर्छिम मनुष्यो पण भेळा लेवा, केमके अहीं वेदनी विवक्षा नथी.+ तेनाथी नारकीओ असंख्य गुणा छे, तेनाथी तिर्यंचनी स्त्रीओ असंख्य गुणी छे, अने तेनाथी देवताओ असंख्य गुणा छे. तथा देवताओथी संख्यात गुणी देवीओ छे. त्यार पछी बे अनंतगुणा छे, एटले देवीओथी अनंतगुणा सिद्ध छे, अने तेनाथी पण अनंतगुणा तिर्यंचो छे. ( सूक्ष्म बादर निगोदना

---

+ पुरुषवेदी अने नपुंसकवेदी बन्ने नर शब्दे लेवा. संमूर्छिम मनुष्य नपुंसकवेदी ज होय छे अने असंख्याता होय छे. पुरुषवेदी गर्भजतो संख्याता ज होय छे.

जोवो अंदर गणवाथी ) आ अल्प बहुत्व आठ गतिने आश्राने कहेलुं छे. ४१.

हवे एकेन्द्रियादिकनुं अल्प बहुत्व कहे छेः--

पण चउ ति दुय अणिंदिअ एगिंदिय सेंदिआ कमा हुंति।
थोवा तिअति अहिया दो णंत गुणा विसेसहिआ ॥४२॥

अर्थ—पंचेन्द्रिय सौथी थोडा छे, तेनाथा चतुरिंद्रिय अधिक छे, तेनाथी त्रींद्रिय अधिक छे, तेनाथी द्वींद्रिय अधिक छे, तेनाथी अनिंद्रिय एटले सिद्धो अनंतगुणा छे, तेनाथी एकेन्द्रिय (वनस्पति निगोद विगेरे ) अनंतगुणा छे, अने तेनाथी सेन्द्रिय ( एकेन्द्रिय द्वीन्द्रिय विगेरे ) विशेषाधिक छे. ४२.

हवे सकायनुं अल्प बहुत्व कहे छेः--

तस तेउ पुढवि जल वाउकाय अकाय वणस्सइ सकाया।
थोव असंखगुणाहिअ ातिण्णिओ दो णंत गुण अहिआ॥४३॥

अर्थ--सौथी थोडा त्रस जीवो छे, तेनाथी तेजस्काय असंख्य गुणा छे, तेनाथी पृथ्वीकाय अधिका छे, तेनाथी अप्काय अधिका छे, तेनाथी वायुकाय अधिका छे, तेनाथा अकाय एटले सिद्धो अनंतगुणा छे, तेनाथी वनस्पतिकाय अनंतगुणा छे, अने तेनाथी सकाय अधिका छे. ४३.

अहीं अकाय शब्दे सिद्धो जाणवा अने सकाय शब्दे सर्व संसारी जीवो जाणवा.

हवे जीवाजावादिनुं अल्प बहुत्व आ प्रमाणेः--

जीवा पुग्गल समया दव्व पएसा य पज्जवाचेव।
थोवा णंता णंता विसेसमहिआ दुवे णंता ॥ ४४ ॥

अर्थ--जीव, पुद्गल, समय, द्रव्य, प्रदेश अने पर्यायो-ए

अनुक्रमे थोडा, अनंतगुणा, अनंतगुणा, विशेषाधिक, अने छेल्ला बे अनंतगुणा ए प्रमाणे छे.

विशेषार्थ--प्रत्येक जीवा अनंतानंत पुद्गलोथी बंधायेला प्राये होय छे, अने पुद्गलो जीव साथे बद्ध अने असंवद्ध एम बन्ने प्रकारना होय छे, तेथी जीव पुद्गलो करतां स्तोक छे. जीवथी अनंतगुणा पुद्गलो छे. कारण के जे तैजसादिक शरीर जीवे ग्रहण करेला छे, तेना पुद्गलो परिमाणने आश्रीने जीव करतां अनंतगुणा छे. तथा तैसज शरीरथी प्रदेश परिमाणमां अनंतगुणा कार्मण प्रदेशो छे. ए प्रमाणे ते तैजस अने कार्मण जीव प्रतिबद्ध जीव करतां अनंतगुणा छे, अने जीव विमुक्त जीवे ग्रहण करीने मूकी दीधेला ते करतां पण अनंतगुणा छे. बाकीना शरीर संबंधी विचार अहीं करवाणुं आव्यो नथी. कारणके ते ग्रहण करीने मूकेला पण पोतपोताना स्थानमां तैजस कार्मणने अनंतमे भागे छे. आ प्रमाणे तैजस शरीरना पुद्गलो पण जीव करतां अनंतगुणा छे, तो पछी कार्मणादि पुद्गल राशि सहित करीये, त्यारे अनतगुणा थाय, तेमां शुं कहेवुं ? तथा औदारिक पंदर प्रकारना प्रयोगथी परिणत एवा पुद्गलो स्तोक ( थोडा ) छे. तेनाथी मिश्र परिणत पुद्गलो अनंतगुणा छे प्रयोगकृत आकारने जेणे सर्वथा तज्यो नथी, अने जे स्वभावे ( विश्रसा परिणामे ( परिणामांतरने पामेला छे, एवा मृतकलेवरादिक विश्रसा छे. अथवा औदारिकादिक वर्गणारुप विश्रसा परिणामे परिणमेला छतां जे जीव प्रयोग वडे एकेन्द्रियादि शरीर विगेरे परिणामांतरने पामेल होय छे, ते मिश्र परिणत पुद्गलो कहेवाय छे. अहीं शिष्य प्रश्न करे छे के-प्रयोग परिणाम पण एज प्रकारनो होय छे, तो ए बेमां विशेष शुं छे ?

तेनो उत्तर—हे शिष्य ! तारुं कहेवुं सत्य छे. पण प्रयोग

परिणतने विषे विश्रसा परिणाम छतां पण तेनी विवक्षा करा नथी. आ प्रमाणे प्रयोगरा करतां विश्रसा अनंतगुणा छे. ते करतां पण विश्रसा परिणत पुद्‌गलो अनतगुणा छे. कारणके जीव अग्रहण प्रायोग्य परमाणु आदि पण ग्रहण प्रायोग्य करतां अनंतगुणा छे. ए प्रमाणे त्रणे प्रकारना सर्व पुद्‌गलो पण जीव करतां अनंतगुणा छे. २ पुद्‌गलो करतां समयो अनंतगुणा छे. शी रीते ? समय क्षेत्रने विषे-अढीद्वीपने विषे जे द्रव्योना पर्यायो छे, ते एक एक पर्यायोमां वर्तमान समय वर्ते छे. ए प्रमाणे वर्तमान समय अढी द्वीपना द्रव्य पर्याय गुणो थाय छे. ते रीते गणतां वर्तमान एक समय अनता समय रुप थाय छे. तेथी वर्तमान समय पण पुद्‌गलो करतां अनंतगुणो थाय छे. केमके एक द्रव्यना पर्यायानुं पण अनंतानंतपणुं छे. वळी केवळ आ अढी द्वीपमां रहेला पुद्‌गलो करतांज अनंतगुणा समय छे, एम नहीं, परंतु सर्व (आखा) लोकमां रहेला द्रव्योना पर्यायो करतां पण ते ( समय ) अनंतगुणा छे आनो विस्तार ग्रथांतरथी जाणी लेवो. ३. समय करतां द्रव्यो विशेषाधिक छे. केवी रीते ? ते कहे छे-सर्व समयो उपरांत बाकीना प्रत्येक द्रव्यो जीव पुद्‌गल धर्मास्तिकाय विगेरेने ते त्रीजा बोलमां कहेल समयमां क्षेपन करीये, तो ते केवळ समय करतां समस्त द्रव्यो विशेषाधिक ज थाय छे. पण सख्यात गुणा विगेरे थता नथी, कारण के समय द्रव्यनी अपेक्षाए जीवादिक शेष द्रव्यो ओछा छे तेथी. ४. अहीं शिष्य प्रश्न करे छे के-अद्धा समयने द्रव्यज शा माटे कहेवुं जोइए ? उत्तर-समय स्कंधनी अपेक्षाए पदार्थपणानुं पण तेमां पूज्यमानपणुं छे तेथी. ते आ प्रमाणे-जेम स्कंध द्रव्य तरीके सिद्ध छे, अने स्कंधना अवयवो प्रदेशपणे सिद्ध छे, तेम समय स्कंध वर्ती समयो प्रदेशो छे, ने समय स्कंध ते द्रव्य छे. ४. द्रव्य करतां प्रदेशो अनंतगुणा छे. शी रीते ? ते कहे छे—अद्धा

समय द्रव्य करतां आकाश प्रदेशो अनंतगुणा छे, तेथी करीने प्रदेशो अनंतगुणा छे. ५. प्रदेशो करतां अनंतगुणा पर्यायो छे. कारण के एक एक आकाश प्रदेशमां अनंता अगुरुलघु पर्यायो रहेला छे, माटे ६. ४४.

हवे अप्रदेश अने सप्रदेश पुद्‌गलनुं स्वरुप कहे छे:—

दव्वे खित्ते काले भावे अपएस पुग्गला चउहा।
सपएसा वि य चउहा अप्पबहुत्तं च एएसिं ॥ ४५ ॥

अर्थ—अप्रदेश पुद्‌गलो ( परमाणुओ ) द्रव्य, क्षेत्र, काळ अने भावथी एम चार प्रकारे छे, सप्रदेश पुद्‌गलो पण एज प्रमाणे चार प्रकारना छे. तेओनुं—अप्रदेश अने सप्रदेश पुद्‌गलोनुं अल्प बहुत्व जाणवुं. ४५.

हवे अप्रदेशनुं स्वरुप कहे छे:—

दव्वेण परमाणू खेत्तेणेगप्पएसमोगाढा।
कालेणेगसमइआ भावेणेगगुणवन्नाई ॥ ४६ ॥

अर्थ—परस्पर नहीं मळेला परमाणुओ द्रव्यथी अप्रदेश पुद्‌गलो थाय छे, एक आकाश प्रदेशने व्यापीने रहेला परमाणुओ क्षेत्रथी अप्रदेश पुद्‌गलो कहेवाय छे, एक समयनी स्थितिवाळा परमाणुओ काळथी अप्रदेश पुद्‌गलो कहेवाय छे, तथा एक गुण वर्णादिके रहेला परमाणुओ भावथी अप्रदेश पुद्‌गलो कहेवाय छे. भावार्थ ए छे के—प्राये करीने जे परमाणुओ परस्पर मळेला न होय, ते द्रव्यथी अप्रदेश पुद्‌गलो कहेवाय छे. जे परमाणुओ एक एक आकाश प्रदेशमां अवगाहीने रह्या छतां पोतपोताना क्षेत्रने छोडे नहीं, ते क्षेत्रथी अप्रदेशी पुद्‌गलो थाय छे. ज्यारे ज्यारे पोतपोताना क्षेत्रने छोडीने परमाणुओ बीजा बीजा क्षेत्रमां संचार करे—गति

करे ( जाय ) अने दरेक स्थाने एक एक समय सुधी स्थिर रहे, त्यारे त्यारे तेओ काळथी अप्रदेशी पुद्गलो कहेवाय छे. तथा जे परमाणुओ वर्णथी एक गुण अथवा एक गुण पीतादिक वर्णवाळा होय, गंधथी एक गुण सुरभि आदि गंधवाळा होय, रसथी एक गुण तिक्त (कडवुं) आदि रसवाळा होय, तथा स्पर्शथी एक गुण रूक्ष ( लूखुं ) ने एक गुण शीत स्पर्शवाळा अथवा एक गुण रूक्ष ने एक गुण उष्ण स्पर्शवाळा अथवा एक गुण स्निग्ध एक गुण शीत स्पर्शवाळा अथवा एक गुण स्निग्ध एक गुण उष्ण स्पर्शवाळा होय, ते परमाणुओ भावथी अप्रदेश पुद्गलो कहेवाय छे. ४६.

**अपएसगा ओ एए विवरीअ सपएसगा सया भणिया।**
**भाकाइखि अपएसा थोवा तिन्नि य असंखगुणा ॥४७॥**

अर्थ--ए पूर्व गाथामां कहेला अप्रदेश पुद्गलोथी जे विपरीत होय, तेने निरंतर सप्रदेश पुद्गलो कह्या छे. एटले के जे परमाणुओ बे के तेथी अधिक परस्पर मळेला होय, ते द्रव्यथी सप्रदेश पुद्गलो जाणवा. जे बे आदि परमाणुओना स्कंध बे आदि आकाश प्रदेशने अवगाहन करीने रहेल होय ते क्षेत्रथी सप्रदेश पुद्गलो जाणवा. जे परमाणु स्कंधो बे समयथी आरंभीने असंख्याता समय सुधीनी ( भिन्न भिन्न आकाश प्रदेशमां ) स्थितिवाळा होय, ते सर्वे काळथी सप्रदेश पुद्गलो जाणवा. तथा जे परमाणु स्कंध बे गुण वर्णादिथी आरंभीने अनंतगुण वर्णादिवाळा होय, ते सर्वे भावथी सप्रदेश पुद्गलो जाणवा.

हवे अप्रदेश अने सप्रदेश पुद्गलोनुं अल्प बहुत्व कहे छेः--भावथी अप्रदेशी पुद्गलो सौथी थोडा छे, तेथी काळ अप्रदेशी पुद्गलो असंख्य गुणा छे, तेथी द्रव्य अप्रदेशी पुद्गलो असंख्य गुणा छे, अने तेथी क्षेत्र अप्रदेशी पुद्गलो असंख्य गुणा छे. ४७.

खित्त अपएसगाओ खित्ते सपएस असंख गुणिआओ।
दक भाव सपएसा विसेसहिआ सुए भणिआ ॥ ४८ ॥

अर्थ—क्षेत्र अप्रदेश पुद्गलोथी क्षेत्र सप्रदेश पुद्गलो असंख्यगुणा छे, तेथी द्रव्य सप्रदेश पुद्गलो विशेषाधिक छे, तेथी काळ सप्रदेश पुद्गलो विशेषाधिक छे. अने तेथी भाव सप्रदेश पुद्गलो विशेषाधिक छे. ४८.

हवे कडजुम्मादिकनुं स्वरुप ( आठमो विचार ) कहे छेः—

कड तेउए य दावर कलिउ य तह संहवंति जुम्माओ।
अवहीरमाण चउ चउ चउ ति हुगेगाओ चिठ्ठंति ॥ ४९ ॥

अर्थ—कडजुम्मा, त्रेताजुम्मा, दावरजुम्मा अने कलियुगजुम्मा ए चार जुम्मा छे. तेमां जे संख्यामांथी चार चार काढतां बाकी चार रहे. ते कडजुम्मा, त्रण रहे ते त्रेताजुम्मा, बे रहे ते दावरजुम्मा अने एक रहे ते कलियुगजुम्मा. ४९.

विस्तरार्थ—जुम्मा एटले राशि (समुदाय) कहेवाय छे. कड विगेरे शब्दो साथे जुम्मा शब्द जोडवाथी कड जुम्मा, त्रेता जुम्मा, दावर जुम्मा अने कलियुग जुम्मा ए चार जुम्मा थाय छे. कोइ पण राशीमांथी चार चार काढी लेतां ( चारे भांगतां ) चार, त्रण, बे अथवा एक बाकी रहे छे. ते आ प्रमाणे—एक जीव, धर्मास्तिकाय, अधर्मास्तिकाय तथा लोकाकाश ते दरेकना प्रदेशो असंख्याता छे अने परस्पर तुल्य छे. तेनी असत् कल्पनाए वीशनी संख्या स्थापीए, तेमांथी चार चार काढतां बाकी चारज रहे छे तेने आगम भाषा वडे कड जुम्मा कहेवाय छे. १. तथा असंख्याती उत्सर्पिणी अने अवसर्पिणीने विषे जेटला समयो छे, तेटला सौधर्म तथा इशान कल्पने विषे देवताओ छे. तेनी असत् कल्पनाए करीने त्रेवीशनी संख्या स्थापीए, तेमांथी चार चार लेतां ( चारे भांगतां ) बाकी त्रणज रहे छे, तेथी ते त्रेता जुम्मा कहेवाय छे. २. एक एक आकाश

प्रदेशने अवगाहीने अनंता परमाणु सुधीना स्कंधो रहेला छे, तेमनी असत् कल्पनाए करीने बावीशनी संख्या स्थापीए, तेमांथी चार चार लेतां बाकी बे ज रहे छे. माटे ते दावर जुम्मा कहेवाय छे. ३. तथा पर्याप्त बादर वनस्पति १, बादर पर्याप्त २, अपर्याप्त बादर वनस्पति ३, बादर अपर्याप्त ४, बादर ५, सूक्ष्म अपर्याप्त वनस्पति ६, सूक्ष्म अपर्याप्त ७, सूक्ष्म पर्याप्त वनस्पति ८, सूक्ष्म पर्याप्त ९, सूक्ष्म १०, भव्य ११, निगोदना जीवो १२, वनस्पतिना जीवो १३, एकेंन्द्रिय १४, तिर्यंच १५, मिथ्यादृष्टि १६, अविरति १७, सकषायी १८, छद्मस्थ १९, सयोगी २०, संसारी जीवा २१, तथा सर्व जीवो २२, ए बावीश जीव राशीओ आठ मध्यम अनंते छे तो पण असत् कल्पनाए करीने तेनी पचीशनी संख्या स्थापीए, तेमांथी चार चार लेतां बाकी एक रहे छे, ते कलियुग जुम्मा कहेवाय छे. आ जुम्माओनुं कार्य-प्रयोजन ( उपयोग ) सूत्रथी जाणी लेवुं. अहीं तो तेनुं स्वरुप मात्रज देखाडयुं छे.

हवे पृथ्वी आदिक परिमाण ( नवमो विचार ) कहे छेः-

धजवस परिव बिति च समुन
पणथ ख ज नभवर विनसुस पमुति अ।
जगनभप ध अ इगजिय
ठिअनि लिनिव जीस पुअभ अपर वणका ॥ ५० ॥

अर्थ—पृथ्वी १, जळ २, अग्नि ३, वायु ४, प्रत्येक वनस्पति ५, द्वींद्रिय ६, त्रींद्रिय ७, चतुरिंद्रिय ८, संमूछिम मनुष्य ९, पंचेन्द्रिय भचर, जळचर अने खेचर १२, नारकी १३, भवनपति १४, व्यंतर १५, सूर्य १६, चंद्र १७, नक्षत्र १८, वैमानिक देवो १९, समुद्र २०, पंचेंद्रिय संमूछिम तिर्यंच २१, ए एकवीश प्रकारना जीवो असंख्याता जाणवा. तथा जगतना ( लोकना ) आकाश प्रदेश १, धर्मास्तिकायना प्रदेश २, अधर्मास्तिकायना प्रदेश ३, एक जीवना प्रदेश ४, स्थितिना अध्यवसाय स्थान ५,

तथा निगोद शरीर ६, ए छ पण असंख्याता जाणवा. तथा सिद्ध १. निगोदना जीव २, वनस्पतिना जीव ३, समय ४, पुद्गल ५, अभव्य जीवो ६, भव्य जीवो ७, अलोक ८, पतित (पडवाइ) जीवो+ ९, अने वनस्पतिकायनी स्थिति १०, ए दश अनंता जाणवा. ५०.

इय सुत्ताओ भणिया विआर पंचासिआ सपरक्खए ।
मुनिसिरिआनंदविमलसूरिवराणं विणेएण ॥ ५१ ॥

अर्थ—आ प्रमाणे मुनि श्री आनंदविमल नामना सूरिवरना वानर नामना शिष्ये पोताने माटे तथा अन्य जीवोने माटे सूत्रमांथी उद्धरीने आ विचार पंचाशिका करी छे. (आ श्लोकमां 'मुनि श्री आनंदविमल सूरिवर' ए पदना अनेक अर्थ टीकाकारे कर्या छे, ते आ प्रमाणे)-धर्मध्यानादि रुप आनंद वडे जेनो प्रमादरूपी मळ नष्ट थयो छे, ते आनंद विमल मुनि संबंधी श्री के० लक्ष्मी वडे युक्त एवा आनंदविमळ ते मुनि श्री आनंदविमळ अथवा मुनि शब्द सात संख्या वांची लेता सात प्रकारनी श्री-लक्ष्मी वडे शोभता एवा आनंदविमळ, ते पण मुनि श्री आनंदविमळ अथवा तो जेनांथी (जेना वडे) मुनिओनी शोभा छे (मुनिओ शोभे छे), एवा आनंदविमळ. ए प्रमाणे मुनि श्री आनंदविमळ अर्थ जाणवा. तथा सूरिवरना अर्थ आ प्रमाणे-सूरिओना मध्यमां एटले आचार्योने विषे जे वर एटले श्रेष्ठ होय ते सूरिवर कहेवाय छे. अथवा सूरि श्री हेमविमळ, तेमनाथी वर के० प्रधान आचार्यपद जेमनु छे, ते सूरिवर मुनि श्री आनंदविमळ अने सूरिवर ए बे पदने एकत्र करवाथी मुनि श्री आनंदविमळ सूरिवर ए आखो शब्द थाय छे. तेना शिष्ये आ प्रकरण रच्युं छे. तेने विषे में मूढ मतिने लीधे कांइ आगम विरुद्ध लख्युं होय, तो ते आगमने जाणनार पंडितवरोए मारापर कृपा करीने शोधवुं. ५१.

॥ इति विचार पञ्चाशिका: ॥

---

+ समकित पाम्या पछी समकितथी पडेला.

॥ श्रीजिनायनमः ॥

# ॥ श्रीसमकीतविचारगर्भित-महावीर जिनस्तवन ॥

## ( मूळ तथा अर्थ सहित )

दुहा—प्रणमी पद जिनवरतणां, जे जगने अनुकूल ॥
जास पसायें में लह्युं, समकीतरयण अमूल ॥ १ ॥
ते जिम वीरे उपदिश्युं, परखदमध्य अनूप ॥
तेम हुं वर्णवशुं हवे: समकीत शुद्धस्वरुप ॥ २ ॥

अर्थ—आखा जगतने अनुकूल एवा जिनेश्वरप्रभुना पदकमळने प्रणाम करुं छु, कारणके जेना प्रसादथी अमूल्य एवुं सम्यक्त्वरत्न में प्राप्त कर्युं छे, ते अनुपम एवा समकीतनुं शुद्ध स्वरुप श्रीवीरपरमात्माए बार परखदा मध्य जेवी रीते वर्णव्युं छे, तेवी रीते हुं पण अत्र कहुं छुं ॥ २ ॥

॥ ढाळ पहेली ॥ ए छींडी किहां राखी ॥ ए देशी ॥

एकविध दुहविध त्रिविध चउविध वली, पणविध दसविध जाणो । ए समकीतशिवतरनुं बीजक, संप्रतिपरें मन आणोरे प्राणी ॥ समकीत शुद्ध आराधो, जेम शिवमारग साधोरे. प्राणी ॥१॥स०॥ए आंकणी॥

अर्थ—एक, बे, त्रण, चार, पांच यावत् दश प्रकारे सम्यक्त्व कह्युं छे, ते मोक्षरुपी वृक्षनुं बीज छे, अने ते संप्रति राजानी पेठे भव्यजीवोए हृदयमां आणवुं, कह्युं छे के—एगविह, दुविह,

तिविहं, चउहा पंचविह दसविहं सम्मं ॥ सुरकतरुचीयभूयं । संपइ-
रायावधारिज्जा ॥ १ ॥

एकविध तुज आणा रुची दुविहा, द्रव्य भावथी कहिये ।
निश्चयने व्यवहारे अथवा, समकीत दुविध सद्दहियें रे ॥
॥ प्रा० स० ॥ २ ॥

अर्थ—हे प्रभु ! एकप्रकारनुं समकीत ते तारी आणारुचि-
रुप अने बे प्रकारनुं समकीत ते द्रव्यथी अने भावथी, अथवा निश्च-
यथी अने व्यवहारथी, एम बे प्रकारे श्रद्धा करवी. ॥ २ ॥

सद्दहणा शुद्धि तुज आगम, परमारथ नवि जाणे । समकीत
द्रव्यथकी तस कहियें, भावथी तत्व वखाणे रे ॥प्रा०स०॥३॥

अर्थ—हे प्रभु ! तमारा आगमने विषे शुद्ध श्रद्धा होय, अने
परमार्थथी अजाण होय, तेने द्रव्यसमकीत कहेवाय छे. कह्युं छे
के—तमेव सच्चं निस्संकं । जं जिणेहिं पवेइयं ॥ तथा तत्व एटले
परमार्थ जाणनारने भावथी समकीत कहेवाय छे, कह्युं छे के—जी-
वाइनवपयत्थे । जो जाणइ तस्स होइ सम्मत्तं ॥ ३ ॥

मिथ्यापुद्गल शुद्धनुं वेदन, समकीत द्रव्य कहावे । भावथी
तत्वरुचि पण तिमहिज । तत्वरुचिपरि भावे रे ॥प्रा०स०॥४

अर्थ—शुद्ध, मिश्र, अने अशुद्ध एवा मिथ्यात्वना त्रण पुंज
थाय छे, तेमांथी जे शुद्ध पुंजनुं वेदवुं तेनुं नाम द्रव्यसमकीत कहे-
वाय, अने उपर कह्या मुजब तत्वनी परिभावना वाळी जे रुचि
तेनुंज नाम भावसमकीत छे. ॥ ४ ॥

पुद्गलरूपी अरूपी अपुद्गल, ए पण द्विविध तुं देखे । क्षायोप-
शमिक वेदक पुद्गल, शेष अपुद्गल लेखे रे ॥प्रा०स०॥५॥

अर्थ—हे प्रभु ! पुद्गलिक समकीत ते रूपी, अने अपुद्ग-

लिक समकीत ते अरूपी, एम पण बे प्रकारे तमे देखो छो, अर्थात् क्षायोपशम अने वेदक ए बन्ने पुद्गलिक छे, अने शेष रहेला क्षायक उपशम अने सास्वादन, ए त्रण अपुद्गलिक छे. आ विषयमां विचारपंचाशिकामां कह्युं छे के-धम्माधम्मागासा । जीवा कालो य खाइमं चेव ॥ सासायण उवसमियं । अपुग्गलाइ तु एयाई ॥ १ ॥ उरालिय वेउव्विय । आहारग तेयस ,झुणी मणो ॥ उस्सासं निस्सासं । कम्माणि छाय तमो ॥ २ ॥ वग्गणअणंत आयव । मिस्सगखंधो अचित्तमहखंधो ॥ वेयगखा उवसमं । उज्जेय पुग्गलमुखे भणियं ॥ ३ ॥ ५ ॥

**निश्चयसमकीत शुभ आतमनो,ज्ञानादिक परिणाम।अथवा आतमसमकीत कहिये,गुण गुणी भेद न ठाम रे ॥प्रा०स०॥६**

अर्थ--आत्मानो शुभ एवो जे ज्ञानादिक परिणाम, ते निश्चयसमकीत कहेवाय, अथवा आत्मा पोतेज पण निश्चयसमकीत कहेवाय, कारणके ज्ञानादिक ते गुण छे अने आत्मा ते गुणी छे, तो गुण अने गुणीवच्चे भेदस्थान नथी. कहेलुं छे के-आत्मैव ज्ञानदर्शन-चारित्राण्यथवा यतेः ॥ यत्तदात्मक एवैष । शरीरमधितिष्ठति ॥ ६ ॥

**मिथ्यादृष्टितणी संस्तवना,त्यागादिक व्यवहार । वली य निसर्गपरअधिगमथी, विहुंभेदे निरधारे रे ॥प्रा०स०॥७॥**

अर्थ—मिथ्यादृष्टिओनी स्तुति आदिनो त्याग ते व्यवहार समकीत कहेवाय, एटले प्रथमनी गाथामां कहेल ते निश्चय अने आ बीजुं व्यवहार एम बे भेद थया. वली निसर्गसमकीत अने अपर एटले बीजुं अधिगमसमकीत, एम पण बे प्रकार थाय छे. व्यवहारसमकीतना संबंधमां गुणस्थानक्रमारोहमां कहेल छे के-देवे गुरौ च संघे च । सद्भक्तिं शासनोन्नतिं ॥ अव्रतोऽपि करोत्येव ।

स्थितिरस्तूयें गुणालये ॥ १ ॥ निसर्ग अने अधिगमसमकीतना स्वरूप उपर दृष्टांत हवे कहे छे ॥ ७ ॥

जिम कोइ मारग भूला पंथी, भमतो मारग आवे । कोइक उपदेशिक योगे, कोइक थाग न पावे रे । प्रा० सा० ॥८॥

अर्थ--जेम त्रण मनुष्यो मार्गे चालतां भूला पड्या, तेमांथी एक मनुष्य स्वयमेव इच्छित स्थानके आवी पहोंच्यो, अने बीजो पुरुष कोइने पूछी पूछीने आवी पहोंच्यो, अने त्रीजो मनुष्य तो इच्छितस्थानके पहोंच्योज नहि ॥ ८ ॥ वळी आ विषयमां ज्वरनुं दृष्टांत दृढ करतांथकां कहे छे—

ज्वर पण सहेजे ओषधयोगें, जाये एक न जाय । मारग ज्वरदृष्टांते समकीत, इणीपरें द्विविध थाय रे ॥प्रा० स०॥९॥

अर्थ—जेम ज्वर (ताप) परिपक्व थइने पोतानी मेळे विनाश पामे, अथवा कोइने ओषधीद्वारा ए विनाश पामे, अने कोइनो ज्वर विनाश पामेज नहि, तेम पंथी अने ताप ए बे दृष्टांते करीने निसर्ग अने अधिगम ए बे प्रकारनुं समकीत थाय छे, ॥ ९ ॥ ते कहे छे:-

जातिसमरण प्रमुखथकी जे, तास निसर्ग विचारो । गुरुपदेशथकी आव्युं ते, अधिगम चित्त धारो रे । प्रा० स०॥१०॥

अर्थ—जातिस्मरणप्रमुखथकी जे समकीत थाय छे ते निसर्गसमकीत कहेवाय, अने गुरुमहाराजना उपदेशआदिथकी जे समकीत थाय, ते अधिगमसमकीत कहेवाय, अने कोइ अभव्यादिकने तो बिलकुल समकीत थतुंज नथी. ॥ १० ॥

कारक रोचक दीपकभेदे, त्रिविधे पण ए भाख्युं, अथवा उपशम क्षायोपशमिक क्षायिकभेदे दाख्युं रे ॥प्रा० स०॥ ११

अर्थ—कारक रोचक अने दीपक एम त्रण प्रकारे समकीत

कह्युं छे, अथवा उपशम क्षायोपशमिक अने क्षायक एम पण त्रण प्रकारे समकीत कह्युं छे. ॥ ११ ॥

तें जिम भांख्युं ते तिम कीधुं, ते कारक तस खास। तुज धर्मो परें रुचिथी रोचक, नहि किरिया अभ्यासरे ॥प्रा०स०॥ १२

अर्थ—हे प्रभु! शास्त्रमां जेम तमे कह्युं छे तेमज जे करे तेने कारकसमकीत कहेवाय, अने शास्त्रमां कह्या प्रमाणे क्रिया करे नहि, पण फक्त रुचिमात्र पूर्ण होय, तेने रोचकसमकीत कहेवाय. कह्युं छे के-यथा यथा चाचरणं जिनोदितं। तथा तथा यत्र सति प्रवर्तते॥ तदंगसम्यक्त्वमिदं प्रचक्षते। तथा विशुद्धेः खलु कारकं जिनाः॥१॥ विहितानुष्ठानं प्रति-भावविशुद्धेरतीवविमलायाः ॥ प्रोचयतीति कृत्वा। रोचकमिदमाह सम्यक्त्वं २ ॥ १२ ॥

मिथ्यादृष्टिथको पण पोते, धर्मकथादिक सारे।
दीपकपरें परने दीपावे, ते दीपक उपचारें रे ॥प्रा०स०१३॥

अर्थ-पोते मिथ्यादृष्टि होय, अने अंगारमर्दकआचार्यनी माफक धर्मकथादिक संभलावीने बीजाओने दीपकनी माफक दीपावे, अर्थात् बीजाओने समकीत पमाडे तेने दीपकसमकीत कहेवाय, तेनुं बीजुं नाम व्यंजकसमकीत पण कहेवाय छे, तात्त्विकरीते आ समकीत नथी, मात्र उपचारथी कह्युं छे के-स्वयं मिथ्यादृष्टिस्तदपि च जनं धर्मकथया। मुहुः सम्यग्मार्गे नयति च हितं चैव वदति॥ तदुक्तं सम्यक्त्वं ह्युपचरितवृत्त्या जिनमते। तथा धर्मादीनां प्रकटनतया व्यंजकमिति ॥ १ ॥ पुनरप्युक्तं-विहियाणुट्ठाणं पुण। कारगमिह रोयगं तु सद्दहणं॥ मिच्छादिट्ठी दीवइ, जं तत्तो दीवगं तं तु ॥२॥१३॥

ते समकीत जिम फरस्युं जीवे, तिम तुज आगल दाखुं।
तुज आगम नय न्याय सुधोदधि-परमारथरस चाखुं रे।१४।

अर्थ—हे प्रभु! आ संसारचक्रमां भमतां थकां आ जीवे जेवी

रीते समकीत मेळव्युं, एटले फरस्युं, ते तमारा आगल हवेनी बीजी ढाळमां कहुं छुं. वली ते कहेवाथा तमारा आगम एटले सिद्धांतमां कहेला नैगमादिक नय अने सम्मतिग्रंथआदिमां बतावेलो न्याय, ते रुपी सुधा कहेतां अमृत तेनो उदधि एटले समुद्र, तेमां रहेलो परमार्थरस तेने हुं चाखुं अर्थात् अनुभवुं. ॥ १४ ॥ इति.

## ॥ ढाल बीजी ॥

श्री सीमंधरसाहेब सुणजो, भरतक्षेत्रनी वातो रे ॥ ए देशी ॥

वीरजिणेसर साहिब सुणजो, निजसेवक अरदास रे ।
दीनदयाकर ठाकुर आपो, तुम्ह चरणे मुज वास रे।वी०।१।

अर्थ—हे वीरपरमात्मा ! तमारो सेवक जे हुं तेनी अरज सांभळो ? हे दीन उपर दया करवावाळा ठाकोर ! मने तमारा चरणकमलमां वसवाने आपो ? ॥ १ ॥

लोकाकाशे रह्यो अविनाशी, भावे अनादिअनंत रे ।
ए भवचक्रतणा दुःख बहुलां, भोगवीयां भगवंत रे।वी०२।

अर्थ-जैनशासनमां छ द्रव्य कह्यां छे, तेना नाम-धर्मास्तिकाय १, अधर्मास्तिकाय २. आकाशास्तिकाय ३, जीवास्तिकाय ४, पुद्गलास्तिय ५, अने काल ६, तेमांथी जे आकाशास्तिकाय छे तेना बे विभाग छे, एक अलोकाकाश छे, अने बीजो लोकाकाश, तेमां फक्त आकशद्रव्य एकज अलोकाश छे, अने धर्मास्तिकायआदि पंचास्तिकायथी भरपूर लोकाकाश छे, ते लोकाकाशमां अनादिअनतभावे अविनाशीपणे भवचक्र रहेलो छे, ते मध्ये भ्रमण करता आ संसारी जीवे हे भगवन् बहुलां दुःख प्राप्त कर्यां छे. ॥ २ ॥

सूक्ष्मनिगोद वस्यो हुं स्वामी, अनादि वणस्सइ नाम रे ।
तिहां में कीधा अनंता पुद्गल-परावर्तविणस्वामि रे।वी०३।

अर्थ—अनादि वनस्पति, सूक्ष्मनिगोद अने अव्यवहारराशि, ए त्रण नाम जेनां छे, तेनी अंदर हे स्वामी में तमारा आलंबनविना अनंता पुद्गलपरावर्तन कर्यां छे. ॥ ३ ॥

अव्यवहारराशें इम वसिओ, काल अनंतो भोगे रे ।
कर्मपरिणामनृपति आदेशे, तादृश भव्यतायोगे रे ।वी०॥४॥

अर्थ–ते अव्यवहारराशिमां कर्मपरिणामनृपतिना (जीवे करेलां शुभाशुभ कर्म ते रूपी राजाना) हुकमथी मारामां तादृश भवितव्यतानो जोग छतां पण अनंतकालनो भोगवटो प्राप्त कर्यो. ॥४॥

तिहां एक श्वासोश्वासमां कीधां, भव सतर जाझेरा रे ।
ए दुःख तुजविण कुण छोडावे,स्वामी मुज भवफेरा रे।वी०५

अर्थ—त्यां (अव्यवहारराशिमां) एक श्वासोश्वासमां आ जीवे कंइक अधिक सतरभव कर्या छे, एटले सतर वार जन्म मरण करी चुक्यो, अने अढारमी वार जन्म थयो खरो, पण मरणांत पहेलां श्वासोश्वास पुरो थइ जाय छे. तेथी कंइक अधिक सतर भव कह्या छे. आ असह्य दुःखयुक्त मारा भवफेरा ते थकी हे स्वामी ! तमारा विना कोण छोडावे ? ॥ ५ ॥

व्यवहारराशी लइ उत्कर्षे, काल अनंत अनंतो रे ।
स्थूलनिगोदने पृथ्वी पाणी,तेज अनिल त्रस जंतो रे।वी०६।

अर्थ—ए अव्यवहारराशिमां रहेतां थकां परिणामनो उत्कर्ष थवाथी संसारीजीव व्यवहारराशिमां आवे छे. ते व्यवहारराशि कोने कहेवाय के, जे बादरनिगोद, पृथ्वी, पाणी, तेज, ( अग्नि ) वायु प्रत्येक वनस्पति, अने त्रसकाय, तेमां पण अनंतने पण अनंतगुणो करीये तेटला काल सुधी आ जीव रहे छे. ॥ ६ ॥

तिहां पण हुं वसिओ तुम पाखें, मिथ्यामतने जोरे रे।
हरिहर देव करी मे मान्या, तुं न चढ्यो मन मोरे रे ॥वी०७॥

अर्थ--ते व्यवहारराशिमां पण हे स्वामी ! हुं तमाराविना सकलदुःखरूपी वृक्षनुं बीज भूत जे मिथ्यात्व, तेना जोरवडे करी चतुर्गतिरूप जे संसार. तेने विषे रह्यो. अने त्यां जेनामां देवपणुं न होय एवा हरि ( कृष्ण ) अने हर ( महादेव ) इत्यादिकने में देव करीने मान्या, अने जेमां देवपणुं छे एवा तमे तेणे तो मारा मनमां प्रवेश पण कर्यो नहि. ॥ ७ ॥

तेणे में छेदन भेदन ताडन, भूख तृषा गुरुभार रे।
गर्भवासने जन्म जरा दुःख, भोगवियां निरधार रे।वी०।८

अर्थ—तेणे करीने मारे जीवे छेदन ( अवयवोनुं जुदुं पडवुं ) भेदन ( विचारयुक्त थवुं ) ताडन (फुटवुं) भूख, तृषा, गुरुभार, गर्भावास, जन्म, जरा, रोग, शोक, इष्टवियोग, अनिष्टसंयोग, ईर्षा, विषाद, मरणादिक दारुण दुःख प्रायें अनंतवार अनुभव्या एटले भोगव्यां छे. ॥ ८ ॥

इम चउगइभवना दुःख फरसी, वार अनंती अनाणा रे।
पालादृष्टांते इग पुद्गल, परावर्तस्थिति आणी रे ॥वी०।९॥

अर्थ-एवी रीते चतुर्गतिरूप भव एटले संसारना अनंता दुःख फरसीने पालाने दृष्टांते ( जेम धान्यनो पालो होय तेमां थोडुं थोडुं धान्य नखातुं जाय, अने घणुं घणुं धान्य वधातुं जाय ते पालो ) केटलेक काले लघु थइ जाय ते दृष्टांते घणां घणां कर्म निर्जरतां जाय, अने थोडां थोडां कर्म बंधातां जाय, तेथी कर्मनी स्थिति बाकी राखे. ॥ ९ ॥

भव्यपणादिकने परिपाकें, गिरिसिरिदुपल न्यायें रे।
अध्यवसाय विशुद्धकरण जे. अनाभोगथी थाय रे।वी०।१०

अर्थ--त्यां जीवने भवितव्यताना परिपक्वथकी पर्वत उपरथी पडती नदीनी धारानीचे आवेलो पत्थर गोलना घंचना खावो

कोइक आकारने प्राप्त थाय छे, ते न्यायें आत्माना अध्यवसायनुं विशुद्धपणुं अनाभोगथी (अणुपयोगथी) थाय छे. ॥ १० ॥

ते त्रिविधे भांख्युं तिहां पहेलुं, यथाप्रवृत्ति वली बीजुं रे।
कर अपूरव नांमे कहीयें, अनिवृत्तिकरण ते त्रीजुं रे। वी० ११

अर्थ--अध्यवसाय त्रण करणरूपे छे, तेमां पहेला करणनुं नाम यथाप्रवृत्तिकरण, बीजानुं नाम अपूर्वकरण अने त्रीजानुं नाम अनिवृत्तिकरण. ॥ ११ ॥

यथाप्रवृत्तिकरणे आयुविण सात करम करी खीण रे।
कोडाकोडी सायर इगपलनो, असंख्यभागतणे हीण रे। वी. १२

अर्थ-यथापवृत्तिकरणने विषे आयुविना सात कर्मनी स्थिति एक कोडाकोडी सागरोपममां पल्योपमनो असंख्यातमो भाग न्यून रहे छे. आठे कर्मनी स्थिति विषे कह्युं छे के-मोहे कोडाकोडी। सत्तरि वीसं च नामगोयाणं ॥ तीसयराणि चउण्हं तित्तीसयराणि। आउस्स ॥ २ ॥ १२ ॥

इहां कर्कश निविड गुपिल जिम ग्रंथी, भेदन दुक्कर कामरे।
कर्मपरिणामजनित घन जीवनो, रागद्वेष परिणाम रे वी० १३

अर्थ-अत्रांतरे जीवने कर्मपरिणामजनित धन रागद्वेषना परिणामरुप कर्कश, निबिड, चिरप्ररूढ गुपिल (मेढांनां शींगडांनी पेठे) दुर्भेद, एवी ग्रंथी होय छे, कह्युं छे के-गंठिति सुदुभ्भेओ। कक्खड-घणरूढगूढगंठिद ॥ जीवस्स कम्मजणिओ। घणरागदोसपरिणामो ॥ १ ॥ १३ ॥

ते ग्रंथी नवी भेदी जीवे, पहेली इणे संसारे। वार अनंती अभव्य पण आवे, ग्रंथीलगें निरधार रे ॥ वी० ॥ १४ ॥

अर्थ-ते ग्रंथी आ संसारमां जीवे पूर्वे कोइ वखत भेदी नथी,

कारणके ग्रंथी देशसुधि अभव्य जीव पण अनंतवार आवे छे. ते माटे प्रवचनसारोद्धारमां कह्युं छे के-करणं अहापवत्तं । अपुव्वमनियट्टिमेव भव्वाणं ॥ इयरेसिं पढमं चिय । भण्णइ करणंति परिणामो ॥१॥१४॥

भव्य अभव्य रहे तिहां ग्रंथी, संख्य असंख्यो काल रे ।
अरिहंतादिकनी रुधि देखी, संयमने उजमाल रे ।वी०।१५।

अर्थ—ते ग्रंथीदेशसुधि भवी अने अभवी जीव अरिहंतादिकनी रुधि देखतां थकां संयमने विषे उज्वल परिणामवाला थयाथका संख्याता अने असंख्याता कालसुधी पण रहे छे. ॥ १५ ॥

इहां लहे श्रुतसामायकद्रव्यें, शेष लाभ नहि तास रे ।
तिहांथी ग्रैवेके पण जाये, पण नहि शिवपुरवास रे वी०१६

अर्थ—श्रुतसामायक १, समकीतसामायक २, देशविरतिसामायक ३, सर्वविरतिसामायक ४, ए चार सामायकमांथी अत्रांतरे श्रुतसामायक ते पण द्रव्यथी होय, पण ते अभव्यजीवने शेषसामायकनो लाभ प्राप्त थाय नहि. आवश्यकटीकामां कह्युं छे के-अभव्यस्यापि कस्यचिद्यथाप्रवृत्तिकरणतो ग्रंथिमासाद्य ह्रंदादि विभूतिदर्शनतः प्रयोजनांतरतो वा प्रवर्तमानस्य श्रुतसामायिकलाभो भवति, न शेष लाभ इति. वली अहीं देशऊणा दशपूर्वनो अभ्यास करी मिथ्यात्वसहित क्रियाना बलवडे करीने नवग्रैवेयकसुधी पण जाय, पण मोक्षप्राप्ति थइ शके नहि, ते माटे कल्पभाष्यमां कह्युं छे के-चउदस दसय अभिन्ने । नियमा सम्मत्त सेसभेए भयणा इति. ॥ १६ ॥

कोइक भव्य महातमा तेहमां, जेहने भवनो पार रे ।
निशातकुठारधारें जिम ततखिण, भेदे बल मनोहार रे ॥
॥ वी० ॥ १७ ॥

अर्थ—ग्रंथीदेशसुधी आवेला जीवोमांथी कोइक भव्यमहात्मा समासन्न परमनिर्वृत्तिसुखसमुल्लसित प्रचुरदुर्निवारवीर्यप्रसरतीक्ष्णकु-

ठारधारावडे कठिन गांठने मनोहर बळपूर्वक भेदे तेवी रीते. ॥१७॥

करण अपूरव परमविशुद्धे, तिम ते ग्रंथी आय रे। भेदीने अंतरमुहूरतमां, अनिवृत्तिकरणें जाय रे। वी० ॥ १८ ॥

अर्थ—अपूर्वकरणरूप आत्मानी विशुद्धिवडे करीने रागद्वेषनी ग्रंथीने अंतर्मुहूर्तमां भेदीने ते जीव अनिवृत्तिकरणमां प्रवेश करे. अहीं त्रणे करणोनो विशेषार्थ लखाये छीये—यथा प्रवृत्तिकरणे करीने ग्रंथीलगे भव्य अने अभव्य जीवो आवे छे, पण अपूर्वकरणादिक तो भव्यनेज होय, अपूर्वकरणे पथिक अने पिपीलिका ( कीडी ) नुं दृष्टांत आवी रीते कह्युं छे—जह इह तिन्नि मणूसा। जं अटवीपहं सहावगमणेणं ॥ वेला इवकंमभिया। तुरंति पत्ता य दो चोरा ॥ १ ॥ दठुं मग्गतडच्छे। तत्थेगो मासओ पडिनियत्तो ॥ बीओ गहिओ तइओ। समइक्कंतो पुरं पत्तो ॥ २ ॥ अडवी भवो मणूसा। जीवा कम्मठिई तहो दीहो ॥ गंठी य भयठाणं। रागद्दोसा य दो चोरा ॥ ३ ॥ भग्गो ठिइ परिवुड्ढी। गहिओ पुण गंठिओ तओ तइओ ॥ सम्मत्तपुरमेवं। जोइज्जा तिन्नि करणाइं ॥ ४ ॥ खिइ साभावियगमणं। थाणूसरणं तओ समुप्पयणं ॥ ठाणं ठाणुसिरेवा। उहरणं वा मुअंगीणं ॥ ५ ॥ खिइगमणं पिव पढमं। थाणुं सरणं च करणमपुव्वं ॥ उप्पयणंपिव तत्तो। जीवाणं करणमनियट्टिं ॥ ६ ॥ ठाणुव्व गंठिदेसो। गंठिय सत्तस्स तच्छ वड्ढाणं ॥ उपरणंपिव तत्तो। पुणोवि कम्मठिइ विवड्ढी ॥ ७ ॥ एवी रीते पथिकपिपीलिकाना दृष्टांते करी त्रणे करण भाववां. वली ते संबंधी आम पण कह्युं छे—जा गंठी ता पढमं। गंठीसमयच्छेओ भवे बीयं ॥ अनियट्टिकरणं पुण। सम्मत्त पुरक्खडे जीवे ॥ १ ॥ अस्यार्थः-ग्रंथीना देशसुधी प्राप्त थवुं ते पहेलुं यथाप्रवृत्तिकरण कहेवाय, अने ग्रन्थीनो सम्यक्प्रकारे छेद करवो (ग्रन्थी-

भेद करवो ) ते बीजुं अपूर्वकरण कहेवाय. अने सम्यक्त्वने सन्मुख थती वखते त्रीजुं अनिवृत्तिकरण कहेवाय ॥ १८ ॥

**मिथ्यामोहतणी स्थिति तेहनुं अंतरमुहूरत एको रे। उदय क्षण उपरे ओलंघी, ते समरथ सुविवेको रे। वी०॥१९॥**

अर्थ--आ अनिवृत्ति करणमां मिथ्यात्वमोहनीनो उदय एक अंतर्मुहूर्तसुधी होय, अने त्यारपछी एकक्षण ओलंघे तेज वखते जीव विवेकने समर्थ (सद् असद्नी ओळखाणवाळो थाय छे)।१९।

**अनिवृत्तिकरण विशेषे अंतरमुहूरतकाल अनूपो रे। अंतरकरण करे तिहां वेद्य जे, दलिकअभाव सरूपो रे.वी०२०**

अर्थ--ते अंतर्मुहूर्तनो काल अनिवृत्तिकरणरूपे थयोथको अनूपम एवा अंतरकरणने करे छे, अने ते अंतरकरणमां मिथ्यात्वदलिकनो अभाव होय छे, ते उपर दृष्टांत कहे छे. ॥ २० ॥

**जिम वनदवदग्धे घन उखर, पामी ठाम उल्हायरे। तिम मिथ्यावेदन वनदवसम, अंतरकरणे थायरे। वी० ॥ २१ ॥**

अर्थ--जेम वनने विषे लागेलो दावानल, ते घन ( वरसाद ) अथवा उखरभूमि ( खारवाळी भूमि ) पामीने बुझाइ जाय छे, तेम मिथ्यात्ववेदनरूपी वननो दावानल ते अंतरकरणरूपी परिणाम ( वरसाद ) अथवा खारवाळी भूमिने पामीने नाश थाय छे. कहेल छे के--ऊसरदेसं दड्ढु-ल्लियं च विज्झाइ वणदवोपप्प ॥ इय मिच्छस्साणुदए। उवसमसम्मं लहइ जीवो ॥ १ ॥ २१ ॥

**अंतरकरण करे मिथ्यातनी, स्थितियुग कहे जिन ज्ञानेरे।अंतरकरणथकी स्थिति हेठी, पहेली मुहूरत मानेरे वी० २२**

अर्थ-जिनेश्वरप्रभु केवलज्ञानथकी कहे छे के, मिथ्यात्वनी बे स्थिति थाय के जेना वच्चे अंतरो पडे, तेनुं नाम अन्तरकरण

कहेवाय. ते बे स्थितिमांथी जे हेठली प्रथम स्थिति ते एक मुहूर्त काळवाळी छे. ॥ २२ ॥

तेहथी उपरली स्थिति बीजी, तिहां प्रथमस्थिति ॰ रे।
मिथ्यात्वदलीकनुं वेदन तेहथी, मिथ्यादृष्टी वखाणोरे । २३

अर्थ—अने बाकीना काळवाळी ते बीजो उपरली स्थिति छे जे प्रथमनी स्थिति छे तेमां मिथ्यात्वदलिकनो उदय होय छे, तेथा ते स्थिति वेदती वखते जीवने मिथ्यात्वी वखाणो (कहो) ॥२३॥

अंतरमुहूरते ते स्थिति नाशे, नहि मिथ्यादल वेदो रे। अंतरकरणनो प्रथम समय तिहां, लहे उपशम निरवेदोरे। वी.२४

अर्थ—अने ज्यारे ते स्थिति नाश पामे छे, त्यारे मिथ्यात्वदलिकनुं बिलकुल वेदन होय नहि जेथी अंतरकरणना प्रथमसमयथीज निर्वेद ( वैराग्यरूप उपशम समकीत ) प्राप्त थाय छे ।२४।

परमानंद मगन होइ भटजिम, जीती कटक अशेषरे। न्यायवंत हरखे जिम गाढे, न्याय धनागम पेख रे । वी० ।२५।

अर्थ—जेम संग्राममां अशेष सैन्य जीतनार सुभटने मगनता थाय छे तेम समकीत पामनार जीवने परम आनंद थाय छे, अथवा गाढे एटले आकरे न्याये धननुं आगम पामीने न्यायवंतनी माफक हर्ष थाय छे, कहेल छे के-सो तत्थ रणे सुहडोव । वैरिजयजणिय परमआणंदो ॥ सम्मत्तं लहइ जीवो । सामन्नेणं तुह पसाया ॥१॥ एवी रीते बीजी ढाळ समाप्त थइ ॥

## ॥ ढाल त्रीजी ॥

॥ मारी सहीरे समाणी ॥ ए देशी ॥

१ ।परें तुजथी समकीत फरस्युं, जेहथी भवजल तरसुंरे।
धन धन तुम सेवा ॥ एथी मन वंछित फल लेवा, ते करवा
मुज हेवा रे ॥ धन० ॥ १ ॥

अर्थ—जेथी संसारसमुद्रने तरी शकाय एवुं समकीत ते हे प्रभु ! तमारा आलंबनवडे करीने आ जीवे फरस्युं, ते समकीतथी मनवांछित फळ लेवाना मने हेवा एटले टेव पडी छे. ॥ १ ॥

तिहां कोइ देशविरति तस सरसी, सर्व विरति लहे हरषी रे
ध० मिच्छामयणकोद्रवा सरखुं, उपशम औषध परखुं रे ध.२

अर्थ—समकीतनी साथे हर्ष पामतो थको कोइ जीव देशविरति अने कोइ जीव सर्वविरति पण प्राप्त करे छे, मदनकोद्रवा (फोतरांवाळा कोद्रवा) सरखा मिथ्यात्वनां पुद्गलने स्वच्छ करवा माटे उपशमसमकीत ते औषधीतुल्य छे. ते माटे शतकबृहच्चूर्णिमां कह्यु छे के—उवसमसम्मदिठी । अंतरकरणे ठिओ कोइ ॥ देसविरयंपि लभइ । कोइ पमत्तापमत्तभावंमि ॥ १ ॥ २ ॥

जलवस्त्रादिकने दृष्टांते, तुज आगम कहे खांतेरे । ध० मिथ्यापुंजकरे त्रण शोधी, उपशम करी शुभ बोधीरे ।ध०।३।

अर्थ—हे प्रभु! तमारा आगम ( सिद्धांत ) खंतथी कहे छे के जळ अने वस्त्रादिकना दृष्टांते उपशमसमकीतरूपी शुभबोधवडे करीते जीव मिथ्यात्वना त्रण पुंज करे छे ॥ ३ ॥

शुद्धने अर्धविशुद्ध ते बीजो, अविशुद्ध एम त्रीजोरे । ध०उपशमथी पडिओ मनवामे, क्षायोपशमिक पामेरे ।ध० ॥४॥

अर्थ—ते शुद्ध अर्धशुद्ध थने अशुद्ध. ए त्रण पुंजमां उपशम-समकीत पामीने जीवना अध्यवसाय पतित थवाथी मिथ्यात्वना शुद्धपुंजनुं उदय आववुं. तेनुं नाम क्षायोपशमिक समकीत कहेवाय, वळी ते त्रण पुंज उपर जल अने वस्त्रना दृष्टांत छे, ते आवी रीते - शुद्ध पुंज ते निर्मलजल अथवा वस्त्र, अर्धशुद्धपुंज ते कांइंक मलिन जल अथवा वस्त्र, अने अशुद्धपुंज ते घणुंज मलिन जल अथवा वस्त्ररूप होय छे. तेमां कोद्रवानुं दृष्टांत आवीरीते के, फोतरांरहित कोद्रवां ते शुद्धपुंज, ते समकीत मोहनीरूप क्षायोपशमिकसमकीत, अर्धफोतरांसहित अर्धशुद्धपुंज ते मिश्रमोहनीना उदयवाळुं मिश्रसमकीत, अने सर्वथा फोतरांसहित अशुद्धपुंजनो उदय ते मिथ्यात्व कहेवाय. ते क्षायोपशमिकसमकीतरूप शुद्धपुंजने पामीने जीवना अध्यवसाय केवा थाय छे ? ते कहे छे ॥ ४ ॥

मिश्रतथा मिथ्यात्वने फरसे, करमग्रंथी इम हरषेरे । ध०
बीजुं क्षायोपशमिक कहीयें, उपशमपरि पण लहियेरे ।ध.।५।

अर्थ—त्यां क्षयोपशमथी पतित परिणाम थतां मिश्रपुंज अने मिथ्यात्वपुंजने फरसतो मिथ्यात्वी थाय, एम कर्मग्रन्थना मतवाळा कहे छे, हवे सैद्धांतिको एम कहे छे के अनादिमिथ्यात्वी जेम प्रथम उपशमसमकीत पामे छे, तेम बीजुं क्षायोपशमसमकीत पण पामे छे ॥ ५ ॥ ते आवीरीते—

मिथ्यापुंज करी त्रण निर्णय, कोइ अपूरव करणेरे । ध०
शुद्धपुंज तिहां वेदतो ज्ञानी जिनवचनामृतपानीरे ध० ।६।

अर्थ—कोइ जीव अपूर्वकरण करतोथको मिथ्यात्वना त्रण पुंज करे छे, अने तेमांथी ज्ञानवंत जीव जिनवचनामृतनुं पान करतोथको शुद्धपुंजना वेदनरूप क्षायोपशमिकसमकीत प्राप्त करे छे. ६.

उपशमपाम्याविण तुज नामे, क्षायोपशमिक पामे रे । ध०

यथाप्रवृत्तिकरणअग्रक्रमथी, अंतरकरणे तुजथी रे। ध०।७।
जे लहे उपशम भवजल तरवा, तस त्रण पुंज न करवा रे ध०

अर्थ—हे प्रभु ! तमारा नामस्मरणथी एवी रीते उपशमसमकीत पाम्याविनाज आ जीव क्षायोपशमिकसमकीत प्राप्त करे छे, वली जे जीव यथाप्रवृत्तिकरणआदि त्रण करणना अनुक्रमथी अंतरकरण करतोथको संसारसमुद्रथी तरवा माटे उपशमसमकीत प्राप्त करे छे, ते जीव त्रण पुंज करेज नहि ॥ ७ ॥ ते उपर दृष्टांत कहे छे—

आलंबन अलहंती ईयल, जिम संठाण न मूके रे ।ध०॥८॥
मिश्रपुंज अणलाभी उपशमे, तिम मिथ्यात्वे ढूके रे ।ध०उपशमसमकीतथी तेणे पडीओ, जइ मिथ्यागुण अडीयो रे ध. ९

अर्थ—इलिका चाले छे त्यारे पोताना आगला गात्रने पसारतीथकी प्राप्त थयेला स्थानके टेकावीने पाछलनुं गात्र उपाडे छे, पण अगाडी टेकानुं स्थानक न मळे तो पाछलनुं गात्र उपाडती नथी. ए दृष्टांते आ जीवे मिथ्यात्वना त्रण पुंज कर्या नथी, तेथी उपशमसमकीतनो काळ पूरो थतां मिश्रादिकपुंजने नहि पामतोथको मिथ्यात्वेज प्राप्त थाय छे. कह्युं छे के—आलंबणमलहंती। जह सठाणं न मुंचए इलिया ॥ एवं अकयतिपुंजो । मिच्छं चिय उवसमीएइ ॥ १ ॥ ८ ॥ ९ ॥

इम सिद्धांती निजमत खोले, कल्पभाष्य पण बोले रे । ध०
ते त्रण पुंजनुं संक्रम भाखुं, जिनवयणे मन राखुं रे ।ध०।१०।

अर्थ—एवी रीते सैद्धांतिको पोतानो मत जणावे छे. वली कल्पभाष्य पण तेमज कहे छे, हवे ते त्रणे पुंजनुं एकबीजामां केवीरीते संक्रमण थाय छे, ते जिनवचनमां मन राखीने कहे छे. ॥ १० ॥

मिथ्यादलिकथी पुद्गल खेंची, समकीत दृष्टी वेंचीरे । ध०
संक्रमावे समकीतमीसें, शुभपरिणामे हिंसेर ध० ॥ ११ ॥

अर्थ--मिथ्यात्वदलियानु जे पुंज छे तेमांथी पुद्गलोने खेंचीने समकीतदृष्टिजीव समकीत अने मिश्रपुंजमां वहेंचणी करी शुभपरिणामथी आनंद पामतोथको संक्रमावे छे. ॥ ११ ॥

समकीतदृष्टी मीस आकर्षी, समकीतमांहें हर्षी रे । ध०
संकरमावे मिथ्यादृष्टी, मिथ्यामां गुणभ्रष्टी रे ॥ ध० ।१२।
समकीत पुद्गल मिथ्यामांहें. पण मीसें नवि चाहे रे । ध०।

अर्थ—समकीतदृष्टी जीव मिश्रपुंजमांथी पुद्गळने आकर्षी (खेंचीने) हर्ष पामतोथको समकीतपुंजमां संक्रमावे, पण मिथ्यात्वपुंजमां संक्रमावे नहि, वळी गुणथी भ्रष्ट थयेलो मिथ्यादृष्टी जीव मिश्रपुंजमांथी पुद्गलने ग्रहण करी मिथ्यात्वपुंजमां संक्रमावे, पण समकीनपुंजमां संक्रमावे नहि, तेमज समकीतपुजमांथी ग्रहण करेला पुद्गलोने मिथ्यात्वमां संक्रमावे, पण मिश्रमां संक्रमावे नहिं ॥ १२ ॥ कह्यु छे के- मिच्छत्ता संकंती । अविरुद्धा होइ सम्ममीसेसु ॥ मीसाओ वा दोसुं । सम्मामिच्छं न उणमीसं ॥ १ ॥

मिथ्या खीण नहि छे जेहने. ते त्रण पुंज छे तेहने रे । ध० १३।
मिथ्या खीण थये दोय पुंजी मीसखये एकपुंजीरे ध० क्षायक
समकीत पुद्गलनाशे, जिन आगम इम भासे रे ॥ ध० ॥ १४ ॥

अर्थ--ज्यां सुधी मिथ्यात्वपुंज क्षय नथी थयुं त्यां सुधी त्रणे पुंज छे, मिथ्यात्व क्षय थाय त्यारे बे पुंज रहे, अने मिश्रपुज क्षय थाय त्यारे फक्त एक समकीतपुंज रहे छे, अनेज्यारे सघला पुंज नाश थाय त्यारे क्षायिकसमकीत प्राप्त थाय छे, एम जिनागम कहे छे. यदुक्तं कल्पभाष्ये-मिच्छत्तेमि अखीणे । तिपुंजी समदिठीणो नियमा ॥ खिणंमि उ मिच्छत्ते । दु एग पुंजीवखवगो वा ॥ १ ॥ १४ ॥

शोधितमयणकोद्रवास्थाने, समकीतपुद्गल माने रे । ध०
तेहने विरुध तैलादिक पाशे, शुद्धपणुं तस नाशेरे ध०।१५।

अर्थ—समकीतनां पुद्गलो ते शोधेला मदनकोद्रवातुल्य मनाय छे, अने ते शोधित कोद्रवाने वीरुद्ध तैलादिकनो पाश अडकवाथी तेनुं शुद्धपणुं नाश पामे छे. ॥ १५ ॥

तिमज कुशास्त्र कुतीर्थिकसंगे, तस किरिया मन रंगेरे।ध०
मिथ्यामिश्रित समकीत जाये,तत्क्षण मिथ्या थायरे ध.१६

अर्थ—जेवी रीते कुशास्त्र अने कुतीर्थिओनी संगतथी अने तेनी क्रियामां चित्त रंगाय थी मिथ्या–मिश्रित एटले पुद्गलिक-समकीत छे ते नाश पामे छे, अने जीव छे ते मिथ्यात्वी थइ जाय छे. ॥ १६ ॥

समकीतथी पडिओ जो पाछुं, वली समकीत लहे आछुंरे।ध०
ते त्रण पुंज करे तिहां पेरी, मिच्छअपूर्व वेरी रे ।ध०।१७।

अर्थ—समकीतथी पतित थया पछी फरीने सुंदर एवुं समकीत प्राप्त करे त्यारे फरीने त्रण पुंज करवा पडे, तेमां अपूर्वकरणे तेमज अनिवृत्तिकरणे प्राप्त थयोथको समकीतपुंजनो लाभ पामे. ते क्षायोपशमिकसमकीत पण कहेवाय. ॥ १७ ॥

अनिवृत्तिकरणबलें ते रसीओ, समकीतपुंजे वसीओरे।ध.
समकीतपरें,जिहां विरतीने पावे, आद्यकरण बे आवेरे।ध०॥
करण अपूरवकालने आगे, विरती लही तिहां जागेरे।ध.१८

अर्थ—अनिवृत्तिकरणना रसवदलथकी समकीतपुंजमां जीव प्राप्त थाय छे, हवे समकीतथी पतित थयो जेम फरी समकीत पामे छे, तेम विरतीथी पतित थइने फरी विरतीवंत थवुं होय तो तेने आद्यना बे करण करवा पडे छे, पण त्रीजा करणनी जरुर नथी,

बीजुं अपूर्वकरण करतोथको विरतीने प्राप्त करी जागृत थाय छे. पूर्वे कोइ वखते करेलुं न होय, ते अपूर्वकरण कहेवाय, अने आ तो ग्रंथीभेद वखते एकवार करेलुं छे, अने वली बीजीवार कराय त्यारे तेनुं नाम अपूर्व केम कहेवाय ? ते विषे कह्युं छे के-अपूर्वमिवापूर्वं स्तोकवारमेव लाभादितिवृद्धाः ॥ अर्थात् जे वस्तु थोडीवार प्राप्त थाय ते पण अपूर्वज कहेवाय छे. ॥ १८ ॥

अंतरमुहूरतमां तस लाधे, शुभपरिणामे वाधे रे। ध० उंचो
निय्यम नहिं तिहां कोइ, वृद्धि हाणी सम होइ रे। ध०॥ १९॥

अर्थ—विरतीथी पतित थयेलो प्राणी शुभपरिणामनी वृद्धि थवाथी अंतर्मुहूर्तमां, पण पाछी प्राप्त करी शके छे, अने ते कर्या पछी परिणाममां वृद्धि-हाणी होती नथी तो बन्ने प्रकारमां समभावे रहेवाथी कोइ प्रकारनुं उंचपणुं प्राप्त थतुं नथी ॥ १९ ॥

अनाभोग परिणामनी हाणे, गइ विरती नवी जाणी रे। ध०
अकृतकरणथको ते प्राणी, फिरी लहे विरती सुहाणीरे। ध. २०

अर्थ—अनाभोग एटले अणउपयोगे अध्यवसायनी हाणी थवाथी विरति अजाणपणे नाश पामे छे, अने ते फरीने पाछी कोइ पण करण कर्या विना प्राप्त थाय छे. ॥ २० ॥

आभोगें जे विरतीथी खसिया, तिमज मिथ्यागुणे वसियारे।
अंतरमुहूरतमां लहे आछी, जघन्यथकी फिरी पाछीरे। ध०। २१

अर्थ—आभोगे एटले उपयोगपूर्वक जो विरतिपतित थयेल होय अथवा समकीतपतित थइ मिथ्यात्वगुणठाणे प्राप्त थयेल होय तो जघन्यथी अंतर्मुहूर्तकालमां फरीने पूर्वे कहेला करण करतोथको प्राप्त करे छे. ॥ २१ ॥

उत्कर्षे बहुकाले भाषी, आद्यकरण छे साखी रे। ध० इणीपरे
कर्मप्रकृति वृत्तिमांहें, तिहां जोजो उच्छाहें रे। ध० ॥ २२॥

अर्थ—अने उत्कृष्टी रीते प्राप्त थवामां घणो काळ पण कह्यो छे, ते विषयमां प्रथमकरण साक्षीभूत छे, एवी रीते कर्मप्रकृतिनी वृत्ति एटले टीकामां कहेल छे, ते उत्साहथी जोइ लेवुं ॥ २२ ॥

कोइ विराधित समकीत पेरी, ते लहे मिथ्या वेरी रे। ध०
छठीनरकलगें ते जाय, समयमतें कहेवाय रे। ध० ॥२३॥

अर्थ—विराधितसम्यक्त्वी फरीने पाछो सम्यक्त्व पाम्यो थको काळ करीने छठो नरकसुधी जाय छे, एम सैद्धांतिको कहे छे. ॥२३॥

आउबंधविना उच्छाहें, फिरी समकीत अवगाहे रे। ध०
वैमानिकविण आउ न बांधे, कर्ममती मत सांधे रे। ध०२४

अर्थ—समकीत पतित थया पछी आयुबंध थया विना फरीने समकीत प्राप्त करे, तो ते जीव वैमानिकविना बीजुं कोइ आयुष्य बांधे नहि, एम कमग्रंथीको कहे छे. कहेल छे के,—सम्मत्तंमि उ लद्धे। विमाणवज्जं न बंधए आउ ॥ अहवन्न समत्त जहा। अहवन्न बंधाउ ओपुर्व्वि ॥ १ ॥

समकीत पतित कहे मत बांधे, उत्कृष्टी स्थिति बांधेरे। ध०
भिन्न ग्रंथीने आगम ज्ञाने, स्थिति उत्कर्ष न माने रे। ध०।२५

अर्थ—कर्मग्रंथिक मतवाळा कहे छे के समकीतपतित जीव कर्मनी उत्कृष्टी स्थिति बांधी शके छे, अने आगमज्ञानी (सैद्धांतिका) भिन्न ग्रंथी थये छते कर्मनी उत्कृष्टी स्थिति मानता नथी. कहेल छे के—सैद्धांतिकमते हिविराधितसम्यक्त्वे गृहीतेनापि सम्यक्त्वेन षष्ठ-पृथिवीयावत् कोऽप्युत्पद्यते. कार्मग्रंथीकाः—वैमानिकेभ्योऽन्यत्र नोत्पद्यते तेन गृहीतेनेत्युक्तं. प्रवचनसारोद्धारवृत्तौ—अवाप्तसम्यक्त्वश्च तत्परित्यागे. कार्मग्रंथिकाः—उत्कृष्टस्थितिः कर्मप्रकृतिर्बध्नाति. सिद्धांतिकाभिप्रायतस्तु भिन्नग्रंथेरुत्कृष्टः स्थितिबंध एव न स्यादिति.

इणीपरें भेद मतांतर जाणे, पण संदेह न आणे रे। ध०
निःशंकित तुज वयण आराधे, न्यायें तस गुण वाधे रे ध. २६

अर्थ—एवी रीते मतांतरोना भेद जाणे, पण संदेहयुक्त न थतां निःशंकपणे, हे प्रभु! तमारा वचनने आराधतो थको न्यायपूर्वक शिवसुख प्राप्त करे. ॥ २६ ॥ एवी रीते त्रीजी ढालनो अर्थ समाप्त थयो.

---

## ॥ ढाल चोथी ॥

॥ विनय वहा सुखकार, अथवा शालिभद्र भोगी रहो ॥ ए देशी ॥

दर्शन मोह विनाशथीजी, जे निर्मल गुणठाण। ते समकीत ओवे कह्युं जो, ते भवियण हित आण रे ॥ जिनजी तुज आणासुं रंग, मुझ न गमे मिथ्या संगरे ॥१॥ ॥ ए आंकणी ॥

अर्थ—दर्शनमोहनीयकर्मना विनाशथी आत्मानुं निर्मल गुणस्थानक प्रगट थाय छे. तेनुं नाम ओदे-समकीत कहेवाय, ते भविजोवने हितकारी छे. तेना भिन्न भिन्न प्रकार कहे छे, माटे हे जिनजी! तमारी आज्ञाने विषे मने रंग लाग्यो छे, तेथी हवे मिथ्यात्व-संग प्रिय लागतो नथी ॥ १ ॥

मिथ्यादर्शनमोहनीजी, उपशमी उपशम जाण ॥ धुर ग्रन्थीभेदें कह्युंजी, उपशमश्रेणी प्रमाणरे ॥ जि० ॥ २ ॥

अर्थ—मिथ्यादर्शनमोहनीकर्मनुं उपशमरूपे रहेवुं तेनुं नाम उपशम-समकीत कहेवाय, तेनुं स्वरूप प्रथम ग्रन्थीभेद वखते तथा उपशमश्रेणिए चढती वखते कहेल छे ॥ २ ॥

नाश उदीरग मिच्छनोजी, अनुदीरण सम ठाम । क्षय उपशमथी उपजे जी, क्षायोपशमिका नामरे ॥ जि० ॥३॥

अर्थ—मिथ्यात्वना त्रण पुंजमांथी शुद्ध पुंज मध्ये जे पुद्गलो होय तेमांथी उदीरणाने प्राप्त थयेला पुद्गलोने उदीरीने जीव क्षय करतो जाय, अने उदीर्ण अप्राप्त पुद्गलोने उपशमावतो जाय, एम उभय प्रकार होवाथी तेनुं नाम क्षायोपशमिकसमकीत कहेवाय. ३.

त्रिविध मोह विनाशथीजी, त्रीजुं क्षायिक नाम ॥ क्षपकश्रेणी चढतां हुएजी, जेहथी शिवपुर ठामरे ॥ जि० ॥४॥

अर्थ--शुद्ध, मिश्र, अने अशुद्ध, ए मिथ्यात्वना त्रणे पुंजनो विनाश थवाथी त्रीजुं क्षायिकसमकीत प्राप्त थाय छे, तेना बळथी क्षपकश्रेणिए चडतो थको जीव मुक्तिपुरीनुं स्थानक पामे छे. ॥४॥
हवे ते त्रणे समकीतनुं कइंक विशेष स्वरुप कहेवाय छे.

विपाकप्रदेशे वेदवाजी, द्विविध उदय विष्कंभ । उपशमतुं तेहने कहेजी, आगममां थिरथंभरे ॥ जि० ॥ ५ ॥

अर्थ--मिथ्यात्वना शुद्ध पुंजना पुद्गलो विपाक अने प्रदेश ए बन्ने प्रकारथी जीवने वेदवापणुं विष्कंभ एटले स्तंभित ( अटकेलुं ) थएलुं छे जेने विषे, तेनुं नाम हे जिनेश्वर ! आगमने विषे तमे उपशमसमकीत कहेलुं छे. ॥ ५ ॥ कहुं छे के उदीर्णस्य मिथ्यात्वस्य क्षये सत्यनुदीर्णस्योपशमे विपाकप्रदेशवेदनरुपस्य द्विविधस्याप्युदयस्य विष्कंभणेन निर्वृत्ति, उपशमिकं तदोपशमिकं सम्यक्त्वं द्विधा ग्रन्थिभेदसंभवमुपशमश्रेणिसंभवं च ग्रन्थिभेदसंभवं प्रसिद्धं, उपशमश्रेणिसंभवं सम्यक्त्वं श्रीजिनभद्रगणिप्रणितगाथाभिरेव बोध्यं.

नाश विपाकोदयथकीजी, वेदन तेहनुं नाम । उपशम ते नवि संभवेजी, क्षायोपशमिक ठाम रे ॥ जि० ॥ ६ ॥

अर्थ—मिथ्यात्वना त्रण पुंजमांथी मिश्र तथा अशुद्ध, ए बे पुंजनो विपाकोदय नाश थयो होय, अने शुद्ध पुंजनो विपाकोदय होय. तेनुं नाम उपशमसमकीत संभवे नहि, पण ते क्षायोपशमिक समकीतने स्थानके कहेवाय. ॥ ६ ॥

मिथ्या पुद्गल वेदवाजी, शुद्ध अशुद्ध तिहां दोय । वि-
पाकप्रदेशोदयथकीजी, अनुक्रमे समजो जायरे ॥जि०॥७॥

अर्थ—ते क्षायोपशमिकसमकीतमां मिथ्यात्वना शुद्ध अने अशुद्ध ए बन्ने पुद्गल अने उपलक्षणथी मिश्रपुद्गल पण वेदवाना होय छे. तेमां शुद्धपुद्गल विपाकोदय होय, अने मिश्र तथा अशुद्धपुद्गलो प्रदेशोदय होय छे. ॥ ७ ॥ हवे चोथुं वेदक समकीत तेनु स्वरुप कहे छे-

अण चउ दुग मिथ्यातणाजी, पुंज खपावीरे होय । शुद्ध
पुंज खपतां तिहांजी, अंतिम पुद्गल होयरे ॥ जि० ॥८॥

अर्थ—अनंतानुबंधियानी चोकडी, अने मिथ्यात्वनां बे पुंज, ए छ प्रकृति खप्यापछी शुद्धपुंज सातमी प्रकृति समकीतमोहनीरुप छे, ते खपतां तेनुं अंतिम एटले छेल्लुं पुद्गल खपतुं (वेदातुं) होय त्यारे शुं कहेवाय ? ते कहे छे ॥ ८ ॥

तस वेदन तेने कह्युंजी, वेदक चोथुंरे नाम । उपशम व-
मतां पांचमुंजी, सास्वादन गुण धामरे ॥ जि० ॥ ९ ॥

अर्थ—ते अंतिम पुद्गलनुं जे वेदवुं तेनुं नाम वेदकसमकीत ए चोथुं छे. कहेल छे के-सम्मत्तचरमपुग्गल । अणुभवणा वेयगं विंति ॥ हवे उपशमसमकीत वमतांथकां एटले त्यांथी पडतांथकां सास्वादन नामनुं पांचमुं समकीत गुणगृहरुप होय छे. ॥ ९ ॥ कहेल छे के-उवसमसम्मत्ताओ । चयओ मिच्छं अपायमाणस्स ॥ सासायणसम्मत्तं । तयतरालं मिछावलिया ॥ ९ ॥

अंतरमुहूरत एकनीजी, उपशम स्थिति उवेख । उत्कर्ष
षट आवलीजी, जघन्य समय होय शेषरे ॥ जि०॥१०॥
अशुद्धपुंज जावा तणीजी, इच्छायें तिहां तास । अणक-
साय उदयें हुएजी, जेउपशम नाशरे ॥ जि० ॥ ११ ॥

अर्थ--उपशमसमकीतनी स्थिति एक अंतर्मुहूर्तनी छे, ते मध्ये उत्कृष्टो छ आवली अने जघन्यथी एक आवलीनो काल बाकी रहे, त्यारे जो ने सम्यक्त्वमां अभावबुद्धि थाय, ते वखते अशुद्धपुंजमां जावानी इच्छा करतोथको अनंतानुबंधीआना कषायनो उदय थवाथी उपशमसमकीतनो नाश करे ॥ १० ॥ ११ ॥

उपशमथी पडतांथकांजी, न गयो मिथ्यारे भाव ॥
तावत् सास्वादन कह्युंजी, उपशम स्वाद सहाव रे । जि०१२

अर्थ—एवी रीते उपशमसमकीतथी पडतोथको ज्यां सुधी मिथ्यात्वमां प्राप्त थयो नथी त्यांसुधी समकीतना स्वादवाळुं सास्वादनसमकीत कहेवाय. ॥ १२ ॥

अंतरमुहूरत कालनीजी, उपशमस्थिति गुणखाण ॥
सास्वादन षट आवलीजी, वेदक समयप्रमाण रे ।जि०।१३।
स्थिति सागर तेत्रीसनीजी, साधिक क्षायक जाण ॥
बमणी स्थिति तेहथी कहीजी, क्षायोपशमिक ठाणरे जि.१४

अर्थ--गुणनी खाण एवा उपशमसमकीतनी स्थिति अंतर्मुहूर्तनी छे, सास्वादननी छ आवलीनी, वेदकनी एक समयनी, क्षायिकसमकीतनी तेत्रीस सागरोपम झाझेरी, अने क्षायोपशमिकसमकीतनी छासठ सागरोपम झाझेरी स्थिति छे. ए उत्कृष्टुं काळ-मान कह्युं. ॥ १३ ॥ १४ ॥ कहेल छे के-अंतमुहुत्तोवसमो । छावलि सासाण वेयगो समओ ॥ साहिय तित्तीसायर । खइओ दुगुणो खओवसमो ।१।

उपशम सास्वादन कहुंजी, आभव वेलारे पंच ॥ वेदक एकवेला हुयेजी, तिमहिज क्षायक संचरे ॥ जि० ॥ १५ ॥
वार असंख उत्कर्षथी जी, क्षायोपशमिक होय ॥ हवे तस गुणठाणा कहुंजी, सांभलजो सहु कोय रे । जि० ॥ १६ ॥

अर्थ—आ भवचक्रमां उपशम अने सास्वादनसमकीत पांचवार प्राप्त थाय छे, वेदक अने क्षायिकसमकीत एकजवार प्राप्त थाय छे, अने वारंवार परिणामना उत्कर्षथी क्षायोपशमिकसमकीत असंख्यातीवार आवे छे, कहेल छे के-उक्कोसं सासायण । उवसमिया हुंति पंचवाराओ ॥ वेयग खइगा इक्कसि । असंखवारा खओवसमो ॥१॥ हवे आ पांचे समकीतो कया कया गुणठाणामां होय, ते कहेवाय छे, ते सर्व कोइ सांभळजो ?

उपशम अडगुण ठाणमांजी, अविरत गुण पदरेख ।
क्षायिक गुणठाणे सवेजी, आदिम त्रण विणशेष रे। जि० १७
अविरति गुणठाणा थकीजी, जावत सत्तम ठाण ॥ एक वेदक बीजुं इहांजी, क्षायोपशमिक जाण रे । जि० ॥१८॥
सासायण सासायणेजी, भाखे अंग उवंग ॥ न्याये शिवसुख ते लहेजी, जश तुज आण अभंग रे । जि० ॥ १९ ॥

अर्थ—उपशमसमकीत अविरति एटले चोथा गुणठाणाथी मांडीने अग्यारमासुधी आठ गुणठाणमां होय छे, अने क्षायिकसमकीत प्रथमना त्रण गुणठाणा मूकीने शेष सघला गुणठाणमां होय छे. वेदक अने क्षायोपशमिकसमकीत ए बन्ने चोथाथी मांडीने सातमासुधी चार गुणठाणामां होय छे. सास्वादनसमकीत बीजा सास्वादन गुणठाणेज होय छे, एम अंग अने उपांगमां कहेल छे, वली सम्यक्त्वस्तव (समकीत पच्चीसी) मां पण कह्युं छे के-बीयगुणे सासाणो । तुरियाइसु अठिगार चउ चउसु ॥ उवसमग खइग वेयग । खाओ-

वसमा कमा हुंदि ॥ १ ॥ एवी रीते समकीतना स्वरूपपूर्वक हे प्रभु ! तमारी अखंडआणा संपादन करे ते प्राणी न्याये क्रमाने शिव-सुख प्राप्त करे छे. अहीं कर्ताए पोतानुं (न्यायसागरजी) नाम सूचवी आपेल छे ए रीते चोथी ढाल समाप्त थइ.

---

## ॥ ढाल पांचमी ॥

### ॥ शासन ताहारुं अति भलुं ॥ ए देशी ॥

**धन धन शासन ताहेरुं, माहेरुं जिहां मन लीन रे। क्षण पण तसविण नवि रहे, जिम जलभर मीन रे। ध० ॥१॥**

अर्थ—जलना समूहविना मत्स्य जेम क्षणवार रही शके नहि तेम मारुं मन धन्य एवा तमारा शासनमां लीन थयुंथकुं ते विना क्षणवार रही शके नहि. ॥ १ ॥

**देशविरति दरसनथकी, पलिय पुहुत्तमां जाणी रे। अनु-क्रमें चरणश्रेणी बेहुं, संख्यसायर गुणखाणी रे। ध० ॥२॥**

अर्थ—दर्शन एटले समकीत फरसतो वखते जे कर्मनी स्थिति रही हती, तेमांथी पृथक्त्व पल्योपम एटले बेथी नव पल्योपम स्थिति न्यून थाय त्यारे जीवने देशविरति एटले श्रावकनां व्रत प्राप्त थइ शके. अने तेमांथी संख्याता सागरोपमनी स्थिति न्यून थाय त्यारे सर्वविरतिपणुं प्राप्त थाय, अने तेमांथी संख्याता सागरोपमनी स्थिति न्यून थाय त्यारे उपशमश्रेणि पडिवज्जे, अने तेमांथी संख्याता सागरोपमनी स्थिति न्यून थाय त्यारे जीव क्षपकश्रेणी पडि-वज्जे एटले अंगीकार करे. ॥ २ ॥ कह्युं छे के-सम्मत्तंमि उ लद्धे । पलियपुहुत्तेण सावगो हुज्जा ॥ चरणोवसम खयाणं । सायर संखंतराहुंति ॥ १ ॥

ते हिज भवे हुवे तेहने, जेहने सत्तगखीण रे ।
तिय चउ भव उत्कर्षथी, पुव्वबद्धाउने पीण रे । ध० ॥ ३ ॥

अर्थ—जे जीवे सत्तगखीण एटले अनंतानुबंधीयानी चोकडी. समकीतमोहनी मिश्रमोहनी अने मिथ्यात्वमोहनी, ए सात प्रकृती क्षीण करी होय ते जीवने तेहीज भवे मोक्ष थाय छे. वली पूर्वे आयुष्यकर्मनो बंध पड्यो होय ते जीवने उत्कृष्टा त्रण अथवा चार भव करवा पडे छे, पंचसंग्रहादिकमां कहेल छे के-तइय चउत्थे तम्मिय । भवंमि सिज्झंति दंसणे खोणे ॥ ३ ॥

बद्धायु सुर नरकनुं, तेहने तियभव तंत रे ।
आयु असंख्य नरतिरितणुं, तसपण चउभवें अंत रे।ध०।४।

अर्थ—जे जीवे देवना अथवा नारकीनुं आयुष्य पूर्वे बांधेलुं होय, अने पछीथी क्षायिकसमकीत प्राप्त करे तो तेने त्रीजे भवे मोक्षप्राप्ति थाय, अने जे जीवे असंख्याता आवखावाळा युगलीया नर कहेतां मनुष्य अने तिर्यचनुं पूर्वे आयुष्य बांध्युं होय अने पछीथी क्षायिकसमकीत पामे तो ते अवश्य चोथे भवे मोक्षे जाय, कहेल छे के-जं देव नर असंखा । उ चरमदेहेसु ते हुंति ॥ ४ ॥

समकीतस्थिति होए ओघथी, अंतरमुहूरत एक रे ।
साहिय खओवसमासिरी, सायर छासठि छेक रे। ध०।५।

अर्थ--ओघे समकीतनी स्थिति एक अंतरमुहूर्तनी कही छे, अने क्षायोपशमिकसमकीत आश्रयीने एक जीवनी अपेक्षाए छासठ सागरोपम झाझेरी स्थिति कही छे. ॥ ५ ॥

इग अथवा बहु आश्रयी, दरशननो उपयोग रे ।
जघन्य उत्कृष्टथकी कह्यो अंतरमुहूरत भोग रे। ध० ॥६॥

अर्थ-एक अथवा बहु जीव आश्रयी दर्शन एटले समकीतनो

उपयोग जघन्यथी अथवा उत्कृष्टथी पण एक अंतर्मुहूर्त भोगववा-रूपे होय छे. अर्थात् उपयोगरूप समकीत ते अंतर्मुहूर्तकालसुधीज रही शके छे. ॥ ६ ॥

दर्शनलब्धि शुभ सुरलता, क्षायोपशमादिकरूप रे ।
अंतरमुहूरत माननी, जघन्यथी कहे जिनभूप रे । ध० ॥७॥

अर्थ–हवे शुभ कल्पवेली समान जे दर्शनलब्धि (सम्यक्त्वनी लब्धि) क्षायोपशमादिकरूपे जघन्यथी अंतर्मुहूर्तकालनी जिनेश्वर भगवान कहे छे. ॥ ७ ॥

छासठ सायर सविमली नरभवाधिय उत्कृष्ट रे ।
तेहथी ऊर्द्ध जो नवि दीए, समकीतरयणने पृष्ट रे । ध०।८।
ते निश्चय शिव-पद लहे, ए एक जीवने योग रे ।
जीव नानाश्रित सर्वदा, दरशननो उपयोग रे । ध० ॥९॥

अर्थ—अने उत्कृष्टी सर्व मलीने छासठ सागरोपम ते उपर मनुष्यभव अधिक कही छे, अर्थात् लब्धिरूप सम्यक्त्व जघन्यथी अंतर्मुहूर्त अने उत्कृष्टुं छासठसागरोपम झाझेरो काल रहे छे, ते काळने ओलंगीने जो जीव समकीतरत्नने पीठ न आपे, अर्थात् समकीतपतित न थाय तो ते जीव निश्चे शिवपद एटले मोक्ष प्राप्त करे छे. आ वात एक जीव आश्रयी कही छे, अने नानाजीव आश्रयी सदाकाळ दर्शननो उपयोग एटले समकीत होय छे. ।९।

अंतरमुहूरत एवनुं, जघन्य अंतर मन आण रे । अर्ध पु-द्गल परावर्तनुं, तस उत्कृष्ट परिमाण रे । ध० ॥ १० ॥
जीव नानाश्रित नवि होए, समकीत अंतर लेश रे ।
तत्र आवश्यकवृत्तिमां, ए अधिक र विशेष रे । ध० ॥११॥

अर्थ--समकीत पामीने पतित थया पछी फरीने समकीत पामे ते वच्चेनो काळ ते अंतर कहेवाय, एवुं अंतर जघन्यथको एक

जीव आश्रयी अंतर्मुहूर्त होय, अने उत्कृष्टुं अंतर अर्धपुद्गलपरावर्तनकाल जेटलुं होय, अने नाना जीव आश्रयी तो समकीतनो अंतर लेश मात्र पण होय नहि, आ अधिकार आवश्यकनी वृत्ति एटले टीकामां विशेष कह्यो छे. वली समकीत पामीने पतित थया पछी उत्कृष्टुं जे अर्धपुद्गलपरावर्तनकाळ संसारमां भमे ते कोइ जीव प्रचुर आशातना आदी महापाप सेवे ते आश्रयीने कहेल छे. यदुक्तं-तित्थयरपवयणसुअं । आयरियं गणहरं महड्डिअं ॥ आसायंतो बहुसो । अणंतसंसारिओ होइ ॥१॥ ॥ ११ ॥

दशविध सहज उपदेशथी, उपशमप्रमुख जे पंच रे ।
अहव निसग्ग रुइ भेदथी, दशविध तस परपंच रे ।ध० १२।

अर्थ—पूर्वे कहेला उपशमप्रमुख पांचे समकीतो सहज एटले निसर्गथी अने उपदेश एटले अधिगमथी एम एकेकना बन्ने प्रकार करतां दशविध समकीत थाय छे, अथवा निसर्गआदि दश प्रकारनी रुचि ते पण समकीत कहेवाय, ते रुचिनो प्रपंच बतावे छे. ॥१२॥

निसग्गुवएअणारुइ, सुत्त बीयरुइ अभिराम रे ।
अभिगमाभोग किरियारुई, संखेव धम्मरुइ नाम रे।ध० १३

अर्थ—निसर्गरुचि १, उपदेशरुचि २, आगारुचि ३, श्रुतरुचि ४, मनोहर एवी बीजरुचि ५, अभिगमरुचि ६, आभोगरुचि ७, किरियारुचि ८, संक्षेपरुचि ९, अने धर्मरुचि १०, ए दशे रुचि पण समकीत कहेवाय. कह्युं छे के–निसग्गुवेएसरुइ । आणरुई सुत्त बीयरुइमेव ॥ अभिगमवित्थाररुइ । किरिया संखेव धम्मरुई ॥१॥

गुरुउपदेशविण सहेजथी, जिनवयणे परतीत रे । जेहने तेहते जाणजो, प्रथम निसर्ग रुचि रीत रे । ध० ॥ १४ ॥

अर्थ—गुरुना उपदेश विना स्वाभाविक जिनेश्वरना वचनमां विश्वास थाय ते निसर्गरुचि कहेवाय. ॥ १४ ॥

ते सवि गुरुउपदेशथी, सद्दहे जे जण आप रे। ते उपदेश-
रुचि नर कह्यो, इम तुज आगम थाप रे। ध० ॥ १५ ॥

अर्थ—गुरुमहाराजना उपदेशवडे जे मनुष्य सघलुं श्रद्धान करे ते उपदेशरुचिनर तमारा आगमने विषे स्थापन करेल छे. ॥१५॥

कारण प्रमुख अणजाणतो, मुख जिन आणज खेम रे।
तइय आणरुचि तुं कहे, माषतुषादिक जेम रे। ध० ॥१६॥

अर्थ—कारण प्रमुखने नहि जाणतां फक्त जिनेश्वरप्रभुनी आज्ञाज मने कल्याणकारी छे.॥ए मापतुषमुनिनी पेठे जे रुचि राखे, ते त्रीजी आज्ञारुचि कहेवाय. ॥ १६ ॥

सूत्र भणतो समकीत लहे, प्रसन्न परिणाम रे।
गोविंद वाचकनीपरे, ते श्रुतरुई नाम रे। ध० ॥ १७ ॥

अर्थ—आनंदपूर्वक सूत्रनो अभ्यास करतांथकां गोविंदवाचकनी पेठे जे समकीत प्राप्त करे तेनुं नाम श्रुतरुचि कहेवाय. ॥ १७ ॥

देशरुई खओवसमथी, सद्दहइ विस्तारी रे।
उदकमां तेलबिंदुपरं, बीयरुई भवतारी रे। ध० ॥१८॥

अर्थ—देशखओवसम एटले ज्ञाननो किंचित् क्षयोपशम थयो होय तेना बळथी जलमां तेलबिंदुनी पेठे ज्ञाननो अधिक विस्तार थइ जाय ते भवने तारवावाली बीजरुचि कहेवाय. ॥ १८ ॥

अभिगमरुई सुअनाणने, अरथथकी अवगाहे रे।
अंगपइन्न प्रमुख जे, शास्त्र सव्वे निरवाहे रे। ध० ॥१९॥

अर्थ—अंग, उपांग, पयन्ना प्रमुख सर्व शास्त्रनुं अवगाहन

करतां तेना सकल अर्थनो निर्वाह करी शके तेनुं नाम अभिगमरुचि कहेवाय. ॥ १९ ॥

द्रव्यना भाव जाण्या जिणे, सर्व प्रमाणे अशेष रे ।
सर्व नये तिम तस कह्युं, वित्थाररुई अकलेशरे । ध०।२०।

अर्थ—प्रत्यक्षादि सकल प्रमाणे करीने अने नैगमादि सकल नयवडे करीने धर्मास्तिकायादिक सर्व द्रव्यना भाव एटले परमार्थ अल्प प्रयासे जेणे जाण्या होय तेनुं नाम विस्ताररुचि एटले आभोगरुचि कहेवाय. ॥ २० ॥

दंसण नाण चारित वली, तिम तीन उत्तम काम रे ।
सुमति गुपति किरीया रुचे, ते किरियारुई नाम रे ।ध०।२१

अर्थ—दर्शन, ज्ञान अने चारित्र ए त्रण, तेमज वली सुमति, गुप्ति अने क्रिया, ए पण उत्तम एवा त्रणे काम जेने रुचे तेनुं नाम क्रियारुचि कहेवाय. ॥ २१ ॥

आगम कोविद नवि होवे, कुमय कुदिठी, वियुत्तरे ॥
संखेवरुई तेहने कह्या, जिम चिलात्तिपुत्तरे । ध० ॥२२॥

अर्थ-सिद्धांतने विषे कोविद एटले विचक्षण न होय, तेमज कुमत एटले मिथ्यामत अने कुदृष्टिथी वियुत् एटले रहित होय ते नर चिलातीपुत्रनी पेठे संक्षेपरुचि कहेवाय. ॥ २२ ॥

धम्म अधम्म प्रमुग्व दव्व, चरण सुअ धम्मना भेद रे ।
जे जिनभाषित सद्दहे, ते धम्मरुई निरवेद रे । ध० ॥२३॥

अर्थ--धर्मास्तिकाय, अधर्मास्तिकाय प्रमुख छ द्रव्य, तेमज चारित्रधर्म अने श्रुतधर्मना भेदो जे जिनेश्वरनां भाखेला सद्दहे, तेनुं नाम वैराग्ययुक्त धर्मरुचि कहेवाय. ॥ २३ ॥

ए दशविध दरशन कह्युं, उत्तराध्ययन मोझार रे ।
अध्ययने अडवीसमें, न्यायसागर सुग्वकार रे । ध० ॥२४॥

अर्थ-एवी रीते दश प्रकारनुं दर्शन एटले समकीत श्रीउत्तराध्ययनजीना अट्ठावीसमा अध्ययनमां मुखकर अने न्यायना समुद्र तुल्य अथवा स्तवनकर्ता न्यायसागरजी महाराजने मुखनुं करवावालुं कह्युं छे. ॥ ढाल पांचमी समाप्तः ॥

---

## ॥ ढाल छट्ठी ॥ कळश ॥

जड जल पण पोते सिंच्युं काट न बोले। तस संगति लोहुं, तेहने पण तस तोले॥ तेम हुं गुणहीणो, ता पण दास तुमारो। अवगुण उवेखी, प्रभुजी पार उतारो ॥ १ ॥

अर्थ—व्यक्त चेतनने अभावे जड एवुं जे जळ अर्थात् पाणी तें पोते सींचीने उत्पन्न करेला काष्टने बुडाडतुं नथी, एटलुंज नहि पण ते काष्टनी संगत करनार लोढां प्रमुखने पण बुडाडतुं नथी, अर्थात् तरवाना गुणथी रहित एवुं जे लोढुं तेणे मारावडे सिंचाइ पुष्ट करायेला काष्टनी संगत करी छे, एवुं मानी जडत्व एवा पाणीए तेने तारवामां कसुर कीधी नथी, तो हे प्रभु ! तमे तो चैतन्य अने सर्वज्ञ छो तो भले मारामां दुर्गुणो होय, तो पण तेने उवेखीने तमारे मने संसारसमुद्रमांथी तारवो जोइए. कारणके, हुं तमारो दास छुं. ॥ १ ॥

तुं गुणमणि दरिओ, उद्धरिओ जग जेणे। मुज कांइ न तार्यो, तुज संगति नहि तेणे ॥ अलगो तहिं विलगो,
तुं मुझ दिलथी देव अविचलपद आपो, ढीलतणी शी टेव।२

अर्थ—हे प्रभु ! तमे तो गुणरूपी मणीथी भरेला समुद्रसमान छो, कारणके आखा जगतनो तमे उद्धार करेलो छे, ते छतां मने

केम तार्यो नहि ? ते विषे विचार करतां खात्री थाय छे के खरेखर में तमारी संगत करी नथी ते मारोज वांक छे, पण तमारो कसुर नथी. वली हे प्रभु! तुं माराथी सात राजलोक दूर मुक्ति छे त्यां वस्यो छुं तो पण मारा दिलनी साथे चोंटेलोज छुं. त्यारे मने अविचलपद तुरतज तमारे आपवुं जोइए ? ते आपता नथी, आवी विलंब करवानी टेव ते तमारी केम पडी छे ? ॥ २ ॥

नहि तो मुझ दावे, नहि मुकुं करुं सोर। झाली दिल भींतर-घाली करशुं जोर। जाशो किम दीधा-विण शिव-सुख जिनराज। सहेजे जो देशो, तो रहेशे निज लाज।३।

अर्थ--एम करतां पण जो मुक्ति नहि आपो तो ज्यारे मारो दाव आवशे त्यारे शोर-बकोर करीने पण ते लीधाविना मुकवानो नथी, केमके ते वखते तमने पकडीने अमारा हृदयांतर घालीने जोरथी तमारा पासेथी लेशुं. त्यारे हे जिनेश्वर ! मोक्षसुख आप्या विना तमो अमारा अंतःकरणमांथी केवी रीते जइ शकशो ? माटे सहेज एटले महेनत कराव्याविना जो आपशो तो पोतानी आबरु रहेशे. ॥ ३ ॥

अविनय मुज खमजो, हुं छुं मूढ अजाण। करतां नवि आवे, विनतडी जिनभाण॥ बालक जेम बोले, कालो घेलो बोल, ते मात-पिता मन, लागे अमृत तोल ॥ ४ ॥

अर्थ-जेम अजाण एवो बालक माता-पिता पासे कालां घेलां वचन बोले छे, ते अमृत समान लागे छे, तेम हे सूर्यसमान जिनेश्वर ? बालकनी पेठे अजाण एवा मने विनंति करतां आवडती नथी, तो पण आप तेने अमृतसमान गणीने माराजेवा मूढ तरफथी जे अविनय उपली गाथामां थयो ते आप क्षमा करजो. ॥ ४ ॥

इणिपरे प्रभु स्तविओ,समकीत लेश विचारे। आगमअनुसारे,
मुझ मतिने अनुहारे॥संवतऋतुरसमुनि,चंद्रसंवत्सर जाणी
(१७६६) । भादरवा मासे, सीतपंचमो गुणखाणी ॥ ५ ॥

अर्थ—एवी रीते विक्रमसंवत् १७६६ ना भादरवा शुद ५ ने दिवसे सिद्धांतने अनुसारे मारी मतिपूर्वक समकीतना किंचित् वर्णन सहित श्रीमहावीरस्वामीनी स्तवनारूप आ स्तवन रच्युं. ॥५॥ कया गच्छाधिपतिना वखतमां अने कोणे रच्युं ते कहे छेः—

श्रीतपगच्छनायक, श्रीविजयरत्नसूरींद् ।
सुरगुरु जस आगल करजोडे मतिमंद॥ तस राजे पंडित,
उत्तमसागर शिष्य कहे न्यायसागर,प्रभु पूरो संघजगीस।६

अर्थ—मतिमंद एवो बृहस्पति पण जेना आगल हाथ जोडे छे, एवा श्रीतपच्छाधिराज विजयरत्नसूरीश्वर महाराजना वखतमां पंडितशिरोमणि श्री उत्तमसागरजीना शिष्य न्यायसागरजी आ वीरप्रभुनी स्तवन करताथका कहे छे के हे प्रभु ! श्रीसंघनी जगीस एटले मनोवांछा पूर्ण करो ? ॥ ६ ॥

॥ शुभं भवतु ॥ कल्याणमस्तु ॥ श्रीरस्तुः ॥

॥ समाप्तोऽयं ग्रंथो गुरुश्रीमच्चारित्रविजयमुप्रसादात् ॥

समाप्त.

श्रीमद्देवेन्द्रसूरिकृत

# सिद्धपंचाशिका.

सिद्धं सिद्धत्थसुअं, नमिउं तिहुअणपयासगं वीरं ।
सिरि सिद्ध पाहुडाओ, सिद्धसरूवं कमवि वुच्छं ॥१॥

सिद्ध-सिद्ध, प्रसिद्ध
सिद्धत्थसुअं-सिद्धार्थ राजाना पुत्रने
नमिउं-नमस्कारकरीने
तिहुअण-त्रण भुवन (स्वर्ग, मृत्यु पाताळ
पयासगं-प्रकाशक
वीरं-महावीर स्वामीने
सिरिसिद्धपाहुडाओ-श्रीसिद्धप्राभृतमांथी
सिद्धसरूवं-सिद्धनुं स्वरूप
किमवि-कांइक
वुच्छं-कहीश

अर्थ—त्रण भुवनमां ( केवल ज्ञान वडे ) प्रकाश करनार, प्रसिद्ध सिद्धार्थ राजाना पुत्र श्री महावीर स्वामीने नमस्कार करीने श्री सिद्धप्राभृत थकी सिद्ध भगवाननुं स्वरुप कांइक कहीश. १.

विवेचन—'सिद्धत्सुअं' ए पदना अर्थ आवी रीते पण थया छे. सिद्ध एटले अचल छे अर्थ एटले जीवाजीवादि पदार्थो श्रुतमां द्वादशांगरुप सिद्धातमां जेना एवा वीर प्रभुने अथवा सिद्ध थया छे. ( मोक्षप्राप्ति रुप ) अर्थ जेमना एवा सुत एटले ( गणधरादि ) शिष्यो छे जेमने एवा वीर प्रभुने. अथवा सिद्धार्थ राजाना पुत्र महावीर स्वामीने नमस्कार करीने सिद्ध भगवाननुं स्वरुप कंइक एटले थोडामां-टुंकाणमां कहेशे. जेमणे बांधेलां कर्मोनो नाश कर्यो छे एटले आठे कर्म क्षय कर्या छे तेमने सिद्ध भगवान कहीए. १.

संतपयपरूवणया[1], दव्वपमाणं[2] च खित्त[3] फुसणा[4] य ।
कालो[5] अ अंतरं[6] तह, भावो[7] अप्पाबहुं[8] दारा ॥ २ ॥

| | | |
|---|---|---|
| संतपय-सत्पद छतुंपद | फुसणा-स्पर्शना | तह-तथा |
| परुवणया-प्ररुपणा | य-अने | भावो-भाव |
| दव्व पमाणद्रव्य प्रमाण | कालो-काल | अप्पाबहू-अल्प बहुत्व |
| खित-क्षेत्र | अंतरं-अंतर | दारा-द्वारो |

अर्थ—छतापदनी प्ररूपणा द्वार, द्रव्य प्रमाण द्वार, क्षेत्र द्वार, स्पर्शना द्वार, काल द्वार, अंतर द्वार तेमज भाव द्वार अने अल्प बहुत्व द्वार.

विवेचन—सिद्धने विषे निचेनां द्वार कहे छे-१ छता पदनी प्ररूपणा, २ द्रव्य प्रमाण एटले केटली संख्या मोक्षे जाय, ३ कया कया क्षेत्रमांथी ते त्रीजुं क्षेत्र द्वार, ४ सिद्धना जीवोने स्पर्शना केटली होय ते स्पर्शना द्वार, ५ काल द्वार, ६ ठुं अंतर द्वार, ७ भाव द्वार अने आठमुं अल्प बहुत्व द्वार. २.

एहिं अणंतरसिद्धा, परंपरा सन्निकरिस जुत्तेहिं ।
तेहिं विआरणिज्जा, इमेसु पनरससु दारेसु ॥ ३ ॥

| | | |
|---|---|---|
| एहिं-ए द्वारो वडे | सन्निकरिस-सन्निकर्ष | इमेसु-ए |
| अणंतरसिद्धा-अनंतर-सिद्ध | जुत्तेहिं-युक्त | पनरससु-पनर |
| | तेहिं-ते | |
| परंपरा-परंपरासिद्ध | विआरणिज्जा-विचार करवा योग्य | दारेसु-द्वारोमां |

अर्थ--ए आठ द्वार द्वाराए अनंतर सिद्धनो अने सन्निकर्ष युक्त नव द्वार वडे परंपरासिद्धनो आ (आगली गाथामां कहे छे ते) पंनर द्वारने विषे विचार करवो. ३.

विवेचन—आगली गाथामां कहेलां आठ द्वार वडे अनन्तरसिद्धो विचारवा. एक समयनुं पण अन्तर जेओने न होय ते अनन्तरसिद्ध एटले सिद्धत्वना प्रथम समयमां वर्तता अमुक विवक्षित समये सिद्ध थएला अने ते आठ द्वार साथे सन्नि-

कर्ष द्वार वधारतां नव द्वार वडे परंपरसिद्ध विचारवा. विवक्षित प्रथम समये जे सिद्ध थया तेनी अपेक्षाए तेना पूर्वना समये सिद्ध थयेला ते पर.ते पूर्व समये सिद्ध थनारथी तेनी पूर्वना समये सिद्ध ते परंपर एम पाछळ पाछळ कहेवुं. एवी रीते परंपराए सिद्ध ते परंपरसिद्ध. विवक्षित सिद्धत्व प्रथम समयथी पूर्वे पूर्वे द्वितीयादि समयथी अनन्ता अतीत अद्धामां (भूतकालमां) थइ गएला ते परंपर सिद्ध. तात्पर्य एके अनन्तर सिद्धमां अमुक एक समयनी अपेक्षाए विचारवु, अने परंपरसिद्धमां अमुक विवक्षित समयथी पूर्वे पूर्वे अनंता भूतकाल सुधीमां थइ गएला सिद्धोनी अपेक्षाए विचारवुं ते परंपरसिद्धने विषे सन्निकर्ष साथे नव द्वार कहेशे. सन्निकर्ष एटले संयोग सर्वगत अल्प बहुत्व विशेष.

१ २ ३ ४ ५ ६ ७ ८
खित्त काले गइ वेअ तित्थ लिंगे चरित्त बुद्धे य ।
९ १० ११ १२ १३ १४ १५
नाणोगाहुक्कस्से, अंतरमणुसमयगणण अप्पबहू ॥ ४ ॥

| | | |
|---|---|---|
| खित्ते-क्षेत्र | चरित्त-चारित्र | अंतर-अंतर |
| काले-काल | बुद्धे-बुद्ध | अणुसमय-अनुसमय, निरंतर |
| गइ-गति | नाण-ज्ञान | |
| वेअ-वेद | ओगाह-अवगाहना | गणण-गणणा |
| तित्थ-तीर्थ | उक्कस्से-उत्कर्ष | अप्पबहू-अल्पबहुत्व |
| लिंगे-लिंग | | |

अर्थ--(पूर्वे कहेला अनंतर तथा परंपरसिद्ध आ पंदर द्वारने विषे विचारवा तेनां नाम कहे छे ) १ क्षेत्र द्वार, २ काल द्वार, ३ गतिद्वार, ४ वेदद्वार, ५ तीर्थद्वार, ६ लिंगद्वार, ७ चारित्रद्वार, ८ बुद्धद्वार, ९ ज्ञानद्वार, १० अवगाहना द्वार, ११ उत्कर्षद्वार, १२ अंतरद्वार, १३ अणुसमयद्वार, १४ गणणाद्वार, १५ अल्पबहुत्वद्वार.

**विवेचन—**

१ क्षेत्रद्वार-त्रण प्रकारे, उर्ध्व, अधो अने तीर्छा.

२ कालद्वार-बे प्रकारे उत्सर्पिणी अने अवसर्पिणी रुप.

३ गतिद्वार-चार प्रकारे नारकी तिर्यंच मनुष्य अने देवता.

४ वेदद्वार-त्रण प्रकारे स्त्रीवेद, पुरुपवेद, नपुंसकवेद.

५ तीर्थद्वार-बे प्रकार तीर्थंकरनुं तीर्थ, तीर्थंकरीनुं तीर्थ.

६ लिंगद्वार-बे प्रकारे द्रव्यथी अने भावथी, द्रव्यलिंग त्रण प्रकारे-१ गृहस्थलिंग, २ अन्यलिंग, ३ स्वलिंग.

७ चारित्रद्वार-पांच प्रकारे सामायिक, छेदोपस्थापनीय, परिहार विशुद्धि, सूक्ष्मसंपराय, यथाख्यात.

८ बुद्धद्वार-चार प्रकारे बुद्धबोधित, बुद्धीबोधित, स्वयंबुद्ध अने प्रत्येक बुद्ध.

९ ज्ञानद्वार-पांच प्रकारे मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यव अने केवळज्ञान.

१० अवगाहनाद्वार-त्रण प्रकारे जघन्य अवगाहना, उत्कृष्ट अवगाहना अने मध्यम अवगाहना.

११ उत्कर्षद्वार-चार प्रकारे अनंतकालथी सम्यक्त्वथी पडेल, असंख्यातकालथी पडेल, संख्यातकालथी पडेल अने समकितथी नहि पडेल.

१२ अंतरद्वार-सिद्ध थया पछी केटलुं अंतर पडे.

१३ अणुसमय-एटले निरंतरपणे केटला समय सुधी सीझे.

१४ गणनाद्वार-केटला सीझे तेनी गणतरी.

१५ अल्पबहुत्वद्वार-ओछा वत्ता कोणकोणथी ओछा अथवा वधारे ते.

खित्ति तिलोगे १ काले, सिज्झंति अरेसु छसुवि संहरणा।
अवसप्पिणि ओसप्पिणि,दुतिअरगे जम्मु तिदुसु सिवं२॥५॥

| | | |
|---|---|---|
| खित्ति-क्षेत्रद्वारे | छसुवि-छएमां पण | दुति अरगे-बीजा अने त्रीजा आरामां |
| तिलोगे-त्रणलोकमां | संहरणा-संहरणथी | जम्मु-जन्म |
| काले—कालद्वारे | अवसप्पिणि—अवसर्पिणी | तिदुसु·त्रीजा अने बीजामां |
| सिज्झंति सीझे छे, मोक्षे जाय छे. | | |
| अरेसु-आराओमां | ओसप्पिणी-उत्सर्पिणी | सिवं-मोक्ष |

अर्थ—क्षेत्रद्वारे त्रणे लोकमां, कालद्वारे विचारतां संहरणथकी छए आरामां अने जन्मथी अवसर्पिणीना बे आराना जन्मेला त्रण आरामां अने उत्सर्पिणीना त्रण आराना जन्मेला बे आरामां मोक्षे जाय छे. ५.

विवेचन—प्रथम सत्पदद्वारने विषे क्षेत्रादि पंदर द्वारोमां अनंतरसिद्ध जीवो विचाराय छे.

१. क्षेत्रद्वार-क्षेत्र ते त्रण लोक ऊर्ध्व, अधो अने तिर्यक्. तेमां ऊर्ध्वलोके पंडकवनादिमां, अधोलोके अधोलौकिक गामोमां, अने तीर्छालोके मनुष्यक्षेत्रमां सिद्ध थाय छे. संहरणथी नदी, समुद्र अने वर्षधर पर्वतो वगेरेमां सिद्ध थाय छे.

२. कालद्वार-काल ते उत्सर्पिणी अने अवसर्पिणी रुप. तेमां संहरणथी छए आरामां सीझे. कारणके महाविदेहमां हंमेशां सुखम-दुःखमा रुप एकज आरो सदावर्ते. अने त्यां हंमेशां मोक्षगमन होवाथी त्यांथी संहरण कराया छतां तेओ भरतादिक क्षेत्रमां जे आरो वर्ततो होय तेमां सीजता होवाथी छए आरामां मोक्षगमन छे. अने जन्मथी तो चरमशरीरीनो जन्म अवसर्पिणी कालमां निश्चे त्रीजा अने चोथा आरामां थाय अने सिद्धिगमन ते बे आरामां अने केटलाकने जंबूस्वामीनी जेम पांचमा आरामां पण थाय. माटे मोक्षगमन त्रण आरामां उत्सर्पिणीमां तो बीजा त्रीजा अने चोथा आरामां जन्म

अने मोक्षगमन त्रीजा अने चोथा ए बे आरामां तीर्थंकर उत्सर्पिणी अने अवसर्पिणीमां जन्म अने सिद्धिगमन सुखमदुःखमा अने दुःखमसुखमा रुप बे आरामां. तेमने संहरणनो अभाव होवाथी अधोलौकिक ग्रामोमां अथवा पंदर कर्मभूमिमां सिद्धिगमन छे. ॥ ५ ॥

चउगइ आगय नरगइठिय सिव३ वेयतिग४ दुविह तित्थे५वि
गिहि-अन्न-सलिंगेसु अ ६, चरणे अहक्खाइ वट्टंता ॥६॥
ति चउ पण पुव्वि तिचरण,जिणा७सयं बुद्धि-बुद्ध-पत्तेया ।८।
दु-ति-चउनाणा ९ लहुतणु, दुहत्थगुरुप णधणुसयाओ १०।७

| | | |
|---|---|---|
| चउगइ-चारगतिथी | चरणे-चारित्र | बुद्ध-बुद्धबुद्ध |
| आगय-आवेला | अहक्खाइ-यथाख्यात | पत्तेया-प्रत्येकबुद्ध |
| नरगइ-मनुष्यगति | वट्टंता-वर्तता | नाणा-ज्ञानी |
| ठिय-रहेला | ति-त्रण | लहु-लघु, नानु |
| तिग-त्रण | चउ-चार | तणु-शरीर |
| दुविह-बे प्रकारना | पण-पांच | दुहत्थ-बे हाथ |
| गिहि-गृहस्थ | पुव्वि-पूर्वे | गुरु-उत्कृष्ट |
| अन्न-अन्यलिंग | जिणा-जिन | पण धणु सयाओ-पांचसे धनुष्य |
| सलिंग-स्वलिंग | सयं-स्वयंबुद्ध | |
| | बुद्धि-बुद्धीबुद्ध | |

अर्थ—३ गतिद्वारे चारे गतिमांथी आवेला मनुष्य गतिमां रहेला ४ वेदद्वारे त्रणे वेदमांथी आवेला ५ तीर्थद्वारे बन्ने प्रकारना तीर्थने विषे. ६ लिंगद्वारे गृहस्थलिंग, अन्यलिंग अने स्वलिंग ए त्रण लिंगमांथी ७ चारित्रद्वारे यथाख्यात चारित्रमां वर्तता. ६ ते भवमां पूर्वे अनुभवेलां त्रण चार अने पांच चारित्रवाळामांथी अने जिन तो त्रण चारित्रमांथी. ८ बुद्धद्वारे स्वयंबुद्ध, बुद्धिबुद्ध अने प्रत्येकबुद्ध. ९ ज्ञानद्वारे (ते भवमां पूर्वे अनुभवेलां) बे, त्रण अथवा चार ज्ञानीमांथी. १० अवगाहनाद्वारे जघन्यथी बे हाथनी अने उत्कृष्टथी पांचसो धनुष्यनी अवगाहनावाळा. ७

विवेचन—३ गतिद्वार-गतिचार-नारकी, तिर्यंच, मनुष्य अने देवता सामान्ये चारे गतिमांथी आवेला सीझे. विशेषथी नरक गतिनी अपेक्षाए प्रथमनी चार नरकथी आवेला. तिर्यग्गतिनी अपेक्षाए पृथिवीकाय, अपकाय, वनस्पतिकाय अने पंचेन्द्रितिर्यंच-मांथी. आवेला मनुष्यगतिनी अपेक्षाए स्त्री पुरुष अने नपुंसकमांथी देवगतिमां चारे निकायना देवतामांथी तीर्थंकर तो देवगति अने नरकगतिमांथी वारोवार आवेला सीझे. तेमां नरकथी तो प्रथमनी त्रण नरकथी आवेला अने देवताथी तो वैमानिकदेवथी आवेला बीजा नहि. वर्तमाननयने आश्रीने मनुष्यगतिमां रहेलाज मोक्ष पामे.

४ वेदद्वार—वेद त्रण स्त्री, पुरुष अने नपुंसक. प्रत्युत्पन्ननयने आश्रीने अवेदीज सीझे. ते भवमां पूर्वे अनुभवेल वेदनी अपेक्षाए अने बाह्य आकारमात्रनी अपेक्षाए त्रणे वेदमांथी तीर्थंकर तो स्त्री-वेद अने पुरुषवेदे वर्तता सीझे.

५ तीर्थद्वार—तीर्थ बे प्रकारे:—तीर्थंकरे प्रवर्तावेल अने तीर्थंकरीए प्रवर्तावेल बंने तीर्थमांथी सीझे.

६ लिंगद्वार -लिंग बे प्रकारे. द्रव्यथी अने भावथी. द्रव्यलिंग त्रण प्रकारे:-गृहस्थलिंग, अन्यलिंग अने स्वलिंग. ए त्रणे लिंगे सीझे. अने संयमरुप भावलिंगनी अपेक्षाए तो स्वलिंगेज.

७ चारित्रद्वार—चारित्र पांच प्रकारे:—सामायिक, छेदोपस्थाप-नीय, परिहारविशुद्धि, सूक्ष्मसंपराय अने यथाख्यात. तेमांथी क्षायिक यथाख्यात. चारित्रमां वर्तताज सीझे. ते भवमां पूर्वे अनुभवेला चारित्रनी अपेक्षाए त्रण, चार अथवा पांच चारित्र पामीने सीझे. एटले केटलाक सामायिक, सूक्ष्मसंपराय अने यथाख्यात ए त्रण; केटलाक सामायिक, छेदोपस्थापनीय, सूक्ष्मसंपराय अने यथाख्यात ए चार; केटलाक सामायिक, परिहार-विशुद्धि, सूक्ष्मसंपराय अने

यथाख्यात ए चार: अने केटलांक उपर कहेला पांचे चारित्र पामीने सीझे. तीर्थंकर तो सामायिक, सूक्ष्मसंपराय अने यथाख्यात ए त्रण चारित्र पामीने सीझे.

८. बुद्धद्वार चार प्रकारेः-स्वयंबुद्ध, बुद्धिबुद्ध, बुद्धबुद्ध अने प्रत्येकबुद्ध ए चारेमांथी सीझे. स्वयं एटले बाह्य हेतु विना जातिस्मरणादि पामीने बोध पामेला ते स्वयंबुद्ध. मल्लिस्वामीनी अथवा सामान्य स्त्री ते बुद्धी तेमनाथी बोध पामेल ते बुद्धिबुद्ध आचार्यदिक ते बुद्ध तेमनाथी बोध पामेला ते बुद्धबुद्ध अने प्रत्येक एटले कांइक बाह्य हेतु जोइने बोध पामेला ते प्रत्येक बुद्ध.

प्रत्येक बुद्ध अने स्वयंबुद्धमां बोधि, उपधि, श्रुत अने लिंगवडे भेद छे. ते आवी रीतेः-स्वयंबुद्ध बाह्य हेतु विना जातिस्मरणादिथी बोधि पामे अने प्रत्येकबुद्धवृषभादिक बाह्य हेतु पामीने बोधि पामे. तेथी ते प्रत्येक एटले जुदा विहार करे पण गच्छवासीनी पेठे साथे नहि. स्वयंबुधने पात्रादिक बार प्रकारनी उपाधि होय अने प्रत्येक बुधने जघन्यथी रजोहरण अने मुहपत्ति रुप बे प्रकारनी अने उत्कृष्टथी प्रावरणवर्ज्जीने नव प्रकारनी उपधि होय. स्वयंबुधने पूर्व भणेलुं श्रुत होय अथवा न पण होय. जो होय तो देवता लिंग अर्पे अथवा गुरु पासे अंगीकार करे, जो एकलो विहार करवा समर्थ होय तो अथवा एवी इच्छा थाय तो ते एकल्गा विहार करे नहि तो गच्छमां रहे, जो पूर्वाधीत श्रुत न होय तो निश्चे गुरु पासे लिंग अंगीकार करे अने गच्छनो त्याग करेज नहि. प्रत्येक बुद्धने पूर्वाधित श्रुत अवश्य होय. ते जघन्यथी अगिआर अंगनुं अने उत्कृष्टथी कांइक ऊणा दश पूर्वनुं. तेमने लिंग देवता अर्पे. अथवा कदाचित लिंग रहित पण होय.

९ ज्ञानद्वार-ज्ञान पांच प्रकारेः-मतिज्ञान, श्रुतज्ञान, अवधि-

ज्ञान, मनः पर्यवज्ञान, केवलज्ञान. तेमां केवळज्ञाने वर्तनो सीझे. ते भवमां पूर्वे अनुभवेल ज्ञाननी अपेक्षाए केटलाक मति अने श्रुत ए बे ज्ञानी, केटलाक मति-श्रुत अने अवधि अथवा मति-श्रुत अने मनःपर्यव ए त्रण ज्ञानी, अने केटलाक मति-श्रुत अवधि अने मनःपर्यव ए चार ज्ञानी. तीर्थंकर तो चार ज्ञानीज.

१० अवगाहना द्वार-जघन्यथी बे हाथनी अने उत्कृष्टथी पांचसे धनुष्यनी अवगाहनावाळा सीझे. मरुदेवी माता आदि पांचसे अधिक पचीस धनुष्यवाळा पण सीझे कारणके तेमनी अवगाहना नाभिकुलकर तुल्य होवाथी. 'संघयणं संठाणं उच्चत्तं चेव कुलगरेहिं समं' ए वचनथी, आ प्रमाणे सिद्धप्राभृतनी टीकामां कह्युं छे. बे हाथथी उपर अने पांचसे धनुष्यनी अंदरनी अवगाहनाए वर्तता ते मध्यम अवगाहनावाळा सीझे. तीर्थंकर तो जघन्यथी सात हाथ अने उत्कृष्टथी पांचसे धनुष्यना प्रमाणवाळा सीझे बाकीना मध्यम अवगाहनाए सीझे.

**कालमणंतमसंखं, संखं चुअ सम्म अचुअसम्मत्ता ११ ।**
**लहु गुरु अंतर समओ,छमास१२ अडसमय अवहिआ१३।८॥**

| | | |
|---|---|---|
| अणंत-अनंत | अचुअ-नहि पडेला | छमास-छ महिना |
| असंखं-असंख्यात | लहु-जघन्य | अडसमय-आठ समय |
| संखं-संख्यात | गुरु-उत्कृष्ट | अव्वहिआ-अव्यवहित निरन्तर. |
| चुअ-च्युत, पडेला | अंतर-अंतर | |
| सम्म-सम्यक्त्वथी | समओ-समय | |

अर्थ—उत्कर्षद्वारे अनंतकालथी, असंख्यातकालथी अने संख्यातकालथी सम्यक्त्वथी पडेला, अने सम्यक्त्वथी नहि पडेला. अन्तरद्वारे जघन्यथी एक समय अने उत्कृष्टथी छ मास निरंतरद्वारे आठ समय ॥ ८ ॥

विवेचन—११ उत्कर्षद्वार-सम्यक्त्वथी पडीने केटलाक उत्कर्षथी अर्ध पुद्गल परावर्तन कालरूप अनंतकाल सुधी संसारमां भमीने, सम्यक्त्वादि रत्नत्रय पामीने सीझे. केटलाक अनुत्कर्षथी असंख्यात अने संख्यात काल सुधी भमीने अने केटलाक सम्यक्त्वथी पड्या विना सीझे.

१२ अन्तरद्वार-जघन्यथी एक समयनुं अंतर अने उत्कृष्टथी ६ मासनु अंतर.

१३ अनुसमय-( निरन्तर ) द्वार-जघन्यथी बे समय सुधी अने उत्कृष्टथी आठ समय सुधी निरन्तर सीझे.

जहनिअर इक्क अडसय १४, अणेग एगाय थोव संखगुणा १५
चउ उड्ढ नंदणजले, वीसपहुत्तं अहोलोए ॥ ९ ॥

| | | |
|---|---|---|
| जहन-जघन्य | एगा-एक | उड्ढ-ऊर्ध्व |
| इअर-इतर (उत्कृष्ट) | थोव-थोडा | नंदण-नंदनवन |
| इक्क-एक | | जले-जळमां |
| अडसय-एकसोआठ | संखगुणा-संख्यातगुणा | पहुत्तं-पृथक्त्व |
| अणेग-अनेक | चउ-चार | अहोलोए-अधोलोकमां |

अर्थ—गणनाद्वारे जघन्यथी एक अने उत्कृष्टथी एकसो आठ अल्पबहुत्वद्वारे अनेक थोडा अने एक संख्यातगुणा. ऊर्ध्वलोके, नंदनवनमां अने जळमां चार तथा अधोलोके वीस पृथक्त्व. ॥९॥

विवेचन—१४ गणनाद्वारे जघन्यथी एक सीझे अने उत्कृष्टथी एकसो आठ सीझे. ऋषभदेवना निर्वाण समये एकसो आठ एक समये सिद्ध थया.

१५ अल्पबहुत्वद्वार-एकसाथे बे त्रण आदि सिध्ध थोडा अने तेनाथी एक सिध्ध संख्यातगुणा विवक्षित समये एक एक सिद्धनुं बाहुल्यपणुं होवाथी एवी रीते क्षेत्रादिक पंदर द्वारने विषे सत्पद प्ररूपणाद्वार कह्युं.

हवे क्षेत्रादि पंदर द्वारने विषे द्रव्यपमाण नामे बीजुं द्वार कहे छेः-

१ क्षेत्रद्वार—ऊर्ध्वलोके सामान्यथी मेर्वादिकमां, नंदनवनमां अने जलमां एटले सामान्यथी नद्यादिकमां चार सीझे. अधोलोके वीस पृथक्त्व सीझे. संग्रहणीमां अधोलोकमां बावीस सीझे एम कह्युं छे. माटे अत्रतत्व केवलीगम्य पृथक्त्व एटले बेथी नव सुधी. ॥९॥

इगविजय वीस अडसय, पत्तेयं कम्मभूमि तिरिलोए ।
दुदु जलहि पंडगवणे, अकम्ममहि दस य संहरणा ॥१०॥

| | | |
|---|---|---|
| इगविजय-एक विजयमां | तिरिलोए तीर्छालोकमां | अकम्ममहि-अकर्मभूमि |
| वीस-वीस | दुदु-बबे | दस-दश |
| पत्तेयं-प्रत्येक | जलहि-समुद्र | संहरणा-संहरणथी |
| कम्मभूमि-कर्मभूमि | पंडगवणे-पांडुकवनमां | |

अर्थ—एक विजयमां वीस, प्रत्येक कर्मभूमि अने तीर्छालोकमां एकसो आठ, समुद्र अने पंडगवनमां बबे, अने अकर्मभूमिमां संहरणथी दश सीझे. ॥ १० ॥

विवेचन—एक विजयने विषे वीस सीझे. पांच भरत, पांच ऐरवत अने पांच महाविदेह ए पंदर कर्म भूमिमां दरेकमां एकसो आठ, तीर्छा लोकमां पण एकसो आठ सीझे. सामान्यथी समुद्रमां अने पंडकवनमां बे बे सीझे. ५ हेमवंत, ५ हरिवर्ष, ५ देवकुरु, ५ उत्तरकुरु, ५ रम्यक अने ५ ऐरण्यवत ए ३० अकर्मभूमिमां दरेकमां संहरणथी दश दश सीझे. १०.

ति चउत्थ अरे अडसय, पंचमए वीस दस दसय सेसे २ ।
नरगतिग-भवण-वण-नर-जोइस तिरि तिरिखिणी दसगं ११

| | | |
|---|---|---|
| ति त्रीजा | सेसे-बाकीनामां | नर-मनुष्य |
| चउत्थ-चोथा | नरगतिग नरकत्रिक | जोइस-ज्योतिष |
| अरे-आरामां | भवण-भवनपति | तिरि-तिर्यंच |
| पंचमए-पांचमामां | वण-व्यंन्तर | तिरिखिणी-तिर्यंचणी |

अर्थ—त्रीजा अने चोथा आरामां एकसो आठ, पांचमामां वीस अने बाकीना आरामां दश दश नरकत्रिक, भवनपति, व्यंतर, नर, ज्योतिष, तिर्यंच अने तिर्यंचणीना आवेला दस दस सीझे. ११

विवेचन—२ कालद्वार–उत्सर्पिणी अने अवसर्पिणीना त्रीजा अने चोथा ए दरेक आरामां एकसो आठ सीझे. अवसर्पिणीना पांचमा आरामां वीस. ते बे कालना बाकीना आराओमां दरेकमां संहरणथी दश दश सीझे.

३ गतिद्वार–रत्नप्रभा, शर्कराप्रभा अने वालुकाप्रभा ए त्रण नरक, भवनपति, व्यंतर, मनुष्य, ज्योतिषि, तिर्यंच अने तिर्यंचिणी एमांथी आवेला दश दश सीझे. ११.

वेमाणिअ अठसयं, हरिय छऊ पंकपुढविजल चउरो ।
जोइ विमाणि नरित्थी, वीसं भवणवण थी पणगं ३॥१२॥

| | | |
|---|---|---|
| वेमाणिअ–वैमानिक | पुढवि–पृथ्वीकाय | विमाणि–वैमानिक |
| हरिय–वनस्पति | जल–अप्काय | नरित्थि–मनुष्य स्त्री |
| छऊ–छ | चउरो–चार | थी–स्त्री |
| पंक–पंकप्रभा | जोइ–ज्योतिष | पणगं–पांच |

अर्थ—वैमानिकथी एकसो आठ, वनस्पतिकायथी छ, पंकप्रभा, पृथ्वीकाय अने अप्कायथी चार, ज्योतिष वैमानिक अने मनुष्यनी स्त्रीथी वीस अने भवनपति अने व्यंतरनी स्त्रीथी आवेला पांच सीझे. १२.

विवेचन—वैमानिक देवथी आवेला एकसो आठ सीझे. वनस्पतिकायमांथी आवेला छ सीझे. पंकप्रभा नामे चोथी नरक, पृथ्वीकाय अने अप्कायथी आवेला चार चार सीझे. ज्योतिषी देवी, वैमानिक देवी अने मनुष्यिणीथी आवेला वीस वीस अने भुवनपतिनी देवी तथा व्यंतरनी देवीथी आवेला पांच पांच सीझे. आ सर्व संख्या उत्कृष्टथी जाणवी. जघन्यथी एक बे त्रण सीझे. १२.

वीसत्थि दस नपुंसग, पुरिसठसयं नरा नव्वदा ।
इयभंगे अठसयं, दस दस सेसठभंगेसु ४ ॥ १३ ॥

| | | |
|---|---|---|
| इत्थि-स्त्री | नरा-देवादि पुरुष | सेसठ-बाकीना आठ |
| नपुंसग-नपुंसक | उव्वद्दा-उद्धता, आवेला | भंगेसु-भांगाओमां |
| पुरिस-पुरुष | इय भंगे-आ भांगे | |

अर्थ—स्त्री वीस, नपुंसक दश अने पुरुष एकसो आठ सिद्ध थाय. पुरुषमांथी आवेला पुरुष ए भांगे एकसो आठ अने बाकीना आठ भांगाओमां दश दश सीझे. १३.

विवेचन—४ वेदद्वार-स्त्रीओ वीस, नपुंसक दश अने पुरुष एकसो आठ सिद्ध थाय. अहीं वेद आश्री नव भांगा आवी रीते.

१ नर एटले देवादि पुरुष तेमांथी आवी मनुष्यमां पुरुषपणे उत्पन्न थएला १०८.

| | | | | | |
|---|---|---|---|---|---|
| २ पुरुषमांथी | आवी | स्त्रीपणे | उत्पन्न | थएला | १० |
| ३ ,, | ,, | नपुंसकपणे | ,, | ,, | १० |
| ४ स्त्रीमांथी | ,, | पुरुषपणे | ,, | ,, | १० |
| ५ ,, | ,, | स्त्रीपणे | ,, | ,, | १० |
| ६ ,, | ,, | नपुंसकपणे | ,, | ,, | १० |
| ७ नपुंसकमांथी | ,, | पुरुषपणे | ,, | ,, | १० |
| ८ ,, | ,, | स्त्रीपणे | ,, | ,, | १० |
| ९ ,, | ,, | नपुंसकपणे | ,, | ,, | १० |

एवी रीते प्रथम भांगे १०८ अने बाकीना आठ भांगे दश दश सीझे. १३.

तित्थयरी जिण पत्तेअवुद्ध संवुद्ध दु चउ दस चउरो ५ ।
चउ दस अडसय गिहि पर सलिंग ६ परिहारविणु ओहो १४

दसपरिहारजुए ७ बुद्धि बोहित्थी वीस जीव वीस पहू ८।
चउ मइसुअ मइसुअमणनाणे दस सेस दुगि ओहो ९ १५

| | | |
|---|---|---|
| तित्थयरी-तीर्थंकरी | गिहि-गृहस्थलिंगी | बुद्धिबोह-बुद्धिबोधित |
| जिण तीर्थंकर | पर-अन्यलिंगी | इत्थी-स्त्री |
| पत्तेअबुद्ध-प्रत्येकबुद्ध | सलिंग-स्वलिंगी | जीव-जीवो |
| संबुद्ध-स्वयंबुद्ध | परिहारविणु-परिहार सिवाय | वीसपहू-वीस पृथक्त्व |
| दु-बे | ओहो-ओघ सामान्य | मइसुअ-मति अने श्रुत |
| चउ-चार | जुए-युक्त, सहित | दुगि-बे |
| चउरो-चार | | सेस-बाकीना |

विवेचन-तीर्थंकरी, जिन, प्रत्येक बुद्ध अने स्वयंबुद्ध अनुक्रमे बे, चार, दस अने चार. चार, दश अने एकसो आठ अनुक्रमे गृहस्थ, अन्य, अने स्वलिंगी परिहार विना ओघ. १४.

परिहार सहित दस, बुद्धिबोधी स्त्री वीस, जिवो, वीस पृथक्त्व, मति श्रुत ज्ञानी चार मति श्रुत अने मनःपर्यवज्ञानी दस, बाकीना बे भांगे ओघ. १५.

विवेचन—५ तीर्थद्वारने विषे तीर्थंकरी बे अने तीर्थंकर चार सीझे. प्रत्येक बुद्ध दश अने स्वयंबुद्ध चार सीझे. छेल्ला बे बुध्धद्वारना भेद जाणवा.

६ लिंगद्वारे-गृहस्थलिंगी चार, अन्यलिंगी दश अने स्वलिंगी एकसो आठ सीझे.

७ चारित्रद्वारे-परिहार विना ओघ जाणवो. एटले जे भांगामां परिहार विशुद्धि पद न आवे त्यां ओघ एटले सामान्यथी एकसो आठ सिझे. ते भांगा आ प्रमाणेः-सामायिक, सूक्ष्म संपराय अने यथा ख्यात चारित्रवाळा त्रीकसंयोगी भांगे तेमज सामायिक, छेदो पस्थापनीय, सूक्ष्म संपराय अने यथाख्यात ए चतुःसंयोगी भांगे मळी कुल बे भांगे एकसो आठ एकसो आठ सीझे. १४

परिहार विशुद्धि सहित भांगाने विषे दश दश ते आवी रीतेः–सामायिक, परिहार विशुद्धि, सूक्ष्म संपराय अने यथाख्यात ए चतुःसंयोगी तेमज सामायिक, छेदो०, परिहार०, सूक्ष्म सं० अने यथा० ए पंच संयोगी भांगे दश दश सीझे.

८ बुद्धद्वारे–बुद्धीबोधित स्त्रीओ एक समये वीस, बुद्धीबोधित जीवो एटले स्त्री, पुरुष अने नपुंसको वीस पृथक्त्व, बे वीसथी नव वीस सुधी. बुद्धबोधित पुरुषो १०८, स्त्री २० अने नपुसक १०. प्रत्येक बुद्ध अने स्वयंबुद्धनी संख्या तीर्थद्वारमां कहेवाइ छे.

९ ज्ञानद्वारे–पूर्वे अनुभवेल ज्ञाननी अपेक्षाए मति अने श्रुत ए बे ज्ञानी ४, मति श्रुत अने मनःपर्यव ए त्रण ज्ञानी १० अने मति श्रुत अने अवधि ए त्रण ज्ञानी तेमज तेमां मनःपर्यव मेळवतां चार ज्ञानी ए बे भांगे ओघ एटले १०८ सीझे. १५.

**मज्झ गुरु लहु वगाहण अडसय दुग चउर अठ जवमज्झे १०**
**चुअणंतकालसम्मा, अडसय चउ अचुअ दस सेसा ११, १२, १६॥**

| | | |
|---|---|---|
| मज्झ-मध्यम | अवगाहण-अवगाहना | सम्मा-समकितथी |
| गुरु-उत्कृष्ट | जवमज्झे-यवमध्य | अचुअ–नहि पडेला |
| लहु–लघु, जघन्य | चुअ–च्युत, पडेला | सेसा–बाकीना |

अर्थ—मध्यम, उत्कृष्ट अने जघन्य अवगाहनावाळा अनुक्रमे १०८, २ अने ४. यवमध्ये आठ. अनंतकालथी सम्यक्त्व थकी पडेल १०८, समकितथी नहि पडेल ४, अने बाकीना दश सीझे. १६

विवेचन—१० अवगाहना द्वारे–मध्यम अवगाहनावाळा १०८, उत्कृष्ट अवगाहनावाळा २, अने जघन्य अवगाहनावाळा ४ सीझे. यवमध्ये आठ. यवमध्य एटले उत्कृष्ट अवगाहना ५२५ धनुष्यनी छे तेथी अर्ध २६२॥ धनुष्य प्रमाण अवगाहनावाळा. आगळ पण यवमध्य संज्ञा आवे त्यां उत्कृष्टथी अर्ध प्रमाण जाणवुं.

११ उत्कर्षद्वारे-अनंतकालथी सम्यक्त्वथी पडेला १०८ सीझे. समकीतथी नहि पडेला ४, अने वाकीना असंख्यात अने संख्यात कालथी सम्यक्त्वथी पडेला दश सीझे.

१२ अन्तरद्वार-अन्तरे एक पण सीझे अने घणा पण एटले एकसो आठ सुधी सीझे. १६.

**अड १०८ दुरहिअ १०२ सय छनुई, चुलसी दुगसयरी सठि अडयाला । बत्तीस इक्क दुति चउ, पण छग सग अड निरंतरिया १३ ॥ १७ ॥**

| | | |
|---|---|---|
| अड-आठ | दुगसयरी-बोंतेर | इक्क-एक |
| दुरहिअ-बे अधिक | सठि-साठ | छग-छ |
| सय-सो | अडयाला-अडतालीस | सग-सात |
| छनुइ-छन्नु | बत्तीस-बत्रीस | निरंतरिया निरंतरपणे |
| चुलसी-चोरासी | | |

अर्थ——एकसो आठ, एकसो बे, छन्नु, चोरासी, बोंतेर, साठ, अडतालीस, बत्रीस, अनुक्रमे एक बे त्रण चार पांच छ सात अने आठ समय सुधी निरंतरपणे सीझे. १७

विवेचन—१३ निरंतरद्वारे

१०३थी१०८ निरंतरपणे १ समयसुधी सीझे पछी अवश्य अंतहर पडे.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ९७ थी | १०२ | ,, | २ | ,, | ,, | ,, | ,, |
| ८५ थी | ९६ | ,, | ३ | ,, | ,, | ,, | ,, |
| ७३ थी | ८४ | ,, | ४ | ,, | ,, | ,, | ,, |
| ६१ थी | ७२ | ,, | ५ | ,, | ,, | ,, | ,, |
| ४९ थी | ६० | ,, | ६ | ,, | ,, | ,, | ,, |
| ३३ थी | ४८ | ,, | ७ | ,, | ,, | ,, | ,, |
| १ थी | ३२ | ,, | ८ | ,, | ,, | ,, | ,, |

१ थी ३२ निरंतरपणे आठ समय सुधी सीझे. एटले प्रथम समये जघन्यथी एक बे के त्रणथी यावत् उत्कृष्ट ३२ सुधी सीझे. बीजे समये पण जघन्य एक बे के त्रणथी यावत् उत्कृष्ट ३२ सुधी सीझे. एम त्रीजे चोथे यावत् आठमा समय सुधी कहेवुं पछी अवश्य अंतर पडे. ए प्रमाणे ३३ थी ४८ सात समय सुधी कहेवा एम सघळे कहेवुं.

१४-१५-गणनाद्वार अने अल्प बहुत्वद्वार पूर्वे कहेला सत्पद प्ररूपणा द्वारनी पेठे जाणवुं, एवी रीते क्षेत्रादि १५ द्वारे बीजुं द्रव्य प्रमाण द्वार कह्युं. १७.

हवे एक गाथा वडे क्षेत्र अने स्पर्शना द्वार कहे छे—

लोअग्गठिआ सिद्धा इह बुंदिं चइय पडिहय अलोए ३ ।
फुसइ अणंते सिध्धे, सव्वपएसेहि सो सिद्धो ४ ॥ १८ ॥

| | | |
|---|---|---|
| लोअग्ग-लोकाग्र, सिद्धशिला | चइय-त्यजीने | अणंते-अनंता |
| ठिआ-रहेला | पडिहय-प्रतिहत, रोकाया | सिद्धे-सिद्धोने |
| इह-अहीं | अलोए-अलोकमां | पएसेहि-प्रदेशो वडे |
| बुंदिं-शरीर | फुसइ-स्पर्शे | सो-ते |

अर्थ— अहीं शरीरने तजीने अलोकथी रोकाया छतां लोकना अग्रभागने विषे रहेला छे, ते सिद्ध भगवान पोताना सर्व आत्म प्रदेशो वडे अनंता सिद्धोने स्पर्शे. १८.

विवेचन—आ लोकने विषे शरीरनो सर्वथा क्षय करीने अष्ट कर्मथी मुकाया छतां जीव उंचे गमन करे छे. पछी लोकनो अग्रभाग जे सिद्धशिला ज्यांथी आगल अलोक आवे छे तेनाथी रोकाया छतां त्यांज रहे छे. अलोकमां धर्मास्तिकाय नहि होवाथी जीव गमन करी शके नहि. ए प्रमाणे पंदरद्वारने विषे त्रीजुं द्वार जाणवुं. ३.

चोथा स्पर्शना द्वारने विषे तेविवक्षित ( जे अमुक समयनी वात करीए ते ) समयमां सिद्ध थएल अनंता सिद्धोने पोताना सर्व प्रदेशो वडे स्पर्शे. पण जे तेना देश प्रदेशो वडे स्पर्शाय ते असंख्यात गुणा जाणवा. ए रीते १५ द्वारने विषे मूल चोथुं स्पर्शना द्वार जाणवुं. १८.

**जत्थट्ठसमयं सिज्जइ, अट्ठ उ समया निरंतरं तत्थ ।**
**वीस दसगेसु चउरो, दु सेसि जवमज्झि चत्तारि ॥१९॥**

| | | |
|---|---|---|
| जत्थ-ज्यां | तत्थ-त्यां | जवमज्झि-यवमध्य- |
| अट्ठसमयं-आठ समय | दसगेसु-दश | चत्तारि चार- |
| सिज्झइ-सीझे | सेसि-बाकीना | |

अर्थ—ज्यां ज्यां एक समयमां एकसो आठ सीझे त्यां निरंतरपणे आठ समयनो काल कहेवो. ज्यां वीस अने दश सीझे त्यां चार समयनो, बाकीनाने विषे बे समय अने यवमध्यमां चार समय निरंतरपणे काळ जाणवो.

विवेचन—हवे मूल पांचमुं कालद्वार कहे छे. क्षेत्रादि पंदरे द्वारमां जे जे स्थाने एक समयमां उत्कृष्ट एकसो आठ सीझे त्यां निरंतरपणे आठ समयनो काल कहेवो. ज्यां एक समयमां वीस सीजे त्यां चार समयनो, ज्यां एक समयमां दश सीझे त्यां पण चार समयनो निरंतरपणे काल जाणवो. बाकीना स्थाने बे समयनो निरंतर काल अने यवमध्यमां चार समयनो निरंतरपणे काळ जाणवो. आ टुंकाणमां कहीने हवे दरेक द्वारने विषे जुदुं जुदुं कहे छेः-

१ क्षेत्रद्वारे-पंदर कर्मभूमिमां आठ ससय सुधी निरंतर सीझे, हरि वर्षादि अने अधोलोकमां चारचार समय सुधी; नंदनवन, पांडुकवन अने लवण समुद्रमां बे बे समय निरंतर पण सीझे.

२ कालद्वार—उत्सर्पिणी अने अवसर्पिणी काळना त्रीजा अने

चोथा आराने विषे आठ आठ समय अने बाकीना आरामां चार चार समय सुधी निरंतरपणे सीझे.

३ गतिद्वार-देवगतिथी आवेला आठ समय सुधी अने बाकीनी गतिमांथी आवेला चार समय सुधी.

४ वेदद्वार-पुरुषवेदी-आठ समय सुधी स्त्री अने नपुंसकवेदी चार समय सुधी जे पुरुषवेद्‌थी आवी पुरुषवेद्‌मां उपन्या होय ते भांगावाळा आठ समय सुधी बाकीना आठ भांगावाळा चार चार समय सुधी.

५ तीर्थद्वार-तीर्थंकर अने तीर्थंकरीना तीर्थमां अतीर्थंकर सिद्ध ( तीर्थंकर थया सिवायना ) उत्कृष्टथी आठ समय सुधी निरंतर पण सीझे. तीर्थंकर अने तीर्थंकरी बे समय सुधी.

६ लिंगद्वार-स्वलिंगे आठ समय, अन्यलिंगे चार समय अने गृहस्थलिंगे बे समय सुधी निरंतरपणे सीझे.

७ चारित्रद्वार-ते भवमां पूर्वे परिहारविशुद्धि चारित्र अनुभवनार चार समय सुधी अने बाकीना चारित्रवाळा आठ समय सुधी. निरंतरपणे सीझे.

८ बुद्धद्वार-स्वयंबुध्ध बे समय सुधी, बुध्धबोधित आठ समय सुधी, प्रत्येक बुद्ध अने बुध्धीबोधित स्त्री एवा पुरुषो सामान्ये दरेक चार समय सुधी निरंतर सीझे.

९ ज्ञानद्वार-मति श्रुत ज्ञानी बे समय; मतिश्रुत अने मनःपर्यवज्ञानी चार समय; मतिश्रुत अने अवधि ज्ञानी तथा मतिश्रुत अवधि अने मनःपर्यवज्ञानी आठ आठ समय सुधी निरंतर सीझे.

१० अवगाहना द्वार-उत्कृष्ट अने जघन्य अवगाहनावाळा बे बे समय, यवमध्यमां चार समय अने मध्यम अवगाहनावाळा आठ समय सुधी निरंतर सीझे. १०.

बाकीना १२ थी १५ सुधीनां अंतरादि चार द्वार अहीं घटे नहि. एवी रीते मूल पांचमुं कालद्वार कह्युं. हवे छठुं अन्तर द्वार कहे छेः—

जंवुद्दीवे धायइ, ओहविभागे य तिसु विदेहेसु ।
वासपहुत्तं अंतर पुक्खरदुविदेह वासहियं १ ॥ २० ॥

| | | |
|---|---|---|
| जंबुद्दीवे-जंबूद्वीपमां | तिसु त्रण | पुक्खर-पुष्करवर |
| धायइ-घातकी खंडमां | विदेहेसु-विदेहमां | वासहियं-वर्षाधिक |
| ओह-ओघ, सामान्य | वासपुहुत्तं-वर्ष पृथक्त्व | दु-बे |
| विभागेन-विशेषपणे | अंतरं-अंतर | |

अर्थ—जंबूद्वीप अने घातकीखंडमां सामान्ये, अने विशेषपणे त्रण विदेहने विषे वर्ष पृथक्त्वनुं अन्तर पुष्करवर अने तेनी बे विदेहने विषे वर्षाधिक अंतर जाणवुं. ॥ १ ॥

विवेचन—हवे क्षेत्रादि पंदर द्वारने विषे मूल छठुं अंतर द्वार कहे छेः—

१ क्षेत्रद्वार-क्षेत्रद्वारे जंबूद्वीप अने घातकीखंडमां सामान्यपणे वर्षपृथक्त्वनुं अंतर जाणवुं विशेषपणे जंबूद्वीपना एक महाविदेह अने घातकीखंडनी बे महाविदेह मळी त्रण विदेहने विषे तेटलुं अंतर जाणवुं.वळी सामान्यपणे पुष्करार्धमां अने विशेषताथी तेनी बे विदेहने विषे वर्षाधिक अंतर जाणवुं. ॥ २० ॥

भरहेरवयजम्मा, कालो जुगलीण संख समसहसा ।
संहरण २ नरयतिरिए, समसहसा समसयपहुत्तं ॥ २१ ॥
तिरिईसुर नरनारीसूरीहिं उवएस सिद्धि लद्धीए ।
वासहि अंतर अहसयं, बोहीओ संख समसहसा ॥२२॥
सयंमुवएसा भूजलवण सुहमीसाण पढमदुगनरया ॥३॥
थीकीवेसुं भंगठगे असंखिज्जसमसहसा ॥ २३ ॥

| | | |
|---|---|---|
| भरहेरवय-भरत अने ऐरवत | सुर-देव | सुहम-सौधर्म |
| जम्मा-जन्मथी | नारी-मनुष्यनी स्त्री | इसाण-इशान |
| युगलीण-युगलीआना | सूरीहिं-देवीमांथी | पढमदुग-प्रथमनी बे |
| संख-संख्याता | उवएस-उपदेश | नरया-नारकी |
| सम-वर्ष | लद्धीए-लब्धिवडे | थी-स्त्रीवेदी |
| संहरण-संहरणथी | सयंबोहीओ-स्वयंबुद्ध | कीवेसु-नपुंसकवेदीने |
| तिरिइ-तिर्यंचनी स्त्री | सवं-पोते | संखिज्ज-संख्याता |
| | उवएसा-उपदेशथी | |

अर्थ—भरत अने ऐरवतक्षेत्रमां जन्मथी युगलिआना काल जेटलुं अंतर जाणवुं. अने संहरणथी संख्याता हजार वर्षनु अंतर जाणवुं. नारकी अने तिर्यंचथी आवेलाने अनुक्रमे हजार वर्ष अने शतपृथक्त्व वर्षनुं अंतर जाणवुं. ॥ २१ ॥

तिर्यंचनी स्त्री, देवता, मनुष्यनी स्त्री अने देवीमांथी आवेलाने उपदेश लब्धिए सिद्धि पामेलाने साधिक वर्षनुं अंतर जाणवुं. अने स्वयंबुध्ध एवा तेओने संख्याता हजार वर्षनु अंतर जाणवुं. ।२२।

पृथ्वीकाय, अप्काय, वनस्पतिकाय, सौधर्म अने इशान तथा प्रथमनी बे नरकने विषे संख्याता हजार वर्षनु अंतर जाणवुं. वेद-द्वारे स्त्री अने नपुंसकवेदी तेमज आठ भांगाने विषे संख्याता हजार वर्षनुं अंतर जाणवुं.

विवेचन—

२ गतिद्वारे-जन्मथी युगलिक काल जेटलुं एटले कांइक ओछा अढार सागरोपम प्रमाण अंतर जाणवुं. अवसर्पिणीनो पहेलो बीजो अने त्रीजो तेमज उत्सर्पिणीनो चोथो पांचमो अने छठ्ठो आरो संहरणथी संख्याता हजार वर्ष.

३ गतिद्वारे-नरक गतिथी आवेलाने हजार वर्षनु अंतर अने तिर्यंच गतिथी आवेलाने शतपृथक्त्व वर्षनुं अंतर जाणवुं. ॥ २१ ॥

तिर्यंचिणी, देवता मनुष्य, मनुष्यिणी अने देवीमांथी आवीने उपदेशवडे सिद्धि पामनारने वर्षसाधिक अंतर जाणवुं. अने स्वयंबोधीने संख्याता हजार वर्षनु अंतर. ॥ २२ ॥

पृथ्वीकाय, अपकाय, वनस्पतिकाय, सौधर्म इशान देवलोक अने प्रथमनी बे नरकथी आवेलाने पोतानी मेळे वा उपदेशथी सिद्धि पामनारने हजार वर्षनुं अंतर जाणवुं.

४ वेदद्वारे-स्त्रीवेदी अने नपुंसकवेदीने तेमज पूर्वे कहेला वेदना नव भांगामांथी पुरुषवेदथी आवीने पुरुषवेदी थाय ते प्रथम भंग सिवायना बाकीना आठ भांगे संख्याता हजार वर्षनु अंतर जाणवुं. ॥ २३ ॥

**नरवेअपढमभंगे, वरिस४ पत्तेअ जिणजिणी सेसा ।**
**संखसमसहस पुव्वासहसपिहूणंतहिअवरिसं ५ ॥ २४ ॥**

| | | |
|---|---|---|
| नरवेअ-पुरुषवेद | जिण-जिनेश्वर | पुव्वा-पूर्व |
| पढमभंगे प्रथम भांगे | जिणी तीर्थंकरी | पिहु पृथक्त्व |
| वरिस वर्षनुं | सेसा-शेष सिवायना | अहिअ-अधिक |
| पत्तेअ-प्रत्येक | | |

**अर्थ**—पुरुषवेदी अने प्रथम भांगे वर्षनुं अंतर, प्रत्येकबुद्ध, तीर्थंकर, तीर्थंकरी अने बाकीनाने अनुक्रमे संख्याता हजार वर्ष, सहस्रपृथक्त्व पूर्व, अनंतकाल अने वर्षाधिक काल जाणवो.

**विवेचन**—

४ वेदद्वारे-पुरुषवेदीने वर्षनुं अंतर तेमज पुरुषवेदमांथी आवी पुरुषवेदीमां उत्पन्न थनार प्रथम भांगाने विषे पण एक वर्षनुं अंतर.

५ तीर्थद्वारे-प्रत्येकबुध्धने संख्याता हजार वर्षनु अंतर, तीर्थंकरने हजार पृथकत्व पूर्वनु अंतर तीर्थंकरीने अनंतकालनुं अंतर अने बाकी रहेलाने समधिक एक वर्षनुं उत्कृष्ट अंतर जाणवुं. २४

संख समसहस गिहि अन्नलिंगहिअ वरिस तिचरण सलिंगे
सचरित्ते जुअली६,७ बुद्दबोहिअ पुरिस वरिसहिअं ॥२५।

संखसम सहसनेसा, पुउसहस्सप्पहुत्त संवुद्धे ८।
मइसुअ पलियअसंखो, भागोहिजुएऽहिअं वरिसं।२६।

सेस दुभंगे संखा, समसहसा ९ गुरुलहूइ जवमज्झे।
सेढी असंखभागो, मज्झवगोह वरिसमहिअं १० ॥ २७ ॥

| | | |
|---|---|---|
| गिहि-गृहस्थ | संबुद्धे-स्वयंबुद्ध | गुरुलहूइ-गुरुलघु |
| तिचरण-त्रण चारित्र | पलिय-पल्योपम | सेढी श्रेणी |
| जुअली-युगलिक | असंखो-असंख्यातमो | मज्झवगाहे-मध्यम |
| बुद्दबोहिअ-बुद्धबोधित | आहोजुए-अवधियुक्त | अवगाहनाए |

अर्थः-गृहस्थलिंग अने अन्यलिंगने विषे संख्याता हजार वर्षनुं अने स्वलिंगे तथा त्रण चारित्रने विषे वर्षाधिक. बाकीना कालने विषे युगलीक काल जेटलुं. बुध्धबोधित पुरुषने साधिक वर्षनुं २५.

बाकीनाने संख्याता हजार वर्षनु, स्वयंबुध्धने सहस्र पृथकत्व पूर्वनुं, मति अने श्रुतज्ञानवाळाने पल्योपमना असंख्यातमा भागनुं, अवधि सहितने वर्षाधिक २६.

बाकीनाने बे भंगे संख्याता हजार वर्ष, उत्कृष्ट, जघन्य अने जवमध्य अवगाहनावाळाने श्रेणिनो असंख्यातमो भाग. मध्यम अवगाहनावाळाने वर्षाधिक २७.

विवेचन—

६ लिंगद्वारे-गृहस्थलिंग अने अन्यलिंगे संख्याता हजार वर्षनुं अने स्वलिंगे वर्षाधिकनुं अंतर जाणवुं.

७ चारित्रद्वारे-सामायिक, सूक्ष्म संपराय अने यथाख्यात ए त्रण चारित्रने विषे समधिक वर्षनु अंतर अने सामायिक छेदोपस्थापनीय, सूक्ष्म संपराय अने यथाख्यात ए चतुष्क संयोगी अने

सामायिक, छेदोपस्थापनीय, परिहार विशुद्धि, सूक्ष्मसंपराय अने यथाख्यात ए पंचसंयोगी चारित्रमां युगलिक जेटलुं एटले अढार कोडाकोडीमां कांइक न्यून जेटलुं अंतर जाणवुं. कारणके छेदोपस्थापनीय तथा सूक्ष्मसंपराय ए बे चारित्र भरत अने ऐरवत क्षेत्रमां प्रथम अने छेल्ला तीर्थंकरना तीर्थमांज होय छे. तेथी उत्कृष्ट तेटलुं अंतर जाणवुं.

८ बुद्धद्वार-बुद्धबोधित पुरुषोने वर्षाधिक अंतर जाणवुं. २५

बाकीना एटले बुद्धबोधित स्त्री अने प्रत्येकबुद्धने संख्याता हजार वर्षनुं अंतर स्वयंबुद्धने हजार पृथक्त्व पूर्वनुं अंतर जाणवुं.

९ ज्ञानद्वार-मति अने श्रुतज्ञानीने पल्योपमना असंख्यातमां भागनुं उत्कृष्ट अंतर. मतिश्रुत अने अवधीज्ञानीने वर्षाधिक २६.

बाकीना बे भांगा मतिश्रुत अने मनःपर्यव सहित त्रण ज्ञानीए प्रथम भंगे तेमज मति, श्रुत, अवधि अने मनःपर्यव सहित ए चार ज्ञानीए बीजा भांगे संख्याता हजार वर्षनुं उत्कृष्ट अंतर जाणवुं.

१० अवगाहना द्वार-उत्कृष्ट अवगाहनाए, जघन्य अवगाहनाए तेमज यवमध्यने विषे श्रेणीना असंख्यातमा भागमां जेटला आकाश प्रदेश तेटला समय प्रमाण जाणवो. चौद्राज प्रमाण लोकनो बुद्धिपूर्वक सात राज प्रमाण घन थाय. तेनी लांबी एक प्रदेशी सातराज लांबी एवी श्रेणी कहेवाय छे तेना असंख्यातमा भागमां जेटला आकाश-प्रदेश छे. तेने एक एक समये एक एक आकाश-प्रदेश अपहरतां जेटलो वखत थाय तेटलुं अंतर जाणवुं. मध्यम अवगाहनाए वर्षाधिक अंतर जाणवुं. २७

**अचुअ असंखं सुअही, अणंतहिअवास सेस संख समा ११**
**संतर १२ अणंतर १३ इग, अणेग १४ समसहस संखिज्जा २८**

| | | |
|---|---|---|
| अचुअ-नहि चवेला | अणंत-अनंतकालथी | इग-एक |
| असंखं-असंख्यात | अहिअवास-वर्षाधिक | अणेग-अनेक |
| अंस-भाग | संतर-अंतरसहित | संखिज्जा-संख्याता |
| उदही-सागरोपम | अणंतर-निरंतर | |

अर्थ—समकितथी नहि चवेलाने सागरोपमनो असंख्यातमो भाग, अनंतकालथी पडेलाने वर्षाधिक. बाकीनाने संख्यात वर्षनुं सांतर, निरंतर एक अने अनेकने संख्याता हजार वर्षनुं अंतर.२८

विवेचन—

११ उत्कर्षद्वार—समकितथी नहि पडेलाने सागरोपमना असंख्यातमा भागनुं अन्तर, अनंतकालथी पडेलाने वर्षाधिक. असंख्यात वर्षथी चवेलाने तथा संख्यातवर्षथी चवेलाने संख्याता वर्षनुं अन्तर.

१२ अन्तरद्वार—संख्याता हजार वर्षनुं अन्तर

१३ निरंतरद्वारे " " "

१४ गणनाद्वारे—एक अने अनेकमां संख्याता हजार वर्षनुं अंतर.

इअ गुरु अंतरमुत्तं लहु समओ ६ भावु सव्वहिं खइओ ७
चउ दस वीसा वीस पहुत्त अठस्सयं कमसो ॥ २९ ॥
सम थोव समा संखागुणिआ इय भणि अणंतरा सिद्धा।
अह उ परंपर सिद्धा, अप्पबहुं मु त्तु भणिअत्था ॥ ३० ॥

| | | |
|---|---|---|
| इअ-ए | कमसो-अनुक्रमे | अह-हवे |
| गुरु-उत्कृष्ट | सम-सरखा | उ-वळी |
| अन्तरं-आंतरुं | थोव-थोडा | अप्पबहुं-अल्पबहुत्व |
| उत्तं-कह्युं | संखा संख्यात | मुत्तु-मूकीने |
| समओ-समय | गुणिआ गुणा | भणिअत्था-कह्या प्रमाणे कहेवा |
| भावु-भाव | भणिअ-कह्या | |
| खइअं-क्षायिक | | |

अर्थ—ए प्रमाणे उत्कृष्ट अन्तर कह्युं. जघन्यथी एक समयनुं अन्तर सर्वने क्षायिकभाव जाणवो. चार अने दस, वीस अने वीस पृथक्त्व अने एकसो आठ अनुक्रमे सरखा, थोडा सरखा अने संख्यात गुणा जाणवा ए प्रमाणे अनंतर सिद्धोने कहीने हवे परंपरसिद्ध अल्प बहुत्व मूकीने बाकीना द्वारे कहेशे. २९–३०

विवेचन—उपर कहेलुं अंतर उत्कृष्टथी जाणवुं. जघन्य अंतर सघळे स्थळे एक समयनुं जाणवुं. एवी रीते १५ द्वारने विषे अंतर नामे छठुं मूल द्वार कह्युं.

क्षेत्रादि सघळां द्वारने विषे एक क्षायिक भाव जाणवो. ए प्रमाणे भाव नामे सातमुं मूल द्वार जाणवुं.

हवे आठमुं अल्पबहुत्व द्वार कहे छे:—

तीर्थंकरो तथा जलमां अने उर्ध्वलोकादिकमां सीझनार चार चार वळी हरिवर्षादिकने विषे संहरणथी सीझनारा दश दश ते परस्पर तुल्य छे, कारणके उत्कृष्टथी एक साथे एक समयमां तेटला प्राप्त थता होवाथी, तेना करतां वीस सीझनारा थोडा तेओ स्त्रीमां दुःखमामां तेमज एक विजयमां प्राप्त थता होवाथी. तेना सरखा विंशति पृथक्त्व सिद्ध जाणवा, कारण के ते अधोलौकिक ग्राम अने बुद्धीबोधित स्त्री आदिमां पामीए, तेथी विस सिद्धनी तुल्य. क्षेत्रकालनुं स्वल्पपणुं होवाथी अने कदाचित संभव होवाथी तेना करतां एकसो आठ सिद्ध संख्यात गुणा जाणवा. एं अल्पबहुत्व द्वार पूर्ण थयुं. एवी रीते पूर्वे कहेला प्रकार वडे अनन्तर सिद्धने विषे क्षेत्रादि पंदर द्वारने विषे सत्पदादि आठ द्वार कह्यां.

हवे पछी परंपरा सिद्धने विषे ते आठ द्वार कहेवानां छे. ते आठ द्वारमांथी अल्पबहुत्व सिवाय बाकीना द्वार अनन्तर सिद्धने विषे कह्या ते प्रकारे कहेवा. विशेषता आ प्रमाणे छे–द्रव्य प्रमाण

द्वारने विषे ( क्षेत्रादि ) सर्वे द्वारने विषे सर्वत्र अनन्ता कहेवा. क्षेत्र अने स्पर्शना पूर्वनी पेठे काल अनादि रूप अनन्त कहेवो. तेथी करीने अंतरनो असंभव होवाथी अंतर न कहेवुं. ३०

हवे बाकी रहेल अल्पबहुत्व द्वार परंपर सिद्धने विषे कहे छे—

सामुद्द दीव जल थल, थोवा संखगुण थोव संखगुणा ।
उड्ढ अह तिरिअलोए, थोवा दुनि पुण संखगुणा ॥ ३१ ॥
लवणे कालोअम्मि य, जंबुद्दीवे य धायई संडे ।
पुक्खरवर दीवड्ढे, कमसो थोवा उ संखगुणा ॥ ३२ ॥
हेमवंते हेमवए, महहिमवं कुरुसु हरि निसढ भरहे ।
संखगुणा य विदेहे, जंबु दीवे समा सेसे ॥ ३३ ॥

सामुद्द-समुद्र
दीव-द्वीप
जल पाणी
थल-स्थल
थोवा-थोडा
संखगुण-संख्यातगुणा
उड्ढ-ऊर्ध्व
अह-अधो
तिरिअ-तीर्छा
दुनि-बंने

लवणे-लवण समुद्रमां
कालोअम्मि-कालोदधिमां
जंबुद्दीवे-जंबुद्वीपमां
धायईसंडे-धातकीखंडमां
पुक्खरवर-पुष्करवर
दीवड्ढे-द्वीपार्ध-अर्धद्वीपमां
कमसो-अनुक्रमे

हेमवंते-हेमवंत पर्वत
हेमवए-हेमवंत क्षेत्र
महहिमवं-महाहिमवंत
कुरुसु-देवकुरु
हरि-हरिवर्ष
निसढ-निषधपर्वत
भरहे-भरतक्षेत्रमां
विदेहे महाविदेहमां
समा-सरखा
सेसे-बाकीना

अर्थ—समुद्र, द्वीप, जल अने स्थलमां थोडा, संख्यातगुणा, थोडा अने संख्यातगुणा उर्ध्व, अधो अने तीर्छालोकमां अनुक्रमे थोडा अने बे ठेकाणे संख्यातगुणा. ३१.

लवण अने कालोदधि, जंबुद्वीप अने धातकीखंड तथा पुष्करवर द्वीपार्धमां अनुक्रमे थोडा अने संख्यातगुणा. ३२.

जंबुद्वीपमां हिमवंत पर्वत, हेमवंत क्षेत्र, महाहिमवंत पर्वत, देव-

कुरु, हरिवर्ष, निषध एक भरत अने महाविदेहमां अनुक्रमे संख्यात गुणा–बाकीना सरखाने विषे सरखा प्रमाणे. ३३.

विवेचन—क्षेत्रद्वारे–अल्पबहुत्व–समुद्रमां सिद्ध थएल थोडा तेथी द्वीपमां संख्यात गुणा.

जलसिद्ध थोडा तेथी स्थळ सिद्ध संख्यात गुणा.

ऊर्ध्वलोकमां सिद्ध थएल थोडा, तेथी अधोलोकमां संख्यात गुणा तेथी तीर्छालोकमां संख्यात गुणा. ३१.

लवण समुद्रमां सिद्ध थएल थोडा तेथी कालोदधिमां संख्यात गुणा, तेथी जंबुद्वीपमां संख्यात गुणा, तेथी धातकी खंडमां संख्यात गुणा तेथी पुष्करार्धमां संख्यात गुणा. ३२.

जंबुद्वीपना हिमवंत पर्वतने विषे सिद्ध थएला थोडा तेटलाज शिखरी पर्वतने विषे, तेथी हैमवंत क्षेत्रमां संख्यात गुणा, तेटलाज अैरण्यवतमां–तेथी महाहिमवंत पर्वतने विषे संख्यात गुणा, रुप्पिणी पर्वतने विषे तेटलाज. तेथी देवकुरुमां संख्यात गुणा तेटलाज उत्तरकुरुमां, तेथी हरिवर्ष क्षेत्रमां संख्यात गुणा, तेटलाज रम्यक क्षेत्रमां तेथी निषध पर्वतमां संख्यात गुणा तेटलाज नीलवंत पर्वतमां, अहीं ज्यां ज्यां संख्यातगुणा कह्या त्यां क्षेत्रनुं बाहुल्यपणुं होवाथी तेमज जे जे स्थळे सरखा कह्या त्यां त्यां क्षेत्रनुं सरखापणुं होवाथी, तेथी भरत क्षेत्रमां संख्यात गुणा, स्वस्थान होवाथी तेटलाज अैरवत क्षेत्रमां. तेथी महाविदेहमां संख्यात गुणा सिद्ध थवानो सदा भाव होवाथी तेमज क्षेत्र मोटुं होवाथी. ३३.

चुल्ल महहिमवनिसढे, हेमकुरू हरिसु भारह विदेहे ।
चउ छठ साहीया, धायइ सेसाउ संखगुणा ॥ ३४ ॥
पुक्खरवरेऽवि एवं, चउत्थठाणंमि नवरि संखगुणा ।
एसुं संहरणेणं, सिज्झंति समा य समगेसु ॥ ३५ ॥

| | | |
|---|---|---|
| चुल्ल-लघु | धायइ-धातकी खंडमां | एसुं-एमने विषे |
| महहिमव-महाहिमवंत | पुक्खरवरे-पुष्करवरमां | संहरणेणं-संहरणवडे |
| हरिसु-हरिवर्ष | एवं-ए प्रमाणे | सिज्झति-सीझे छे |
| भारह-भरत | नवरि-एटलुं विशेष | समगेसु--सरखानेविषे |
| विदेहे-महाविदेहे | चउत्थठाणंमि-चोथा स्थानमां | |
| साहिया-साधिक | | |

अर्थ—घातकीखंडमां लघु हिमवंत महाहिमवंत, निषध, हेमवंत, देवकुरु, हरिवर्ष अने भरत क्षेत्रने अने महाविदेहने विषे अनुक्रमे चोथा अने छट्ठामां साधिक अने बाकीनामां संख्यात गुणा कहेवा. ३४.

पुष्करवरमां पण एमज, एटलुं विशेष के चोथा स्थानमां संख्यात गुणा, एमने विषे संहरणवडे सीझे छे. तथा सरखा विस्तारवाळामां सरखा. ३५.

विवेचन—घातकीखंडमां लघु हिमवंत पर्वतमां सिद्ध थएला थोडा तेथी महाहिमवंतमां संख्यात गुणा, तेथी निषध पर्वतमां संख्यात गुणा, तेथी हैमवंत क्षेत्रमां विशेषाधिक, तेथी देवकुरुमां संख्यात गुणा, तेथी हरिवर्षमां विशेषाधिक, तेथी भरत क्षेत्रमां संख्यात गुणा, तेथी महाविदेहमां संख्कात गुणा, स्वस्थान होवाथी तेमज क्षेत्रनी बाहुल्यता होवाथी. ३४.

पुष्करार्धमां पण घातकी खंड पेठे जाणवुं. पण एटलुं विशेष के चोथा स्थान हेमवंत क्षेत्रमां संख्यात गुणा कहेवा. अहीं कोइ शंका करे के हिमवंतादि पर्वतोने विषे मनुष्यनो अभाव होवाथी सिद्धिनो संभव केवी रीते ? उत्तर—एमने विषे देवादिकना संहरणथी सिद्ध थता होवाथी घातकीखंड अने पुष्करार्धने विषे बाकी रहेला पर्वत अने क्षेत्रमां तेमना सरखा प्रमाणवाळा क्षेत्र अने पर्वत समान जाणवुं. जेमके हैमवंत क्षेत्र सरखा हैरण्यवत क्षेत्रमां. देवकुरु

जेटला उत्तर कुरुमां हिमवंत पर्वत जेटला शिखरी पर्वतमां महाहि-मवंत जेटला रुप्पि पर्वतमां विगेरे. ३५.

जंबु निसहंतमींसे, जं भणिअं पुव्वमहिअ बीअहिमे ।
दुति मह हिम हिमवंते, निसढ महाहिमवबिअहिमवे॥३६॥
तिअनिसहे बिअकुरुसुं,हरिसु अ तह तइअहेमकुरुहरिसु।
दुदु संख एग अहिआ, कमभरहविदेहतिग संखा १॥३७॥

| | | |
|---|---|---|
| निसहंत-निषधना अंत सुधी | बीअहिमे-बीजा हिमवंतमां | हरिसु-हरिवर्ष |
| मीसे-क्षेत्रधिकना योगे | ति-त्रीजा | दुदु बे बे स्थळे |
| जं-जे | मह-मोटा, महा | एग एक स्थळे |
| भणिअं-कह्यु छे | बिअ-बीजा | अहिआ-अधिक |
| पुव्वं-पूर्वे | तिअ-त्रीजा | कम अनुक्रमे |
| अहिअ अधिक | निसहे-निषध | भरहविदेहतीग-भरत अने महा विदेहना त्रीकमां |

अर्थ—क्षेत्राद्धीकादिना योगवाळा जंबूद्वीपमां निषध पर्वतना अंत सुधी जे प्रथम कह्युं ते तेमज जाणवुं. तेथी बीजा हिमवंतगिरिमां,अधिक तेथी बीजा महा हिमवंतगिरिमां संख्यातगुण,तेथी त्रीजा हिमवंतगिरिमां संख्यातगुणा. तेथी बीजा निषधमां, विशेषाधिक. तेथी त्रीजा महा हिमवंतमां सख्यात गुण. तेथी बीजा हिमवंतमां विशेषाधिक.तेथी त्रीजा निषधमां संख्यातगुण,तेथी बीजा देवकुरुमां संख्या०, तेथी बीजा हरिवर्षमां विशेषा० तेथी त्रीजा हैमवतमां संख्या० तेथी त्रीजा देवकुरुमां संख्या०, तेथी त्रीजा हरिवर्षमां विशेषा०, एम बे बे स्थानमां संख्यातगुणा अने एक स्थानके विशेषाधिक कहेवा. त्यार पछी अनुक्रमे त्रण भरत अने त्रण महाविदेहमां संख्यातगुण कहेवा. ३६-३७.

**विवेचन—**

अहीं अढी द्वीपना क्षेत्र अने पर्वतोनुं अल्पबहुत्व साथे कहे छे.

पूर्वे जंबूद्वीपने विषे निषध पर्वत सुधी जे अल्प बहुत्व कह्युं ते अहीं पण ते रीते कहेवुं. ते आवी रीते

| | | | | | |
|---|---|---|---|---|---|
| १ | जंबूद्वीपना | | हिमवंत पर्वतमां | सिद्ध थएल | सर्वथी थोडा |
| २ | तेथी | ,, | हैमवंत क्षेत्रमां | ,, | संख्यातगुणा |
| ३ | ,, | ,, | महा हिमवंतगिरिमां | ,, | ,, |
| ४ | ,, | ,, | देवकुरु क्षेत्रमां | ,, | ,, |
| ५ | ,, | ,, | हरिवर्षक्षेत्रमां | ,, | ,, |
| ६ | ,, | ,, | निषध पर्वतमां | ,, | ,, |
| ७ | ,, | ,, | घातकीखंडना हिमवंतगिरिमां | | विशेषाधिक |
| ८ | ,, | ,, | महा हिमवंतगिरिमां | ,, | संख्यातगुण |
| ९ | ,, | ,, | पुष्करार्धना हिमवंतगिरिमा | ,, | ,, |

बीजा हिमवंत एटले बीजा घातकी खंडना हिमवतमां एम समजवुं तथा आगळ ज्यां त्रीजा आवे त्यां पुष्करार्धना समजवा. एम आगळ पण बीजा शब्दवडे घातकीखंड अने त्रीजा शब्द वडे पुष्करार्ध समजवुं.

| | | | | | |
|---|---|---|---|---|---|
| १० | तेथी | घातकीखंडना | निषध पर्वतमां | सिद्ध थएल | विशेषाधिक |
| ११ | ,, | पुष्करार्धना | महा हिमवतगिरिमां | ,, | संख्यातगुणा |
| १२ | ,, | घातकीखंडना | हैमवत क्षेत्रमां | ,, | ,, |
| १३ | ,, | पुष्करार्धना | निषधगिरिमां | ,, | विशेषाधिक |
| १४ | ,, | घातकीखंडना | देवकुरु क्षेत्रमां | ,, | संख्यातगुण |
| १५ | ,, | ,, | हरिवर्ष क्षेत्रमां | ,, | ,, |
| १६ | ,, | पुष्करार्धना | हैमवत क्षेत्रमां | ,, | विशेषाधिक |
| १७ | ,, | ,, | देवकुरुमां | ,, | संख्यातगुण |
| १८ | ,, | ,, | हरिवर्षे | ,, | ,, |
| १९ | ,, | जंबूद्वीपना | भरतक्षेत्रमां | ,, | संख्यातगुण. |

| | | | | |
|---|---|---|---|---|
| २० ,, धातकीखंडना | | ,, | ,, | ,, |
| २१ ,, पुष्करार्धना | | ,, | ,, | ,, |
| २२ ,, जंबूद्वीपना | महाविदेह क्षेत्रमां | | ,, | ,, |
| २३ ,, धातकीखंडना | | ,, | ,, | ,, |
| २४ ,, पुष्करार्धना | | ,, | ,, | ,, |

ए प्रमाणे आठमा स्थानथी बे बे ठेकाणे संख्यात गुण अने एक स्थाने विशेषाधिक कहेवुं. आ क्रमे दशमा स्थानमां विशेषाधिक जोइए पण टीकामां संख्यातगुण लखेल छे ते ते द्वीपना सरखा प्रमाणवाळा क्षेत्र अने पर्वतोनु ते ते द्वीपमां कह्या प्रमाणे सरखुं कहेवुं. एटले धातकी खंडना भरतक्षेत्रनुं कह्युं तेटलुंज तेना बीजा भरतनुं तथा तेना बे ऐरवत क्षेत्र ए चार क्षेत्रनु जाणवुं. एवी रीते क्षेत्रद्वारने विषे अल्प बहुत्व कह्युं.

हवे बीजा कालद्वारे अल्प बहुत्व कहे छे.

**दुसमदुसमाइ थोवा, दुसम संखगुण सुसमदुसमाए।**
**अस्संखा पण छठे, अहिआ तुरिअंमि संखगुणा ॥ ३८ ॥**
**अवसप्पिणि अरएसु, एवं ओसप्पिणीइ मीसेवि।**
**परमवसप्पिणी दुस्सम अहिआ सेसेसु दुसुवि समा२॥३९**

| | | |
|---|---|---|
| दुसम दुसमाइ-दुःखम दुःखमा | पण-पांचमा | ओसप्पिणी-उत्सर्पिणी |
| थोवा-थोडा | छठे-छठामां | मीसेवि-मिश्रमां |
| दुसम-दुःखमा | अहिआ-अधिक | परं-एटलुं विशेष |
| सुसम दुसमाए-सुखम दुःखमा | तुरिअंमि-चोथा | सेसेसु-बाकीनामां |
| अस्संखा-असंख्यातगुणा | अवसप्पिणी-अवसर्पिणी | दुसुवि-बंनेमां |
| | अरएसु-आराओमां | समा-सरखा |

अर्थ—दुःखमदुःखमामांथोडा—दुःखमामां संख्यातगुणा, सुखमा-

दुःखमामां असंख्यातगुणा. पांचमा अने छट्ठामां अधिक अने चोथामां संख्यातगुणा. ३८ अवसर्पिणीना आराओमां एम तेमज उत्सर्पिणीना आरामा पण मिश्रमां एटलुं विशेष के उत्सर्पिणना दुखमामां अधिक अने बंनेना बाकीना आराओमां सरखुं जाणवुं.

विवेचन—हवे २ कालद्वारने विषे अल्पबहुत्व कहे छेः—

| | | | | |
|---|---|---|---|---|
| १ | संहरणथी | दुःखमदुःखमामां | सिद्ध | थोडा |
| २ | तेथी | दुःखमामां | ,, | संख्यातगुणा |
| ३ | तेथी | सुखमदुःखमामां | ,, | असंख्यातगुणा. असंख्य- |
| | ,, | | ,, | गुणकाल होवाथी |
| ४ | तेथी | सुखमामां | ,, | विशेषाधिक |
| ५ | तेथी | सुखमा सुखमामां | ,, | ,, |
| ६ | तेथी | दुःखम दुःखमामां | ,, | संख्यातगुणा |

आ प्रमाणे अवसर्पिणीना आरामां अल्पबहुत्व जाणवुं. उत्सर्पिणीनां आरामां पण एज रीते अल्पबहुत्व कहेवुं.

हवे अवसर्पिणी अने उत्सर्पिणीनुं मिश्र अल्पबहुत्व पण तेवीज रीते परंतु एटलुं विशेष के उत्सर्पिणीना दुःखमा नामे आरामां विशेषाधिक कहेवा. ते सिवाय सरखुं जाणवुं. ते आवी रीतेः—

| | | | | |
|---|---|---|---|---|
| १ | बंनेना | दुःखमदुःखम नामे आरामां | सिद्ध | थोडा |
| २ | तेथी | उत्सर्पिणीना दुःखम आरामां | ,, | विशेषाधिक |
| ३ | तेथी | अवसर्पिणीना | ,, | संख्येयगुण |
| ४ | तेथी | बंनेना सुखमदुःखम आरामां | ,, | असंख्यातगुणा |
| ५ | तेथी | सुखम नामे | ,, | विशेषाधिक |

टीकामां अवसर्पिणीना सर्व करतां उत्सर्पिणीना सर्व विशेषाधिक कह्या पण उत्सर्पिणीना सर्व करतां अवसर्पिणीना सर्व विशेषाधिक कहेवा जोइए. कारणके उत्सर्पिणीना दुःखमा करतां अवसर्पिणीना दुःखमा आरामां संख्यातगुण कहेल होवाथी

| | | | |
|---|---|---|---|
| ६ | तेथी सुखमसुखम नामे | ,, | ,, |
| ७ | तेथी दुःखसुखम नामे | ,, | संख्यातगुण |
| ८ | तेथी अवसर्पिणीना सर्व | ,, | ,, |
| ९ | तेथी उत्सर्पिणीना | ,, | विशेषाधिक |

कालद्वार कहीने हवे ३ गति द्वार कहे छेः—

थी १ नर २ नरय ३ तिरत्थि ४,
तिरि ५ देवी ६ देव ७ थोव १ संखगुणा ६ ।
इग १ पणिदि २ थोव १ संखा २,
तरु १ भू २ जल ३ तसिहि ४ संखगुणा ॥ ४० ॥
चउ १ ति दुग ३ नरय तरु ४,
महि ५ जल ६ भवण ७।८ वणिंदि ९।१० जोइ ११ देवि
सुरा १२ नारी १३ नर १४ रयणाए १५,
तिरिई १६ तिरि १७ णुत्तरा १८ य सुरा १९ ॥ ४१ ॥
दु पढमदिव देवि ३० । ३१ । सुरा ३२ ॥ ३ ॥

| | | |
|---|---|---|
| थी-मनुष्यणी | तसिहि-त्रसथी | नारी-मनुष्यणी |
| नरय-नारकी | चउ-चौरिन्द्री | नर-मनुष्य |
| तिरित्थी-तिर्यंचिणी | ति-ते इन्द्री | रयणाए-रत्नप्रभा |
| तिरि-तिर्यंच | दुग-बे इन्द्री | तिरिइ-तिर्यंचिणी |
| थोव-थोडा | महि-पृथ्वीकाय | तिरि-तिर्यंच |
| इग-एकेन्द्रि | भवण-भुवनपति | अणुत्तरा-अनुत्तरथी |
| पणिदि-पंचेन्द्रि | वणिंदि-व्यंतर | दुपढम बीजा तेमज पहेला देवलोकनी |
| तरु-वनस्पतिकाय | जोइ-ज्योतिष | देवि-देवीथी |
| भू-पृथ्वीकाय | देवि-देवी | सुरा-देव |
| जल-अपकाय | सुरा-देव | |

अर्थ—मनुष्यणीथी थोडी तेथी मनुष्य, नारकी, तिर्यंचिणि तिर्यंच देवी अने देवथी संख्यात गुणा, एकिंद्रीथी थोडा तेथी पंचे-

न्द्रियथी संख्यात गुणा, वनस्पतिकायथी थोडा तेथी पृथ्वीकाय, अपकाय अने त्रसकायथी संख्यात गुणा. ४०.

चोथी नरकमांथी आवेला थोडा तेथी त्रीजी नारकथी, बीजी नरकथी, वनस्पतिथी पृथ्वीकायथी, अपकायथी, भवनपति देवीथी, देवथी, व्यन्तरीथी, व्यन्तरथी, ज्योतिषी देवीथी, देवथी, नारीथी, नरथी, रत्नप्रभाथी, तिर्यंचिणीथी, तिर्यंचथी, अणुत्तरादि सुरथी, बीजा देवलोकनी देवीथी, पहेला देवलोकनी देवीथी, बीजा देवलोकना देवथी अने पहेला देवलोकना देवथी आवीने सिद्ध थयेला अनुक्रमे संख्यात गुणा कहेवा ४१.

**विवेचन—**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| १ | | मनुष्यणीथी | अनन्तर | आवीने | सिद्ध | थएला | थोडा |
| २ | तेथी | मनुष्यथी | ,, | ,, | ,, | ,, | संख्यातगुणा. |
| ३ | ,, | नारकीथी | ,, | ,, | ,, | ,, | ,, |
| ४ | ,, | तिर्यंचिणीथी | ,, | ,, | ,, | ,, | ,, |
| ५ | ,, | तिर्यंचथी | ,, | ,, | ,, | ,, | ,, |
| ६ | ,, | देवीथी | ,, | ,, | ,, | ,, | ,, |
| ७ | ,, | देवथी | ,, | ,, | ,, | ,, | ,, |

---

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | १ | एकेन्द्रियथी | अनन्तर | आवीने | सिद्ध | थएला | थोडा |
| तेथी | २ | पंचेन्द्रियथी | ,, | ,, | ,, | ,, | संख्येय गुण |

---

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | १ | वनस्पतिकायथी | अनन्तर | आवीने | सिद्ध | थएला | थोडा |
| तेथी | २ | पृथिवीकायथी | ,, | ,, | ,, | ,, | संख्यातगुण |
| तेथी | ३ | अपकायथी | ,, | ,, | ,, | ,, | ,, |
| तेथी | ४ | त्रसकायथी | ,, | ,, | ,, | ,, | ,, |

---

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | १ | चोथी नरकथी | अनन्तर | आवीने | सिद्ध थएला | थोडा |
| तेथी | २ | त्रीजी | ,, | ,, | ,, | संख्यातगुण |
| तेथी | ३ | त्रीजी | ,, | ,, | ,, | ,, |
| तेथी | ४ | पर्याप्ति बादर प्रत्येकवनस्पतिथी | ,, | ,, | ,, | ,, |
| तेथी | ५ | ,, ,, पृथ्वीकाय | | ,, | ,, | ,, |
| तेथी | ६ | ,, ,, जलकाय | | ,, | ,, | ,, |
| तेथी | ७ | भवनपतिनी देवीथी | | ,, | ,, | ,, |
| तेथी | ८ | ,, देवथी | | ,, | ,, | ,, |
| तेथी | ९ | व्यन्तर देवीथी | | ,, | ,, | ,, |
| तेथी | १० | व्यन्तर देवथी | | ,, | ,, | ,, |
| तेथी | ११ | ज्योतिष्क देवीथी | | ,, | ,, | ,, |
| तेथी | १२ | ज्योतिष्क देवथी | | ,, | ,, | ,, |
| तेथी | १३ | मनुष्यणीथी | | ,, | ,, | ,, |
| तेथी | १४ | मनुष्यथी | | ,, | ,, | ,, |
| तेथी | १५ | रत्नप्रभा पहेली नारकीथी | | ,, | ,, | ,, |
| तेथी | १६ | तिर्यंचिणीथी | अनन्तर | आवीने | सिद्धथयेला | संख्यातगुणा |
| तेथी | १७ | तिर्यंचथी | | ,, | ,, | ,, |
| तेथी | १८ | अनुत्तरोपपाति देवथी | | ,, | ,, | ,, |
| तेथी | १९ | ग्रैवेयकथी | | ,, | ,, | ,, |
| तेथी | २० | अच्युत देवलोकथी | | ,, | ,, | ,, |
| तेथी | २१ | आरण | ,, | ,, | ,, | ,, |
| तेथी | २२ | प्राणत | ,, | ,, | ,, | ,, |
| तेथी | २३ | आनत | ,, | ,, | ,, | ,, |
| तेथी | २४ | सहस्रार | ,, | ,, | ,, | ,, |
| तेथी | २५ | शुक्र | ,, | ,, | ,, | ,, |

| | | | | |
|---|---|---|---|---|
| तेथी २६ लांतक | ,, | ,, | ,, | ,, |
| तेथी २७ ब्रह्म | ,, | ,, | ,, | ,, |
| तेथी २८ माहेंद्र | ,, | ,, | ,, | ,, |
| तेथी २९ सनत्कुमार | ,, | ,, | ,, | ,, |
| तेथी ३० इशान देवलोकनी देवीथी | | ,, | ,, | ,, |
| तेथी ३१ सौधर्म ,, ना देवीथी | | ,, | ,, | ,, |
| तेथी ३२ इशान देवलोकना देवथी | | ,, | ,, | ,, |
| तेथी ३३ सौधर्म ,, ना देवथी | | ,, | ,, | ,, |

गतिद्वार कह्युं. वेदद्वारादिदि कहे छे.

**कीवित्थी नर ४ गिहन्न निअलिंगे ५ तित्थयरि तित्थपत्ते,**
**समणी मुणि कमिण संखगुणा ॥ ४२ ॥**
**तित्थयर तित्थि पत्ते समणी मुणिणंतसंखसंखगुणा ६ ।**

| | | |
|---|---|---|
| कीवि-कलीब, नपुंसक | तित्थयरि-तीर्थंकरी | मुणि-साधु |
| इत्थि-स्त्री | तित्थ-तीर्थमां | कमिण-अनुक्रमे |
| गिह-गृहस्थ | | |
| अन्न-अन्य | पत्ते-प्रत्येक बुद्ध | तित्थिपत्ते-तेमना ती- |
| निअलिंगे-स्वलिंगे | समणी-साध्वी | र्थना प्रत्येक बुद्ध |

अर्थ—नपुंसकसिद्ध थोडा तेथी स्त्री अने पुरुषवेदी सिद्ध थएला अनुक्रमे संख्यातगुणा. गृहस्थलिंगे थोडा तेथी अन्यलिंगे अने स्वलिंगे अनुक्रमे संख्यातगुणा. तीर्थंकरी सिद्ध थोडा, तेथी तेज तीर्थना प्रत्येक बुद्ध सिद्ध संख्यातगुणा तेथी श्रमणी अने मुनि अनुक्रमे संख्यातगुणा. ४२. तेथी तीर्थंकर अनन्तगुणा ते तीर्थना प्रत्येक बुद्ध, श्रमणी अने मुनि अनुक्रमे संख्यातगुणा. ६.

| | | | |
|---|---|---|---|
| विवेचन—४ वेदद्वारे नपुंसकवेदे | सिद्ध | थएला | थोडा |
| तेथी स्त्रीवेदे | ,, | ,, | संख्यातगुणा |
| तेथी पुरुषवेदे | ,, | ,, | ,, |

| | | |
|---|---|---|
| ५ लिंगद्वारे—गृहस्थलिंगे | ,, ,, | थोडा |
| तेथी अन्यलिंगे | ,, ,, | संख्यातगुणा |
| तेथी स्वलिंगे | ,, ,, | ,, |
| ६ तीर्थद्वारे—तीर्थंकरी | सिद्ध थएला | थोडा |
| तेथी तेनाज तीर्थमां प्रत्येकबुद्ध | ,, ,, | संख्यातगुणा |
| तेथी ,, ,, अतीर्थकरी साध्वी थइने | ,, | ,, |
| तेथी ,, ,, साधु थईने | ,, | ,, |
| तेथी तीर्थंकर | ,, | अनतगुणा |
| तेथी तेमनाज तीर्थमां प्रत्येकबुद्ध | ,, | संख्यातगुण |
| तेथी ,, ,, साध्वी थइने | ,, | ,, |
| तेथी ,, ,, साधु थइने | ,, | ,, |

परिहार चउग पणगे, छेय ति चउ सेसचरणंमि ॥ ४३ ॥
संख असंख दु संखा ७, संपत्ते बुद्धिबुद्ध संखगुणा ८ ।
मणजुअ थोवा मइसुअ, संखचउ असंखतिगसंखा ९ ।४४।

| | | |
|---|---|---|
| परिहार—परिहार विशुद्धि | चरणंमि—चारित्रमां | मणजुअ—मनःपर्यव सहित |
| चउग—चतुष्क | सं—स्वयंबुद्ध | थोवा—थोडा |
| पणगे—पांचमां | पत्ते—प्रत्येकबुद्ध | चउ-चार ज्ञानी |
| छेय-छेदोपस्थापनीय | बुद्धि—बुद्धी बोधित | असंख-असंख्यातगुणा |
| | बुद्ध—बुद्ध बोधित | |

अर्थ—परिहार साथे चार चारित्रवाळा थोडा, पांच चारित्रवाळा, छेदोपस्थापनीय साथे त्रण चारित्रवाळा, चार चारित्रवाळा अने बाकीना चारित्रमां अनुक्रमे संख्यातगुण, असंख्यातगुण अने बे संख्यातगुण. (७) स्वयंबुद्ध, प्रत्येकबुद्ध, बुद्धीबोधित अने बुद्धबोधित एक एकथी संख्यातगुण, मनःपर्यव सहित मतिश्रुत ज्ञानी

थोडा तेथी मति अने श्रुतथी सिद्धि पामेला संख्यातगुणा तेथी चार ज्ञानी असंख्यातगुण तेथी त्रण ज्ञानी संख्यातगुण. ४३-४४

विवेचन—७ चारित्रद्वार-परिहार साथे चार चारित्र एटले छेदोपस्थापनीय, परिहार वि., सूक्ष्मसं. अने यथा० चारित्र साथे चार चारित्रथी सोथी थोडा सिद्धि पामेला छे. अहीं सामायिक विनानुं छेदोपस्थापनीय चारित्र भागनारनी अपेक्षाए जाणवुं. तेथी सामा०, छेदो०, परि०, सूक्ष्मसं० अने यथा० ए पांच चारित्रथी संख्यातगुणा सिद्ध थया. तेथी छेदो० सूक्ष्म० यथा० ए त्रण चारित्रथी असंख्यातगुण, तेथी सामायिक, छेदो०, सूक्ष्म० यथा० ए चार चारित्रथी संख्यातगुण, तेथी बाकीना चारित्रवाळा एटले सामा०, सूक्ष्म० अने यथा० ए त्रण चारित्रथी सिद्धि पामेला संख्यातगुण जाणवा.

८ बुद्ध द्वारे—स्वयंबुद्ध सिद्धि पामेला थोडा तेथी प्रत्येकबुद्ध संख्यातगुणा, तेथी बृद्धी बोधित संख्यातगुणा, तेथी बुद्ध बोधित संख्यातगुणा.

९ ज्ञान द्वारे—मतिश्रुत अने मनःपर्यवथी सिद्धि पामेला थोडा तेथी मति अने श्रुतथी संख्यातगुणा, तेथी मति, श्रुत, अवधि अने मनःपर्यवथी सिद्धि पामेला असंख्यातगुणा, तेथी मति, श्रुत अने अवधि ए त्रण ज्ञानथी सिद्धि पामेला संख्यातगुणा जाणवा. ४४

अडसमयसिद्ध थोवा, संखिज्जगुणा उ सत्तसमयाई १३।
अचुअ चुअ तीसु थोवा,असंख संखा असखा य११॥४५॥

| | | |
|---|---|---|
| अडसमय-आठ समय सुधी | मयादि | चुअतीसु-समकितथी |
| सत्तसमयादि-सात स- | अचुअ-समकितथी न-हि पडेला | चवेला पवा त्रणथी |

अर्थ—आठ समय सुधी सिद्ध थएला थोडा, सात समयादि

अनुक्रमे संख्यातगुणा कहेवा. अच्युत सम्यक्त्वी थोडा तेथी त्रण च्युत सम्यक्त्वी अनुक्रमे असंख्यगुण, संख्यातगुण अने असंख्यातगुण. ४५.

विवेचन—१३ अनुयोगद्वारे–विचारतां आठ समय सिद्ध सर्व थोडा कारण के आठ समय सुधी निरंतर सिझेळा जीवो थोडा प्राप्त थता होवाथी. तेथी सात समय सुधी सीझेला संख्यात गुणा. एवी रीते समय समयनी हानि करतां बे समय सिद्ध सुधी संख्यातगुणा संख्यातगुणा कहेवा. एक समय सिद्धमां निरंतरपणानो अभाव होवाथी तेना अल्पबहुत्वनो अभाव छे.

११ उत्कर्षद्वारे–सम्यक्त्वथी नहि पडेला सिद्ध थयेला थोडा, तेनाथी त्रण पडेला अनुक्रमे असंख्यातगुणा, संख्यातगुणा अने असंख्यातगुणा, एटले सम्यक्त्वथी नहि पडेला करतां संख्यातकालथी सम्यक्त्वथी पडीने सिद्ध थएला असंख्यातगुणा. तेथी असंख्यात कालथी सम्यक्त्वथी पडीने सिद्ध थएला संख्यातगुणा तेथी अनंतकालथी समकितथी पडीने सिद्ध थएला असंख्यातगुणा. ४५

एगो जा जवमज्झं, संखगुण परा उ संखगुणहीणा ।
छम्मासंता १२ लहु गुरु, मज्झ तणू थोव दुअसंखा १० ४६

| | | |
|---|---|---|
| एगो–एक | परा–पछीथी | पर्यंत |
| जा–यावत् | संखगुणहीणा–संख्यातगुण हीन | मज्झ–मध्यम |
| जवमज्झ–यवमध्य | | तणू–शरीरनी अवगाहना |
| संखगुण–संख्यातगुणा | छम्मासंता–छ मास | |

अर्थ—एक समयान्तर सिद्धथी यावत् यवमध्य सुधी संख्यातगुण संख्यातगुण कहेवा त्यार पछी छ मास पर्यंत संख्यातगुण हीन संख्यातगुण हीन कहेवा. जघन्य उत्कृष्ट अने मध्यम अवगाहनावाळा अनुक्रमे थोडा अने बे असंख्यातगुणा. ४६.

**विवेचनः—**

१२ मां अन्तरद्वारे–छ मासना उत्कृष्ट अंन्तरे सिद्ध थएला थोडा तेथी एक समयना अन्तरे सिद्ध थएला संख्यातगुण. तेथी बे समयना अन्तरे सिद्ध थएला संख्यातगुणा. ए प्रमाणे समय समय विशेष अन्तरे संख्यातगुण संख्यातगुण कहेतां यवमध्य सुधी एटले त्रण मास सुधी कहेवुं.त्यार पछी आगळ एटले त्रण मास अने एकसमयना अन्तरे सिद्ध थएला संख्यातगुण हीन तेथी समयाधिक अन्तरे सिध्ध थएला संख्यातगुण हीन ए प्रमाणे समय समय विशेष अन्तरने विषे संख्यातगुण हीन संख्यातगुण हीन करतां यावत छ मास सुधी एटले छ मासमां एक समय हीन सुधी कहेवुं.

१० अवगाहना द्वारे जघन्य अवगाहनाए सिध्ध थएला थोडा तेथी उत्कृष्ट अवगाहनाए सिध्ध थएला असंख्यातगुणा तेथी मध्यम अवगाहनाए सिध्य थएला असंख्यातगुणा. ४६

**अट्ठसयसिद्ध थोवा, सत्तहिअ अणंतगुणिअ जापन्ना ।**
**जा पणवीसमसंखा, एगंता जाव संखगुणा १४ ॥ ४७ ॥**

| | | |
|---|---|---|
| अट्ठसय-एकसो आठ | अणंतगुणिअ-अणंत गुणा | पणवीसं-पचीस |
| थोवा थोडा | जा–यावत् | एगंता–एकसुधी |
| सत्तहिअ-सात अधिक | पन्ना–पचास | जाव–यावत् |

अर्थ—एकसो आठ सिद्ध थएला थोडा, तेथी एकसो सात सिद्ध अणंतगुणा. एम यावत् पचास सुधी कहेवुं त्यार पछी पचीस सुधी असंख्यगुणा त्यांथी एक सुधी संख्यातगुण कहेवा. ४७

**विवेचन—**

१४ गणणाद्वारे–एकसो आठ सिद्ध थएल थोडा, तेथी एकसो सात सिद्ध थएल अनंतगुणा, तेथी एकसो छ सिध्ध थएल अनंत-

गुण एम एक एक ओछा करतां पचास सुधी आवीए त्यां सुधी अनंतगुण अनंतगुण कहेवा. ते पचास सिद्ध करतां ओगणपचास सिद्ध असंख्यातगुणा तेथी अडतालीस सिद्ध असंख्यातगुणा. एम असंख्यातगुण कहेतां पचीस सुधी कहेवुं. तेथी चोवीस सिद्ध संख्यातगुण तेथी त्रेवीस सिद्ध संख्यातगुण एम संख्यातगुण संख्यातगुण कहेतां एक समय सुधी आववुं. ४७

उम्मंथिअ उद्धट्ठिअ, उक्कडि वीरासणे निउंजे अ ।
पासिल्लग उत्ताणग, सिद्धा उ कमेण संखगुणा १५ ॥४८॥

उम्मंथिअ-उन्मन्थित-सिद्ध-अधोमुखसिद्ध
उद्धठिअ-ऊर्ध्वस्थित, कायोत्सर्ग सिद्ध
उक्कडि उत्कटसिद्ध
वीरासणे-वीरासन सिद्ध.
निउंजे-न्युब्जासन
पासल्लग-पार्श्वस्थित
उत्ताणग-उत्तानक
कमेण-अनुक्रमे

अर्थ—उन्मथित सिद्ध, ऊर्ध्वस्थित, उत्कटसिद्ध वीरासनसिद्ध, न्युब्जासनसिद्ध, पार्श्वस्थित, अने उत्तानकसिद्ध अनुक्रमे संख्यातगुणा संख्यातगुणा कहेवा. ४८.

विवेचन—

१५ अल्पबहुत्व द्वारे जे विशेष छे ते कहे छेः—

१ उन्मत्थित आसने सिद्ध थएला सर्वथी थोडा.

उन्मस्थित एटले अधोमुखे पूर्ववैरी पग वडे उपाडीने लइ जाय त्यारे अथवा अधोमुखे कायोत्सर्गे रहे त्यारे जे आसन होय ते.

तेथी २ ऊर्ध्वस्थित सिद्ध थएल संख्यातगुणा. ऊर्ध्वस्थित एटले उभा उभा कायोत्सर्ग रहेला ते.

तेथी ३ उत्कटासने सिद्ध थएला संख्यातगुणा. उत्कट आसने एटले बे पगना तळीआ जमीन उपर राखीने अध्धर बेसीने सिद्धि पामेला.

तेथी ४ वीरासनसिध्ध संख्यातगुणा.

पाटली अथवा खुरसी उपर बेठांथकां पाछळथी ते वस्तु लइ लइए अने जे आसन थाय ते आसनने वीरासन कहेछे.

तेथी ५ न्युब्जासन सिद्ध संख्यातगुण.

बेसीने नीचे दृष्टि राखवी एवा आसने बेठेला ते न्युब्जासन सिध्ध.

तेथी ६ पासिल्लग. एटले एक पासे सुइ रहीने सिद्धि पामेला संख्यातगुण.

तेथी ७ उत्ताणग एटले चत्ता सुइ रहीने सिद्धि पामेला संख्यातगुण. एवी रीते पंदरद्वारे अल्पबहुत्व कह्युं. हवे सर्वगत अल्पबहुत्वमां विशेष देखाडवाने नवमुं संनिकर्ष द्वार कहे छे. सनिकर्ष एटले संबंध.

पणवीस पन्न अडसय, पण दस वीसाय ति पण दसगं च।
संख असंख अणंतय, गुणहाणि चउट्ठआइं ता ॥ ४९ ॥
इग दुग इग दुग चउ बहुणंत बहु असंखणंतगुणहीणा।
इय सिद्धाण सरूवं, लिहिअं देविंदसूरीहिं ॥ ५० ॥

| | | |
|---|---|---|
| पणवीस-पचीस | ति-त्रण | आइंता-आदि अने अंतनी |
| पन्न-पचास | संख-संख्यातगुण | सरूवं-स्वरूप |
| अडसय-एकसो आठ | गुणहाणि-गुणहीन | लिहिअं-लख्युं |
| पण-पांच | चउ-चार | देविंदसूरिहिं-देवेन्द्रसूरी महाराजे |
| दस-दश | अट्ठ-आठ | |
| वीसाय-वीस | | |

अर्थ—२५, ५० ने १०८; ५ १० अने २०. ३, ५ अने दशने विषे अनुक्रमे संख्यातगुण असंख्यातगुण अने अनंतगुण हानि कहेवी-चार अने आठने विषे आदि अने अंतनी बे हानि कहेवी.

एक अन बे, तथा एक बे अने चारने विषे अनुक्रमे बहु अने अनंतगुणहीन तथा बहु, असंखगुणहीन अने अनंतगुणहीन कहेवा. ए प्रमाणे देवेन्द्रसूरि महाराजे सिद्ध स्वरुप कह्युं. ५०

विवेचन—ज्यां ज्यां एकसो आठ सिध्धि पामता होय त्यां त्यां नीचे प्रमाणे व्याप्ति जाणवीः—एक एक सिद्धि पामेला घणा जाणवा. तेथी बे बे सिद्धि पामेला संख्यातगुण हीन जाणवा. तेथी त्रण त्रण सिध्ध संख्यातगुण हीन. एवी रीते चार पांच यावत् पचीस सुधी संख्यातगुण हीन संख्यातगुण हीन कहेवा. तेथी २६ सिध्ध असंख्यातगुणहीन तेथी २७ सिध्ध असंख्यातगुण हीन. ए प्रमाणे एकएक वधारतां ५०सिद्ध सुधी असंयातगुण हीन कहेवा. तेथी ५१ सिध्ध अनंतगुण हीन. ५२ सिध्ध अनंतगुणहीन. एम एक एक वधारतां एकसो आठ सुधी अनंतगुणहीन कहेवा.

ज्यां ज्यां वीस सिद्ध थाय छे त्यां आ प्रमाणे व्याप्ति जाणवी. एकएक सिध्ध सर्वथी अधिक, तेथी बे बे सिध्ध संख्यातगुण हीन एम पांच सुधी कहेवुं.त्यांथी ६थी१०सुधी असंख्यातगुणहीन कहेवा. त्यांथी आगळ अगियारथी वीस सुधी अनंतगुण हीन कहेवा. ए प्रमाणे अधोलोकादिकने विषे.

ज्यां वीस पृथक्त्व सिद्ध थाय छे. त्यां प्रथमना चोथा भागे संख्यातगुण हीन, बीजा चोथा भागने विषे असंख्यातगुण हीन अने त्रीजा चोथा भागथी मांडीने उपर सगळे ठेकाणे अनंतगुण हीन जाणवुं.

ज्यां ज्यां दश दस सीझे छे त्यां आ प्रमाणे व्याप्ति—एक एक सिद्ध सर्वथी अधिक, तेथी बबे सिध्ध संख्यातगुण हीन, तेथी त्रण त्रण सिध्ध संख्यागुणहीन. तेथी चार चार सिध्ध असंख्यातगुण

हीन,तेथी पांच पांच सिध्ध असंख्यातगुण हीन त्यांथी आगळ छ छ सिध्धथी दश सुधी अनन्तगुण हीन कहेवा.

यवमध्यादिकमां ज्यांज्यां आठ सिध्ध थायछे त्यांत्यां चार सुधी आद्यनी संख्यातगुण हानि त्यार पछी पांचथी मांडीने आठ सुधी अनन्तगुण हानि अहीं मध्यनी असंख्यातगुण हानि नथी. एटले एक एक सिध्ध सर्वाधिक, तेथी बे बे सिध्ध संख्यातगुण हीन, तेथी त्रण त्रण सिध्ध संख्यातगुण हीन तेथी चार चार सिध्ध संख्यातगुणहीन तेथी पांच पांच सिध्ध अनन्तगुण हीन तेथी आगळ आठ सुधी अनंतगुण हीन अनंतगुण हीन कहेवा.

लवणादिकमां ज्यां बे बे सिध्ध थाय छे त्यां एकेक सिध्ध सर्वाधिक, तेथी बबे सिध्ध अनन्तगुण हीन ऊर्ध्वलोकादिमां ज्यां चार चार सीझे छे त्यां आ प्रमाणे:—एक एक सिध्ध सर्वाधिक तेथी बबे सिद्ध असंख्यातगुण हीन, तेथी त्रण त्रण सिद्ध अनंत गुण हिन, तेथी चार चार सिद्ध अनन्त गुणहीन. एवी रीते द्रव्य प्रमाणने विषे विस्तारपूर्वक संकीकर्ष कह्यो. बाकीना द्वारोमां सिद्धासिद्ध प्राभृत टीकाथी भाववो. एवी रीते मुक्तिने प्राप्त थएल सिद्ध जीवोनुं स्वरूप सिद्ध प्राभृतथी श्री देवेन्द्रसूरिए कह्युं.

समाप्त.

# श्रीसिद्धदण्डिकास्तव.

जं उसहकेवलाओ, अंतमुहुत्तेण सिवगमो भणिओ ।
जा पुरिसजुगअसंखा, तत्थ इमा सिद्धदंडीओ ॥ १ ॥

| | | |
|---|---|---|
| जं–जे | सिवगमो–मोक्षगमन | असंखा–असंख्याता |
| उसह–ऋषभदेव | भणिओ–कह्युं छे | तत्थ–त्यां |
| केवलाओ–केवलज्ञा-नथी | जा–यावत् | इमा–आ |
| अंतमुहुत्तेण–अन्तर्मुहूर्त पछी | पुरिस–पुरुष | सिद्धदंडीओ–सिद्धदंडीका |
| | जुग–युग (पाट) | |

अर्थ—ऋषभदेवने केवलज्ञान थया पछी अन्तर्मुहूर्त पछी असंख्याता पुरुष युग सुधी मोक्षगमन कह्युं छे–तेमां आ सिद्धदंडिका कहे छे

विवेचन—आ अवसर्पिणी कालना प्रथम तीर्थंकर ऋषभदेव भगवानने केवलज्ञान थया पछी अन्तर्मुहूर्ते मोक्षमार्ग वह्यो एटले मोक्षमार्गमां जवानी शरुआत थइ त्यार पछी तेमना वंशमां असंख्याता पुरुष युग सुधी एटले असंख्यात पाट सुधी मोक्षगमन थयुं ते जणावनार आ सिद्ध दंडिका छे. १

सत्तुंजयसिद्धा भरहवंसनिवई सुबुद्धिणा सिठा ।
जह सगरसुआणऽठावयंमि तह कित्तिअं थुणिमो ॥२॥

| | | |
|---|---|---|
| सत्तुंजय-शत्रुंजयऊपर | सुबुद्धिणा-सुबुद्धिमंत्रीए | अट्ठावयंमि-अष्टापद उपर |
| सिद्धा-सिद्ध थएला | सिठा-कह्युं | तह-तेम् |
| भरह-भरतराजाना | जह-जेम | कित्तिअं-कीर्तनने |
| वंस-वंश, कुल | सगरसुआण-सगर-राजाना पुत्रोने | थुणिमो-कहुंछुं |
| निवइ-राजाओ | | |

अर्थ—जेम सगरराजाना पुत्रो आगळ अष्टापद पर्वत उपर सुबुद्धि मंत्रीए शत्रुंजय पर्वत उपर भरत वंशना जे राजाओ सिद्धिपदने पामेला कह्या तेम हुं कीर्तन करीश. २

आइच्चजसाइ सिवे, चउदसलक्खा य एगु सव्वठे ।
एवं जा इक्किका, असंख इगदुगतिगाई वि ॥ ३ ॥

| | | |
|---|---|---|
| आइच्च जसाइ-आदित्य यशादि | एगु-एक | इक्किका-एक एक |
| सिवे-मोक्षमां | सव्वठे-सर्वार्थसिद्धे (पांच अनुत्तरे) | असंख-असंख्यात |
| चउदस-चौद | एवं-ए प्रमाणे | इग-एक |
| लक्खा-लाख | जा-यावत् | दुग-बे |
| | | तिगाइ वि-त्रिकादिप ण |

अर्थ—आदित्य यशादि चौद लाख मोक्षे गया पछी एक सर्वार्थसिद्धे एवी रीते (कहेतां) एक एक असंख्याता थाय एम बे बे त्रण त्रण पण. ३

विवेचन—नाभि राजाना वंशमां उत्पन्न थएला आदित्य यशादि चौद लाख राजाओ निरंतर मोक्षे गया. एटले ए वंशमां आदित्ययश राजाथी मांडीने जे जे राजाओ पाटे आव्या ते मोक्षे गया. ए प्रमाणे चौद लाख राजाओ मोक्षे गया. त्यार पछी एक सर्वार्थसिद्धे गया. अहीं सर्वार्थसिद्ध कहेवाथी सघळे पांच अनुत्तर विमान जाणवा. कारणके पांचे विमानना आधार एवा तेना प्रस्तटनी सर्वार्थ नामे रुढि छे. एक सर्वार्थसिद्ध गया पछी चौद लाख मोक्षे गया. त्यार पछी एक सर्वार्थसिद्धे. त्यार पछी चौद लाख

मोक्षे पछी एक सर्वार्थे. ए प्रमाणे चौद चौद लाखने अन्तरे एक एक कहेतां एक एकनी संख्या असंख्याती थाय त्यां सुधी कहेवुं.

त्यार पछी फरीथी चौद लाख मोक्षे अने बे सर्वार्थसिध्धे. वळी पाछा चौद लाख मोक्षे अने बे सर्वार्थसिध्धे एवी रीते चौद चौद लाखने अन्तरे बे बे कहेतां बे बेनी संख्या असंख्याती थाय त्यां सुधी कहेवुं.

त्यार पछी फरीथी चौद लाख मोक्षे अने त्रण सर्वार्थसिध्धे एम चौद लाखने अन्तरे त्रण त्रण पण त्रणनी संख्या असंख्याती थाय त्यां सुधी कहेवा. ३

जा पन्नासमसंखा, तो सव्वट्ठंमि लक्खचउदसगं ।
एगो सिवे तहेव य, अस्संखा जाव पन्नासं ॥ ४ ॥

| | | |
|---|---|---|
| जा-यावत् | सव्वट्ठंमि--सर्वार्थसिद्धे | तहेव-तेमज |
| पन्नासम-पचास | चउदसगं-चौद | अस्संखा-असंख्याता |
| संखा-संख्या | एगो-एक | जाव-यावत्, सुधी |
| तो-त्यार पछी | सिवे-मोक्षमां | पन्नासं-पचास |

अर्थ—यावत् पचास संख्या सुधी त्यार पछी सर्वार्थसिद्धे चौद लाख अने मोक्षे एक एम असंख्यातीवार पचास सुधी कहेवुं. ४

विवेचन—उपर कहेल त्रणत्रणनी संख्या असंख्याती थया पछी चौद लाख मोक्षे अने चार सर्वार्थसिद्धे एम चौद चौद लाखने अंतरे चार चार असंख्यातीवार कहेवा. एम पांच, छ, सात यावत् ५० सुधी असंख्यात थाय त्यां सुधी कहेवुं.

१ अनुलोम सिद्धदंडिकानी स्थापनाः--

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| मोक्षे गपला | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | असंख्येयवार |
| सर्वार्थसिद्धे ग० | १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ९ | १० | ५० | असंख्येयवार |

१४ नी संख्या चौदलाख जणाववाने छे.

त्यार पछी चौद लाख सर्वार्थसिद्धे अने एक मोक्षे. वळी चौद लाख सर्वार्थे अने एक मोक्षे एम चौद लाखने अंतरे एक एक सिद्ध कहेतां एक एकनी संख्या असंख्याती थाय त्यां सुधी कहेवुं. त्यार पछी चौद चौद लाखने अंतरे बे बे सिद्ध बे बेनी संख्या असंख्यातो थाय त्यां सुधी कहेवा. त्यार पछी चौद चौद लाखने अंतरे त्रण त्रणनी चार चारनी एम यावत् पचास पचासनी संख्या असंख्याती असंख्याती थाय त्यां सुधी कहेवुं. ४.

२ प्रतिलोम सिद्धदंडिकानी स्थापनाः-

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| सर्वार्थसिद्धे ग० | १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ९ | १० | ५० | असंख्येयवार |
| मोक्षे गपल | | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ | १४ १४ | असंख्येयवार |

**तो दो लक्खा मुक्खे, दुलक्ख सव्वट्ठि मुक्खि लक्खतिगं।**
**इय इगलक्खुत्तरिआ, जा लक्ख असंख दोसु समा ॥५॥**

| | | |
|---|---|---|
| तो-त्यार पछी | दुलक्ख-बे लाख | लक्ख असंख—असंख्यात लाख |
| दो-बे | तिगं-त्रण | |
| | इय-ए प्रमाणे | |
| लक्खा-लाख | लक्खुत्तरिआ—लाख | दोसु-बंनेमां |
| मुक्खे-मोक्षे | लाख अधिक | समा-सरखा |

अर्थ--त्यार पछी बेलाख मोक्षे अने बे लाख सर्वार्थे त्यार पछी त्रण लाख मोक्षे एम एक एक लाख वधारतां असंख्याता लाख सुधी बंनेमां सरखा कहेवा. ५

विवेचन—असंख्यातमीवार पचास मोक्षे गया पछी चौद लाख सर्वार्थसिध्धे. ए प्रमाणे आगली गाथामां कह्या पछी बे लाख मोक्षे त्यार पछी बे लाख सर्वार्थे. पछी त्रण लाख मोक्षे पछी त्रण लाख सर्वार्थे. पछी चार लाख मोक्षे पछी चार लाख सर्वार्थे एम एक एक लाखनी संख्या वधारतां बंनेमां ( मोक्षमां अने सर्वार्थसिद्धमां) सरखा सरखा कहेतां असंख्याता लाख थाय त्यां सुधी कहेवुं. ५

३ समसंख्य सिद्ध दंडिकानी स्थापनाः–

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| सिद्धिमां गपला | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ९ | १० | ११ | १२ |
| सर्वार्थे गपला | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ९ | १० | ११ | १२ |

ए प्रमाणे असंख्यात लाख सुधी

,,

तो एगु सिवे सव्वट्ठि दुन्नि ति सिवम्मि चउर सव्वट्ठे।
इय एगुत्तरवुड्ढी, जाव असंखा पुढो दोसु ॥ ६ ॥

| | | |
|---|---|---|
| एगु–एक | चउर–चार | वृद्धि |
| दुन्नि–बे | सव्वठे–सर्वार्थसिद्धे | जाव–यावत् |
| ति–त्रण | इय–ए प्रमाणे | असंखा–असंख्यात |
| सिवम्मि–मोक्षमां | एगुत्तरवुड्ढी–एकोत्तर | पुढो पृथक् |
| | | दोसु बंनेमां |

अर्थ—त्यार पछी एक मोक्षे बे सर्वार्थे, त्रण मोक्षे चार सर्वार्थे. एम एकोत्तर वृद्धि करतां बंनेमां प्रत्येके असंख्यात थाय त्यां सुधी कहेवुं. ६

विवेचन—एवी रीते त्रण प्रकारनी दंडिका कहीने हवे चार प्रकारनी चित्रान्तर (जुदा जुदा प्रकारना अंतरवाळी) दंडिका कहे छेः–

१ एकादिक एकोत्तरा–एकथी मांडीने एक एक अधिक
२ एकादि द्वयुत्तरा– ,, ,, बे बे अधिक
३ एकादि त्र्युत्तरा– ,, ,, त्रण त्रण अधिक

४ त्र्यादिका द्व्यादिविषमोत्तरा—त्रण आदि लइ बे आदि विषमोत्तर अधिक (जेमां वृद्धिनी संख्या सरखी नहि ते) तेमांथी पहेली एकादिक एकोत्तरा आवी रीतेः–त्यार पछी एक मोक्ष जाय अने बे सर्वार्थसिद्धे पछी त्रण मोक्षे अने चार सर्वार्थसिद्धे पछी पांच मोक्षे अने छ सर्वार्थसिद्धे. एम बंनेमां अनुक्रमे एक एक वधारतां दरेकमां असंख्यात थाय त्यां सुधी कहेवुं. ६

४ एकोत्तर सिद्धदंडिका स्थापनाः-

मोक्षे गयला १ ३ ५ ७ ९ ११ १३ १५ १७ १९ २१ २३
एम असंख्यात सुधी

सर्वार्थसिध्धे गयला २ ४ ६ ८ १० १२ १४ १६ १८ २० २२ २४
एम असंख्यात सुधी

इक्को मुक्खे सव्वट्ठि, तिन्नि पण मुक्खि इअ दुरुत्तरिआ।
जो दोसुऽवि अ असंखा, एमेव तिउत्तरा सेढी ॥ ७ ॥

| | | |
|---|---|---|
| इक्को-एक | मुक्खि-मोक्षमां | असंखा-असंख्याता |
| मुक्खे-मोक्षमां | इअ-ए प्रमाणे | एमेव-एमज |
| सव्वठि-सर्वार्थे | दुरुत्तरिआ द्विकोत्तर, बे अधिक | तिउत्तरा-त्रिकोत्तर, त्रण अधिक |
| तिन्नि-त्रण | दोसुवि-बन्नेमां पण | सेढी-श्रेणी |
| पण-पांच | | |

अर्थ—एक मोक्षे, सर्वार्थे त्रण, पांच मोक्षे ए प्रमाणे द्विकोत्तर २ बंनेमां असंख्यात थाय त्यां सुधी एज प्रमाणे त्रिकोत्तर श्रेणी. ७

विवेचन—हवे त्रीजो एकादि द्वयुत्तरा कहे छेः-त्यार पछी मोक्षे एक अने सर्वार्थे त्रण पछी मोक्षे पांच, सर्वार्थे सात मोक्षे नव एम अनुक्रमे बे बेनी वृद्धि करतां बंनेमां असंख्यात थाय त्यां सुधी कहेवुं.

५ द्विकोत्तर सिद्धदंडिकानी स्थापनाः-

मोक्षे गयल १ ५ ९ १३ १७ २१ २५ २९ ३३ ३७ ४१ एप्रमाणे अ.सु.
सर्वार्थसिद्धे ग.३ ७ ११ १५ १९ २३ २७ ३१ ३५ ३९ ४३ एप्रमाणे अ.सु.

हवे त्रीजी त्रिकोत्तरा नीचे प्रमाणेः-त्यार पछी एक मोक्षे जाय. पछी चार सर्वार्थसिध्धे पछी सात मोक्षे पछी दस सर्वार्थे ए प्रमाणे अनुक्रमे त्रण त्रण वधारतां बंनेमां असंख्यात थाय त्यां सुधी कहेवुं. ७.

६ त्रिकोत्तर सिद्धदंदिका स्थापना.

मोक्षे गपल १ ७ १३ १९ २५ ३१ ३७ ४३ ४९ ५५ प प्रमाणे अ. सु.
सर्वार्थसिद्धे ग.४ १० १६ २२ २८ ३४ ४० ४६ ५२ ५८ प प्रमाणे अ सु.

विसमुत्तरसेढीए, हिट्ठुवरिं ठविअ अउणतीसतिआ।
पढमे नत्थि क्खेवो, सेसेसु सया इमो खेवो ॥ ८ ॥

| | | |
|---|---|---|
| बिसमुत्तर सेढीए— विषमोत्तर श्रेणीमां | ठविअ—स्थापीने | खेवो-क्षेपखवुं,नाखवुं |
| | अउणतीस—ओगणत्रीस | सेसेसु-बाकीनामां |
| | तिआ—त्रण | |
| हिट्ठ- हेठे | पढमे—प्रथममां | सया- सदा, निरंतरपणे |
| उवरिं उपर | नत्थि—नथी | इमो आ |

अर्थ—विषमोत्तर श्रेणीमां हेठ अने उपर ओगणत्रीस अने त्रण स्थापन करवा प्रथममां क्षेप ( नाखवानी संख्या ) नथी. बाकीनामां निरंतर आ क्षेप छे.

विवेचन—हवे चोथी इत्यादि ध्यादि विषमोत्तराने विषे स्थापना जाणवानो उपाय आ प्रमाणे छेः-पट्टिकादिकमां २९ अने ३ नो आंक हेठ उपर स्थापवो. प्रथमना ३ मां कांइ नांखवुं नहि. बाकीनाने विषे निरंतर आगली गाथाओमां कहेवाय छे ते क्रमे प्रक्षेप जाणवो. ८

दुग पण नवगं तेरस, सत्तरस बावीस छच अठेव।
बारस चउदस तह अड-वीसा छव्वीस पण वीसा ॥९॥
एगारस तेवीसा, सीयाला सयरि सत्तहत्तरिआ।
इगदुग सत्तासीई, इगहत्तरिमेव बासठी ॥ १० ॥
अउणत्तरि चउवीसा, छायाला तह सयं च छव्वीसा।
मेलिज्जु इगंतरिआ, सिद्धीए तह य सव्वठे ॥ ११ ॥

| | | |
|---|---|---|
| दुग—बे | छव्वीसा-छव्वीस | बासठी बासठ |
| पण पांच | पणवीसा—पचीस | अउणत्तरी- अगणोतेर |
| नवगं- नव | एगारस- अगीआर | चउवीसा-चोवीस |
| तेरस—तेर | तेवीसा त्रेवीस | छायाला-छेंतालीस |
| सत्तरस—सत्तर | | |
| बावीस-बावीस | सीयाला सुडतालीस | सयं-सो |

| | | |
|---|---|---|
| छच्च-छ | सयरि-सीतेरे | छव्वीसा-छवीस |
| अठेव-आठ | सत्तहत्तरिआ-सीत्योतेर | भेलित्तु मेळवीने |
| बारस-बार | इग एक | इगंतरिआ-एकांतरे |
| चउदस-चौद | दुग-बे | सिद्धीए-मोक्षमां |
| तह तथा, तेम | सत्तासीइ-सत्यासी | तह-तेमज |
| अडवीसा-अठावीस | इगहत्तरि-इकोतेर | सव्वठे-सर्वार्थसिद्धे. |

अर्थः—बे, पांच, नव, तेर, सत्तर, बावीस, छ, आठ, बार, चौद तेम अठावीस, छवीस, पचीस, अगिआर, तेवीस, सुडतालीस, सीत्तेर, सीत्योतेर एक, बे, सत्यासी, इकोतेर, बासठ, अगणोतेर, चोवीस. छेतालीस, सो अने छवीस. (प्रथम कहेल त्रणमां) मेळवतां जे जे संख्या थाय ते अनुक्रमे एकांतरे एटले सिद्धिमां अने सर्वार्थसिद्धे जाणवी. ९-१०-११.

विस्तरार्थः—प्रथम स्थानमां ( त्रणमां ) प्रक्षेप नथी एटले त्रण रह्या तेटला मोक्षे जाय. त्यार पछी त्रणमां बे वधारतां पांच थाय ते सर्वार्थे जाय. त्यार पछी त्रणमां पांच वधारतां आठ थया ते मोक्षे. त्रणमां नव वधारतां बार ते सर्वार्थे. एवी रीते त्रणमां ते ते संख्या वधारतां ( ३+१३ ) १६ मोक्षे ( ३+१७ ) २० सर्वार्थे ( ३+२२ ) २५ मोक्षे. ( ३+६ ) ९ सर्वार्थे. ( ३+८ ) ११ मोक्षे ( ३+१२ ) १५ सर्वार्थे. ( ३+१४ ) १७ मोक्षे. ( ३+२८ ) ३१ सर्वार्थे ( ३+२६ ) २९ मोक्षे ( ३+२५ ) २८ सर्वार्थे. (३+११) १४ मोक्षे. ( ३+२३ ) २६ सर्वार्थे (३+४७) ५० मोक्षे. (३+७०) ७३ सर्वार्थे. ( ३+७७ ) ८० मोक्षे. ( ३+१ ) ४ सर्वार्थे (३+२) ५ मोक्षे. ( ३+८७ ) ९० सर्वार्थे. ( ३+७१ ) ७४ मोक्षे (३+६२) ६५ सर्वार्थे ( ३+६९ ) ७२ मोक्षे ( ३+२४ ) २७ सर्वार्थे ( ३+४६ ) ४९ मोक्षे ( ३+१०० ) १०३ सर्वार्थे. ( ३+२६ ) २९ मोक्षे. ९-१०-११

७ प्रथमा विषमोत्तर सिद्ध दंडिकानी स्थापनाः—

मोक्षे गपल ३ ८ १६ २५ ११ १७ २९ १४ ५० ८० ५७४ ९२ ४९ २९
ए प्रमाणे असंख्यात सुधी.

सर्वार्थसिद्धे गपल५ ११ २० ९ १५ ३१ २८ २६ ७३ ४९० ६५ २७१०१ ०
ए प्रमाणे असंख्यात सुधी.

अंतिल्ल अंकआइं, ठविउं बीआइ खेवगा तह य ।
एवमसंखा नेआ, जा अजिअपिआ समुप्पन्नो ॥ १२ ॥

| | | |
|---|---|---|
| अंतिल्ल छेल्लो | बीआइ बेनी आदिथी | नेआ-जाणवा |
| अंक-आंक | खेवगा-क्षेपक | अजिअपिआ-अजित- |
| आइं-आदिमां | एवं ए प्रमाणे | नाथना पिता |
| ठविउं-स्थापीने | असंखा-असंख्याता | समुप्पन्नो-उत्पन्न थया |

अर्थ—छेल्ला आंकने आदिमां स्थापीने बे आदि तेमज खेपववा ए प्रमाणे अजितनाथना पिता उत्पन्न थया त्यां सुधी असंख्याता जाणवा. १२

विवेचनः—एवी रीते द्वयादि विषमोत्तरा असंख्याती सिद्धदंडिकाओ अजीत जिनना पिता जितशत्रु उत्पन्न थया त्यां सुधी कहेली. पण एटलुं विशेष के पाछल (पूर्वे) कहेली दंडिकामां मोक्षनुं जे छेल्लुं अंक स्थान छे तेज पछीनी दंडिकामां सर्वार्थनुं प्रथम स्थान. ते दंडिकामां सर्वार्थनुं जे छेल्लुं अंकस्थान तेज त्यार पछीनी दंडिकामां मोक्षनुं प्रथम अंकस्थान. एवी रीते असंख्याती दंडिकामां प्रथमनां अंकस्थानो अनुक्रमे मोक्षनां अने सर्वार्थ सिद्धनां जाणवां. एज लेशमात्र कहेवाय छेः-हवे प्रथम (प्रथमा विषमोत्तर सिद्धदंडिकामां) दंडिकामां छेल्लुं अंकस्थान २९ छे. तेथी २९ वार २९ ऊर्ध्व अने अधो अनुक्रमे स्थापवां. प्रथम स्थानमां प्रक्षेप नथी माटे तेटला सर्वार्थे. त्यार पछी द्वितीयादि अंकस्थानोमां द्व्यग्र

पणग ' ए पूर्वे कहेली गाथानी संख्या अनुक्रमे नाखवाथी जे अनुक्रमे आवे तेटला अनुक्रमे मोक्षे अने सर्वार्थसिध्धे जाय. ते आवी रीतेः-सर्वार्थे २९ तेमां २ नाखवाथी (२९+२) ३१ मोक्षे. (२९+५) ३४ सर्वार्थे. ( २९+९ ) ३८ मोक्षे. ( २९+१३ ) ४२ सर्वार्थे. (२९+१७) ४६ मोक्षे. (२९+२२) ५१ सर्वार्थे. (२९+६) ३५ मोक्षे (२९+८) ३७ सर्वार्थे. (२९+१२) ४१ मोक्षे. (२९+१४) ४३ सर्वार्थे. (२९+२८) ५७ मोक्षे. (२९+२६) ५५ सर्वार्थे. (२९+२५) ५४ मोक्षे. ( २९+११ ) ४० सर्वार्थे. ( २९+२३ ) ५२ मोक्षे. ( २९+४७ ) ७६ सर्वार्थे. ( २९+७० ) ९९ मोक्षे. (२९+७७) १०६ सर्वार्थे. ( २९+१ ) ३० मोक्षे ( २९+२ ) ३१ सर्वार्थे. (२९+८७) ११६ मोक्षे. (२९+७१) १०० सर्वार्थे. (२९+६२) ९१ मोक्षे. ( २९+६९ ) ९८ सर्वार्थे. ( २९+२४ ) ५३ मोक्षे. (२९+४६) ७५ सर्वार्थे. (२९+१००) १२९ मोक्षे (२९+२६) ५५ सर्वार्थे.

८ बीजी विषमोत्तर सिद्धदंडिकानी स्थापनाः-

सर्वार्थसि. ग. २९ ३४ ४२ ५१ ३७ ४३ ५५ ४० ७६ १०६ ३१ १०० ९८ ७५ ५५
ए प्रमाणे असंख्यात सुधी.

मोक्षे गमल ३ १३८ ४६ ३५ ४१ ५७ ५४ ५२ ९९ ३० ११६ ९१ ५३ १२९ ०
ए प्रमाणे असंख्यात सुधी.

आ दंडिकामां छेल्लुं अंकस्थान ५५ छे. तेथी त्रीजी विषमोत्तर दंडिकामां आज आद्य अंकस्थान जाणवुं. तेथी ५५ ओगणत्रीसवार स्थापवा पछी प्रथम अंकस्थानमां प्रक्षेप नथी. द्वितीयादिमां पूर्वे कहेली संख्या नाखवी आ दंडिकामां आद्य अंकस्थान ५५ मोक्षे गमल जाणवुं. कारणके बीजीमां पहेलुं सर्वार्थनु हतुं त्यार पछी अनुक्रमे पूर्वे कहेली संख्या वधारतां जे जे अनुक्रमे आवे तेटला

तेटला प्रथम अंकस्थानथी आरंभी मोक्षे अने सर्वार्थे अनुक्रमे जाणवा. एवी रीते बीजी दंडिकाओमां जाणी लेवुं.

अस्संखकोडिलक्खा, सिद्धा सव्वठगा य तह सिद्धा।
एगभवेणं देविंदवंदिआ दिंतु सिद्धिसुहं ॥ १३ ॥

| | | |
|---|---|---|
| अस्संख असंख्यात | तह ते मज | (देवेन्द्र सूरिए वांदेला) |
| कोडि· कोटि | एगभवेणं-एक भवमां | दिंतु-आपो |
| लक्खा-लाख | देविंदवंदिआ देवेन्द्रो वडे वंदाएला | सिद्धिसुहं-मोक्षसुख. |
| सिद्धा-सिद्धो | | |
| सव्वठगा-सर्वार्थेगएला | | |

अर्थः—असंख्यात क्रोड लाख सिद्धो अने सर्वार्थे गएला जाणवा. एक भववडे देवेन्द्रो वडे वंदाएला (देवेन्द्रसूरिए वांदेला) एवा सिद्धो सिद्धिसुख (मोक्ष) आपो. १३.

संग्रह गाथाओः—

चउदसलक्खा सिद्धा, निवईणोग्ग होइ सव्वठे।
इक्किक्कठाणे पुण, पुरिसजुगा हुंतऽसंखिज्जा ॥ १ ॥
पुणरवि चउदसलक्खा, सिद्धा निवईण दोवि सव्वठे।
दुगठाणेवि असंखा, पुरिसजुगा हुंति नायव्वा ॥ २ ॥
जाव य लक्खा चउदस, सिद्धा पन्नास हुंति सव्वठे।
पन्नासठाणेऽवि हु, पुरिसजुगा हुंतऽसंखिज्जा ॥ ३ ॥
दो लक्खा सिद्धीए, दो लक्खा नरवईण सव्वठे।
एवंति लक्ख चउपंच, जाव लक्खा असंखिज्जा ॥४॥

॥ इति देवेन्द्रसूरिपाद प्रणीतः श्री सिद्धदण्डिका स्तवः समाप्तः ॥

# निगोद षट्त्रिंशिका.

लोगस्सेगपएसे, जहन्नयपयंमि जियपएसाणं ।
उक्कोसपए य तहा, सव्वजियाणं च के बहुया ॥ १ ॥

| | | |
|---|---|---|
| लोगस्स-लोकना | जियपएसाणं--जीवप्रदेशो | सव्वजियाणं-सर्वजीवोमां |
| एगपएसे-एक प्रदेशमां | उक्कोसपए-उत्कृष्टपदे | के-कोण |
| जहन्नपयंमि--जघन्यपदमां | य-वळी | बहुया-घणा |
| | तहा-तथा | |

अर्थ—लोकना एक प्रदेशमां जघन्यपदे जीवप्रदेशो, तथा उत्कृष्टपदे जीवप्रदेशो तेमज सर्वजीवोमां कोण घणा छे? १

विवेचन—आ गाथामां त्रण राशिनुं अल्पबहुत्व पूछे छे ते त्रण राशि नीचे प्रमाणेः—

१ जघन्यपदे ( जे आकाश प्रदेशमां सर्वथी थोडा जीवना प्रदेश होय ते ) एक आकाश प्रदेशमां जीवोना प्रदेश केटला ?

२ उत्कृष्टपदे जे आकाश प्रदेशे वधारेमां वधारे जीवप्रदेशो होय ते एक आकाश प्रदेशमां जीवोना प्रदेश केटला ?

३ सर्व जीवोनी संख्या.

चौद राजप्रमाण लोक छे. ज्यां छए द्रव्य होय छे तेने लोकाकाश कहे छे. ते चौद राजलोकना प्रदेश असंख्याता छे. जे आकाश भागना केवलीनी बुद्धिए पण एकना बे भाग न कल्पी शकाय तेने प्रदेश कहे छे. आ चौद राजलोक निगोदथी भरेलो छे. ए

निगोद बे प्रकारे छे १ सूक्ष्मनिगोद, २ बादर निगोद. तेमां सूक्ष्मनिगोद चौद राजलोकमां भरेली छे पण बादर निगोद नियत-स्थान वर्ती ( अमुक अमुक भागमांज ) होय छे. अनंतजीवोनु एक साधारण शरीर तेने निगोद कहे छे. एटले एक एक निगोदमां अनंता अनंता जीव छे. एक एक जीवना असंख्यात प्रदेशो छे. ते असंख्यातु लोकाकाशना प्रदेश सरखुं जाणवुं.

आ जीवनी उत्कृष्ट अवगाहना चौद राजप्रमाण छे. कारणके ज्यारे जीव केवली समुद्घात करे छे त्यारे चोथे समये तेनो एक एक प्रदेश लोकाकाशना एक एक प्रदेश उपर आवी जाय छे तेथी ते जीव चौद राजलोक व्यापी थाय छे. जीवनी जघन्य अवगाहना अंगुलना असंख्यातमा भाग प्रमाण छे. जीव ज्यारे घणो संकुचित थाय छे त्यारे ते अंगुलना असंख्यात भाग प्रमाण अवगाहनावाळो होय छे आवी संकुचित अवगाहना निगोदमां होवाथी एक निगोदनी अवगाहना पण अंगुलना असंख्यातमा भाग प्रमाण छे. निगोदमां अनंता जीवोनुं एक साधारण शरीर होवाथी सघळा जीवो सरखी अवगाहनावाळा होय छे. तेथी करीने एक आकाश प्रदेशमां अनंता जीवोना असंख्यात असंख्यात प्रदेशो रहे छे.

हवे प्रथम गाथामां पूछेल प्रश्ननो उत्तर कहे छे.

**थोवा जहन्नयपए, जियप्पएसा जिया असंखगुणा ।**
**उक्कोसपयपएसा, तओ विसेसाहिया भणिया ॥ २ ॥**

| | | |
|---|---|---|
| थोवा-थोडा | जिया-जीवो | तओ-तेनाथी |
| जहन्नपए-जघन्यपदे | असंखगुणा-असंख्यातगुणा | विसेसाहिया-विशेषाधिक |
| जियप्पएसा—जीवप्रदेशो | उक्कोसपय-उत्कृष्टपदे | भणिया-कह्या छे ! |
| | पएसा-प्रदेशो | |

अर्थ—जघन्यपदे जीवप्रदेशो थोडा, तेथी जीवो असंख्यात-गुणा तेथी उत्कृष्टपदे जीवप्रदेशो विशेषाधिक कह्या छे. २

विवेचन--प्रथम गाथामां कहेल त्रण राशिमांथी जघन्यपदे ( एटले जे आकाशप्रदेशमां सर्वथी थोडा जीवप्रदेशो होय ते ) जीव-प्रदेशो थोडा. ते जघन्यपदे रहेला जीवप्रदेशथी सर्व जीवोनी संख्या असंख्यातगुणी छे. सर्व जीवोनी संख्याथी उत्कृष्टपदे ( जे आकाश-प्रदेशमां वधारेमां वधारे जीवप्रदेशो रहेला होय ते ) जीवप्रदेशो विशेषाधिक. ३

१ जघन्यपदे जीवप्रदेशो थोडा

तेथी २ सर्व जीवोनी संख्या- असंख्यातगुणी

तेथी ३ उत्कृष्टपदे जीवप्रदेशो विशेषाधिक

हवे जघन्यपद अने उत्कृष्टपद क्यां होय ते कहे छे.

तत्थ पुण जहन्नपयं, लोयंते जत्थ फासणा तिदिसिं ।
छद्दिसिमुक्कोसपयं, समत्थगोलंमि नन्नत्थ ॥ ३ ॥

| | | |
|---|---|---|
| तत्थ-तेम | जत्थ-ज्यां | समत्थ-समस्त, संपूर्ण |
| पुण-वळी | फासणा-स्पर्शना | गोलंमि-गोळामां |
| जहन्नपयं-जघन्यपद | तिदिसि-त्रण दिशिनी | नन्नत्थ-अन्यत्र नहि |
| लोयंते-लोकने अंते | छद्दिसि-छ दिशानी | |

अर्थ—तेमां पण जघन्यपद लोकने अंते ज्यां त्रण दिशीनी स्पर्शना होय त्यां होय छे. अने उत्कृष्टपद छ दिशीनी स्पर्शनावाळा उत्कृष्टगोळामां होय छे. बीजे नहि. ३

विवेचन—जघन्यपद लोकने अन्ते ज्यां निष्कुट ( खुणा ) होय छे त्यां होय छे. कारणके त्यां आवेल गोळाओमां ( असं-ख्याती निगोदनो एक गोळो थाय छे जेनुं स्वरुप आगळ कहेवाशे) केटलाकनी त्रण दीशीनी, केटलाकनी चार दीशीनी अने केटलाकनी

पांच दीशीनी स्पर्शना होय छे. तेमांथी जघन्य पद त्रण दिशिनी स्पर्शनावाळा गोळामां होय छे. तेनी बाकीनी त्रण दिशाओनी स्पर्शना अलोकथी आच्छादित थएली छे. अलोकमां जीवनी गति नहि होवाथी त्यां जीवो होता नथी. आवा ओछी स्पर्शनावाळा खंड गोळा कहेवाय छे. माटे जघन्यपद त्रण दिशिनी स्पर्शनावाळा खंड गोळामां होय छे.

जे गोळामां छ दिशिमां नवा नवा गोळाने उत्पन्न करनार निगोदराशीनी स्पर्शना होय छे ते उत्कृष्टपद कहेवाय छे. आ उत्कृष्टपद संपूर्ण गोळामांज होय छे पण खंड गोळामां होतुं नथी. संपूर्ण गोळा तो लोक मध्येज होय छे पण लोकने छेडे होता नथी. ३

उक्कोसमसंखगुणं. जहन्नयाओ पयं हवइ किंतु ।
नणु तिदिसिफुसणाओ, छदिसिफुसणा भवे दुगुणा ॥४॥

| | | |
|---|---|---|
| उक्कोस-उत्कृष्टपद | हवइ-थाय छे | फुसणाओ-स्पर्शनाथी |
| असंखगुणं-असंख्यातगणुं | किंतु-शुं, केम | फुसणा स्पर्शना |
| जहन्नयाओ-जघन्यथी | नणु-निश्चित (शंकाना अर्थमां) | भवे-छे |
| पयं-पद | तिदिसि-त्रणदिशिनी | दुगुणा-बमणा |

अर्थ—त्रण दिशिनी स्पर्शनाथी छ दिशिनी स्पर्शना बमणी होवाथी जघन्य पदथी उत्कृष्टपद असंख्यातगुणुं केवी रीते थाय ? ४

विवेचन—खंड गोळामां जघन्यपद कह्युं ते खंड गोळानी स्पर्शना त्रण दिशिनी छे अने संपूर्ण गोळामां उत्कृष्टपद कह्युं तेनी स्पर्शना छ दिशिनी छे. माटे बमणा थाय पण असंख्यातगुणा केवी रीते थाय. जघन्यपदे एक आकाश प्रदेशमां रहेल जीव प्रदेश राशीनी अपेक्षाए सर्व जीवोनी संख्या असंख्यातगुणी कही. तेथी उत्कृष्टपदे जीव प्रदेश विशेषाधिक कह्या माटे ते पण—(उत्कृष्ट पदवाळा) जघन्यपदथी असंख्यातगुणा थाय ते केवी रीते घटे ? ४

थोवा जहन्नयपए निगोय मित्तावगाहणा फुसणा।
फुसणाऽसंखगुणत्ता, उक्कोसपए असंखगुणा ॥ ५ ॥

| | | |
|---|---|---|
| थोवा-थोडा | अवगाहणा-अवगाहना | उक्कोसपए-उत्कृष्ट-पदमां |
| जहन्नपए-जघन्यपदे | फुसणा-स्पर्शना | |
| निगोयमित्ता-निगोद मात्र | असंखगुणत्ता—असंख्यातगुणी | असंखगुणा-असंख्य-गुणी |

अर्थ—जघन्यपदे ( जीव प्रदेशो ) थोडा छे. निगोद मात्र अवगाहनानी स्पर्शना होवाथी उत्कृष्टपदे स्पर्शना असंख्यातगुणी होवाथी असंख्यगुणा छे. ५

विवेचन—जघन्यपदे एक प्रदेशमां जीव प्रदेशनी संख्या थोडी छे. कारणके तेनी ( जघन्यपदनी ) निगोद जेटली अवगाहनानी स्पर्शना छे.

एक निगोदनी अवगाहना अंगुलना असंख्यातमा भाग जेटली छे. ते निगोद जेटला आकाश प्रदेशमां त्यांज-बीजा आकाश प्रदेशना स्पर्शना परिहार वडे जे निगोदो रहेली छे ते एकावगाहना निगोद कहेवाय छे ते एकावगाहनावाळी निगोदोए जे आकाश प्रदेश अवगाह्या छे तेनी जघन्यपदमां स्पर्शना पण तेटली ज छे. कारणके खंड गोला उत्पन्न करनारी बीजी निगोदोनो तेने स्पर्श नहि होवाथी भूमिना नजीकना वचला भागनो जे खुणो ते खुणाना छेल्ला प्रदेशरुप जघन्यपद छे. तेने अलोकनो संबंध होवाथी एकावगाहनावाळी निगोदो ज स्पर्शे छे. पण खंड गोलाने उत्पन्न करनारी निगोदोनो तेने स्पर्श नथी. प्रदेशनी वृद्धि अने हानिवाळी तुल्य अवगाहनावाळी बीजी निगोदोनी स्पर्शना त्यां नहि होवाथी.

उपरनी ज वात असत्कल्पनाए समजावे छेः—

परमार्थथी जघन्यपदे पण एक एक निगोदमां अनन्त जीव

होवा छतां अने एक निगोद छे त्यांज एकावगाहनावाळी (तेना जेटलीज अवगाहनावाळी) असंख्याती निगोदो छतां असत्कल्पनाए सो जीवनी स्पर्शना कल्पवी. हवे परमार्थथी एक एक जीवना चौदराज लोकना प्रदेश जेटला प्रदेश होवाथी ते अवगाहनामां एक एक आकाश प्रदेश उपर असंख्याता प्रदेशो छे. कारणके एक जीवना चौदराज लोक प्रमाण प्रदेश संख्याने अंगुलना असंख्यातमा भाग जेटला आकाश प्रदेशे भागवाथी असंख्यात आवे. माटे एक एक आकाश प्रदेशमां एक एक जीवना असंख्यात प्रदेश रहेला छे तेने बदले एक लाख कल्पीए, एवी रीते असत्कल्पनाए ते जघन्यपदमां एक एक जीवना लाख लाख प्रदेश गणतां सो जीवना मळी एक क्रोड जीव प्रदेशो थया.

हवे उत्कृष्टपदे परमार्थे तथा असत्कल्पनाए केटला प्रदेश थाय ते गणावे छेः—

उत्कृष्टपद संपूर्ण गोलामां होय छे. ते संपूर्ण गोलाने संपूर्ण गोळा उत्पन्न करनारी बीजी असंख्याती निगोदोनी स्पर्शना होवाथी जघन्यपदनी स्पर्शना करतां उत्कृष्टपदनी स्पर्शना असंख्यात गुणी वधारे छे माटे जघन्यपदना जीव प्रदेश करतां उत्कृष्टपदमां जीव प्रदेशनी संख्या असंख्यातगुणी जाणवी. उत्कृष्ट पदमां स्पर्शना आ प्रमाणेः—एकावगाहनावाळी संपूर्ण गोलानी निष्पादक असंख्याती निगोदो तथा उत्कृष्टपदने नहि छोडनारी (जेनी अवगाहनामां उत्कृष्टपद रुप ते आकाश प्रदेश रहेल होय ते) प्रथम निगोदनी अवगाहनानी अपेक्षाए एक एक प्रदेशनी श्रेणीनी हानिवाळी प्रत्येक असंख्याती निगोदो वडे स्पर्शाएली छे. माटे तेमां जघन्यपद करतां असंख्यातगुणा वधारे जीव प्रदेशनी स्पर्शना छे. ते असंख्यातगुणा छतां असत्कल्पनाए कोटिसहस्र गणतां अने

दरेक जीवना लाख प्रदेशो गणतां दश कोटाकोटी जीव प्रदेशो थाय. ते जघन्य पदना एक क्रोड करतां असंख्यातगुणा थाय. कारणके असंख्यातने लाख कल्प्या छे तेने क्रोड गुणां करतां लाख क्रोड थाय ते करतां पण दश कोटाकोटी वधारे होवाथी. ५

हवे गोलानी प्ररूपणा करे छेः—

**उक्कोसपयममुत्तुं, निगोयओगाहणाइ सव्वत्तो।**
**निप्फाइज्जइ गोलो, पएसपरिवुड्ढिहाणीहिं ॥ ६ ॥**

उक्कोसपयं-उत्कृष्ट-पदने
अमुत्तुं-नहि मूकीने
निगोय-निगोद
ओगाहणाइ-अवगाह-नावाळी
सव्वत्तो-सर्वतरफ, सर्वदिशामां
निप्फाइज्जइ-उपजे छे, बने छे
गोलो-गोलक
पएस-प्रदेशनी
परिवुड्ढि-वृद्धि
हाणीहिं-हानिवडे

अर्थ—उत्कृष्ट पदने छोडया विना सर्व बाजुए निगोदनी अवगाहनावाळी एक एक प्रदेशनी वृद्धि हानिथी गोलो बने छे. ६

विवेचन—लोकनी मध्यमां आवेला गोलानी अंदर रहेल घणा जीव प्रदेश वडे स्पर्शाएल आकाश प्रदेश रुप उत्कृष्टपद छे. एक अवगाहनावाळी निगोदना विवक्षित ( अमुक ) जे कल्पीए ते ) प्रदेशने छोडया विना सर्व दिशामां एक एक प्रदेशनी वृद्धि अने हानि वडे विवक्षित अवगाहनाना केटलाक प्रदेशने मूकती एवी अन्य अन्य निगोदोनी स्थापनावडे गोळो उत्पन्न थाय छे.

भावार्थ आ प्रमाणेः—जे विवक्षित अंगुलना असंख्यातमा भागरूप आकाश प्रदेशमां एक निगोद अवगाहेल छे. तेनेज विषे ( तेटलीज अवगाहनामां ) बीजी असंख्याती निगोदो अवगाहेली छे. तेमज ते विवक्षित निगोदनी अवगाहनानी अपेक्षाए तेना केटलाक प्रदेशोने मूकीने अने केटलाक प्रदेशोमां व्यापीने रहेली एवी सर्व दिशाओमां असंख्याती निगोदो छे तेना वडे गोळो उत्पन्न थाय छे. ६

हवे बीजो गोळो केवी रीते नीपजे छे ते कहे छेः—

**तत्तो चिअ गोलाओ, उक्कोसपयं मुइत्तु जो अन्नो ।**
**होइ निगोओ तंमिवि, अन्नो निप्फज्जइ गोलो ॥ ७ ॥**

| | | |
|---|---|---|
| तत्तो-त्यार पछी | मुइत्तु-मूकीने | तंमिवि-तेमां पण |
| च्चिअ-निश्चे | अन्नो-अन्य | |
| गोलाओ-गोळाथी | होइ-होय छे | निप्फज्जइ-नीपजे छे |
| उक्कोसपयं-उत्कृष्टपद | निगोओ-निगोद | गोलो-गोळो |

अर्थ—त्यार पछी ते गोळाना उत्कृष्टपदने छोडीने जे बीजी नीगोदो रहेली छे तेमां ( बीजा उत्कृष्टपदथी ) बीजो गोळो बने छे. ७

**विवेचन**—उपर कहेला गोळाने आश्रीने बीजो गोळो बने छे. केवी रीते ? उत्तरः-प्रथमना गोळानुं विवक्षित उत्कृष्टपदने छोडीने जे बीजी निगोदो रही छे तेमां उत्कृष्टपदनी कल्पनाथी बीजो गोळो बने छे. भावार्थ आ प्रमाणेः-प्रथमना उत्कृष्टपदने आश्री विवक्षित निगोदनी अवगाहनामां एक एक प्रदेशनी वृद्धि हानि वडे जे अन्य निगोदो स्थापी छे तेमांनी कोइ एक पण निगोदने आश्रीने बीजी निगोदो स्थापवाथी बीजो गोळो बने छे. एटले एक एक आकाश प्रदेशनी वृद्धि हानि वडे जे निगोदो रही छे ते निगोदोमां प्रथमना उत्कृष्ट पदने नहि स्पर्शता आकाश प्रदेशने विषे अन्य उत्कृष्टपद स्थापवाथी बीजो गोळो बने छे. ए प्रमाणे असंख्याता गोळा बने छे. ७

**एवं निगोयमित्ते, खित्ते गोलस्स होइ निप्फत्ती ।**
**एवं निप्फज्जंते, लोगे गोला असंखिज्जा ॥ ८ ॥**

| | | |
|---|---|---|
| एवं-ए प्रमाणे | गोलस्स-गोळानी | लोगे-लोकमां |
| निगोयमित्ते-निगोद मात्र | होइ-थाय छे | असंखिज्जा—असंख्याता |
| खित्ते-क्षेत्रमां | निप्फत्ती-निष्पत्ति | |
| | निप्फज्जंते-नीपजे छे | |

अर्थ—ए प्रमाणे निगोद मात्र क्षेत्रमां गोळानी उत्पत्ति थाय छे, अने ए प्रमाणे लोकाकाशमां असंख्याता गोळाओ निपजे छे. ८

विवेचन—उपरनी गाथामां कहेला क्रम मुजब अमुक विवक्षित निगोदमां अन्य निगोदो स्थापवा वडे निगोद मात्र क्षेत्रमां एटले इच्छित जुदी जुदी एक एक निगोदनी अवगाहनावाळा आकाश खंड गोळानी उत्पत्ति बने छे. विवक्षित निगोदनी अवगाहनाथी भिन्न एटले एक एक प्रदेशनी वृद्धि तथा हानिवाळी अन्य निगोदोना देशोनी अवगाहनानो प्रवेश बीजा गोळामां पण थाय छे अगर स्पर्श थाय छे. आ प्रमाणे लोकमां असंख्याता गोळाओ बने छे. कारण के लोकाकाशना तमाम प्रदेशो निगोदना समूहथी अवगाहेला छे. दरेक निगोदनी अवगाहना अंगुलना असंख्यातमा भाग जेटली छे, अने दरेक निगोदे गोळानी उत्पत्ति थाय छे, माटे गोळा असंख्याता छे. ८

हवे प्रथम कहेल उत्कृष्टपद दरेक गोळामां होय छे ते लेवुं के अन्य ते कहे छेः—

ववहारनएण इमं, उक्कोसपयावि इत्तिया चेव ।
जं पुण उक्कोसपयं, निच्छइयं होइ तं वुच्छं ॥ ९ ॥

| | | |
|---|---|---|
| ववहारनएण—व्यवहारनये | इत्तिया—एटला | निच्छइयं-निश्चयथी |
| इमं—आ | चेव—निश्चे | होइ—छे |
| उक्कोसपयावि—उत्कृष्टपद | जं—जे | तं—ते |
| | पुण—वळी | |
| | उक्कोसपयं—उत्कृष्टपद | वुच्छं-कहुं छुं |

अर्थ—व्यवहारनयथी आ उत्कृष्ट पद जाणवुं. उत्कृष्ट पद पण एटलाज ( गोळा जेटला ) छे. निश्चयनये जे उत्कृष्ट पद थाय छे ते कहुं छुं. ९

विवेचन—व्यवहारनयथी सामान्यपणे उपर बताव्युं ते उत्कृष्टपद जाणवुं. एटले दरेक गोळामां ( खंड गोळा सिवायना ) उत्कृष्ट पद होवाथी उत्कृष्ट पदनी संख्या पण गोळा जेटलीज एटले असंख्याती छे. आ प्रमाणे लेवाथी नियत उत्कृष्ट पद कयुं ते समजाय नहि. कारणके छ दिशिना स्पर्शवाळा सर्व गोळामां उत्कृष्ट पद छे. माटे निश्चयथी कयुं उत्कृष्ट पद लेवुं ते आगली गाथामां कहे छे. ९

बायर निगोयविग्गह गइ याइ जत्थ समहिया अन्ने ।
गोला हुज्ज सुबहुया, निच्छइयपयं तदुक्कोसं ॥ १० ॥

| | | |
|---|---|---|
| बायरनिगोय—बादर निगोद | समहिया—अधिक | सुबहुया—घणा |
| विग्गाहगइयाइ—विग्रहगतिवाळा | अन्ने बीजा | निच्छइयपयं—नैश्चयिकपद |
| जत्थ—ज्यां | गोला—गोळाओ | तदुक्कोसं—ते उत्कृष्ट |
| | हुज्ज—होय | |

अर्थ—ज्यां बादर निगोद तथा विग्रह गतिना जीवो सूक्ष्म गोळाओ उपर घणा एकठा थाय ते निश्चयथी उत्कृष्ट पद जणवुं. १०

विवेचन—निगोद बे प्रकारनी छे. १ सूक्ष्म निगोद. २ बादर निगोद. निगोद ते साधारण वनस्पतिकाय जीवोनां शरीर जाणवां. एटले अनंतजीवोनुं जे एक शरीर ते साधारण वनस्पतिकायनुं शरीर जाणवुं. ते साधारण वनस्पतिकाय बे प्रकारेः—१ सूक्ष्म साधारण वनस्पतिकाय. २ बादर साधारण वनस्पतिकाय. सूक्ष्म साधारण वनस्पतिकायनां शरीर ते सूक्ष्म निगोद चौद राजलोक व्यापी छे. बादर साधारण वनस्पतिकायनां शरीर ते बादर निगोद ते कंदमूळादि जाणवा. ते बादर निगोद नियत स्थान वर्ति छे. ते निराधारपणे रही शक्ति नथी पण प्रत्येक बादर जीवना शरीरना आधारे रहे छे

अने प्रत्येक जावो नियत स्थान वर्ति छे. हवे निश्चयथी उत्कृष्ठ प्रद केवी रीते ते कहे छेः--

ज्यां सूक्ष्म निगोदना समूहथी उत्पन्न थएल संपूर्ण गोळा होय त्यां जो बादर निगोदो एटले कंदमूळादि अवगाहेला होय वळी त्यां सूक्ष्मनिगोदना अने बादर निगोदना जीवो सजातीय अथवा विजातिय निगोदमां उत्पन्न थता होय. एटले सूक्ष्मनिगोदना जीवो सूक्ष्मनिगोदमां अथवा बादर निगोदमां तेमज बादर निगोदना जावो सूक्ष्मनिगोदमां अथवा बादर निगोदमां उत्पन्न थता होय. वळी बीजा पण पृथ्वीकायादिक भवान्तरमां विग्रहगति अथवा ऋजुगति ए गमन करता होय. वळी त्यां सूक्ष्म पृथ्वीकायादि रहेलाज होय छे. आ सर्व संयोगो जे स्थाने एकठा थाय ते निश्चयनयथी उत्कृष्ट पद जाणवुं. १०

इहरा पडुच्च सुहुमे, बहुतुल्ला पायसो सगलगोला ।
तो बायराइ गहणं, कीरइ उक्कोसयपयंमि ॥११॥

| | | |
|---|---|---|
| इहरा-इतरिथा. नहि तो अन्यथा | सगल-सकल, बधा संपूर्ण | कीरइ-कराय छे |
| पडुच्च-आश्रीने | तो-ते कारण माटे | उक्कोसपयंमि-उत्कृष्ठ पदमां |
| सुहुमे-सूक्ष्म(निगोद)ने | बायराइ-बादरादि | पायसो-प्राये, बणुं करीने |
| बहुतुल्ला-सरखा | ग्रहण-ग्रहण | |

अर्थ—अन्यथा सूक्ष्म ( निगोद )ने आश्रीने बधा गोलाओ प्राये सरखा छे ते कारण माटे उत्कृष्टपदमां बादरादि जीवोनुं ग्रहण कराय छे. ॥११॥

विवेचन—जो उपर कह्या प्रमाणे ग्रहण न करीए तो लोक मध्यवर्ति खंडगोला सिवायना बाकीना संपूर्ण सूक्ष्म गोळाओ निगोदनी संख्यानी अपेक्षाए प्राये सरखा होय छे. प्राय कहेवाथी

कदाच थोडा जीवो न्यूनाधिक होय. तेथी करीने नियत उत्कृष्टपद मळे नहि. माटे बादर निगोदादिकनुं ग्रहण करवुं भावार्थ आ प्रमाणेः-एक सूक्ष्म निगोद असंख्यात आकाश प्रदेशरूप अंगुल ना असंख्यातमा भागने स्पर्शीने रहेली छे. तेटलाज क्षेत्रमां एटले तेटलीज अवगाहनावाळी त्यां बीजी असंख्याती सूक्ष्म निगोदो रहेली छे. तेज क्षेत्रमां एक एक प्रदेशनी वृद्धि हानि वडे बीजी असंख्याती निगोदरूप असंख्यात गोलाओ छए दिशामां विवक्षित सूक्ष्मनिगोदने अवगाहे छे. वळी तेज क्षेत्रमां बादर निगोदमांथी नीकळी बादर निगोद अथवा सूक्ष्म निगोदमां उत्पन्न थनार जीवो तेमज सूक्ष्म पृथ्वीकायादिक त्यांज रहेला अगर भावान्तरने विषे विग्रहगतिथी अगर ऋजुगतिथी जता तेमज बीजा विग्रहगति अथवा ऋजुगतिए भवान्तरमां जता जीवो विवक्षित क्षेत्रने अवगाहे ते तात्विक उत्कृष्टपद जाणवुं. ११

हवे गोलादिकनुं परिमाण कहे छेः—

**गोला य असंखिज्जा, हुंति निगोया असंखया गोले।**
**इक्किको य निगोओ, अणतजीवो मुणेयव्वो ॥ १२ ॥**

| | | |
|---|---|---|
| असंखिज्जा-असंख्याता | असंखया-असंख्याति | निगोओ-निगोद |
| हुंति-छे. | गोले-गोलामां | अणंतजीवो-अनंत जीवोवाळो |
| निगोया-निगोदो | इक्किको एक एक | मुणेव्वो-जाणवो |

अर्थ—गोला असंख्याता छे. गोलामां निगोदो, असंख्याती, अने एक एक निगोदमां अनंताजीवो जाणवा. १२

विवेचनः—गोलाओ असंख्याता छे. चौदराज लोकमां होवाथी एक एक गोलामां असंख्याती निगोदो छे. कारण के सरखी अवगाहनावाळी असंख्याती निगोदोनो गोळो बने छे.

वळी एक एक निगोदमां अनंता जीवो छे, आ अनंतु सिद्ध जीवना अनंताथी अनंतगुणुं छे. कारण के एक निगोदनो अनंतमो भाग मोक्षे गएल छे एवुं शास्त्र वचन होवाथी. १२

लोगस्स य जीवस्स य, हुंति पएसा असंखया तुल्ला ।
अंगुल असंखभागो निगोयजियगोलगोगाहो ॥ १३ ॥

| | | |
|---|---|---|
| लोगस्स–लोकना | असंखया–असंख्यात | निगोय–निगोदनी |
| य–अने | तुल्ला–तुल्य | जिय–जीवनी |
| जीवस्स–जीवना | अगुल–आंगळनो | गोलग–गोलानी |
| पएसा–प्रदेशो | असंखभागो–असंख्यातमो भाग | ओगाहो–अवगाहना |

अर्थ—लोकाकाशना अने जीवना प्रदेशो असंख्याता छे अने तुल्य छे. निगोद, जीव अने गोलानी अवगाहना अंगुलना असंख्यातमा भागनी छे. १३

विवेचनः—लोकाकाशना एटले चौद राजलोकना प्रदेशो असंख्याता छे अने तेटलाज प्रदेशो एक जीवना पण छे. एटले ते बंनेना प्रदेशनी संख्या सरखी छे. पण न्यूनाधिक नथी. कारण के केवली समुद्घातमां केवली पोताना प्रदेशो वडे समस्त लोकाकाशने पूरे छे. तेज जीव ज्यारे अत्यंत संकोचने पामे छे त्यारे तेनी अवगाहना अंगुलना असंख्यातमा भाग जेटली थाय छे. एवी अवगाहना निगोदमां पण जाणवी. कारण के अनंत जीवोनुं सरखी अवगाहनावाळुं शरीर ते निगोद छे. तेमज एक गोलानी अवगाहना पण तेटलीज छे. कारण के सरखी अवगाहनावाळो असंख्याती निगोदनो जे समूह ते गोलो छे. माटे ए त्रणेनी अवगाहना अंगुलना असंख्यातमा भाग प्रमाण छे. १३

जंमि जिओ तमेव निगोउ तो तंमि चेव गोलोऽवि ।
निप्फज्जइ जं खित्ते, तो ते तुल्लावगाहणया ॥१४॥

| | | |
|---|---|---|
| जंमि-जे क्षेत्रमां | | खित्ते-क्षेत्रमां |
| जिआ-जीव | चेव-निश्चे | तो-ते कारण माटे |
| तंचेव-त्यांज | गोलोवि गोळोपण | ते-ते त्रणे |
| निगोउ-निगोद | निप्फज्जइ-नीपजे छे | तुल्लावगाहणया-सरखी अवगाहनावाळा |
| तो-तथा | | |

अर्थ--जे क्षेत्रमां जीव, त्यांज निगोद अने तेज क्षेत्रमां गोलो निपजतो होवाथी ते त्रणे सरखी अवगाहनावाळा छे. १४

विवेचनः—जे क्षेत्रमां एक निगोद रहेली छे तेनी अवगाहना अंगुलना असंख्यातमां भागरुप जाणवी. एटले असंख्याता आकाश प्रदेशरुप अंगुलनो असंख्यातमो भाग जाणवो. ते निगोदमां रहेल दरेक जीवनी अवगाहना पण तेटलीज छे. कारण के ते निगोदरुप तेनुं शरीर छे. तेमज गोलानी अवगाहना पण तेटलीज छे. कारण के ते विवक्षित निगोदनी अवगाहना सरखी एकावगाहनावाळी बीजी असंख्याती निगोदो जे त्यांज रहेली छे तेनो गोलो बने छे. ते गोलो जेटला प्रदेशमां रह्यो छे तेनो एक प्रदेशनी श्रेणीने छोडता अने बीजी बाजुए व्यापती छ दिशिमां बीजी असंख्याती निगोदो छे तेनो जेटलो भाग विवक्षित गोलामां आवे ते ते विवक्षित गोलामां गणवो अने बाकी रहेल अवगाहनानो भाग बीजा गोलामां गणवो. आथी जीव, निगोद अने गोळानी सरखी अवगाहना जाणवी.

उक्कोसपयपएसे, किमेगजीवप्पएसरासिस्स ।
हुज्जेगनिगोयस्स व, गोलस्स व किं समोगाढं ॥१५॥

| | | |
|---|---|---|
| उक्कोसपयपएसे उत्कृष्टपद प्रदेशमां | पएसरासिस्स-प्रदेश राशिनो | निगोयस्स-निगोदनी |
| | | गोलस्स-गोलानी |
| किं शुं | हुज्ज-होय | समोगाढं-अवगाहेल |

अर्थ—उत्कृष्टपद आकाश प्रदेशमां एक जीवना प्रदेश राशी, एक निगोद अने एक गोलानुं शुं शुं अवगाहेल छे? १५

विवेचन—ज्यारे जीव जेनो प्रदेशराशि लोकाकाश तुल्य छे ते संकोच पामीने पोताना प्रदेशने निगोद मात्र क्षेत्रमां अवगाहे त्यारे तेना केटला प्रदेशो ते उत्कृष्टपदरूप आकाश प्रदेशमां होय. तेमज एक निगोद अने एक गोलानुं शुं शुं अवगाहेल छे? १५

हवे जीव आश्री उत्तर कहे छे? १५

**जीवस्स लोगमित्तस्स, सुहुमओगाहणावगाढस्स ।**
**इक्किक्कंमि पएसे, हुंति पएसा असंखिज्जा ॥१६॥**

| | | |
|---|---|---|
| जीवस्स-जीवना | ओगाहणाव गाढस्स-अवगाहनामां अवगाही रहेल | हुंति-होय छे |
| लोगमित्तस्स-लोकमात्र | इक्किक्कंमि-एक एक | पएसा-प्रदेशो |
| सुहुम-सूक्ष्म | पएसे-प्रदेशमां | असंखिज्जा-असंख्याता |

अर्थ—लोकाकाश प्रदेश मात्र प्रमाणवाळो जीव सूक्ष्म अवगाहनामां रहे त्यारे आकाशना एक एक प्रदेशमां ( जीवना ) असंख्याता प्रदेशो होय छे. १६

विवेचनः—एक जीवना प्रदेशो चौद राजलोकना प्रदेश तुल्य छे. ते असंख्याता छे. ते जीव ज्यारे सूक्ष्म नाम कर्मना उदयथी सूक्ष्म अवगाहनामां रहे छे त्यारे अंगुलना असंख्यातमा भाग प्रमाण आकाश प्रदेशने अवगाहे छे. ते अंगुलना असंख्यातमा भागमां पण असंख्याता प्रदेशो छे. असंख्याताना असंख्याता भेद होवाथी लोकाकाशना असंख्यातने अंगुलना असंख्यातमा भागना असंख्यात प्रदेशे भागतां असंख्यात आवे माटे एक आकाश प्रदेशमां जीवना असंख्याता प्रदेशो अवगाहे छे.

जीवना प्रदेशो असंख्याता छे तेने असत्कल्पनाए सो कोटि एटले अबज कल्पवा. तेने अंगुलना असंख्यातमा भागरूप असं-

ख्यात प्रदेशरुप जीवनी अवगाहनाने दश हजार कल्पी भागवाथी एक लाख जीव प्रदेशो एक आकाश प्रदेश उपर आवे. १६.

लोगस्सहिए भागे, निगोयओगाहणाइ जं लद्धं ।
उक्कोसपएऽतिगयं, इत्तियमिक्किक्क जीवाओ ॥ १७ ॥

| | | |
|---|---|---|
| लोगस्स-लोकना | हना वडे | इत्तिय-एटलुं |
| हिएभागे-भागवाथी | जं लद्धं-जे लाधे | इक्किक्क जीवाओ- |
| ओगाहणाइ अवगा- | अतिगयं-अवगाढ | एक जीवनुं |

अर्थ---लोकाकाशना प्रदेशने निगोदनी अवगाहना वडे भागवाथी जे आवे तेटलुं उत्कृष्टपदे एक एक जीवनुं अवगाहेल छे. १७

विवेचन---पूर्वे कहेली गाथा प्रमाणे लोकाकाशना प्रदेशने निगोदनी अवगाहना रुप अंगुलना असंख्यातमा भागना असंख्यात आकाश प्रदेश वडे भागवाथी उत्कृष्टपदे एक जीवना असंख्याता प्रदेशो रहेला छे. तेज आकाश प्रदेशे तेज निगोद व्यापी बीजा अनंता जीवो रहेला छे ते दरेकना उपर आवेल असंख्यात सरखा असंख्य असंख्य प्रदेशो रहेला होवाथी एक निगोदना एकंदरे असंख्यात अनंत प्रदेशो रहेला छे.

असत्कल्पनाए एक प्रदेशे एक जीवना लाख प्रदेश रहेल होवाथी अनंत जीवना अनंत लाख प्रदेशो रहेला छे. १७

एवं दव्वट्ठाए, सव्वेसिं इक्कगोलजीवाणं ।
उक्कोसपयमइगया, होंति पएसा असंखगुणा ॥ १८ ॥

| | | |
|---|---|---|
| एवं-ए प्रमाणे | इक्कगोल-एक गोलाना | पएसा-प्रदेशो |
| दव्वट्ठाए-द्रव्य अपेक्षाए | जीवाणं-जीवोनी | असंखगुणा-असंख्यातगुणा |
| सव्वेसिं-सर्वेना | अइगया-अवगाढ | |
| | होंति-होय छे | |

ए प्रमाणे द्रव्य अपेक्षाए एक गोलाना सर्व जीवो करतां उत्कृष्टपदमां रहेला जीव प्रदेशो असंख्यातगुणा छे. १८.

विवेचन—एक निगोदमां जेटला जीवोछे तेथी असंख्यातगुणा तेमना प्रदेशो उत्कृष्टपदमां रहेला छे. कारणके एक निगोदमां जीवों अनंता छे. अने उत्कृष्टपदमां ते विवक्षित आकाश प्रदेशमां तेमांना एकेक जीवना असंख्यात असंख्यात प्रदेशो रहेला छे तेथी ते उत्कृष्टपदमां ते निगोदना सर्व जीवोना मळी अनंत असंख्यात प्रदेश छे माटे अनंत करतां ते संख्या असंख्यातगुण थइ. आ द्रव्य अपेक्षाए जाणवुं पर्याय अपेक्षाए नहि.

तेमज एक गोलामां रहेला जीवो करतां तेना उत्कृष्टपदमां रहेला जीव प्रदेशो पण असंख्यातगुणा जाणवा. कारणके एक गोलामां असंख्याती निगोद अने एक निगोदमां अनंता जीव माटे एक गोलामां अनंत असंख्यात जीव थया, अने ते गोलाना विवक्षित उत्कृष्टपदमां सर्व निगोदना जीव प्रदेशो असंख्यात अनंत असंख्यात छे. उपर एक निगोदनी अपेक्षाए एक प्रदेशमां अनंत असंख्यात प्रदेश कह्या तेवी असंख्याती निगोदो ते गोलामां होवाथी असंख्यात अनंत असंख्यात जीव प्रदेशो एक आकाश प्रदेशरूप ते उत्कृष्टपदमां रहेला छे. माटे असंख्यात गुणा थया.

| | | | | |
|---|---|---|---|---|
| निगोदमां-निश्चयथी-जीव-अनंता | | | असत्कल्पनाए | एक लाख जीव |
| गोलामां | ,, | निगोदो असंख्याती | ,, | एकलाख निगोदो |
| गोलामां | ,, | जीव अनंत असंख्यात | ,, | एक लाख गुण्या एक लाख एक हजार कोटि |
| उत्कृष्टपदे | ,, | असंख्यात | ,, | एक लाख प्रदेशो |

| | | |
|---|---|---|
| एकजीवना प्रदेशो- | | |
| उत्कृष्टपदे एक निगोदना जीव प्रदेशो- | ,, असंख्यात अनंत ,, | ,, एक लाख × एक लाख=हजार कोटि १०००००००० |
| उत्कृष्टपदे गोलामां रहेल सर्व जीवना प्रदेशो- | ,, असंख्यात अनंत ,, असंख्यात | ,, एक लाख + एक लाख + एक लाख = दश कोटाकोटी जीव प्रदेशो १०००००००००००००००० |

तं पुण केदइएणं, गुणियमसंखिज्जयं भविज्जाहि ।
भण्णइ दव्वट्ठाए, जावइया सव्वगोलत्ति ॥ १९ ॥

तं-ते
पुण-वळी
केदइएणं-केटला प्रमाणवाळी
गुणियं-गुणवाथी
असंखिज्जयं—असंख्यातु
भविज्जा थाय
भण्णइ-कहेवाय छे
दव्वट्ठाए-द्रव्यनी अपेक्षाए
जीवइया-जेटला
सव्वगोल-सर्व गोला

अर्थ—ते राशि केटला प्रमाणथी गुणीए के जेथी असंख्यात थाय ? कहीए छीए-द्रव्य अपेक्षाए जेटला गोळा छे तेटलाथी. १९

विवेचन—केटला प्रमाणवाळी असंख्यात राशिथी गुणीए तो उत्कृष्टपदमां रहेल जीवराशि संबंधी गणित आवे ? जीवोना प्रदेशद्वारा नहि पण जीव द्रव्यनी अपेक्षाए समग्र लोकनी अंदर जेटला गोला छे तेटला गोलाथी गुणाकार करवो. एक आकाश प्रदेश उपर जेटला जीवना प्रदेशो छे तेटला गोळा छे. कारणके बधा गोलाओनी संख्या पण तेटलीज छे. सारांश ए के एक

गोलामां जे समग्र जीवो छे तेने समग्र गोलानी राशिथी गुणो. अथवा एक आकाश प्रदेश उपर रहेल एक जीवना प्रदेश राशिथी गुणो. तेनाथी गुणवाथी जे राशि आवे ते उत्कृष्ट पदने विषे जीव प्रदेश राशि जाणवो. १९

किं कारणमोगाहणतुल्लत्ता जियनिगोयगोलाणं ।
गोला उक्कोसपएक्क जियपएसेहिं तो तुल्ला ॥ २० ॥

| | | |
|---|---|---|
| किं-शुं | निगोय-निगोद | प्रदेशो |
| कारणं-कारण | गोलाणं-गोलाओनी | ता-ते कारण माटे, तेथी |
| ओगाहण-अवगाहना | | |
| तुल्लत्ता-तुल्यताथी | उक्कोसपए-उत्कृष्टपदे | |
| जिय-जीव | जियपएसेहिं-जीव | तुल्ला-तुल्य |

अर्थ—कारण शुं ? जीव, निगोद अने गोलानी अवगाहना सरखी होवाथी तेथी उत्कृष्ट पदे एक जीव प्रदेश राशि तुल्य गोला छे. २०

विवेचन—उत्कृष्टपदे एक जीवना प्रदेश राशि तुल्य गोला होवानुं कारण शुं ? तेनो उत्तर–जीव, निगोद अने गोलानी अवगाहना तुल्य होवाथी एक गोलानी अवगाहना अंगुलना असंख्यातमा भाग जेटली छे, अने सकल लोक गोलाओथी भरेलो छे. माटे लोकना प्रदेशने राशिने अंगुलना असंख्यातमा भागना प्रदेश राशिथी भागवाथी जे संख्या आवे तेटलीज संख्या एक जीवना उत्कृष्टपदे रहेला प्रदेशोनी पण छे कारणके जीवना प्रदेश राशि तुल्य छे अने जीवनी अवगाहना पण अंगुलना असंख्यातमा भाग प्रमाणे छे. माटे बन्नेमां भाज्य भाजक संख्या सरखी होवाथी भागाकार सरखोज आवे. माटे समग्र गोलाओ अने उत्कृष्टपदे एक जीव प्रदेशोनी संख्या सरखी जाणवी. २०

गोलेहिं हिए लोगे, आगच्छइ जं तमेगजीवस्स ।
उक्कोसपयगयपएस-रासितुल्लं हवइ जम्हा ॥ २१ ॥

| | | |
|---|---|---|
| गोलेहिं-गोलानी (अवगाहना) वडे | जं-जे | गय-गत, रहेली |
| हिए-भागवाथी | तं-ते | रासि तुल्लं-राशि तुल्य |
| लोगे-लोकाकाशने | एगजीवस्स-एक जीवना | हवइ-होय छे. |
| आगच्छइ-आवे छे. | उक्कोसपय-उत्कृष्टपद | जम्हा-जे माटे |

अर्थ—जे माटे लोकाकाशने गोलानी अवगाहना) वडे भागवाथी जे राशि आवे ते राशि तुल्य एक जीवना उत्कृष्ट पदे रहेला प्रदेशो होय छे. २१.

विवेचनः—लोकाकाशना प्रदेश राशिने एक गोळानी अवगाहना जे अंगुलना असंख्यातमां भाग जेटली छे. तेना वडे भागवाथी जे राशि आवे तेटलाज उत्कृष्ट पदे एक जीवना प्रदेश होय छे. ते असत्कल्पनाथी समजावे छेः-लोकाकाशना प्रदेशो असंख्याता छे ते कल्पनाथी सो कोटि अथवा अबज गणवा अने गोलानी अवगाहना अंगुलना असंख्यातमा भाग जेटली छे. तेने दशहजार कल्पवा. हवे अबजने दश हजारे भागवाथी एक लाख आवे. अने एक जीवना प्रदेशो पण लोकाकाश प्रदेश तुल्य होवाथी असत्कल्पनाए अबज छे. अने जीवनी अवगाहना पण अंगुलना असंख्यातमा भागनी एटले असत्कल्पनाए दश हजार प्रदेशनी छे माटे अबजने दशहजारे भागवाथी पण एक लाख आवे माटे ते बंने राशि सरखी जाणवी. २१.

अहवा लोगपएसे, इक्किक्के ठवय गोलमिक्किक्कं ।
एवं उक्कोसपणक्क जियपएसेसु मायंति ॥ २२ ॥

| | | |
|---|---|---|
| अहवा-अथवा | इक्किक्के-एक एकमां. | एक्कजियपएसेसु-एक जीवना प्रदेशोमां. |
| लोगपएसे-लोकप्रदेशमां. | ठवय-स्थापो | मायंति-माय छे. |
| | एवं-ए प्रमाणे | |

अर्थ—अथवा लोकना एक एक प्रदेशे एक एक गोलाने स्थापन करा. तो उत्कृष्ट पदमां जीव प्रदेश तुल्य प्रदेशमां मायछे. २२.

विवेचन—अथवा लोकना एक एक प्रदेशने विषे एक एक गोलाने स्थापन करवो अने ते प्रमाणे स्थापन करतां ते गोलाओ जेटला आकाश प्रदेशने रोके तेटलाज एक जीवना उत्कृष्ट पदे जीव प्रदेशो जाणवा. माटे गोलाओ तेमज उत्कृष्ट पदे जीव प्रदेशो सरखा जाणवा. २२.

गोलो जीवो य समा, पएसओ जं च सव्वजीवावि ।
हुंति समोगाहणया, मज्झिमओगाहणं पप्प ॥ २३ ॥

| | | |
|---|---|---|
| गोलो-गोलो | जं-जे कारण माटे | मज्झिमओगाहणं- |
| जीवो-जीव | सव्वजीवावि-सर्व जीवो पण | मध्यम अवगाहना |
| समा-सरखा | हुंति-होय छे | पप्प-आश्रीने |
| पएसओ-प्रदेश आश्रीने | समोगाहणया-अवगाहनावाळा | |

अर्थ—गोलो तथा जीव (अवगाहनावाला) प्रदेश आश्री तुल्य छे. जे कारण माटे सर्व जीवो पण मध्यम अवगाहनाने आश्रीने सरखी अवगाहनावाळा होय छे. २३.

विवेचन—गोलो तथा जीव अवगाहनाना प्रदेशो आश्रीने तुल्य छे. बंनेनी अवगाहना अंगुलना असंख्यातमा भाग प्रमाण होवाथी कल्पनाथी बंने दश दश हजार आकाश प्रदेशमां अवगाह्या छे. कारणके सूक्ष्म सर्व जीवो पण मध्यम अवगाहनाने आश्री सरखी अवगाहनावाळा छे. कल्पनाथी जघन्य अवगाहना पांच हजार प्रदेशनी अने उत्कृष्ट अवगाहना पंदर हजार प्रदेशनी गणो. पछी बंने अवगाहना मेळवी अडधी करवाथी मध्यम अवगाहना दश हजार प्रदेशनी थाय छे. २३.

तेण फुडं चिय सिद्धं, एगपएसंमि जे जियपएसा ।
ते सव्वजीवतुल्ला, सुणसु पुणो जह विसेसहिया ॥२४॥

| | | |
|---|---|---|
| तेण-ते कारण माटे | एग पएसंमि-एक प्रदेशमां | पुणो-वळी |
| फुडं-स्पष्टपणे | जे-जे | जह-जेम |
| चिय-निश्चे | ते-तेओ | विसेसाहिया-विशेषाधिक |
| सिद्धं-साबीत थाय छे. | सुणसु-सांभळो | |

अर्थ—ते कारण माटे निश्चे स्पष्टपणे सिद्ध थयुं के एक प्रदेशमां जेटला जीव प्रदेशो छे ते सर्व जीव तुल्य छे. हवे जे रीते विशेषाधिक थाय ते कहे छे. २४.

विवेचन—हवे उत्कृष्टपदे वर्तता जीवोना जेटला प्रदेशा छे, ते सर्व जीव तुल्य छे ते असत्कल्पनाए बतावे छे.

पूर्वे कल्प्या प्रमाणे एक जीवना सो कोटि प्रदेशो छे. तेने दश हजार प्रदेशनी अवगाहना होवाथी तेनाथी भागतां एक आकाश प्रदेशे एक एक लाख प्रदेश अवगाहे छे. हवे एक निगोदमां अनंता जीव छतां असत्कल्पनाए लाख गणवा. लाखने लाखे गुणवाथी हजार कोटि जीव प्रदेशो थया. हवे निगोदो असंख्याती छतां असत्कल्पनाए लाख गणवाथी पूर्वनी राशिने लाखे गुणवाथी दश कोटाकोटि जीव प्रदेशो उत्कृष्ट पदे थया.

हवे जीव पण तेटलाज छे. दशहजारनी अवगाहनावाळा गोलाओ असत्कल्पनाए एक लाख थाय छे. एक एकगोलामां निगोद असंख्याती छतां असत्कल्पनाए एक लाख कल्पेली छे. माटे लाखने लाखे गुणवाथी एक हजार कोटि निगोदो थाय. दरेक निगोदमां जीवो असंख्याता छतां असत्कल्पनाए लाख कल्प्या छे माटे पूर्व राशिने लाखे गुणवाथी दश कोटाकोटि जीवो थाय छे. माटे उत्कृष्टपदे जीव प्रदेशो तथा समग्र जीवो बंने सरखा छे. २४.

हवे सर्व जीवथी उत्कृष्टपदे रहेला जीवो विशेषाधिक केवी रीते ते बतावे छे.

जं संति केइ खंडा, गोला लोगंतवत्तिणो अन्ने ।
बायर विग्गहिएहिय उक्कोसपयं जमब्भहियं ॥२५॥

| | | |
|---|---|---|
| जं-जे कारण माटे | लोगंतवत्तिणो-लोका-न्तवर्ती | विग्गहिएहि-विग्रह गतिवाळा |
| संति-होय छे | अन्ने-अन्य, जुदा, बीजा | अब्भहियं-अधिक |
| केइ-केटलाक | बायर-बादर | |
| खंडागोला-खंड गोला | | |

अर्थ—जे कारण माटे लोकने विषे केटलाक खंड गोलाओ छे जे पूर्ण गोलाथी जुदा छे. जे कारण माटे उत्कृष्टपदमां बादर निगोद अने विग्रहगतिवाळा अधिक जीवो छे. २५.

विवेचन—लोकनी अंदर पूर्ण गोलाथी जुदा (बीजा) केटलाक खंड गोलाओ छे. तेथी करीने जीवराशि कल्पनाथी दश कोटाकोटीथी ओछो थाय छे. कारणके पूर्ण गोळाओमांज पूर्वे कहेली जीव संख्या होय छे. पण खंड गोळाओमां तेथी ओछी होय छे. तेथी जेटली जीवराशि नाखवाथी खंड गोळाओ पूर्ण थाय तेटली संख्या जीवराशिमांथी काढी नाखवी कारणके खंड गोलाओमां पूर्ण गोला जेटली संख्या नहि होवाथी. ते काढी नाखवानी संख्या असत्कल्पनाए दश कोटीनी छे ते सर्व जीव राशिनी संख्यामांथी काढी नाखवाथी सर्व जीव राशि उत्कृष्टपदे जीव प्रदेश करतां ओछी थाय छे. अने तेथी सर्व जीवराशि करतां उत्कृष्टपद विशेषाधिक थाय छे. कारणके पूर्वे सरखापणुं कहेलुं ते खंड गोलाने पूर्ण गोला मानीने पण वास्तविक नहि.

वळी बादर निगोदो तथा विग्रहगतिवाळा जीवोना प्रदेशो उत्कृष्टपदने विषे रहेवाथी उत्कृष्टपद सर्व जीवराशिथी विशेषाधिक

छे. भावार्थ ए के बादर निगोद तथा विग्रहगतिवाळा जीवो अनंता छे तोपण ते जीवो सूक्ष्मनिगोद जीवोना असंख्यातमा भाग जेटला छे. कल्पनावडे एक कोटि प्रमाण छे. ते प्रथमनी जीवराशि उत्कृष्ट-पदथी एक कोटी ओछी गणी छे ते तेमां नांखवाथी जीवराशि तथा उत्कृष्टपद सरखुं थाय. हवे ते बादर जीवराशि जे असत्कल्पनाए एक क्रोड छे तेमांथी कल्पनावडे सो जीवा इच्छित सूक्ष्म निगोदना गोळा उपर अवगाहेल छे. ते जीवो आकाशना एक एक प्रदेश उपर पोताना एक लाख प्रदेशथी व्यापेला छे. आवा सो जीवो सूक्ष्म निगोदना गोळा उपर अवगाहेल होवाथी एक लाखने सोए गुणवाथी एक कोटी थाय. ते संख्या उत्कृष्टपदनी संख्यामां नाखवाथी तेनी संख्या एक कोटी प्रदेश जीवराशि करतां अधिक थाय छे. २५.

तम्हा सव्वेहिंतो, जीवेहिंतो फुडं गहेयव्वं ।
उक्कोसपयपएसा, हुंति विसेसाहिया नियमा ॥२६॥

| | | |
|---|---|---|
| तम्हा-ते माटे | गहेयव्वं-ग्रहण करवुं | विसेसाहिया-विशे |
| सव्वेहिंतो-सर्वथकी | उक्कोसपयपएसा-उ- | षाधिक |
| जीवेहिंतो-जीवोथी | त्कृष्टपदना प्रदेशो | |
| फुडं-प्रगटपणे | हुंति-छे | नियमा-निश्चे |

अर्थ—ते कारण माटे सर्व जीवराशि करतां उत्कृष्टपदने विषे जीव प्रदेशो विशेषाधिक छे. ए वात प्रगटपणे ग्रहण करवी. २६.

अहवा जेण बहु समा, सुहुमा लोएऽवगाहणाए य ।
तेणि क्कि कं जीवं, विरल्लए लोए ॥२७॥

| | | |
|---|---|---|
| अहवा-अथवा | लोए-लोकने विषे | बुद्धीए बुद्धिवडे |
| जेण-जे कारण माटे | अवगाहणाए-अवगा | विरल्लए-विस्तारवा |
| | हनाने आश्रीने | |
| बहुसमा-प्रायः सरखा | तेण-ते कारण माटे | स्थापवा |
| सुहुमा-सूक्ष्म(निगोद) | इक्किकं-एक एक | |

अर्थ—अथवा जे कारण माटे लोकने विषे सूक्ष्म निगोदना गोळाओ अवगाहनाने आश्रीने घणे भागे सरखा छे. ते कारण माटे एक एक जीवने बुद्धि वडे लोकने विषे विस्तारवा. २६.

विवेचन—सूक्ष्म निगोदना गोळाओ जीवनी संख्या वडे घणे भागे सरखा छे. खंड गोला साथे व्यभिचार दोष दूर करवाने माटे गाथामां बहु शब्द मूक्यो छे. कल्पनावडे एक गोला संबंधी अवगाहनाने विषे एक हजार कोटी जीवो रह्या छे. आवा गोलाओ कल्पनाथी लोकने विषे एक लाख छे. अवगाहनाथी पण बधा गोळाओ सरखा छे. कल्पनाथी दरेक गोलाओ आकाशना दश हजार प्रदेशने विषे व्यापीने रह्या छे. हवे आकाशना एक प्रदेशने विषे रहेला जीव प्रदेशो तथा समग्र जीवो आ बंनेनुं सरखापणुं जाणवाने माटे एक एक जीवने बुद्धिवडे केवली समुद्घात गतिथी विस्तारवा. एटले एक गोला संबंधी जीवना जेटला प्रदेशो छे. कल्पनावडे दश कोटाकोटी, तेटलाज प्रदेशो लोकाकाशना एक प्रदेश उपर छ. केवली समुद्घातनी माफक जीव प्रदेशोनो विस्तार कर्ये छते जीवो पण तेटलाज छे. आथी करीने उत्कृष्टपदे जीवप्रदेशो तथा समग्र जीवो बंने तुल्य थाय छे. २७.

एवं पि समा जीवा, एगपएसगयजिय पएसेहिं ।
बायर बाहुल्ला पुण, हुंति पएसा विसेसाहिया ॥२८॥

| | | |
|---|---|---|
| एवंपि-ए प्रमाणे | बाहुल्ला-बाहुल्यपणाथी | विशेषाहिया-विशेषाधिक |
| समा-सरखा | हुंति-छे | |
| बायर-बादर निगोदना | पएसा-प्रदेशो | |

अर्थ—ए प्रमाणे जीवो तथा एक आकाश प्रदेश उपर रहेला जीव प्रदेशो बंने सरखा छे. पण बादर निगोद जीवोना प्रदेशो

उत्कृष्ट पद उपर होवाथी उत्कृष्ट पद सर्व जीव करतां विशेषाधिक थाय छे. २८.

**तेसिं पुण रासीणं, निदरिसणमिणं भणामि पच्चक्खं।**
**सुहगहणगाहणत्थं, ठवणारासिप्पमाणेहिं ॥२९॥**

| | | |
|---|---|---|
| तेसिं-ते | गहण-ग्रहण | राशि |
| रासीणं-राशीओनुं | गाहणत्थं-ग्रहण करावा माटे | पमाणेहिं-प्रमाणवडे |
| निदरसिणं-दृष्टान्त | | पच्चक्खं-प्रत्यक्ष |
| भणामि-कहुं छुं | ठवणारासि-स्थापना | सुह-सुखे |

अर्थ—वळी ते राशिओने ( जीवराशि, उत्कृष्टपदे जीवप्रदेश राशि तथा एक निगोदमां जीव राशि ) सुख पूर्वक ग्रहण करवा तथा कराववा माटे ( कल्पनावडे ) स्थापन करेल जीव तथा प्रदेशोना राशि प्रमाणथी प्रत्यक्ष दृष्टान्त कहुं छुं. २९.

**गोलाण लक्ख मिक्कं, गोले गोले निगोय लक्खं तु ।**
**इक्किक्कय निगोए, जीवाणं लक्खमिक्किक्कं ॥३०॥**

| | | |
|---|---|---|
| गोलाण-गोलाओ | गोलेगोले-दरेकगोळामां | निगोए-निगोदमां |
| लक्खं-लाख | तु-वळी | जीवाणं-जीवो |
| इक्कं-एक | इक्किक्के-एक एक | |

अर्थ—( कल्पनाथी ) गोलाओ एक लाख छे, दरेक गोलामां लाख लाख निगोद छे. अने एक एक निगोदमां जीवो लाख लाख छे. ३०.

**कोडिसयमेगजीवप्पएसमाणं तमेव लोगस्स ।**
**गोल निगोयजीयाणं, दसउ सहस्सा समोगाहो ॥३१॥**

| | | |
|---|---|---|
| कोडिसयं-सो क्रोड | दसउ-दश | समोगाहो-सरखी |
| माणं-प्रमाण | | |
| लोगस्स-लोकाकाशना | सहस्सा-हजार | अवगाहना |

अर्थ—एक जीवना प्रदेशनुं प्रमाण ( कल्पनाए ) सो कोटी छे, तेटलुंज लोकाकाशना प्रदेशनुं छे गोला, निगोद अने जीवो नी अवगाहना सरखी छे अने ते दशहजार प्रदेश प्रमाण छे. ३१.

जीवस्सिक्कि क्कस्स य दससहस्सावगाहिणो लोए ।
इक्कि क्कंमि पएसे, पएसलक्खं समोगाढं ॥३२॥

| | | |
|---|---|---|
| जीवस्स-जीवनी | गाहनावाळी | समोगाढं-सरखी |
| इक्किक्कस्स-एकएकनी | लोए-लोकमां | अवगाहना |
| अवगाहिणो-अव- | पएसे-प्रदेशमां | |

अर्थ—दरेक जीवनी अवगाहना लोकाकाशना दश हजार प्रदेश जेटली छे. वळी आकाशना एक एक प्रदेशमां जीवना लाख प्रदेश अवगाह्या छे. ३२

जीवसयस्स जहण्णे, पयम्मि कोडि जियप्पएसाणं ।
ओगाढा उक्कोसे, पयंमि वुच्छं पएसग्गं ॥ ३३ ॥

| | | |
|---|---|---|
| जीवसयस्स-सो जीवना | पयम्मि-पदने विषे | वुच्छं-कहीश |
| | ओगाढा-अवगाह्या छे | पएसग्गं-प्रदेशाग्रं, प्रदेश समूह |
| जहण्णे-जघन्य | उक्कोसे-उत्कृष्ट | |

अर्थ—जघन्यपदे लोकाकाशना एक प्रदेशने विषे सो जीवोना मळी एक क्रोड प्रदेश व्यापेला छे. उत्कृष्टपदे केटलो प्रदेश समूह छे ते कहे छे. ३३

कोडिसहस्स जियाणं, कोडाकोडी दसप्पएसाणं ।
उक्कोसे ओगाढा, सव्वजिया वित्तिया चेव ॥ ३४ ॥

| | | |
|---|---|---|
| कोडिसहस्स-हजार कोटि | कोडाकोडी—कोटाकोटी | सव्वजिया-सर्व जीवो |
| | | वित्तिया-तेटला |
| जियाणं-जीवोनी | उक्कोसे-उत्कृष्ट | चेव-निश्चे |

अर्थ—उत्कृष्टपदे एक आकाश प्रदेश उपर हजार कोटी जीवना दश कोटाकोटी प्रदेशो रहेला छे. सर्व जीवो पण तेटलाज छे. ३४

कोडी उक्कोसपयम्मि, बायर जियप्पएसपक्खेवो ।
सोहणयमित्तियं चिय, कायव्वं खंडगोलाणं ॥ ३५ ॥

| | | |
|---|---|---|
| कोडी-क्रोड | जिय-जीव | इत्तियं-एटलुंज |
| उक्कोसपयंमि-उत्कृष्टपदमां | पक्खेवो-प्रक्षेप | चिय-निश्चे |
| बायर-बादर | सोहणयं-शोधवुं, ओछी करवी | कायव्वं-करवुं |

अर्थ—उत्कृष्टपदमां बादर जीवना क्रोड प्रदेशोनो प्रक्षेप करवो. खंड गोलामांथी एटलीज संख्या ओछी करवी. ३५

विवेचन—उत्कृष्टपदमां पूर्वे कहेल सूक्ष्म जीव प्रदेश राशिमां ( हजार कोडीमां ) बादर जीवो जे त्यां अवगाह्या छे. तेना कोटी प्रदेश अधिक करवा. कारणके विवक्षित सूक्ष्म निगोदना गोळा उपर बादर सो जीवो अवगाहेल होवाथी अने दरेक जीवना लाख लाख प्रदेश एक आकाश प्रदेश उपर रहेल होवाथी क्रोड थाय, तेमज सर्व जीव राशिमांथी एक कोटीनुं शोधन करवुं एटले एक क्रोड ओछा करवा. कारणके खंड गोळामां तेटली संख्या ओछी छे, अथवा खंड गोलामां बादर निगोद तेमज विग्रह गतिवाळा एक कोटी जीवो नांखवाथी बधा गोळा एक सरखा थाय छे. तो पण उत्कृष्टपदने विषे बादर सो जीवोना एक कोटी जीव प्रदेशो विशेष होवाथी समग्र जीवो करतां उत्कृष्ट पद विशेषाधिक जाणवुं. ३५

एएसि जहासंभवमत्थोवणयं करिज्ज रासीणं ।
सब्भावओ अ जाणिज्ज ते अणंता असंखा वा ॥ ३६ ॥

| | | |
|---|---|---|
| एएसि-ए | रासीणं-राशिओनो | ते-ते ( संख्या ) |
| जहासंभवं-यथासंभव | सब्भावओ-सद्भावथी, यथार्थपणाथी | अणंता-अनंत |
| अत्थोवणयं-उपनय | | असंखा-असंख्य |
| करिज्ज-करवो | जाणिज्ज-जाणवा | वा-अथवा |

अर्थ—ए पूर्वे कहेल जीवराशिनो उपनय जेम संभवी शके तेम करी लेवो. यथार्थपणे तो जीवो अनंता अने निगोदो, गोलाओ असंख्याता छे.

विवेचन—अहीं अर्थनो उपनय तेना योग्य स्थानके पूर्व बतावेलो छेज. एक निगोदमां जीवो एक लाख कल्प्या छे पण निश्चयथी अनंता छे. तेमज सर्व जीवो पण अनंता छे. निगोदो कल्पनाथी लाख गणी पण निश्चयथी ते असंख्याती छे. गोलाओ लाख कल्प्या ते पण निश्चयथी असंख्याता छे. ए प्रमाणे सूक्ष्म निगोद, बादर निगोद, तेमज गोलानी अवगाहना संबंधी वचार जाणवो. ३६

॥ समाप्त ॥

# श्री भाव प्रकरण.

आणंदभरिअनयणो, आणंद पाविऊण गुरुवयणे।
आणंदविमलसूरिं, नमिउं वुच्छामि भाव अ ॥ १ ॥

आणंद-आनंद
भरिअ-भर्यां छे
नयणे नयण, नेत्र
पाविऊण-पामीने
गुरुवयणे-गुरुनां वचनमां
आणंदविमलसूरिं—आनंदविमलसूरिने
नमिउं-नमिने
वुच्छामि-कहुं छुं
भावे-भावो

अर्थ—आनंदथी भरेलां छे नेत्र जेनां, एवो हुं ( आ प्रकर-

णना कर्ता विजयविमल गणि ) गुरुनां वचनमां आनंद पामीने आनंदविमलसूरिने नमस्कार करीने ( औपशमिकादि ) भावोने कहुं छुं १.

हवे द्वार गाथा कहे छे:—

धम्माधम्मागासा, कालोपुग्गल खंधोय कम्म गइजीवा।
एएसु अ दारेसु, भणामि भावे अ अणुकमसो ॥ २ ॥

| | | |
|---|---|---|
| धम्म-धर्मास्तिकाय | कालो-काल | जीवा-जीवो |
| अधम्म-अधर्मास्ति-काय | खंधो-खंध, स्कंध | एएसु-ए |
| | य-अने | दारेसु-द्वारोने विषे |
| आगासा-आकाशा-स्तिकाय | कम्म-कर्म | भणामि-कहुं छुं |
| | गइ-गति | अणुकमसो-अनुक्रमे |

अर्थ—धर्मास्तिकाय[१], अधर्मास्तिकाय[२], आकाशास्तिकाय[३], काल[४], स्कंध[५], कर्म[६], गति[७] अने जीव[८] ए आठ द्वारोने विषे अनुक्रमे भावोने कहुं छुं २.

विवेचन—आठ द्वारोने विषे भाव कहेवाना छे ते आठ द्वारोनां नाम.

१ धर्मास्तिकाय-जीव अने पुद्गलने गति करवामां जे अपेक्षा कारण ते धर्मास्तिकाय. अस्ति एटले प्रदेशो तेनो समूह ते अस्तिकाय कहेवाय छे. जेम पाणी माछलांने गमन करवाने अपेक्षा कारण छे. एटले गमन करवानी शक्ति माछलानी छे पण पाणी विना ते गमन करी शके नहि तेम गमन करवानी शक्ति जीव अने पुद्गलनी छे पण धर्मास्तिकाय विना जीव अने पुद्गल गति करी शके नहि. ए धर्मास्तिकायनो खंध चौदराज लोक प्रमाण छे असंख्यात प्रदेशी छे.

२ अधर्मास्तिकाय-जीव अने पुद्गलने स्थिर रहेवामां जे

अपेक्षा कारण ते अधर्मास्तिकाय. अधर्मास्तिकायनो खंध पण चौदराज लोक व्यापी छे, अने असंख्यात प्रदेशी छे.

३ आकाशास्तिकाय-'आ' एटले मर्यादापूर्वक सर्व पदार्थो ज्यां प्रकाशे एटले सर्व द्रव्यो ज्यां पोताना स्वभावने पामे छे आकाश तेना प्रदेशनो समुदाय ते आकाशास्तिकाय. जे जीव अने पुद्गलने अवकाश आपे ते आकाशास्तिकाय. तेनो खंध लोकालोक व्यापी छे अने अनंत प्रदेशी छे. लोक ते चौद राज लोक जेमां छए द्रव्य होय छे, अने ते सिवाय अलोकाकाश जाणवो.

४ काल-' कलनं कालः ' ते कालना बे प्रकार छे. १ वर्तना लक्षण. २ समयावलिकादि लक्षण द्रव्यने ते ते रुपे थवामां जे प्रयोजक ते वर्तना. वर्तना जे लक्षण-लिंग जेनुं ते वर्तना लक्षण. आ वर्तना समस्त द्रव्य क्षेत्र अने भाव ( पर्याय ) व्यापी छे. बीजो समयावलिकादि काल ते अढी द्वीपना द्रव्यादिमां छे. तेनी बहार नामां नथी. सूक्ष्ममां सूक्ष्म कालजे वर्तमान मटी भूत क्यारे थयो. तथा जे भविष्य मटी वर्तमान क्यारे थयो ते पण जणाय नहि. ते समय-आंख बंध करीने उघाडीए तेमां असंख्याता समय थाय छे. तेवा असंख्याता समयनी एक आवली थाय छे.

५ स्कन्ध-स्कन्ध ते पुद्गल स्कन्ध जाणवा. पूरण गलन अथवा चय उपचय धर्म ते पुद्गल तेना बे अणुथी मांडीने अनन्ता अणु सुधीना बनेला ते स्कन्ध कहेवाय.

६ कर्म-आ समस्त चौद राजलोक कर्मवर्गणाथी निरंतर ( ठांसीने ) भरेलो छे. ते कर्मवर्गणाने मिथ्यात्वादि सामान्य हेतु वडे अने ज्ञानज्ञानीनां प्रत्यनीकपणुं आदि विशेष हेतु वडे ग्रहण करीने जीव आत्म प्रदेशनी साथे क्षीरनीरनी पेठे अथवा अग्नि अने लोहनी पेठे संबंध करे ते कर्म. ते कर्म आठ प्रकारे छे.

| | | |
|---|---|---|
| १ ज्ञानावरणीय कर्म | ४ मोहनीय कर्म | ७ गोत्र कर्म |
| २ दर्शनावरणीय कर्म | ५ आयुष्य कर्म | ८ अंतराय कर्म |
| ३ वेदनीय कर्म | ६ नाम कर्म | |

१ जेना वडे वस्तु जणाय. अथवा विशेष ग्रहणात्मक बोध ते ज्ञान तेने आवरनार जीवे ग्रहण करेली कर्म वर्गणा मांहेनो विशिष्ट पुद्गल समूह ते ज्ञानावरणीय.

२ जेनावडे देखाय अथवा सामान्यग्रहणात्मक बोध ते दर्शन. तेने आवरनार दर्शनावरणीय.

३ जे सुखदुःख रूपे अनुभवाय ते वेदनीय.

४ सदसद् विवेकमां विकल करे जेथी जीव मोह पामे. ते मोहनीय.

५ एक गतिमांथी बीजी गतिमां लइ जाय. ते आयुःकर्म.

६ गत्यादि पर्याय अनुभववा तरफ तत्पर करे ते नाम कर्म.

७ जेनाथी उंच नीच शब्द वडे जीव बोलावाय ते गोत्र कर्म.

८ जेनाथी दानादि लब्धिओ विशेषपणे हणाय ते विघ्न कर्म अथवा अंतराय कर्म.

७ गति—जेमां गमन कराय ते गति. तेना पांच प्रकारः—१ नारकी, २ तिर्यंच, ३ मनुष्य. ४ देवता, ५ सिद्धगति.

८ जीव—जे जीव्यो, जीवे छे अने जीवशे ते. जीव. जे द्रव्य प्राण अने भाव प्राणने धारण करे ते जीव. द्रव्य प्राण दश प्रकारे पांच इंद्रिय, त्रण बल, श्वासोश्वास अने आयुष्य—ते दश प्राणने यथायोग्य धारण करनार. तथा भाव प्राण ते ज्ञान, दर्शन, चारित्रादि आत्माना गुणो. तेमां सिद्धना जीवने द्रव्य प्राण नहोय. अहीं चौद गुणस्थान वर्ती जीव लेवा. पण एकन्द्रियादि लेवा नहि.

ए प्रमाणे आ आठ द्वारोने विषे औपऽशमिकादि भावोने अनुक्रमे कहेशे.

**मिच्छे सासणमीसे, अविरयदेसे पमत्तअपमत्तेवि ।**
**निअट्टि अनिअट्टिसुहुम-वसमखीण सजोगिअजो गिगुणा ॥ ३ ॥**

| | | |
|---|---|---|
| मिच्छे-मिथ्यात्व | अपमत्ते-अप्रमत्तसंयत | उवसम-उपशांत मोह |
| सासण-सास्वादन | निअट्टि-निवृत्ति, अपूर्व करण | खीण क्षीणमोह |
| मीसे-मिश्री | | सजोगि-सयोगी |
| अविरय-अविरत | | |
| देसे-देशविरत | अनिअट्टि-अनिवृत्ति | अजोगि-अयोगी |
| पमत्त-प्रमत्तसंयत | सुहुम-सूक्ष्मसंपराय | गुणा-गुणस्थान |

अर्थ—मिथ्यात्व, सास्वादन, मिश्री, अविरती, देशविरती, प्रमत्त संयत्त, अप्रमत्तसंयत, निवृत्तिकरण, अनिवृत्तिकरण, सूक्ष्म संपराय, उपशांतमोह, क्षीणमोह, सजोगी अने अयोगी ए गुणठाणा जाणवां. ३.

विवेचन—ज्ञान, दर्शन, अने चारित्रना विशुद्धि अविशुद्धिना प्रकर्ष अपकर्षरूप अध्यवसायना तरतम भेद ते गुणस्थानक. ते भेद असंख्याता छे, अध्यवसाय असंख्याता होवाथी. पण स्थूलदृष्टिए चौद भेद जाणवा ते नीचे प्रमाणे.

१ मिथ्यात्व गुणस्थान—ज्यां जिनेश्वरना वचन उपर श्रद्धा न होय. खराने खोटापणे खोटाने साचा प्रमाणे माने ते.

२ सास्वादन गुणस्थान—उपशम समकित वमतां मिथ्यात्वे जतां अनंतानु बंधी कषायना उदयथी जीवना जे परिणाम.

३ मीश्र गु०—जिनेश्वरना वचन उपर ज्यां राग द्वेष नहोय.

४ अविरति सम्यग्दृष्टि गु०—ज्यां त्रण प्रकारमांनु एक समकित होय पण विरति नहोय.

५ देशविरति गुण०–ज्यां देशे एटले अंशे थोडी विरति होय ते.

६ प्रमत्त संयत गु०–ज्यां सर्व विरति छतां. पांच प्रकारना प्रमाद होय ते.

७ अप्रमत्त संयत गु०–ज्यां सर्व विरति होय अने प्रमाद न होय ते.

८ निवृत्तिकरण गु०–ज्यां श्रेणि मांडनार जीवोना एकसरखा अध्यवसाय न होय पण फेरफार वाळा होय. तेनुं बीजुं. नाम बादर संपराय गुणस्थानक जाणवुं.

९ अनिवृत्ति करण गु०–ज्यां श्रेणि मांडनार जीवोना सरखा अध्यवसाय होय ते.

१० सूक्ष्म संपराय गु०–ज्यां सूक्ष्म लोभनोज रसोदय होयते.

११ उपशान्त मोह गु०–ज्यां मोहनीयनी सर्वे प्रकृति उपशमी होय.

१२ क्षीणमोह गु०–ज्यां मोहनीयनी सर्व प्रकृतिनो सर्वथा क्षय थयो होय.

१३ सयोगी केवली गु०–केवळज्ञान थया पछी योग प्रवृत्ति वर्तती होय.

१४ अयोगी केवली गु०–ज्यां योग प्रवृत्तिनो अभाव होय. पण हजी मोक्ष गया नथा ते. ए प्रमाणे गुणस्थानकनुं स्वरूप टुंकाणमां कह्युं. विस्तारथी जाणवानी इच्छावाळाए बीजो कर्मग्रंथ जोवो

उवसमखइओ मीसो, उदओ परिणाम सन्निवाओ अ ।
सव्वे जीवठाणे, परिणामुंऽओ अजीवाणं ॥ ४ ॥

| | | |
|---|---|---|
| उपशम-उपशम | पशामिक | सव्वे-सर्वे |
| खइओ-क्षायिक | परिणाम-परिणामिक | जीवठाणे-जीवस्थानने |
| मीसो-मीश्र, क्षयो | सन्निवाओ-सन्निपातिक | अजीवाणं-अजीवोने |

अर्थ—उपशम, क्षायिक, मिश्र, औदयिक अने पारिणामिक अने सन्निपातिक ए सर्वे ( भावो ) जीवस्थानमां होय. पारिणामिक अने औदयिक अजीवमां पण होय. ४.

विवेचन—मूल पांच भाव छेः—१ औपशमिक भाव. २ क्षायिकभाव. ३. मिश्रभाव. ४ औदयिक भाव. ५ पारिणामिक भाव. तथा संयोगरुप छट्टो सन्निपातिक भाव. हवे ते भावनो अर्थ नीचे प्रमाणेः—

१ औपशमिक भाव—उदय बे प्रकारे छे. १ रसोदय २ प्रदेशोदय ए बंने प्रकारना उदयनुं अटकवुं जे भावने विषे होय ते औपशमिक भाव. ए भाव काल आश्रीसादि सपर्यवसित जाणवो. आ भाव बे प्रकारे छे.

२ क्षायिक भावः—कर्मनो अत्यंत नाश ते क्षय. तेनाथी थएल ते क्षायिक भाव. तेना नव भेद छे. काल आश्री आ भाव सादिसपर्यवसित जाणवो.

३ मिश्रभावः—उदय आवेलना क्षयथी तथा अनुदीर्णना उपशमथी थएल ते मिश्र अथवा क्षायोपशमिक. तेना अढार भेद छे. काल आश्री सादि सपर्यवसित, अनादि सपर्यवसित अने अनादि अपर्यवसित ए त्रण भांगा आ भावने विषे जाणवा.

४ औदयिक भावः—शुभाशुभ प्रकृतिओनुं विपाकथी (रसथी) अनुभववुं तेथी थयेल ते औदयिक तेना एकवीस भेद छे. आ भावने विषे पण मिश्र भावमां कह्या प्रमाणे त्रण भांगा जाणवा.

५ पारिणामिक—जीव अने अजीवने जीवत्वादि स्व स्वरूपने अनुभववामां तैयार रहेवुं ते पारिणामिक. अथवा पोतपोतानी अवस्थामां रहेवुं ते परिणाम आ भावना त्रण भेद छे. आ भावने विषे काल आश्री उपर कहेल त्रण भांगा जाणवा.

## कया कया भावमां काल आश्री कया कया भांगा होय तेनो यंत्र

| | सादि सपर्य० | अनादि सप० | सादि अपर्य० | अनादि अपर्य० | कुलभांगा |
|---|---|---|---|---|---|
| औपशमिक | १ | ० | ० | ० | १ |
| क्षायिक | १ | ० | १ | ० | २ |
| क्षायोपशमिक | १ | १ | ० | १ | ३ |
| पारिणामिक | १ | १ | ० | १ | ३ |
| औदयिक | १ | १ | ० | १ | ३ |

६ सन्निपातिक–पूर्वे कहेला भावोना सन्निपातथी–संयोगथी थएल ते छठ्ठो सन्निपातिक भाव तेना २६ भेद छे. आवी रीतेः–द्विक संयोगो दश, त्रिक संयोगी दश, चतुर्संयोगी पांच अने पंच संयोगी एक ए प्रमाणे २६ भांगा जाणवा. ते नीचे प्रमाणेः—

द्विकसंयोगी भांगा १० नीचे प्रमाणेः—

| | | |
|---|---|---|
| १ औप० क्षायि० | ४ औप० पारि० | ७ क्षायि० पारि० |
| २ औप० क्षायोप० | ५ क्षायि० क्षायोप० | ८ क्षायि० औद० |
| ३ औप० औद० | ६ क्षायि० औद० | ९ क्षायो० पारि० |
| | | १० औद० पारि० |

त्रीक संयोगी भांगा १० नीचे प्रमाणेः—

| | | |
|---|---|---|
| १ औप० क्षायि० क्षायोप० | ५ औप० क्षायो० पारि० | ८ क्षायि० क्षायोप० पारि० |
| २ औप० क्षायि० औद० | ६ औप० औद० पारि० | ९ क्षायि० औद० पारि० |
| ३ औप० क्षायि० पारि० | ७ क्षायि० क्षायोप० औद० | १० क्षायो० औद० पारि० |
| ४ औप० क्षायो० औद० | | |

### चतुः संयोगी भांगा ५.

| | | |
|---|---|---|
| १ औप० क्षायि० क्षायोप० औद० | क्षायोप० पारि० | ४ औप० क्षायोप० औद० पारि० |
| २ औप० क्षायि० | ३ औप० क्षायि० औद० पारि० | ५ क्षायि० क्षायोप० औद० पारि० |

### पंचसंयोगी भांगो १

१ औप० क्षायि० क्षायोप० औद० पारि०

एवी रीते ए २६ सान्निपातिक भाव जाणवा. एकमां सन्नि॰ पात न होय. संयोगनो अभाव होवाथी. ए छव्वीसमांथी द्विक संयो- गमांहेनो सातमो भांगो क्षायि० 'अने पारि० ए सिद्धने होय. १. त्रिक संयोग मांहेलो नवमो भांगो क्षायिक, क्षायोपशमिक अने पा- रि० ए केवलीने होय. २. अने दशमो भांगो क्षायोपशम, औदयिक अने पारिणामिक ए भांगो चारे गतिमां होय ३. चतुःसंयोगी मध्ये नो चोथो औप० क्षायो० औद० पारि० ४. तथा पांचमो क्षायि० क्षायोप० औद० पारि० ५ ए बे चारे गतिमां पामीए तथा पंचसं- योगी एक भांगो ६ उपशमश्रेणीमां मनुष्यने पामीए. ए प्रमाणे छ सान्निपातिक जीवोमां संभवे बाकीना वीस भांगा जीवोने संभवे नहि. तथा अजीवने पारिणामिक अने औदयिक भाव अजीवने संभवे पण जीवा भावो अजीवने न होय

### हवे मूल भेदना उत्तरभेद कहे छेः—

केवलनाणं दंसण खइअं सम्मं च चरणदाणाई ।
नव खइआ लद्धीओ उवसमिए सम्म चरणं च ॥ ५ ॥

| | | |
|---|---|---|
| केवलनाणं-केवलज्ञान | चरण-चारित्र | लद्धिओ-लब्धिओ |
| दंसण-केवलदर्शन | दाणाइ-दानादि | उवसमिए-औपशमिक |
| खइअं-क्षायिक | नव-नव | सम्म-समकित |
| सम्मं-सम्यक्त्व | खइआ-क्षायिक | चरणं-चारित्र |

अर्थः—केवलज्ञान, केवलदर्शन, क्षायिक समकित, क्षायिक चारित्र अने दानादि लब्धिओ एम नव भेद क्षायिक भावना अने उपशम भावना समकित अने चारित्र ए बे भेद. ५.

विवेचनः—हवे प्रथम औपशमिक भावना बे भेदः-१ उपशम समकित २ उपशम चारित्र-अनंतानुबंधी कषाय चार तथा दर्शन मोहनीय ( समकीतमोहनी, मिश्रमोहनी अने मिथ्यात्व मोहनी ) ए सात प्रकृतिनो रसोदय तथा प्रदेशोदय न होय ते उपशम समकित प्रथम सम्यक्त्व उत्पत्तिकाले तथा उपशम श्रेणिमां होय छे. बीजुं उपशम चारित्र उपशम श्रेणिमां चारित्र मोहनीयना उपशमथी होय.

बीजा क्षायिक भावना नव भेद १ केवल ज्ञानावरणीय कर्मना क्षयथी केवलज्ञान. २ केवल दर्शनावरणीय कर्मना क्षयथी केवलदर्शन. ३ दर्शनमोहनीय कर्मना क्षयथी क्षायिक समकित. ४ चारित्रमोहनीय कर्मना क्षयथी क्षायिक चारित्र तथा ५ थी ९ अंतराय कर्मना क्षयथी दानलब्धि. लाभलब्धि, भोगलब्धि उपभोगलब्धि अने वीर्यलब्धि ए पांच क्षायिक लब्धिओ. ५.

**नाणा चउ अण्णाणा, तिण्णि य दंसणतिगं च गिहिधम्मो।**
**वेअगसव चारित्तं, दाणाइग मिस्सगा भावा ॥ ६ ॥**

| | | |
|---|---|---|
| नाणा-ज्ञान | दंसणतिगं-दर्शनत्रिक | तिचारित्र |
| चउ-चार | गिहिधम्मो-गृहस्थधर्म | दाणाइग-दानादिक |
| अणणाणा-अज्ञान | वेअग-वेदक समकित | मिस्सगा-मिश्र |
| तिण्णि-त्रण | सवचारित्तं-सर्व विर- | भावा-भाव |

अर्थः—ज्ञान चार, अज्ञान त्रण, दर्शन त्रण, गृहस्थधर्म ( देशविरति चारित्र ) वेदक समकित, सर्व चारित्र, दानादिक पांचलब्धि ए मिश्रभावना भेद ६.

विवेचनः—हवे त्रीजा क्षयोपशम भावना अढार भेद कहे

छे:—केवळज्ञान सिवायना बाकीना मति, श्रुत, अवधि अने मनः पर्यव ए चार ज्ञान तथा मति अज्ञान, श्रुत अज्ञान अने विभंगज्ञान ए त्रण अज्ञान ए सात ज्ञानावरणीय कर्मना क्षयोपशमथी होय. चक्षु अचक्षु अने अवधि ए त्रण दर्शन दर्शनावरणीय कर्मना क्षयोपशमथी थाय. देशविरति अने सर्वविरति चारित्र मोहनीयना क्षयोपशमथी-दानादि पांच लब्धिओ पांच प्रकारना अंतराय कर्मना क्षयोपशमथी ए प्रमाणे त्रीजा भावना अढारभेद जाणवा.

दानादि लब्धिओ बे प्रकारे छे. क्षायिकी अने क्षयोपशमिकी. अंतराय कर्मना क्षयथी थाय ते क्षायिकी केवलीनेज होय. अने अंतराय कर्मना क्षयोपशमथी थएली क्षायोपमभिकी ते छद्मस्थोने होय.

हवे चोथा औदयिक भावना भेद कहे छे:—

अन्नाण मसिद्धत्ता संजमलेसाकसायगइवेया ।
मिच्छं तुरिए भव्वाभव्वत्तजियत्त परिणामे ॥ ७ ॥

| | | |
|---|---|---|
| अन्नाणं-अज्ञान | गइ-गति | भव्व-भव्यत्व |
| असिद्धत्ता-असिद्धत्व | वेया-वेद | अभव्वत्त-अभव्यत्व |
| असंजम-असंयम | | |
| लेसा-लेश्याषट्क | मिच्छं-मिथ्यात्व | जियत्त-जीवत्व |
| कषाय-कषाय | तुरिए-चोथा | परिणामे-पारिणामिक |

अर्थ:—अज्ञान, असिद्धत्व. असंजम, लेश्या, कषाय, गति, वेद अने मिथ्यात्व ए चोथाभावना अने भव्यत्व, अभव्यत्व अने जीवत्व ए पारिणामिक भावना भेद जाणवा. ७

विवेचनः—चोथा औदयिक भावना २१ भेद आ प्रमाणेः-१ मिथ्यात्व तथा ज्ञानावरणीयना उदयथी थएल अज्ञान. २ आठ प्रकारना कर्मना उदयथी थएल असिद्धत्व. ३ असंयम प्रत्याख्याना वरणीयना उदयथी थएल अविरतिपणुं ४ थी ९ कृष्णादि लेश्या छ मोहनीयना उदयथी ( अथवा आठे कर्मना उदयथी अथवा नाम

कर्मना उदयथी ) १० थी १३ कषाय चार मोहनीय कर्मना उदयथी. १४ थी १७ गति चार नाम कर्मना उदयथी १८ थी २० नोकषाय मोहनीयना उदयथी वेद त्रण. मिथ्यात्व मोहनीयना उदयथी मिथ्यात्व अहीं जोके औदयिक भावना २१ भेद देखाड्या छे, तोपण पांचनिद्रा, शाता अशाता, हास्य रति विगेरे पण कर्मोदयथी थएला बीजा पण घणा भेद जाणवा. एकवीशनी संख्या पूर्व शास्त्रना अनुसारे.

हवे पांचमा पारिणामिक भावना त्रण भेद छे. भव्यनो भावते भव्यत्व, अभव्यनो भाव ते अभव्यत्व, जीवनो भाव ते जीवत्व एओनुं ए प्रमाणेज सदा परिणमन होवाथी. कारण के भव्य अभव्यन थाय जीव अजीव न थाय. एवी रीते मुल पांच भावना उत्तर भेद ५३ जाणवा. ७

मूल भेदना उत्तर भेदनो यन्त्र.

| औपश० | क्षायिक | क्षायोप० | औद० | पारि० | सर्व० |
|---|---|---|---|---|---|
| २ | ९ | १८ | २१ | ३ | ५३ |

हवे पूर्वे कहेला धर्मास्तिकायादि आठ द्वारोने विषे औपशमिकादि भावो कहे छे.

आइम चउदारेसु य, भावो परिणामगो य णायव्वो ।
खंधे परिणामुदओ, पंचविहा हुंति मोहंमि ॥ ८ ॥

| | | |
|---|---|---|
| आइम-प्रथमना | परिणामगो-परिणामिक | उदओ-औदयिक |
| चउदारेसु-चार द्वारोने विषे | नायव्वो जाणवो | पंचविहा-पांच प्रकार |
| भावो-भाव | खंधे-स्कन्धने विषे | हुंत्ति-होय छे. |
| | | मोहम्मि-मोहने विषे |

अर्थः—प्रथमना चार द्वारोने विषे पारिणामिक भाव जाणवो. खंधने विषे पारिणामिक अने औदयिक—मोहनीयने विषे पांचे प्रकार होय छे. ८.

विवेचनः—१ धर्मास्तिकाय १ अधर्मास्तिकाय. ३ आकाशास्तिकाय अने काल ए चार द्वारोने विषे एक पारिणामिक भाव होय छेः—कारणके धर्मास्तिकाय अधर्मास्तिकाय अने आकाशास्तिकाय अनादि कालथी आरंभी जीव अने पुद्गलोने अनुक्रमे गतिमां तथा स्थितिमां उपस्तंभ आपवाना अने अवकाश आपवाना परिणाममां परिणत छे. तथा काल पण आवलिकादि परिणाममां परिणत होवाथी अनादि परिणामिक भावमां वर्तवापणुं छे. पांचमा स्कन्धद्वारने विषे पुद्गल स्कंधने विषे पारिणामिक अने औदयिक ए बे भावो छे. तेमां ध्यणुकादि ( बेपरमाणुना बनेला विगेरे ( स्कंधोमां काल आश्री सादिपणुं होवाथी सादि पारिणामिक भाव जाणवो. अने मेरु विगेरे जे स्कन्धो छे तेओ अनादिकालथी ते रूपे परिणमेला होवाथी अनादि पारिणामिक भाव जाणवो. तथा जे अनन्त परमाणुना स्कन्धो छे जेने जीव कर्मरूपे परिणमावे छे. तेनो कर्मरूपे उदय होवाथी तेवा स्कन्धोमां औदयिक भाव पण छे ते आवी रीते—शरीरादि नाम कर्मना उदयथी थएल औदारिकादि स्कन्धोनो औदारिक शरीरपणे उदय ते औदयिक भाव जाणवो. जे छुटा परमाणुओ छे तेमां जीवना ग्रहणनो अभाव होवाथी औदयिक भाव नथी तेमां फक्त पारिणामिक भावज होय छे.

हवे छठ्ठुं कर्मद्वार आवी रीतेः—मोहनीय कर्मने विषे पांचे भाव होय छे. तेमां प्रथम औपशमिक भाव आवी रीते मोहनीयनी भस्मथी अवराएल अग्निनी पेठे अनुदय अवस्था ते औपशमिक भाव—अहीं सर्वोपशम लेवो पण देशोपशम नहि. देशोपशमनो सर्वे कर्मोमां संभव होवाथी. जे मोहनीय उदयमां आव्या तेना क्षयथी अने अनुदीर्णना उपशमथी क्षयोपशम. त्रीजो जे जे मोहनीयनो आत्यन्तिक ( फरीथी बंध न थाय तेवो ) नाश ते क्षायिक. मोहनीय कर्मनो उदय ते औदयिक भाव. ते जाणीतो छे. सर्वे संसारी जीवोने आठे

कर्मनो उदय जणातो होवाथी. जीव प्रदेशोनी साथे संलुलितपणे एकमेक थावुं ते पारिणामिक अथवा ते ते द्रव्य, क्षेत्र, काल अने अध्यवसायनी अपेक्षाए तथा तथा प्रकारे संक्रमादि रूप पणे जे परिणमन ते पारिणामिक. ८.

**दंसण नाणावरणे, विग्घे विणुवसम हुंति चत्तारि ।**
**वेयाउनामगोए, उवसममीसेण रहिआओ ॥ ९ ॥**

| | | |
|---|---|---|
| दंसणावरणे-दर्शनावरणीय | विणुवसम-उपशम बिना | नामगोए-नाम अने गोत्र |
| नाणावरणे-ज्ञानावरणीय | हुंति-होय छे | उवसममीसेण रहिआ- |
| विग्घे अंतराय | चत्तारि-चार | ओ-उपशम अने मिश्र रहित |
| | वेयाउ-वेदनीय अने आयुष्य | |

अर्थः—दर्शनावरणीय, ज्ञानावरणीय अने अंतरायमां उपशम विना चार, वेदनीय रहित आयुष्य नाम अने गोत्रमां उपशम अने मीश्र रहित त्रण. ९

विवेचनः—दर्शनावरणीय, ज्ञानावरणीय अने अंतराय ए त्रण कर्ममां उपशम विना चार भाव होय छे. आ कर्मोनो उपशम थतो नथी माटे औदयिक, क्षायिक, क्षयोपशम अने पारिणामिक ए चार भाव होय. तेमां पण केवलज्ञानावरणीय अने केवलदर्शनावरणायना विपाकोदयनां विष्कंभनो अभाव होवाथी क्षयोपशमनो असंभव छे. बाकीना चार कर्म वेदनीय, आयुष्य, नाम अने गोत्रने विषे औपशमिक अने क्षायोपशमिक ए बे विना बाकीना क्षायिक औदयिक अने पारिणामिक ए त्रण भाव होय छे. ९

कर्मोने विषे भावनो यन्त्रः—

| कर्म | ज्ञाना० | दर्श० | वेद० | मोह० | आयु० | नाम० | गोत्र० | अंत० |
|---|---|---|---|---|---|---|---|---|
| भावो | ४ | ४ | ३ | ५ | ३ | ३ | ३ | ४ |

हवे सातमुं गतिद्वार कहे छे:-

चउसुवि गइसु पण पण, खाइअ परिणाम हुंति सिद्धीए।
अह जीवेसु अ भावे, भणामि गुणठाण रूवेसु ॥१०॥

| | | |
|---|---|---|
| चउसुवि-चारेमां पण | सिद्धीए-सिद्धगतिमां | भणामि-कहुं छुं |
| गइसु-गतिमां | अह-हवे | गुणठाणरूवेसु-गुण-स्थान रुप |
| पण पण-पांच पांच | जीवेसु-जीवोमां | |
| खाइअ-क्षायिक | | |

अर्थः—चारे गतिमां पांच पांच भावो होय छे. सिद्धगतिमां क्षायिक अने पारिणामिक होय छे. हवे गुणस्थान रूप जीवोमां भावो कहुं छुं. १०

विवेचनः—नारकी, तिर्यंच, मनुष्य अने देवता ए चारे गतिमां पांचे भाव होय छे ते आवी रीतेः-औपशमिक भावे उपशम समकीत १, क्षायिक भावे क्षायिक सम्यकत्व २, क्षायोपशमिक भावे इन्द्रियादि ३, नरक गत्यादि औदयिक भावे, जीवत्वादि पारिणामिक भावे. पांचमी सिद्धगतिमां क्षायिक अने पारिणामिक ए बे भाव होय छे. तेमां केवलज्ञानादि क्षायिकभावे अने जीवत्वादि पारिणामिक भावे. हवे गुणस्थानरुप जीवोमां भावो कहुं छुं. १०.

प्रथम गुणस्थानकोमां मूलभेद कहे छेः—

मीसोदय परिणामा, एए भावा भवन्ति पढमतिगे।
अग्गे अठसु पणपण, उवसम विणु हुंति खीणंमि॥११॥
खइयोदय परिणामा, तिन्निय भावा भवन्ति चरमदुगे।
एसिं उत्तरभेआ, भणामि मिच्छाइ गुणठाणे ॥ १२ ॥

| | | |
|---|---|---|
| एए-ए | अठसु-आठ गुणठाणे | एसिं-एमना |
| भवंति-होय छे | खीणंमि-क्षीणमोहे | उत्तरभेआ-उत्तरभेद |
| पढमतिगे-प्रथमना त्रण गुण ठाणे | विणु-विना | मिच्छाइ-मिथ्या-त्वादि |
| अग्गे-आगळ | खइय-क्षायिक | |
| | चरमदुगे-छेल्ला बे मां | |

अर्थः—प्रथमना त्रण गुणठाणे मीश्र, औदयिक अने पारिणामिक ए त्रण भाव होय छे. आगळना आठ गुणठाणे उपशम विना चार, क्षायिक औदयिक अने पारिणामिक ए त्रण भाव छेल्ला बे गुणठाणे होय छे. एमना उत्तरभेद मिथ्यात्वादि गुणठाणे कहुं छुं. ११-१२.

विवेचनः—मिथ्यात्व गुणस्थान, सास्वादन गुणस्थान अने मिश्र गुणस्थान ए त्रण गुणठाणे मीश्र औदयिक अने पारिणामिक ए त्रण भाव होय छे. तेमां क्षयोपशम भावे इन्द्रियादि, औदयिक भावे गत्यादि अने पारिणामिक भावे जीवत्वादि. तथा त्रीजां गुणठाणाथी आगळनां आठ गुणठाणा सुधी एटले अविरति, देशविरति, प्रमत्त, अप्रमत्त, अपूर्वकरण, अनिवृत्तिकरण, सूक्ष्म संपराय अने उपशांतमोहे पांच पांच भाव होय छे. तेमां उपशमभावे औपशमिक समकीत अविरती गुणठाणाथी अगिआरमा गुणठाणा सुधी होय छे. क्षायिक समकीत पण क्षायिक भावे तेटला गुणठाणे होय छे. त्रीजा क्षयोपशम भावे क्षायोपशमिकी इंद्रियादि तथा क्षयोपशम समकीत चोथा गुणठाणाथी सातमा गुणठाणा सुधी होय छे. आगल आठमाथी अगिआरमा सुधीना चार गुणठाणे क्षायोपशमिकी इंद्रियादि होय छे पण क्षायोपशम समकीत न होय. कारणके समकीत मोहनीयना उदयथी ते समकीत होय तेनो उदय सातमा गुणठाणा सुधीज होय. चोथा औदयिक भावे गत्यादि अने पांचमा पारिणामिक भावे जीवत्वादि. तथा बारमा क्षीणमोह गुणस्थाने उपशमभाव विना चार भाव होय छे. तेमां क्षयोपशमभावे इंद्रियादि, औदयिक भावे गत्यादि पारिणामिक भावे जीवत्वादि अने क्षायिक भावे समकीत अने चारित्र. उपशमभाव मोहनीय कर्मनो होय छे ते मोहनीयनो बारमे गुणठाणे क्षय होवाथी ते भाव बारमे नथी. तेरमा सयोगी तथा चौदमा अयोगी गुणठाणे, क्षायिक भावे केवलज्ञानादि,

औदयिक भावे गति, पारिणामिक भावे जीवत्वादि ए त्रण भावो होय छेः-११-१२.

गुणस्थानकमां भावना मूलभेदनी भावनाः—

| गुण० | मि० | सा० | मि० | अ० | दे० | प्र० | अप्र० | अपू० | अनि० | सू० | उ० | षी० | स० | अ० |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| मूलभा० | ३ | ३ | ३ | ५ | ५ | ५ | ५ | ५ | ५ | ५ | ५ | ४ | ३ | ३ |

हवे गुणस्थानकने विषे उत्तरभेद कहे छेः—

मिच्छे तह सासाणे, खाओसमिया भवंति दस भेया ।
दाणाइ पणग चक्खुय, अचक्खु अन्नाणतिअगं च ॥१३॥

मिच्छे-मिथ्यात्वे
तह-तथा
सासाणे-सास्वादने
खाओसमिया-क्षायोपशमिक
भवंत-होय छे
दसभेया-दशभेदो
दाणाइ पणग-दानादि पांच
चक्खु-चक्षुदर्शन
अचक्खु-अचक्षुदर्शन
अन्नाणतिअगं-अज्ञानत्रिक.

अर्थः—मिथ्यात्वे तेमज सास्वादने क्षायोपशमिक भावे दानादि पांच ( दान, लाभ, भोग, उपभोग अने वीर्य ) लब्धिओ, चक्षुदर्शन, अचक्षुदर्शन अने अज्ञानत्रिक ( मति अज्ञान, श्रुत अज्ञान अने विभंगज्ञान ) ए दश भेद होय छे. १३.

मिस्से मिस्सं सम्मं, तिदंस दाणाइ पणग नाणतिगं ।
तुरिए बारस नवरं, मिस्स च्चाएण सम्मत्तं ॥१४॥

मिस्से-मिश्र गुणठाणे
मिस्सं-मिश्र, क्षायोपशमिक
सम्मं-सम्यक्त्व
तिदंस-त्रण दर्शन
दाणाइ पणग-दाना-दि पांच
नाणतिगं-ज्ञानत्रिक
तुरिए-चोथे गुणठाणे
बारस-बार
नवरं-एटलुं विशेष
मिस्सच्चाएण-मिश्रना त्यागरूप
सम्मत्तं-समकित

अर्थ—मिश्रगुणठाणे मिश्र समकित, त्रण दर्शन, दानादिपांच, ज्ञानत्रिक ए बार तथा चोथामां पण बार. विशेष एटलुं के मिश्रना त्यागवडे समकीत कहेवुं. १४

विवेचन—त्रीजा मिश्र गुणठाणे मिश्र समकित, चक्षुदर्शन, अचक्षुदर्शन, अने अवधि दर्शन ए त्रण दर्शन, दानादि पांच लब्धि ओ अने ज्ञानत्रिक ए बार क्षयोपशम भावे होय, अहींआं ज्ञान अज्ञानमां कोइवार ज्ञाननी अने कोइवार अज्ञाननी बाहुल्यता होय अथवा बंनेनी समानता पण होय. अहीं ज्ञानत्रिक कह्युं ते ज्ञाननी-बाहुल्यतानी विवक्षाथी जाणवुं. तथा अहीं अवधिदर्शन कह्युं ते सिद्धान्तना मतनी अपेक्षाए जाणवुं.

चोथा अविरति गुणठाणे मिश्रे कह्या तेज बार क्षयोपशम भावे होय. फक्त फेर एटलो के मिश्र समकितने बदले क्षायोपशम समकित कहेवुं. १४.

**सम्मुत्ता ते बारस, विरइ क्खेवेण तेर पंचमए ।**
**छठे तह सत्तमए, चउदस मणनाण खेवि कए ॥ १५ ॥**

| | | |
|---|---|---|
| सम्मुत्ता-अविरति गुणठाणे कहेला | तेर-तेर | सत्तमए-सातमे गुणठाण |
| ते-ते | पंचमए-पांचमे गुणठाणे | चउदस-चौद |
| विरइखेवेण-विरति नाखवाथी | छठे-छठे गुणठाणे | मणनाणखेविकए-मनःपर्यवनो क्षेप करवाथी |
| | तह-तेमज | |

अर्थ—सम्यक्त्व गुणठाणे कहेला ते बारमां विरति नाखवाथी पांचमे गुणठाणे तेर छठे तेमज सातमे मनः पर्यवनो क्षेप करवाथी चौद

विवेचन—चोथे गुणठाणे कहेला बारमा देशविरती उमेरवाथी पांचमे गुणठाणे तेर भाव होय छे. छठे तथा सातमे गुणठाणे ते तेरमां मनः पर्यायज्ञान उमेरवाथी चौद क्षायोपशमिक भाव होय छे १५.

**अट्ठम नवमदसमे, विणु सम्मत्तेण होइ तेरसगं ।**
**उवसंत खीणमोहे चरित्तरहिआ य बार भवे ॥ १६ ॥**

| | | |
|---|---|---|
| अट्ठम-आठमे | सम्मत्तेण-सम्यक्त्व | चरित्तरहिआ-चारित्रविना |
| नवमे-नवमे | तेरसगं-तेर | |
| दसमे-दशमे | उवसंत-उपशांत | |
| विणु-विना | खीणमोहे-क्षीणमोहे | भवे-थाय |

अर्थ—आठमे, नवमे अने दशमे गुणठाणे सम्यक्त्व विना-तेर, उपशांतमोह अने क्षीणमोह गुणठाणे चारित्रविना बार होय १६

विवेचन—आठमे अपूर्वकरण गुणठाणे, नवमे अनिवृत्तिकरण गुणठाणे अने दशमा सूक्ष्मसंपराय गुणठाणे पूर्वे कहेला चौद भावमांथी क्षयोपशम समकित विना बाकीना तेर भाव होय ते आ प्रमाणेः-दर्शनत्रिक, दानादि पांच लब्धिओ, ज्ञान चतुष्क अने सर्वविरति ( क्षायोपशम चारित्र ) ए तेर भाव होय. क्षयोपशम समकित चोथाथी सातमा सुधीना चार गुणठाणेज होवाथी. तथा उपशांतमोह अने क्षीणमोह ए बे गुणठाणे ते तेरमांथी क्षयोपशम चारित्र विना बार भाव होय. आगलना गुणठाणे क्षयोपशम भाव नथी. १६

हवे गुणठाणे औदयिक भाव कहे छेः—

अन्नाणाऽसिद्धत्तं, लेसा संजमकसायगइ वेया ।
मिच्छत्तं मिच्छत्ते, भेया उदयस्य इगवीसं ॥ १७ ॥

बियए मिस्स विणा ते, वीसं भेया भवंति उदयस्स ।
तइए तुरिए दस नव, विणु अन्नाणेण णायवा ॥ १८ ॥

देसे सत्तरस नारग-गइ देवगइण अभावओ हुंति ।
तिरिगइ असंजमाओ उदए छट्ठस्स न भवंति ॥ १९ ॥

मिच्छत्ते-मिथ्यात्वे
भेया-भेदो
उदयस्स-उदयना
इगवीसं-एकवीस
बियए-बीजे (गुणठाणे)
विणा-सिवाय
वीसं-वीस
तइए-त्रीजा
तुरिए-चोथा
दसनव-दश अने नव ( ओगणीस )
विणुअन्नाणेण-अज्ञानविना
णायव्वा-जाणवा
देसे-देशविरतिए
सत्तरस-सत्तर
नारगगइ-नरकगति
देवगइण-देवगतिना
अभावओ-अभावथी
हुंति-होय छे
तिरिगइ-तिर्यंचगति
असंजमाओ-असंजमथी
उदए-उदय
छट्ठस्स-छट्ठे
नभवंति-न होय

अर्थ—अज्ञान[१], असिद्धत्व[१], लेश्या[६], असंयम[१], कषाय[४] चार, गति[४]चार, त्रण[३]वेद, मिथ्यात्व[१] ए औदयिक भावना एकवीसभेद मिथ्यात्वे होय छे. १७. बीजे गुणठाणे मिथ्यात्व विना वीस औदयिक भाव होय. त्रीजे अने चोथे अज्ञान विना ओगणीस जाणवा १८. नरकगति अने देवगतिना अभावथी देशविरति गुणठाणे सतर होय तथा छठे गुणठाणे तिर्यंचगति अने असंयमनो उदय न होय. १९.

विवेचन—मिथ्यात्वगुणठाणे अर्थमां गणाव्या ते औदयिक भावना एकवीसे भेद होय. १७. सास्वादन गुणठाणे मिथ्यात्व विना बाकीना वीस भाव औदयिक भावे होय. मिथ्यात्वनो उदय तो प्रथम गुणठाणे ज होय. त्रीजे अने चोथे गुणठाणे ते वीसमांथी अज्ञान विना ओगणीस औदयिक भाव होय. ते आ प्रमाणे—असिद्धत्व, लेश्या ६, असंयम, कषायचार, गतिचार अने वेद त्रण. १८. पांचमा देशविरति गुणठाणे पूर्वे कहेला ओगणीसमांथी नरकगति अने देवगति विना बाकीना सतर औदयिक भाव होय. नरकगति अने देवगतिने विषे देशविरति गुणठाणुं नहि होवाथी तथा प्रमत्त गुणठाणे ते सतरमांथी तिर्यंचगति अने असंयम विना बाकीना पंदर भाव होय. तिर्यंचगतिमां पांच गुणठाणा होवाथी तथा छठे संयम होवाथी असंयम न होय माटे असिद्धत्व, लेश्या ६, कषाय चार, मनुष्यगति, अने त्रण वेद ए पंदर औदयिक भाव होय. १९.

आइतिलेसाऽभावे, बारसभेया भवंति सत्तमए ।
तेउ पम्हाऽभावे, अट्ठमनवमे य दस भेया ॥ २० ॥
आइमकसायतियगं, वेयतिगविणा भवंति चत्तारि ।
दसमे उवरिम तियगे, लोभविणा हुंति तिन्नेव ॥ २१ ॥

चरमगुणेऽसिद्धत्तं, मणुआण गई तहा य उदयंमि।

| | | |
|---|---|---|
| आइतिलेसा-प्रथमनी त्रण लेश्या | पम्हा-पद्मलेश्या | ना त्रण |
| अभावे-अभावथी | अठमनवमे-आठमे अने नवमे | तिन्नेव-त्रण |
| बारसभेया-बारभेद | आइम-प्रथमना | चरमगुणे-छेल्ला गुणठाणे |
| भवंति-होय | तियगं-त्रण | असिद्धत्तं-असिद्धत्व |
| सत्तमए-सातमे गुणठाणे | वेयतिग-वेदत्रिक | मणुआणगइ-मनुष्यनी गति |
| तेउ-तेजो | चत्तरि-चार | तहा-तथा |
| | उवरिमतियगे-उपर- | उदयंमि-उदयमां |

अर्थ—प्रथमनी त्रण लेश्याना अभावथी सातमे गुणठाणे बार भेदो होय. तेमांथी तेजो अने पद्मना अभावथी आठमे अने नवमे गुणठाणे दश भेद. २० प्रथमना त्रण कषाय तथा त्रण वेद विना दशमे गुणठाणे चार. उपरना त्रण गुणठाणे लोभ विना त्रण होय. २१. छेल्ले गुणठाणे असिद्धत्व तथा मनुष्यगति औदयिक भावे होय.

विवेचन—छठे गुणठाणे कहेला पंदर भावमांथी प्रथमनी त्रण लेश्या विना बाकीना बार भाव सातमे गुणठाणे होय. ते आ प्रमाणे असिद्धत्व, त्रण शुभ लेश्या, चार कषाय, मनुष्यगति अने वेद त्रण. प्रथमनी त्रण लेश्यानो उदय छठा गुणठाणा सुधीज होय. तेमांथी तेजो अने पद्म ए बे लेश्या विना बाकीना दश भाव आठमे तथा नवमे गुणठाणे होय. आठमेथी श्रेणी मांडे अने श्रेणी तो शुकल लेश्याएज होय माटे दशमे गुणठाणे प्रथमना त्रण कषाय एटले लोभ सिवायना तथा स्त्री पुरुष अने नपुसक ए त्रण वेद विना बाकीना असिद्धत्व, शुकललेश्या, संज्वलन लोभ तथा मनुष्यगति ए चार औदयिक भाव होय. अगिआरमे, बारमे तथा तेरमे गुणठाणे लोभ विना बाकीना त्रण भाव- असिद्धत्व, शुक्ललेश्या तथा संज्वलन लोभ—छेल्ला अयोगी केवली गुणठाणे असि-

द्धत्व अने मनुष्यगति ए बेज औदयिक भाव होय कारणके त्यां लेश्यानो अभाव छे. २०-२१.

हवे औपशमिक भावना भेद गुणठाणे कहे छे:—

तुरिआओ उवसंतं, उवसमसम्मं भवे पवरं ॥ २२ ॥
नवमे दसमे संते, उवसमचरणं भवे नराणं च ।
खाइगभेए भणिमो इत्तो गुणठाणजीवेसु ॥ २३ ॥

| | | |
|---|---|---|
| तुरिआओ-चोथाथी | पवरं-प्रवर श्रेष्ठ | नराणं-मनुष्योने |
| उवसंतं-उपशांतसुधी | संते-उपशांतमोहे | खाइगभेए-क्षायिकभेद |
| उवसमसम्मं--उपशम समकित | उवसमचरणं-उपशांत चारित्र | भणिमो-कहुं छुं |
| भवे-होय | भवे-होय | इत्तो-हवे |

अर्थ—चोथाथी अगिआरमा गुणठाणा सुधी उत्तम उपशम समकित होय. २२. नवमे, दशमे अने अगिआरमे गुणठाणे मनुष्यने उपशम चारित्र पण होय छे. हवे गुणस्थान जीवने विषे क्षायिकना भेद कहुं छुं. २२-२३.

विवेचन—प्रथमना त्रण गुणठाणे औपशमिक भाव न होय. चोथाथी आठमा सुधीना पांच गुणठाणे औपशमिक समकितरुप एक औपशमिक भाव होय अने नवमा, दशमा अने अगिआरमा ए त्रण गुणठाणे उपशम समकीत अने उपशम चारित्र ए बे औपशमिक भाव होय. छेल्ला त्रण गुणठाणे उपशम भाव नथी. २२-२३

हवे गुणठाणे क्षायिक भावना उत्तर भेद कहे छे:—

खाइगसंमत्तं पुण, तुरियाइगुणठगे सुए भणियं ।
खीणे खाइगसम्मं, खाइगचरणं च जिणकहिअं ॥२४॥
दाणाइलद्धिपणगं, केवलजुअलं समत्त तह चरणं ।
खाइगभेआ एए सजोगि चरमे य गुणठाणे ॥ २५ ॥

खाइगसंमत्तं-क्षायिक समकित
पुण-वळी
तुरियाइ-चोथा आदि
गुणठगे-आठगुणठाणे
सुप-सूत्रमां
भणियं-कह्युं छे
खीणे-क्षीणमोहे
खाइगचरणं-क्षायिक चारित्र
जिणकहियं-जिनेश्वरे कहेलुं
दाणाइलद्धि-दानादि लब्धि
पणगं-पांच
खाइगभेआ-क्षायिक भेद
एए-ए
सजोगि-सयोगि
चरमे-छेल्ले
गुणठाणे-गुणस्थानके

अर्थ—क्षायिक समकित चोथाथी आठ गुणठाणा सुधी सूत्रमां कह्युं छे. क्षीणमोहे क्षायिक समकित अने क्षायिक चारित्र जिनेश्वरे कह्युं छे. दानादि पांच लब्धिओ केवल युगल, समकित तथा चारित्र ए क्षायिकना भेद सयोगी अने छेल्ले गुणठाणे होय. २४-२५.

विवेचन—चोथाथी आठ गुणठाणा सुधी एटले अगिआरमा गुणठाणा सुधी क्षायिक भावनो एक क्षायिक सम्यक्त्व ए भावहोय छे. बीजो एके होय नहि. तथा क्षीणमोह गुणठाणे क्षायिक समकित अने क्षायिक चारित्र ए बे भाव होय छे. ए प्रमाणे तीर्थंकरे कहेलुं छे. तेरमा सयोगी तथा चौदमा अयोगी गुणठाणे दानादि पांच लब्धि, केवलज्ञान, केवलदर्शन, क्षायिक समकित अने क्षायिक चारित्र ए नवे क्षायिक भाव होय छे. ए प्रमाणे गुणठाणे क्षायिक भाव कह्या-२४-२५

हवे गुणठाणे पारिणामिक भावना भेद कहे छेः—

जीवत्तमभव्वत्तं, भव्वत्तं आइमेअ गुणठाणे ।
सासणा जा खीणंतं, अभव्ववज्जा य दो भेया ॥२६॥
चरमे दुअगुणठाणे, भव्वत्तं वज्जिऊण जीवत्तं ।
एए पंचवि भावा, परुविआ सव्व गुणठाणे ॥ २७ ॥

| | | |
|---|---|---|
| जीवत्तं-जीवत्व | खीणंत-क्षीणमोहना अंत सुधी | पंचवि-पांचे पण |
| अभव्वत्तं-अभव्यत्व | दो-बे | परूविआ-परूप्या, कह्या |
| भव्वत्तं-भव्यत्व | चरमे-छेल्लां | सव्वगुणठाणे-सर्व गुण ठाणे |
| आइमे-प्रथमना | वज्जिऊण-वर्जीने | |
| सासणा-सास्वादनथी | एए-ए | |
| जा-यावत, सुधी | | |

अर्थ—प्रथमना गुणठाणे जीवत्व भव्यत्व अने अभव्यत्व ए त्रण सास्वादनथी क्षीणमोहना अंत सुधी अभव्यत्व वर्जीने बे भेद. अंते छेल्ला बे गुणठाणे भव्यत्व वर्जीने जीवत्व ए ( पारिणामिक ) भाव होय. ए सर्वे गुणठाणे पांचे भाव प्ररूप्या २६-२७.

विवचन—प्रथम मिथ्यात्व गुणठाणे जीवत्व, भव्यत्व अने अभव्यत्व ए त्रणे पारिणामिक-भाव होय. तथा बीजा सास्वादन गुणठाणाथी बारमा क्षीणमोहना अंत सुधी जीवत्व अने भव्यत्व ए बे भाव होय. मोक्ष गमनने अयोग्य ते अभव्य तेनो भाव ते अभव्यत्व सास्वादने आवनार तो अवश्य भव्यज होय माटे अभव्यत्व मिथ्यात्वेज होय. छेल्ला बे गुणठाणे भव्यत्व वर्जीने एक जीवत्व पणुंज होय. मोक्षे जवाने योग्यपणुं ते भव्यत्व. अहीं आसनसिद्धि होवाथी ( मोक्षमां जवानुं नजीक होवाथी ) अथवा बीजा कोइ कारणथी छेल्ला बे गुणठाणे भव्यत्व न कह्युं. ए प्रमाणे मिथ्यात्वादि चौदगुणठाणे पांच भावो तथा तेना उत्तरभेद कह्या. २६-२७.

चउतीसा बत्तीसा, तित्तीसा तह य होइ पणतीसा।
चउतीसा तित्तीसा तीसा सगवीस अडवीसा ॥२८॥
बावीस वीस एगुणवीस तेरस य बारस कमेण।
एए अ सन्निवाइअभेया सव्वे य गुणठाणे ॥ २९ ॥

हवे सांनिपातिक कहे छेः—

चउतीसा-चोत्रीस
बत्तीसा-बत्रीश
तित्तीसा-तेत्रीश
तह-तेमज
होइ-होय
पणतीसा-पांत्रीश
तीसा-त्रीस

सगवीस-सत्तावीस
अडवीसा-अठावीस
बावीस-बावीश
वीस-वीस
एगुणवीस-ओगणीस
तेरस-तेर
बारस बार

एए-ए
सन्निवाइयभेया-सन्निपातिकभेदो
सव्वे-सर्वे
गुणठाणे-गुणस्थानकोमां

अर्थ—चोत्रीस, बत्रीस तेत्रीस तेमज पांत्रीस चोत्रीस, तेत्रीस, त्रीस, सत्तावीश, अठावीस, बावीस, वीस, ओगणीस, तेर अने बार अनुक्रमे सन्निपातिक भाव सर्व गुणठाणे जाणवा. २८-२९.

विवेचन—मिथ्यात्वे बधा थइने भावना पांत्रीस उत्तर भेद होय, ते आवी रीते-औदयिकना २१, क्षायोपशमिकना १०, पारिणामिकना ३, सर्वे मळी चोत्रीस. सास्वादने ३२, मिश्रे ३३, अविरतिए ३५, देशविरतिए ३४, प्रमत्ते ३३, अप्रमत्ते ३० अपूर्वकरणे सत्तावीस, नवमा अनिवृत्ति करणे अठावीस, दशमा सूक्ष्मसंपराये २२, अगिआरमा उपशांतमोहे वीस, क्षीणमोहे १९. सयोगीए १३ अने अयोगी गुणठाणे बार भाव जाणवा. २८-२९

गुणठाणे भावना उत्तर भेदनो यंत्र.

| गुणस्थान संख्या | १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ९ | १० | ११ | १२ | १३ | १४ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| गुणस्थाननुं नाम | मि. | सा. | मि. | अवि. | देश. | प्र. | अ. | अपू. | अनि. | सूक्ष्म. | उप. | क्षीण. | सयो. | अयो. |
| क्षायोपशमिकभेद | १० | १० | १२ | १२ | १३ | १४ | १४ | १३ | १३ | १३ | १२ | १२ | ० | ० |
| औदयिकभेद | २१ | २० | १९ | १९ | १७ | १५ | १२ | १० | १० | ४ | ३ | ३ | ३ | २ |
| क्षायिकभेद | ० | ० | ० | १ | १ | १ | १ | १ | १ | १ | १ | २ | ९ | ९ |
| औपशमिकभेद | ० | ० | ० | १ | १ | १ | १ | १ | २ | २ | २ | ० | ० | ० |
| पारिणामिकभेद | ३ | २ | २ | २ | २ | २ | २ | २ | २ | २ | २ | २ | १ | १ |
| संनिपातिकभेद | ३४ | ३२ | ३३ | ३५ | ३४ | ३३ | ३० | २७ | २८ | २२ | २० | १९ | १३ | १२ |

सिरि सिरि आणंदविमलसूरि सुसिस्सेण विजयविमलेणं।
लहियं पगरणमेयं रम्माओ पुव्वगंथाओ ॥ ३० ॥

| | | |
|---|---|---|
| सिरिसिरि-श्रीश्री | विजयविमलेणं-वि· जयविमले | एयं-आ |
| आणंदविमलसूरि-आ· नंदविमलसूरि | लहियं-लख्युं | रम्माओ-रम्य सुन्दर |
| सुसिस्सेण-सुशिष्य | पगरणं-प्रकरण | पुव्वगंथाओ पूर्वग्रन्था· मांथी |

अर्थ—श्रीश्री आनंदविमलसूरिना सुशिष्य विजयविमल म· हाराजे रम्य पूर्वग्रन्थीमांथी आ प्रकरण लख्युं. ३०

गुणनयनरस रसेन्दु मिते १६२३ वर्षे पौषे च कृष्णपञ्चम्याम्।
अवचूर्णिः प्रकटार्था, विहितेयं विजयविमलेन ॥ १ ॥

॥ शुभं भवतु सङ्घाय ॥

॥ समाप्तमिदं श्रीविजयविमलरचितं भावप्रकरणम् ॥

# श्री पंच निग्रंथी प्रकरण.

श्रीनयविजयगुरूणां, पासादमासाध सकलकर्मकरम्।
व्याख्यां कुर्वे काश्चिल्लोकगिरा यश्च निर्ग्रन्थाः ॥
नमिउण महावीरं, भव्वहियठा समासओ किंचि।
वुच्छामि सरूवमहं, पुलायपमुहाण साहूणं ॥ १ ॥

| | | |
|---|---|---|
| नमिऊण-नमस्कार करीने | भव्वहियठा-भव्य जी· वोना हितने माटे | सरूवं-स्वरूप |
| | | अहं-हुं |
| महावीरं-महावीर स्वा· मीने | समासओ-संक्षेपथी | पुलाय-पुलाक |
| | किंचि-कांइक | पमुहाण-प्रमुख |
| | वुच्छामि-कहुं छुं | साहूणं-साधुओनुं |

अर्थः—श्री महावीर स्वामीने नमस्कार करीने भव्य जीवोना हितने माटे पुलाक प्रमुख साधुओनु किंचित ( लेशमात्र ) स्वरूप कहुं छुं. १

पन्नवणं वेय रागे, कप्पे चरित्त पडिसेवणा नाणे ।
तित्थे लिंग सरीरे, खित्ते काले गइ संजम निगासे ॥१॥
जोगुवओग कसाए, लेसा परिणाम बंधणे वेए ।
कम्मोदीरण उवसंपजहण्ण सन्नाय आहारे ॥ २ ॥
भव आगरिसे कालं तरेय समुग्घाय खित्तफुसणाय ।
भावे परिमाणं खलु अप्पाबहुयं नियंठाणं ॥ ३ ॥

| | | |
|---|---|---|
| पन्नवणं-प्रज्ञापन | संजम-संयम | आहारे-आहार |
| वेय-वेद | निगसि-निकर्ष | भव-भव |
| रागे-राग | जोग-योग | आगरिसे-आकर्षण |
| कप्प-कल्प | उवओग-उपयोग | काले-काल |
| चरित्ते-चारित्र | कसाए-कसाय | अंतरेय-अंतर |
| पडिसेवणा-प्रतिसेवना, विराधना | लेसा-लेश्या | समुग्घाय-समुद्घात |
| नाणे-ज्ञान | परिणाम-परिणाम | खित्त-क्षेत्र |
| तित्थे तीर्थ | बंधणे बंधन | फुसणा-स्पर्शना |
| लिंग-लिंग | वेए-वेद कर्मनोउदय | भावे-भाव |
| सरीरे-शरीर | कम्मो दीरण-कर्मनी उदीरणा | परिमाणं-परिमाण |
| खित्ते-क्षेत्र | उवसंपजहण्ण-पदनी प्राप्ति अन्यनुं छोडवुं | खलु-निश्चे |
| काले-काळ | सन्ना-संज्ञा | अप्पाबहुयं-अल्पबहुत्व |
| गइ-गति | | नियंठाणं-पोतानास्थान |

अर्थः—१ प्रज्ञापनद्वार, २ वेदद्वार, ३ रागद्वार, ४ कल्पद्वार, ५ चारित्रद्वार, ६ प्रतिसेवनाद्वार, ७ ज्ञानद्वार, ८ तीर्थद्वार, ९ लिंगद्वार १० शरीरद्वार, ११ क्षेत्रद्वार, १२ कालद्वार, १३ गति द्वार, १४ संयमद्वार, १५ निकर्षद्वार. १

१६ योगद्वार, १७ उपयोगद्वार, १८ कषायद्वार, १९ लेश्याद्वार, २० परिणामद्वार, २१ बंधनद्वार, २२ वेदद्वार, २३ कर्मोदीरणद्वार, २४ उवसंपजहन्यद्वार,२५ संज्ञाद्वार, २६ आहारद्वार. २

२७ भवद्वार, २८ आकर्षणद्वार, २९ कालद्वार, ३० अंतरद्वार, ३१ समुदूघातद्वार, ३२ क्षेत्रद्वार, ३३स्पर्शनाद्वार, ३४ भावद्वार, ३५ परिमाणद्वार, ३६ निश्चे अल्पबहुत्वद्वार, ए छत्रीसद्वार जाणवां. ३

विवेचनः—

१ प्रज्ञापनद्वारः—निग्रन्थना भेद स्वरूपादिनुं कहेवुं ते.

२ वेदद्वारः—वेद त्रण छे. १ स्त्रीवेद, २ पुरुषवेद, ३ नपुसकवेद. कया कया निग्रन्थने कया कया वेद होय ते. वेद सिवायना अवेदी.

३ रागद्वार—माया लोभ ते राग. कोने कोने राग होय अने कोने न होय ते राग सिवायना अरागी.

४ कल्पद्वार—बे प्रकारे-१ स्थविरकल्प. २ जिनकल्प बंनेथी पर ते कल्पातीत.

५ चारित्रद्वार—चारित्र पांच प्रकारेः-१ सामायिक, २ छेदोपस्थापनीय,३ परिहार विशुद्धि, ४ सूक्ष्मसंपराय, ५ यथाख्यात.

६ प्रतिसेवनाद्वार—बे प्रकारे. १ मूलगुण प्रतिसेवना, २ उत्तर गुण प्रतिसेवना.

७ ज्ञानद्वार—पांच प्रकारे-१ मतिज्ञान, २ श्रुतज्ञान, ३ अवधिज्ञान, ४ मनः पर्यवज्ञान, ५ केवलज्ञान.

८ तीर्थद्वार—बे प्रकारे. १ तीर्थ. २ अतीर्थ.

९ लिंगद्वार—बे प्रकारे. १ द्रव्यलिंग. २ भावलिंग. द्रव्यलिंग त्रण प्रकारे. १ स्वलिंग ते साधुनो वेष. २ अन्यलिंग ते

तापसादि परतीर्थीनो वेष. ३ गृहस्थनो वेष ते गृहस्थलिंग भाव-लिंग-ते ज्ञान दर्शन चारित्र रूप स्वलिंग अथवा साधुनुंलिंग.

१० शरीरद्वार—पांच प्रकारे-१ औदारिक. २ वैक्रेय. ३ आहारक. ४ तेजस. ५ कार्मण.

११ क्षेत्रद्वार—बे प्रकारे-१ जन्मथी. २ विहारथी.

१२ कालद्वार—उत्सर्पिणी तथा अवसर्पिणी रूप बे प्रकारे.

१३ गतिद्वार—कया कया निर्ग्रन्थ क्यां उपजे ते गति पांच नारकी, तिर्यंच, मनुष्य, देव अने मोक्ष.

१४ संयमद्वार—चारित्रना अध्यवसायनां विशुद्धि स्थान ते कोने केटलां होय ते.

१५ निकर्षद्वार—निकर्ष एटले संयोग एटले परस्पर हीनाधिकपणुं. ते बे प्रकारे १ स्वस्थान निकर्ष. २ परस्थान निकर्ष.

१६ योगद्वार—योग त्रण प्रकारे-मन, वचन अने कायानो

१७ उपयोगद्वार—उपयोग बे प्रकारे-१ साकारोपयोग, २ निराकारोपयोग.

१८ कषायद्वार—कषाय चार प्रकारेः-१ क्रोध, २ मान, ३ माया ४ लोभ.

१९ लेश्याद्वार—लेश्या छ प्रकारेः-१ कृष्ण, २ नील, ३ कापोत, ४ तेजो. पद्म, ६ शुक्ल.

२० परिणामद्वार—परिणाम ते चारित्रनी शुद्धिना अध्यवसाय जाणवा ते कोने केटला केटला होय ते कहेशे.

२१ बंधनद्वार—कयो कयो निग्रंथ केटली केटली कर्म प्रकृति बांधे.

२२ वेदद्वार—वेद एटले कर्मनुं वेदवुं. कयो निग्रंथ केटली प्रकृतिने वेदे.

२३ कर्मोदीरणद्वार—कया निग्रंथने केटला कर्मनी उदीरणा होय.

२४ उपसंजहनद्वार—अमुक निग्रंथ ते अवस्थाने मूकीने कइ कइ अवस्था पामे.

२५ संज्ञाद्वार—संज्ञा चार प्रकारे. १ आहार, २ निद्रा, ३ भय अने ४ मैथुन संज्ञा.

२६ आहारद्वार-कयो निग्रंथ आहारी तथा अणहारी होय ते.

२७ भवद्वार—कयो निग्रंथ केटला केटला भव करे.

२८ आकर्षणार—कयो निग्रंथ एक भवमां तथा घणा भवमां ते ते अवस्थाने त्यांथी पडीने केटली वखत पामे.

२९ कालद्वार—ते ते निग्रंथपणामां केटलो काल रहे.

३० अंतरद्वार—एकवार ते ते निग्रंथपणाने पामी फरीने ते अवस्थाने पामे वच्चे केटलुं अंतर. ते एक जीव आश्री तेम घणा जीव आश्री एम बे प्रकारे छे.

३१ समुद्घातद्वार—समुद्घात सात प्रकारेः-१ वेदना. २ कषाय. ३ मरण. ४ वैक्रिय. ५ तैजस, ६ आहारक, ७ केवली समुद्घात.

३२ क्षेत्रद्वार—कया कया निग्रंथने केटली अवगाहना होय.

३३ स्पर्शनाद्वार—कोने कोने केटली स्पर्शना होय.

३४ भावद्वार—भाव पांच प्रकारे-औदयिक, क्षायिक, क्षायोपशमिक, औपशमिक क्षायिक कया कया निग्रंथने केटला भाव होय ते कहेशे.

३५ परिमाणद्वार—कया कया निग्रंथनी प्रतिपद्यमान तथा प्रति पन्नए बे प्रकारनी संख्या केटली होय.

३६ अल्पबहुत्व—कया निग्रंथ थोडा होय अने कया वधारे होय.

निर्ग्रंथना पांच प्रकार कहे छे:-

पंच नियंठा भणिया, पुलाय बउसा कुशील निग्गंथा।
होइ सिणाउयं तहा, इक्किक्को सो भवे दुविहो ॥ ४॥

| | | |
|---|---|---|
| पंच-पांच | कुशील-कुशील | तहा-तथा |
| नियंठा-निग्रंथ | निग्गंथा-निग्रंथ | इक्किक्को एक एक |
| भणिया-कह्या छे. | होइ-छे | सो-ते |
| पुलाय-पुलाक | सिणाउयं-स्नातक | भवे छे |
| बउसा बकुश | | दुविहो-बे प्रकारे |

अर्थः—(तीर्थंकरे) पांच (प्रकारना) निग्रंथ कह्या छे–१ पुलाक २ बकुस, ३ कुशील, ४ निर्ग्रंथ तेमज पांचमो स्नातक. ते दरेकना बबे प्रकार छे. ४

हवे निर्ग्रंथ शब्दनो अर्थ कहे छे:-

गंथो मिच्छत्त धणाइ, उभओ जे अ निग्गया तत्तो ।
ते निग्गंथा वुत्ता, तेसिं पुलाओ भवे पढमो ॥ ५ ॥

| | | |
|---|---|---|
| गंथो ग्रंथ | अ-अने | वुत्ता-कह्या छे. |
| मिच्छत्त-मिथ्यात्व | निग्गया-निकल्या | तेसिं-तेओमां |
| धणाइ-धन | तत्तो-तेथी | पुलाओ-पुलाक: |
| उभओ-बंनेमांथी | ते-तेओ | भवे-छे |
| जे-जेओ | निग्ग्रथा-निर्ग्रंथो | पढमो-प्रथम |

अर्थः—मिथ्यात्व अने धनादि बे प्रकारना ग्रंथमांथी जे निकळ्या तेथी तेओने निर्ग्रन्थ कह्या छे. तेओमां प्रथम पुलाक निर्ग्रन्थ जाणवो. ५.

विवेचनः—ग्रन्थ एटले गुंथावुं. जेनाथी कर्मे करी जीव गुंथाय ते ग्रन्थ. तेना बे प्रकार छे. १ भावग्रन्थ, २ द्रव्य ग्रन्थ. मिथ्यात्वादि भाव ग्रन्थ जाणवा. २ धनादि एटले धन स्वजनादि द्रव्य ग्रन्थ जाणवा. आ बंने प्रकारना ग्रन्थोने छोडीने जे नीकळ्या

छे ते निर्ग्रन्थ कहेवाय. ते निर्ग्रन्थना पांच भेद छे तेमां पहेलो पुलाक निग्रन्थ जाणवो. ५.

धन्नमसारं भन्नइ पुलायसद्देण तेण जस्स समं चरणं।
सो उ पुलाओलद्धी पडिसेवाहिं सो य दुहा ॥ ६ ॥

| | | |
|---|---|---|
| धन्नं-धान्य | जस्स-जेनुं | पुलाओ-पुलाक |
| असारं-असार | समं-सरखुं | लद्धि-लब्धि |
| भन्नइ-कहेवाय छे | चरणं-चारित्र | पडिसेवाहिं-प्रतिसेवावडे |
| पुलाय-पुलाक | सो-ते | दुहा-बे प्रकारे |
| सद्देण-शब्दवडे | उ-वळी | |
| तेण-तेना | | |

अर्थः—पुलाक शब्दवडे असार धान्य कहेवाक छे. तेना सरखुं जेनुं चारित्र ते पुलाक लब्धि अने प्रतिसेवावडे बे प्रकारे छे. ६

विवेचन—पुलाक शब्दनो अर्थ असार (सत्वविनानुं) धान्य थाय छे. जेने फोतरां कहेवाय छे. जेम ए फोतरां सत्व रहित छे. तेम जेनुं चारित्र दोषे करीने असार होय ते पुलाक. ते पुलाकना बे प्रकार छे. १ लब्धि पुलाक २ प्रतिसेवा पुलाक. ६

संघाइयाण कज्जे, चुन्निज्जा चक्कवट्टिमविजीए।
तीए लद्धीइ जुओ, लद्धिपुलाओ मुणेयव्वो ॥ ७ ॥

| | | |
|---|---|---|
| संघाइयाण-संघादिकना | चक्कवट्टिमवि-चक्रवर्ती पण | जुओ-युक्त |
| कज्जे-कार्यमां | जीए-जे वडे | लद्धिपुलाओ-लब्धि पुलाक |
| चुन्निज्जा-चूरे | तीए-ते | मुणेयव्वो-जाणवो |
| | लद्धीइ-लब्धिए | |

अर्थः—जे लब्धिवडे संघादिकना कार्य माटे चक्रवर्त्यादिकने पण चूरे ते लब्धिए सहित तपस्वी लब्धि पुलाक जाणवो. ७

विवेचनः—जे साधु महा तपस्वी संघादिकने कार्य उपजे थके अथवा अपवाद मार्गे जे लब्धिवडे चक्रवर्ती जेवाने पण चूरि

शके तेवी लब्धिवाळो होय ते लब्धि पुलाक कहेवाय छे. ७

आसेवणापुलाओ, पंचविहो नाणदंसण चरित्ते ।
लिंगंमि अहासुमे य होइ आसेवणा निरओ ॥ ८ ॥

| | | |
|---|---|---|
| आसेवना-आसेवना | दंसण-दर्शन | य-अने |
| पुलाओ पुलाक | चरित्ते-चारित्रमां | होइ-छे |
| पंचविहो-पांच प्रकारना | लिंगमि-लिंगमां | आसेवणानिरओ-आ· |
| नाण-ज्ञान | अहासुहं यथासूक्ष्म | सेवनामां रक्त-रातो |

अर्थः—आसेवना पुलाक पांच प्रकारे-ज्ञान, दर्शन, चारित्र लिंग अने यथासूक्ष्ममां आसेवना निरत होय छे. ८

विवेचनः—हवे पुलाकना बे भेदमांथी बीजा आसेवना पुलाकना पांच प्रकार छे. तेनां नाम नीचे प्रमाणेः-१ ज्ञान पुलाक, २ दर्शन पुलाक, ३, चारित्र पुलाक, ४ लिंग पुलाक, ५ यथासूक्ष्म पुलाक. ८

नाणे दंसण चरणे, ईसीसि विराहियं असारो जो ।
सो नाणाइ पुलाओ. भण्णइ नाणाई जं सारो ॥ ९ ॥

| | | |
|---|---|---|
| नाणे-ज्ञानमां | असारो-असार | पुलाओ-पुलाक |
| दंसण-दर्शनमां | जो-जे | भण्णइ-कहेवाय छे. |
| चरणे-चारित्रमां | सो ते | जं-जे कारण माटे |
| इसीसि-लगारलगार | नाणाइ-ज्ञानादि | सारो-सार |
| विराहियं विराधना | | |

अर्थः—ज्ञान, दर्शन, चारित्रमां लगार लगार विराधनाथी जे असार थाय ते ज्ञानादि पुलाक, जे कारग माटे ज्ञानादिक ते सार कहेवाय छे. ९

विवेचनः—ज्ञानने विषे जे लगार लगार विराधना करे ते ज्ञान पुलाक; दर्शनने विषे जे लगार लगार विराधना करे ते दर्शन पुलाक, चारित्रने विषे जे लगार लगार विराधना करे ते

चारित्र पुलाक, कारण के ज्ञान दर्शन चारित्र ते चारित्रमार्गमां सार छे. ते सारथी रहित ते पुलाक कहेवाय छे. ९

खलियाइं दुसणेहिं, नाणं संकाइएहिं सम्मत्तं।
मूलुत्तरगुण पडिसेवणाइ चरणं विराहेइ ॥ १० ॥

| | | |
|---|---|---|
| खलियाइं-स्खलितादि | सम्मत्तं-सम्यक्त्व | पडिसेवणाइ-प्रतिसेवनादिक |
| दूसणेहिं-दूषणोवडे | मुल-मुल गुण | चरणं-चारित्र |
| नाणं-ज्ञान | उत्तरगुणेहिं-उत्तरगुणोवडे | विराहेइ-विराधे |
| संकाइएहिं-शंकादिवडे | | |

अर्थः—स्खलितादिक दूषणोवडे ज्ञान, शंकादिकवडे सम्यक्त्व अने मूलगुण तथा उत्तर गुणनी प्रतिसेवनावडे चारित्र विराधे. १०

विवेचनः—हवे ज्ञान दर्शन तथा चारित्रने विष लगार लगार विराधना कइ कइ ते देखाडे छेः—स्खलितादिक दूषणोवडे ज्ञाननी विराधना अक्षरनी स्खलना ते स्खलित कहीए आदि शब्दे मिलितादिक लेवा. दर्शन एटले समकित जे जीनेश्वरना वचन उपर श्रद्धा ते समकित. तेमां शंकादि करवां ते समकितनां दूषण पांच छे तेनां नाम—१ शंका. २ कांक्षा, ३ वितिगिच्छा, ४ मिथ्यात्वीनी प्रशंसा, ५ मिथ्यात्वीनी संगत, मूलगुण अने उत्तर गुणनी प्रतिसेवना वडे चारित्र विराधे—प्राणतिपात विरमणादि पांच महाव्रत तथा छठुं रात्रिभोजन विरमण ए छ मूलगुण जाणवा. तथा पिंड विशुद्यादिक उत्तरगुण जाणवा. १०

लिंगपुलाओ अन्नं, निक्कारणओ करेइ जो लिंगं।
मणसा अकप्पियाणं निसेवओ होइ अहसुहुमो ॥११॥

| | | |
|---|---|---|
| लिंगपुलाओ-लिंग पुलाक | करेइ-करे | अकप्पियाणं अकल्पितनो |
| अन्नं-अन्य-बीजा | जो-जे | निसेवओ-सेवनार |
| निक्कारणओ-कारण-विना | लिंगं-लिंग वेष | होइ-छे |
| | मणसा-मनवडे | अहसुहुमो-यथा सूक्ष्म |

अर्थः—जे निःकारण अन्य लिंग करे ते लिंग पुलाक कहीए. मने करी अकल्पित वस्तुने सेवनार ते यथासूक्ष्म कहीए. ११

विवेचनः—हवे आ सेवना पुलाकना त्रण भेद कही चोथा लिंग पुलाक अने पांचमा यथासूक्ष्म पुलाक कहीए छे. जे साधु निःकारण कारण विना पुष्ट कारण विना अन्य अन्य लिंग करे गृहस्थना तथा कुतीर्थि वगेरेना वेष करे ते चोथा लिंगपुलाक कहीए. मने करीने अकल्पित वस्तुनो सेवनार ( जे साधुने कल्पे नहि ते ) यथासूक्ष्म पुलाक कहीए वचन अने कायानी अपेक्षाए मननी विराधना सूक्ष्म छे. माटे. ११

बउसं सबलं कब्बुरमेगठं तमिह जस्स चारित्तं ।
अइयारपंकभावा सो बउसो होइ निग्गंथो ॥१२॥

| | | |
|---|---|---|
| बउसं-बकुश<br>सबलं सबल<br>कब्बुरं-कर्बुर<br>एगठं-एकार्थी समान अर्थवाळा<br>तं-ते | इह-अहीं, जिनशासनमां<br>जस्स-जे<br>चारित्तं-चारित्र<br>अइयार-अतिचार | पंक-कादव, कचरो<br>भावा-भाव, सद्भाव<br>सो-ते<br>बउसो-बकुस<br>निग्गंथो-निर्ग्रन्थ |

अर्थ—बकुस, सबल, कर्बूर ए एकार्थवाची छे. अतिचार रुपी कादवना भावथी अहीं जेनुं चारित्र मेलुं होय ते बकुशनिर्ग्रन्थ कहेवाय छे. १२

विवेचनः—पूर्वे कहेला निर्ग्रन्थना पांच प्रकारमांथी प्रथम भेद पुलाकनुं वर्णन करीने हवे बीजा बकुश निर्ग्रन्थनो अर्थ कहे छेः-बकुस, सबल, कर्बूर ए एकार्थवाची शब्दो छे तेनो अर्थ मेलुं, गंदु एवो थाय छे. जेम कादवथी स्वच्छ वस्तु मेली थाय छे तेम जेनुं चारित्र अतिचार रुपी कादवथी मेलुं थएलुं होय ते बकुश कहेवाय. १२

उवगरणसरीरेसु स दुहा दुविहो विहोइ पंचविहो ।
आभोगे अणाभोगा असंवुडसंवुडे सुहुमे ॥ १३ ॥

| | | |
|---|---|---|
| उवगरण-उपकरण | दुविहो वि-बंने प्रकारना पण | अणाभोगा-अनाभोग |
| सरीरेसु-शरीरनेविषे | होइ-छे | असंवुड-असंवृत्त |
| स-ते | पंचविहो-पांच प्रकारे | संवुड-संवृत्त |
| दुहा-बे प्रकारे | आभोगे-आभोग | सुहुमे-यथासूक्ष्म |

अर्थः—ते (बकुस) उपकरण अने शरीरथी बे प्रकारे ते बंनेना पांच प्रकार—आभोग, अणाभोग, असंवृत्त, संवृत्त, यथा सूक्ष्म. १३

विवेचनः—ते बकुश निर्ग्रन्थना बे भेद. १ उपकरण बकुश २ शरीर बकुश ते शरीर बकुश अने उपकरण बकुश ए बंनेना पांच प्रकार छे. १ आभोग बकुश, २ अणाभोग बकुश, ३ असंवृत्त बकुश, ४ संवृत्त बकुश, ५ यथासूक्ष्म बकुश. १३

जो उवगरणे बउसो सो धुवइ अपाउसेवि वत्थाइं ।
वंछइ य लण्हयाइं, किंचि विभूसाइ भूंजइ य ॥१४॥

| | | |
|---|---|---|
| जो-जे | अपाउसेवि-वर्षाऋतु विना | लण्हयाइं-सुंवाळा |
| उवगरणे-उपकरण | वत्थाइं-वस्त्र | किंचि-कांइक |
| बउसो-बकुश | वंछइ-वांछे | विभूसाइ विभूषा, शोभा |
| सो-ते | य-अने | भुंजइ-वापरे |
| धुवइ-धुवे | | |

अर्थः—जे उपकरण बकुश होय ते वर्षाऋतु विना पण वस्त्रो धुवे सुंवाळा वस्त्र वांछे अने कांइक शोभाने अर्थे वापरे. १४

विवेचनः—हवे बकुशना बे भेद मांहेलो प्रथम उपकरण बकुश कहे छे. ते वर्षाकाल (चोमासा) विना पण वस्त्रो धुवे शेष काले आंतरे धोवानी आज्ञा छे. वळी शरीरना सुखने माटे सुंवाळा वस्त्रनी वांछा करे. वळी शरीरनी शोभाने माटे वस्त्र सनारी वापरे. १४

**तह पत्त दंडयाइं घठं मठं सिणेह कयतेयं ।**
**धारेइ विभूसाए, बहुं य पत्थेइ उवगरणं ॥ १५ ॥**

| | | |
|---|---|---|
| तह-तथा | सिणेह-स्नेह, चिका-श, तेल | विभूसाए-शोभाने अर्थे |
| पत्त-पात्र | कयतेयं कर्युं छे तेज | बहुं-घणां |
| दंडयाइ-दंडादिक | धारेइ-धारण करे | पत्थेइ-प्राथें |
| घठं घृष्ट, कठणपत्थर | | उवगरणं-उपकरणो |
| मठं मृष्ट सुंवाळोपत्थर | | |

अर्थ—तेमज पात्रां अने दंडादिकने धृष्ट मृष्ट अने स्नेह (तेल) वडे तेज वाळां करे, शोभाने अर्थ धारण करे अने घणां उपकरणो प्राथें. १५

विवेचनः—वली ते उपकरण बकुश पात्रां अंने डांडादिकने कठण पत्थर, सुंवाळा पत्थर अने तेल प्रमुखे करीने तेजवाळां चकचकीत बनावे. तेवां बनावी शोभाने अर्थे धारण करे. जीव रक्षा माटे सुंवाळां पात्र राखवां कह्यां छे. तथा घणा एटले जेटला वापरवानी शास्त्रमां आज्ञा छे तेथी अधिक उपकरणो राखवानुं वांछे.१५

**देहबउसो अकज्जे करचरणनहाइयं विभूसेइ ।**
**दुविहो वि इमो इठं इच्छइ परिवार पभिइयं ॥ १६ ॥**

| | | |
|---|---|---|
| देह बउसो-शरीर बकुश | विभूसेइ शणगारे | इच्छइ-इच्छे |
| अकज्जे-कारणविना | दुविहोवि-बे प्रकारना पण | परिवार-परिवार |
| कर-हाथ | इमो-आ | पभिइयं-प्रभृति, विगेरेने |
| चरण-पग | इठं-इष्ट, वखाण्यो, कह्यो | |
| नहाइयं-नखादिक | | |

अर्थः—शरीर बकुश कार्य विना पण हाथ पग नखादिकने शणगारे बंने प्रकारना आ ( बकुश ) कह्या ते परिवारादिकने वांछे. १६

विवेचनः—एवी रीते बे गाथा वडे उपकरण बकुशनुं वर्णन करीने हवे शरीर बकुशनुं वर्णन करे छेः—जे वडीनीति आदि अशुचि लेवी विगेरे कारण विना पण हाथ, पग, नख वगेरे शरीरना अवयवो धोवे. रंगे, शणगारे ते शरीर बकुश कहेवाय छे. उपकरण बकुश तथा शरीर बकुश ए बंने प्रकारना बकुश कह्या ते परिवार प्रमुखने वांछे. एटले घणा शिष्यो थाओ, घणा श्रावको अमारा भक्त थाओ, घणो वैभव थाओ वगेरेनी इच्छा करे. १६

पंडिच्च तवाइकयं, जसं च पत्थेइ तंमि तुस्सइ य ।
सुहसीलो न य वा, जयइ अहोरत्त किरियासु ॥१७॥

| | | |
|---|---|---|
| पंडिच्च-पांडित्य | तंमि-तेमां | बाढं-अत्यंत |
| तवाइ-तपादि | तुस्सइ-संतोष पामे | जयइ-यतना करवी |
| कयं-कृत, थयल | सुहशीलो-सुखशील | अहोरत्त-अहोरात्री, रात दिवसनी |
| जसं-यशने | न-नहि | किरियासु-क्रियाओमां |
| पत्थेई-प्रार्थे | | |

अर्थः—पांडित्य अने तपादि कृत यश वांछे, तेमां संतोष पामे शुखशील होय अने अहोरात्रीनी क्रियाओमां अत्यंत् यतना न राखे. १७

विवेचनः—वळी ते बकुश पोतानी पंडिताइ अने तपादिकथी यशनी वांछा करे. वळी कोइने पोतानो यश बोलतो सांभळीने पोते संतोष पामे, खुशी थाय वळी सुख शील होय एटले शरीरनी सरस आहारादिके करी लालना करे स्नान विलेपनादि करे. वळी रात दिवसनी क्रियाओमां अत्यंत आदरपूर्वक यतना करे नहि. १७

परिवारो य असंजम अविवित्तो होइ किंचि एयस्स ।
घसियपाओ तिल्लाइ मिसिणिउ कत्तरियकेसो ॥१८॥

| | | |
|---|---|---|
| परिवारो-परिवार | किंचि-कांइक | तिल्लाइ-तैलादिकथी |
| असंजम-असंयमवंत | पयस्स-एनो | मिम्मिणिओ सुंवाळा करेला |
| अविवित्तो-अविविक्त | घसिय-घस्या छे. | कत्तरिय-कातरेला |
| होइ-होय छे | पाओ-पग | केसो-वाळ |

अर्थः—एनो परिवार असंयमवंत. अविविक्त होय. घस्या छे. पग जेना, तैलादिके सुंवाळा करेला तथा कातरेला छे. वाळ जेना ( एवो होय छे. ) १८

विवेचनः—वळी ए बकुसनो परिवार असंयमवंत होय छे. वळी अविविक्त एटले वस्त्र पात्रादिकना मोहथी अळगो होतो नथी. तथा किंचि एटले कांइक साल एरंडादिक भंगे ए सर्व घटे. वळी जेना पग घसेला होय छे. तथा वाळ तैलादिकथी सुंवाळा करेला अने कातरेला होय छे.

तह देससव्वच्छेयारियेहिं सबलेहिं संजुआ बउसो ।
मोहक्खयत्थमब्भूठिओ य सुत्तंमि भणियं च ॥१९॥

| | | |
|---|---|---|
| तह-तथा | सबलेहिं सबल चारित्रीया वडे | मोक्खयत्थं-मोह क्षय माटे |
| देस-देश (च्छेद | संजुओ-सहित | अब्भूठिओ-उजमाळ |
| सव्व-सर्वच्छेद | बउसो बकुस | सुत्तंमि-सूत्रमां |
| च्छेयारियेहि-च्छेदने योग्य | | भणियं-कह्युं छे. |

अर्थः—तथा बकुस देशच्छेद अने सर्वच्छेदने योग्य सबळ चारित्रीया वडे सहित होय. पण मोहना क्षयमां उजमाल होय. सुत्रमां पण कह्युं छे के. १९.

विवेचनः—देशच्छेद ते च्छेद प्रायश्चित जाणवुं. जेनो दिक्षा पर्याय घटाडवानो दंड थाय ते छेद प्रायश्चित. तथा सर्वच्छेद ते मूल प्रायश्चित एटले जेने फरीथी दिक्षा लेवा रूप दंड करवामां आवे

ते आ बंने प्रकारना प्रायश्चित्तने योग्य एवा सबल चारित्रियाओ सहित ते बकुश होय. अत्र एवी शंका थाय के आवा दोष तो पासत्थाना पण कह्या छे. तो पासत्था अने बकुशमां फेर शो ? उत्तर जो के पासत्थामां तथा बकुशमां सरखां लक्षण देखाय छे तो पण पासत्थो निद्धंधस होय अने बकुश निर्ग्रन्थ प्रायश्चित्तादि सापेक्ष होय जे माटे सूत्रमां पण कह्युं छे केः–

उवगरण देह चुक्खा, रिद्धी रसगारवासिया निच्चं ।
बहुसबलछेयजुत्ता, निग्गंथा बाउसा भणिया ॥२०॥

| | | |
|---|---|---|
| उवगरण-उपकरण | गारवने आश्रीरहेनारा | छित्त युक्त |
| देह-शरीर | निच्चं-हंमेशां | निग्गंथा-निर्ग्रन्थ |
| चुक्खा-चोक्खा | बहु-घणा | बाउसा-बकुश |
| रिद्धी-ऋद्धिगारव | सबल-सबल | भणिया-कह्या छे. |
| रसगारवासिय-रस | छेयजुता-छेद प्राय | |

अर्थः—उपकरण अने देहना चोक्खा, नित्य, ऋद्धिगारव रस गारव आश्री रहेनारा, घणा सबल छेदार्ह परिवारे युक्त एवा निर्ग्रन्थो बकुश कह्या छे. २०

विवेचनः—बकुश निर्ग्रन्थ केवा होय छे ते कहे छेः–उपकरण अने शरीरने चोकखा राखनार होय. नित्य ऋद्धिगारव, रसगारव अने शाता गारवने आश्री रहेनारा तथा पूर्वे कहेला छेद अने मूल प्रायश्चित्तने योग्य एवा घणा सबल चारित्रीयाना परिवारवाळा कह्या छे. उपर कहेला दोष सहित आत्मोत्कर्ष रहित, शुद्धमार्ग प्ररूपक, भवभीरू, मोक्षने अर्थे उद्यम करता चारित्री कहीए. पण जेओ कालोचित आहार वसत्यादि यतनामां प्रमादी उत्कृष्टा नाम धरीने सर्वथा यति न कहीए.

आभोगे जाणंतो करेइ दोसं अजाणणा भोगे ।
मूलुत्तरेहिं संवुड विवरीयं असंवुडो होइ ॥२१॥

| | | |
|---|---|---|
| आभोगे-आभोग बकुश | अणभोगे-अनाभोग बकुश | ( अप्रगट ) |
| जाणंतो-जाणतो | मूलत्तरेहिं-मूल अने उत्तर गुणे | विवरीय-विपरीत-पणे |
| करेइ-करे | संवुड-संवृत्त | असंवुडो-असंवृत्त |
| दोसं-दोष | | होइ-होय छे. |
| अजाणं-अजाणतो | | |

अर्थः—जाणतो थको जे दोष करे ते आभोग बकुश, अजाणतो करे ते अनाभोग बकुश, मूलुत्तरगुण संवृत्त, तेथी विपरीत ते असंवृत. २१

विवेचनः—हवे उपकरण तथा शरीर बकुशना जे पांच भेद कह्या छे. तेनुं स्वरूप कहे छेः--

१ आ भोग बकुश—अमुक कार्य करतां दोष लागे छे एम जाणतो थको जे दोष करे ते.

२ अनाभोग बकुश—अजाणतो थको जे दोष करे ते.

३ संवृत्त बकुश—जेना पांच महाव्रतादि मूलगुण तथा पिंडविशुध्यादि उत्तरगुणना दोष लोकमां प्रसिद्ध न होय ते.

४ असंवृत्त बकुश—संवृत्त बकुशथी उलटा एटले जेना दोषो लोकमां प्रसिद्ध होय ते. २१.

अच्छिमुहमज्जमाणो होइ अहासुहुमओ तहा बउसो।
सीलं चरणं तं जस्स कुच्छिय सो इह कुसीलो ॥२२॥

| | | |
|---|---|---|
| अच्छि-आंख | तहा-तथा | जस्स-जेनुं |
| मुह-मों | बउसो-बकुश | कुच्छियं-कुत्सित |
| मज्जमाणो-प्रमार्जतो | सीलं-शील | सो ते |
| होइ-होय | चरणं-चारित्र | इह-अहींआं शास्त्रमां |
| अहासुहुमो-यथासूक्ष्म | तं-ते | कुसीलो-कुशील |

अर्थः—आंख अने म्होंने प्रमार्जतो यथा सूक्ष्म बकुश. शील एटले चारित्र ते जेनुं कुत्सित होय ते अहीं कुशील कहीए २२

विवेचनः—हवे ५ मो यथासूक्ष्म वकुश जे आंख प्रमुखनो मेल दूर करे, मुखे भीनो हाथ लगाडे ते. एवी रीते बीजा वकुश निर्गन्थना भेद कहीने हवे त्रीजा कुशील निर्गन्थनुं स्वरुप कहे छेः—जेनुं शील एटले चारित्र कु एटले कुत्सित (मलीन) होय तेने कुशील कहीए. २२.

पडिसेवणा कसाए, दुहा कुसीलो दुहावि पंचविहो ।
नाणे दंसणचरणे, तवे अ अहासुहुमए चेव ॥ २३ ॥

| | | |
|---|---|---|
| पडिसेवणा-प्रतिसेवना | दुहावि-बंने पण | तवे-तप |
| कसाए-कषाय | पंचविहो-पांच प्रकारे | अहासुहुमए-यथासूक्ष्म |
| दुहा-बे प्रकारे | नाणे-ज्ञानमां | चेव-निश्चे |
| कुसीलो-कुशील | दंसण दर्शन | |
| | चरणे-चारित्र | |

अर्थः—प्रतिसेवना अने कषाय एम बे प्रकारे कुशील. ते बंने वळी पांच प्रकारे-ज्ञान, दर्शन, चारित्र, तप अने निश्चे यथा सूक्ष्म. २३.

विवेचनः—त्रीजा कुशील निर्गन्थना बे भेद छे. १ प्रतिसेवना कुशील. २ कषाय कुशील. ते बंने कुशीलना वळी पांच प्रकार १ ज्ञान कुशील, २ दर्शन कुशील, ३ चारित्र कुशील, ४ तप कुशील अने पांचमो यथासूक्ष्म कुशील.

इह नाणाइ कुसीलो, उवजीवं होइ नाणपभिईए ।
अह सुहुमो पुण तुस्सं, एस तवस्सित्ति संसाए ॥ २४ ॥

| | | |
|---|---|---|
| इहि-अहीं | नाणमभिइए-ज्ञान विगेरेमां | तुस्सं-संतोष |
| नाणाइ-ज्ञानादि | अह-हवे | एस-ए |
| कुसीलो-कुशील | सुहुमो-सूक्ष्म | तवस्सित्ति-तपस्वीए प्रमाणे |
| उवजीवं-उपजीविका | पुण-वळी | संसाए-प्रशंसाथी |
| होइ-होय छे. | | |

अर्थः—ज्ञान प्रभृति वडे जे उपजीविका करे ते अहीं ज्ञानादि कुशील. हवे आ तपस्वी छे एवी प्रशंसा सांभळी संतोष पामे ते यथासूक्ष्म. १४.

विवेचनः— हवे त्रीजा कुशील निर्गन्थना बे भेदमांहेथी प्रतिसेवना निर्गन्थना पांच प्रकार कहे छेः—

१ ज्ञान कुशील—वस्त्रादिक लाभने अर्थे ज्ञान गुण वापरे ते.

२ दर्शन प्रतिसेवना कुशील—जे वस्त्रादिक लाभने अर्थे सम्यक्त्व वापरे ते.

३ चारित्र प्रतिसेवना कुशील—,, ,, ,, ,, चारित्र क्रिया करे ते

४ तप प्रतिसेवना कुशील— ,, ,, ,, ,, मासक्षपणादितप करेते

५ यथासूक्ष्म प्रतिसेवना कुशील—जे आ साधु तपस्वी छे एवी प्रशंसा सांभळीने संतोष पामे खुशी थाय ते.

**जो नाणदंसण तवे, अणुजुंजइ कोहमाण मायाहिं ।**
**सो नाणाइ कुसीलो, कसायओ होइ नायव्वो ॥२५ ॥**

| | | |
|---|---|---|
| जो—जे | कोह—क्रोध | दि कुशील |
| नाण—ज्ञान | माण—मान | कसायओ—कषायथी |
| दंसण—दर्शन | मायाहिं—मायावडे | होइ—छे |
| तवे—तपमां | सो—ते | |
| अणुजुंजइ—जोडे | नाणाइकुसीलो—ज्ञाना- | नायव्वो—जाणवो |

अर्थः—जे ज्ञान, दर्शन तप क्रोध, मान अने मायाने विषे जोडे ते कषायाथी ज्ञानादि कुशील जाणवो. २५

विवेचनः—हवे त्रीजा कुशील निर्गन्थना बे प्रकार मांहेला बीजा कषाय कुशीलना पांच प्रकार कहे छेः-

१ ज्ञान कषाय कुशील—जे संज्वलना कषायवंत पोताना क्रोध मान मायाने विषे ज्ञानने व्यापारे ते

२ दर्शन कषाय कुशील-जे संज्वलना कषायवंत पोताना क्रोध, मान मायाने विषे दर्शनने ( समकितने ) व्यापारे ते.

३ तप कषाय कुशील-जे संज्वलना कषायवंत पोताना क्रोध, मान मायाने विषे तपने व्यापारे ते. २५

**चारित्तंमि कुसीलो, कसायओ जो पयच्छइ सावं ।**
**मणसा कोहाईए, निसेवयं होइ अहासुहुमो ॥ २६ ॥**

| | | |
|---|---|---|
| चारित्तंमि-चारित्रमां | पयच्छई-आपे | निसेवयं-सेवतो |
| कुसीलो-कुशील | सावं-श्राप | होई-छे |
| कसायओ-कषायथी | मणसा-मनवडे | अहासुहुओ-यथा-सुक्ष्म |
| जो-जे | कोहाइए-क्रोधादिक | |

अर्थः--चारित्रमां कुशील ते कषायथी श्राप आपे. मनवडे क्रोधादिकने सेवे ते यथासूक्ष्म कहीए. २६

विवेचनः—हवे

४ चारित्र कषायकुशील-जे साधु क्रोधित थयो थको श्राप आपे ते.

५ यथासूक्ष्म कषाय कुशील-जे मनथी कषाय सेवे पण वचनादिक विषयमां विकार करे नहि ते. २६

**अहवा वि कसाएहिं नाणाइणं विराहओ जोउ ।**
**सो नाणाइ कुसीलो नेओवक्खाण भेएहिं ॥ २७ ॥**

| | | |
|---|---|---|
| अहवा-अथवा | विराहओ-विराधक | कुसीलो-कुशील |
| कसाएहिं-कषयोवडे | जो-जे | नेओ-जाणवो |
| नाणाइणं-ज्ञाना-दिकनो | सो-ते | वक्खाण-व्याख्यान |
| | नाणाई-ज्ञानादि | भेएहिं-भेदे करीने |

अर्थः--अथवा जे कषायो वडे ज्ञानादिकनो विराधक होय ते ज्ञानादि कुशील जाणवो. ए व्याख्यान भेदे भेद जाणवो ( ए व्याख्यानमां व्यापार मात्रनो भेद छे पण परमार्थे भेद नथी ) २७

अन्ने लिंगकुसीलं तु, तव कुसीलस्स ठाणए बिंति ।
निग्गंथो पुण गंथाओ, मोहाओ निग्गओ जो सो ॥२८॥

| | | |
|---|---|---|
| अन्ने-अन्य आचार्य | ठाणए-स्थानके | मोहाओ-मोहथी |
| लिंगकुसीलं-लिंग-कुशील | बिंति-कहे छे | निग्गओ-निर्गत, नीकळेलो |
| तु-वळी | निग्गंथो-निर्ग्रन्थ | जो=जे |
| तव कुसीलस्स-तप-कुशीलना | पुण-वळी | सो-ते |
| | गंथाओ-ग्रन्थ (बन्धन) थी | |

अर्थः—अन्य आचार्य तपकुशीलना स्थानके लींगकुशील कहे छे. ( हवे निर्गन्थना चोथा भेद निर्गन्थनो अर्थ कहे छे. ) जे मोह रूप ग्रन्थथी एटले बन्धनथी नीकळ्यो तेने निर्गन्थ कहीए. २८.

उवसामओय खवओ, दुहा निग्गंथो दुहावि पंचविहो ।
पढमसमओ अपढमो, चरमाचरमो अहा सुहुमो ॥२९॥

| | | |
|---|---|---|
| ऊवसामओ-उपशामक | पढमसमओ-प्रथम समय | चरम-चरम समय |
| खवओ-क्षपक | अपढमो-अप्रथम समय | अचरमो-अचरम-समय |
| दुहा-बे प्रकारे | | अहासुहुमो यथासूक्ष्म |
| पंचविहो-पांच प्रकारे | | |

अर्थः--उपशामक अने क्षपक एम बे प्रकारे निर्ग्रन्थ. ते बंनेना पांच प्रकारः—प्रथम समय, अप्रथमसमय, चरम समय, अचरमसमय, यथासूक्ष्म. २९.

विवेचनः—निर्गन्थना चोथाभेद निर्गन्थना बे प्रकार छेः—

१ उपशमक निर्गन्थ-जे मोहनीय कर्मनो उपशमावनार होयते.

२ क्षपक निर्गन्थ-जे मोहनीम कर्मनो क्षय करनार होय ते.

आ बंनै प्रकारना निर्गन्थना पांच पांच प्रकारः—१ प्रथम समय निर्ग्रन्थ, २ अप्रथम समय निर्ग्रन्थ, ३ चरम समय निर्ग्रन्थ, ४ अचरमसमय निर्ग्रन्थ, ५ यथासूक्ष्म निर्ग्रन्थ. २९.

अंतमुहुत्तपमाणय निग्गंथद्धाइ पढमसमयंमि।
पढमसमय नियंठो अन्नेसु अपढम समओ सो ॥३०॥

| | | |
|---|---|---|
| अंतमुहुत्त-अन्तर्मुहूर्त पमाणय-प्रमाणवाळा निग्गंथद्धाइ-निग्रन्थ अद्धा (काल) ना | पढमसमयंमि-प्रथम समयमां पढम समय नियंठो-प्रथम समयनिर्गन्थ. | अन्नेसु-अन्य समयोमां अपढमसमओ-अप्रथम समय सो-ते |

अर्थः—अन्त मुहूर्त प्रमाणना निर्गन्थ अद्धाना प्रथम समये वर्तता प्रथम समय निर्गन्थ. अन्य ( समयो ) मां वर्तता अप्रथम समय निर्गन्थ. ३०.

विवेचनः—मोहनीय कर्मने उपशमावनार उपशम श्रेणी करे छे. एटले मोहनीय कर्मने उपशमावतो साधु मोहनीय कर्मनी प्रकृतिना रसोदय तथा प्रदेशोदयने शांत करे छे. पण ते उपशामक निर्ग्रंथ अगिआरमे गुणठाणे वर्तता जाणवा. ते प्रकृतिनां दलियां सत्तामां रहे छे. अने क्षपकश्रेणी करनार साधु. मोहनीय कर्मनां दलीयांनो सर्वथा नाश करे छे. एटले सत्तामां ते दलीयां होतां नथी. आ क्षपक निर्गन्थ बारमे गुणठाणे जाणवां आ बंने निर्गन्थनो अन्त र्मुहूर्तनो काल छे. तेमां.

१ उपशांतना प्रथम समये वर्तता साधु ते प्रथम समय उपशामाक निर्गन्थ.

२ उपशांत अद्धाना प्रथम सिवायना अन्य समयोमां वर्तता साधु ते अप्रथम समय उपशामक निर्गन्थ.

१ क्षेपक अद्धाना प्रथम समये वर्तता साधु ते प्रथम समय क्षपक निर्गन्थ.

२ क्षपक अद्धाना प्रथम समय सिवायना अन्य समयोमां वर्तता साधु ते अप्रथम समय क्षपक निर्गन्थ. ३०

एमेव तयद्धाए, चरमे समयंमि चरमसमओ सो।
सेसेसु पुण अचरमो, सामन्नेण तु अहासुहुमो ॥३१॥

एमेव-एज प्रमाणे
तयद्धाए-तेना कालना
चरमे चरम
समयंमि-समयमां
चरमसमओ-चरम
समय निग्रन्थ
सो-ते
सेसेसु-बाकीना (समयो) मां
पुण-वळी
अचरमो-अचरम
समय निग्रन्थ
सामन्नेण-सामान्यपणे
तु-वळी, तो
अहासुहुमो-यथासुक्ष्म

अर्थः—एज प्रमाणे तेना चरम समये वर्ततो चरम समय निर्गन्थ-वळी बाकीना समयमां वर्ततो अचरम समय निर्गन्थ सामान्य पणे यथासूक्ष्म निर्गन्थ. ३१

विवेचनः—हवे निर्गन्थना पांच प्रकार मांहेला छेल्ला त्रण प्रकार कहे छेः—

३ उपशम अद्धाना चरम (छेल्ला) समये वर्तता ते चरम समय उपशामक निर्गन्थ.

४ उपशम अद्धाना अचरम समये (छेल्ला सिवायना अन्य समयोमां) वर्तता ते अचरम समय उपशामक निर्गन्थ.

५ उपशम अद्धाना सर्व समयमां सामान्यपणे (विशेष विवक्षाविना) वर्तता ते यथासूक्ष्म उपशामक निग्रन्थ.

३ क्षपक अद्धाना चरम समये वर्तता ते चरम समय क्षपक निर्गन्थ.

४ क्षपक अद्धाना अचरम समयोमां वर्तता ते अचरम क्षपक निर्गन्थ.

५ क्षपक अद्धाना सर्व समयोमां (विशेष विवक्षा विना) वर्तता ते यथासूक्ष्म क्षपक निर्गन्थ.

सुहज्झाण जल विशुद्धा, कम्म मलाविक्खया सिणाओत्था।
दुविहो य सो सजोगी, तहा अजोगी विणिद्दिट्ठो ॥ ३२ ॥

| | | |
|---|---|---|
| सुहज्झाण-शुभ-ध्यान | आविक्खया-अपेक्षाए | सो-ते |
| जल-पाणी | सिणाओ-स्नातक | सजोगी-सयोगी |
| विशुद्धो-निर्मल | अत्थ-अहीं | तहा-तथा |
| कम्ममल-कर्ममल | दुविहो-बे प्रकारे | अजोगी-अयोगी |
| | | विणिदिटो-कह्यो. |

अर्थः—कर्ममलनी अपेक्षाए शुभ ध्यान रूप पाणीवडे विशुद्ध थएलो ते अहीं स्नातक. तेना सयोगी तथा अयोगी एवा बे प्रकार कह्या छे. ३२.

विवेचनः—हवे निर्ग्रन्थना पांचमा भेद स्नातकनो अर्थ तथा भेद कहे छेः-(घाती) कर्म रूपी मलने शुभ ध्यान ( धर्म ध्यान तथा शुकल ध्यान ) रुपी पाणी वडे जेमणे धोइ नारूयो छे. एटले नाश कर्यो छे. तेथी करीने विशुद्ध ते स्नातक. तेना बे प्रकार छे. १ सयोगी स्नातक ते तेरमे गुणठाणे वर्तता २ अयोगी स्नातक ते चौदमे गुणठाणे वर्तता. ३२.

सो पुण पंचवियप्पो अच्छविओ असबलो अकम्मंसो ।
अपरिस्सावी संसुद्ध, नाणदंसणधरो तहय ॥ ३३ ॥

| | | |
|---|---|---|
| सो-ते-(स्नातक) | असबलो-असबल | नाण-ज्ञान |
| पंच-पांच | अकम्मंसो-अकर्मांश | दंसण-दर्शन |
| वियप्पो-विकल्प, भेद | अपरिस्सावि-अपरिश्रावी | धरो-धारण करनार |
| अच्छविओ-अच्छविक | संसुद्ध-संशुद्ध | तहय-तेमज |

अर्थः—वळी ते (स्नातक) पांच प्रकारे जाणवो-१ अच्छवी स्नातक, २ असबल स्नातक, ३ अकर्मांश स्नातक, ४ अपरिश्रावी स्नातक, तेमज ५ संसुद्ध ज्ञान दर्शनधर स्नातक. ३३.

भणइ च्छवी सरीरं, जोगनिरोहेण तस्स य अभावा ।
अच्छवित्ति होइ, अहवा खेअ अभावेण अछविओ॥३४॥

| | | |
|---|---|---|
| भणइ-कहे छे | तस्स-तेना | खेअं-खेद |
| च्छवी-च्छवी | अभावा-अभावथी | अभावेण-अभावथी |
| शरीरं-शरीर | अच्छविति-अच्छवी स्नातक | अच्छविओ-अच्छवी स्नातक |
| जोगनिरोहेण-योगनिरोधथी | अहवा-अथवा | |

अर्थः—शरीरने च्छवी कहे छे. योग निरोधथी तेना अभाव होवाथी अच्छवी स्नातक. अथवा खेदना अभावथी अच्छवी कहीए. ३४.

विवेचनः—हवे अच्छवी स्नातकनो अर्थ कहे छेः-च्छवि एटले शरीर तेनो अभाव ते अच्छवि. योग निरोध करेल होवाथी शरीरनो अभाव कह्यो. अथवा. खेअं एटले खेद सहित जीव व्यापार ते जेने नथी तेने प्राकृत बोलीए अच्छवी कहीए. अथवा घाती कर्मनो क्षय कर्यो ते फरी नथी करवो माटे अच्छवी कहीए. ३४.

अस्सबलो णइयारो, निठियकम्मो अहो अकम्मंसो।
निस्से सजोगरोहे, अपरिस्सावी अकिरियत्ता ॥ ३५ ॥

| | | |
|---|---|---|
| अस्सबलो-असबल | अकम्मंसो-अकर्मांश | अपरिस्सावी-अपरिश्रावी |
| न-नथी | निस्सेस-समस्त | अकिरियत्ता-अक्रियपणाए |
| अइयारो-अतीचार | जोग-योग | |
| निट्ठयकम्मो-निष्ठितकर्म | रोहे-रुंध्ये थके | |

अर्थः—अतीचार रहित ते असबल, निष्ठितकर्मांश ते अकर्मांश समस्त जोग रुंध्ये थके अक्रियापणावडे अपरिश्रावी. ३५.

विवेचनः—स्नातकना पहेला भेद अच्छवीनो अर्थ कही,हवे बीजा भेदोना अर्थ कहे छेः—

२ अस्सबल स्नातक—अतिचार रुप मेल जेने विषे न होय ते.

३ अकर्मांश स्नातक—कर्मांश कहेतां घाती कर्म जेनां नाश पाम्या छे ते.

४ अपरिश्रावी स्नातक—मन वचन कायाना समस्त योग रुंध्ये थके जे अक्रियपणुं, कर्मबंध रहितपणुं जेने होय ते.

असहाय असाहारण अनंतनाणाइ धरणओ होइ ।
संसुद्ध नाणदंसणधरो, सिणाओत्थ पंचविहो ॥ ३६ ॥

| | | |
|---|---|---|
| असहाय-सहाय रहित | नाणाइ-ज्ञानादि | दर्शन धरनार. |
| असाधारण-सामान्य नहि ते | धरणओ-धारणकरनार | सिणाओ-स्नातक |
| अणंत-अनंत | होइ-छे | अत्थ-अहीं |
| | संशुद्ध-विशुद्ध | पंचविहो-पांच प्रकारनो |
| | नाणदंसणधरो-ज्ञान | |

अर्थः—असहाय, असाधारण, ज्ञानादि धरनार संशुद्ध ज्ञानदर्शनधर होय छे. एम स्नातक पांच प्रकारे जाणवो. ३६

विवेचनः—हवे स्नातकनो पांचमो भेद कहे छे. जे असहाय एटले सहाय रहित कारण के केवलज्ञान थाय त्यारे मत्यादिक चार ज्ञान नहि होवाथी तथा केवलदर्शन थाय त्यारे बाकीना त्रण दर्शननो अभाव होवाथी असहाय जाणवुं. तेमज जेना सरखुं. बीजुं कोइ नथी. तेने असाधारण कहीए. आवा प्रकारना अनंतज्ञान अने दर्शनने धरनार ते स्नातकनो पांचमो भेद संसुद्धज्ञान दर्शनधर कहीए. एवी रीते स्नातकना पांच भेद कह्या. ३६.

एवी रीते प्रज्ञापना द्वार कह्युं.

थी वज्जोउ पुलाओ, बउस पडिसेवगा तिवेयावि ।
सकसाओ य तिवेओ, उवसंतं खीणवेओ वा ॥ ३७ ॥

उवसंत खीणवेओ, निग्गंथो ण्हायओ खवियवेओ दारं२।
एवं चिय रागंमिव आइम चउरो सरागत्ति ॥३८॥दारं ३॥

| | | |
|---|---|---|
| थी वज्जो-स्त्रीवेद वर्जी | तिवेओ-त्रण वेदी | चिय-निश्चे |
| पुलाओ-पुलाक | उवसंत-उपशांत | रागंमिय-रागद्वारने विषे |
| बउस-बकुश | खीणवेओ-क्षीणवेदी | आइम-प्रथमना |
| पडिसेवगा-प्रतिसेवा | निग्गंथो-निर्ग्रन्थ | चउरो-चार |
| तिवेयावि-त्रण वेदो | णहायओ-स्नातक | सरागत्ति-सरागी |
| सकसाओ-सकषायी | खवियवेओ-क्षपितवेद | |
| | एवं-ए प्रमाणे | |

अर्थः—स्त्रीवेद वर्जीने पुलाक होय. बकुस अने प्रतिसेवाक त्रण वेदी होय. कषाय कुशील त्रण वेदी, उपशांतवेदी अथवा क्षीण वेदी होय. उपशांत अथवा क्षीणवेदी निर्ग्रन्थ होय स्नातक क्षपक वेदी होय. एज प्रमाणे रागद्वारने विषे प्रथमना चार सरागी होय. ३७–३८.

विवेचनः—हवे पांच निर्ग्रन्थने विषे बीजुं वेद द्वार कहे छेः- पुलाक निर्गन्थने स्त्री वेद विना बाकीना बे वेद होय कारण के स्त्रीने पुलाक लब्धि नथी. बकुश निर्गन्थ तथा प्रतिसेवा कुशील ए बे निर्ग्रन्थने त्रण वेद होय. कषाय कुशील त्रण भांगे होयः-१ छठे, सातमे अने आठमे ए त्रण गुणठाणे वर्तता. त्रणे वेदी होय, २ ते उपरना गुणठाणे वर्तता उपशम श्रेणीवाळा कषायी उपशांत वेदी होय अने ३ क्षपक श्रेणीवाळा क्षीणवेदी होय. चोथा निर्गन्थ निर्गन्थ उपशांत वेदी तेमज क्षीणवेदी होय. ३७. अगियारमे तथा बारमे गुणठाणे वर्तता निर्गन्थ निर्गन्थ होय, माटे अगिआरमे गुणठाणे वर्तता उपशांत वेदी अने बारमे गुणठाणे वर्तता क्षीणवेदीहोय स्नातक क्षपक वेदी ज होय. तेरमे, चौदमे गुणठाणे वेदनो अभाव होवाथी. हवे त्रीजुं रागद्वार कहे छेः-

एज प्रमाणे रागद्वारे जाणवुं. एटले प्रथमना चार-१ पुलाक २ बकुश ३ प्रतिसेवा कुशील अने ४ कषाय कुशील ए चार सरा-

गी जाणवा. निर्ग्रन्थ उपशांत रागी तथा क्षीणरागी पण होय अने स्नातक क्षीणरागीज होय. ३८.

पढमो य थेरकप्पो, कप्पाईया नियंठग सिणाया ।
सकसाओ तिविहो चिय, सेसाओ जिणथेर कप्पंमि ॥३९॥

| | | |
|---|---|---|
| पढमो-प्रथम (पुलाक निर्ग्रंथ) | नियंठग-निर्ग्रन्थ | चिय-निश्चे |
| | सिणाया-स्नातक | सेसा-बाकीना |
| थेरकप्पो-स्थविर कल्प | सकसाओ-सकषायी | जिण-जिनकल्प |
| कप्पाइया-कल्पातीत | तिविहो-त्रिविध | थेरकप्पंमि-स्थविरकल्प |

अर्थः—प्रथमभेदे स्थविरकल्प, निर्ग्रन्थ तथा स्नातक कल्पातीत, सकषायी त्रिविध अने बाकीना जिन तथा स्थविर कल्पी. ३९

विवेचनः—हवे चोथूं कल्पद्वार कहे छेः-पुलाक निर्गन्थ स्थविर कल्पीज होय. निर्ग्रन्थ तथा स्नातक कल्पातीत होय. कारण के तेहने स्थविर कल्पादिक सामाचारी नथी. कषाय कुशील त्रणे प्रकारे होय. एटले स्थविर कल्पी होय तथा जिनकल्पी होय तथा कल्पातीत एटले कल्प रहित पण होय कारणके छद्मस्थ सकषाय तीर्थंकर कल्पातीत होय. बाकी रहेला बकुश तथा प्रतिसेवा कुशील ते स्थविर कल्पे तेमज जिनकल्पे होय. ३९.

आइम संजमजुयले, तिन्निय पढमा कसाय वं चउसु ।
निग्गंथ सिणाया पुण, अहक्खाए संजमे हुंति ॥४०॥ द्वा० ५

| | | |
|---|---|---|
| आइम-प्रथम | पढमा-प्रथमना | पुण-वळी |
| संजम-संयम | चउसु-चारमां | अहक्खाए-यथाख्यात |
| जुयले-युगल | निग्गंथ-निर्ग्रन्थ | संजमे-संयममां |
| तिन्नि-त्रण | सिणाया-स्नातक | हुंति-छे. |

अर्थः—प्रथमना संजम युगलमां प्रथमना त्रण निर्ग्रन्थ होय. चारमां कषाय कुशील. यथाख्यात चारित्रमां निर्ग्रन्थ ते स्नातक होय. ४९.

विवेचनः—हवे पांचमुं संजम द्वार कहे छेः-प्रथमनुं संजम युगल ते सामायिक चारित्र तथा छेदोपस्थापनीय ए बे चारित्रे प्रथमना त्रण निर्ग्रन्थ पुलाक, बकुश तथा प्रतिसेवा कुशील होय. कषाय कुशील यथाख्यात वर्जीने बाकीना चार चारित्रे होय. निर्ग्रन्थनेस्नातक यथाख्यात चारित्रे होय. कारणके ते बे अनुक्रमे ११ मे १२ मे अने १३ मे १४ मे गुणठाणे होय. त्यां छेल्लुं यथाख्यात चारित्र ज होय. कषायना उदयनो अभाव होवाथी. एवी रीते पांचमुं संजम द्वार कह्युं. ४०

मूलुत्तर गुण विसया पडिसेवा सेवए पुलाए य।
उत्तरगुणेसु बउसो,सेसा पडिसेवणा रहिया ॥४१॥द्वा०६॥

| | | |
|---|---|---|
| मूल—मूलगुण | आसेवए—पतिसेवा कुशीलने | सेसा—बाकीना |
| उत्तरगुण-उत्तरगुण | पुलाए—पुलाकने | पडिसेवणा—प्रतिसेवना |
| विसया—संबंधी | बउसो—बकुश | रहिया—रहित |
| पडिसेवा—प्रतिसेवा | | |

अर्थः—पुलाकने तथा प्रतिसेवना कुशीलने मूल गुणनी तथा उत्तर गुणनी प्रतिसेवना होय. बकुशने उत्तर गुणनी तथा बाकीना प्रतिसेवना रहित होय. ४१.

विवेचनः—हवे छठुं प्रतिसेवना द्वार कहे छेः—

पुलाकने तथा प्रतिसेवना कुशीलने मूल गुणनी तथा उत्तर गुण प्रतिसेवना होय छे. बकुशने उत्तर गुणनीज प्रतिसेवना होय छे. ते मूल गुण प्रतिसेवे त्यारे प्रतिसेवना कुशील थाय. बाकी रहेला १ कषाय कुशील, २ निर्ग्रन्थ अने ३ स्नातक ए त्रण प्रतिसेवना रहित होय. ४१.

बउसा सेविपुलाया आइम नाणेसु दोसु तिसुवावि।
ण्हाउ केवलनाणे, सेसा पुण चउसु भयणाए ॥ ४२ ॥

| | | |
|---|---|---|
| बउसा-बकुश | दोसु-बेमां | ज्ञानमां |
| सेवि-प्रतिसेवाकुशील | तिसु-त्रणमां | सेसा-बाकीना |
| पुलाया-पुलाक | वावि-अथवा पण | पुण-वळी |
| आईम-प्रथमना | णहाउ-स्नातक | चउसु-चारमां |
| नाणेसु-ज्ञानमां | केवलनाणे-केवल- | भयणाए-भजनाए |

अर्थ-बकुस, प्रतिसेवा कुशील अने पुलाक प्रथमना बे अथवा त्रण ज्ञानमां होय. स्नातक केवलज्ञानमां. वळी बाकीना (निगन्थो) चारमां भजनाए होय. ४२.

विवेचनः—हवे सातमुं ज्ञानद्वार कहे छेः—बकुश निर्गन्थ, प्रतिसेवा कुशील अने पुलाक निर्गन्थ ए त्रण निर्गन्थने प्रथमनां बे एटले मति अने श्रुत ज्ञान होय अथवा प्रथमना त्रण एटले मति, श्रत अने अवधि होय. केवलज्ञाने स्नातक होय. कारण के छेला बे गुणठाणे केवळज्ञानज होय. बाकीना निर्गन्थोने चारनी भजना होय. १ कषाय कुशील अने बीजा निर्ग्रन्थ ए बे निर्ग्रन्थो ने मति अने श्रुत ए बे होय अथवा मति श्रुत अने अवधि ए त्रण अथवा मति श्रुत अने मनः पर्यव ए त्रण अथवा मति श्रुत अवधि अने मनः पर्यव ए चार ज्ञान होय. ४२

पढमस्स जहण्णेणं होउ सुयं जाव नवम पुव्वस्स ।
आयार तइयवत्थुं उक्कोसेणं तु नवपुव्वा ॥ ४३ ॥

| | | |
|---|---|---|
| पढमस्स-पहेलाने | नवमपुव्वस्स-नवमा पूर्वना | वत्थुं-वस्तु |
| जहणणेणं जघन्यथी | | उक्कोसेणं-उत्कृष्टथी |
| होउ-जाणवुं | | |
| सुयं-श्रुत | आयार-आचार | तु-वळी |
| जाव-सुधी | तइय-त्रीजा | नवपुव्वा-नवपूर्वनुं |

अर्थः—पहेलाने जघन्यथी श्रुत नवमा पूर्वना त्रीजा वस्तु आचार सुधी जाणवुं. वळी उत्कृष्टथी नव पूर्वनुं संपूर्ण होय. ४३

विवेचनः—हवे श्रुतज्ञान केटलुं होय ते कहे छेः—पहेला पुलाक निर्ग्रन्थने जघन्यथी (ओछामां ओछुं) श्रुत होय तो नवमा पूर्वना आचार नामे त्रीजा वस्तु सुधीनुं होय. पूर्वान्तर्गत अधिकार विशेषने वस्तु कहे छे. अने उत्कृष्ट ( वधारेमां वधारे ) संपूर्ण नव पूर्वनुं होय. ४३

**बउसकुसील नियंठाणं, पवयणमायरो जहन्नसुयं ।**
**बउसपडिसेवगाणं, पुव्वाइ दसेव उक्कोसं ॥ ४४ ॥**

| | | |
|---|---|---|
| नियंठाणं-निर्ग्रन्थने | जहन्नसुयं-जघन्यश्रुत | पुव्वाइ-पूर्वो |
| पवयणं-प्रवचन | पडिसेवगाणं-प्रतिसेवना कुशीलने | दसेव-दश |
| आयरो-आदर | | उक्कोसं-उत्कृष्ट |

अर्थः—बकुश अने कुशील निग्रंथने जगन्य श्रुत आठ प्रवचन मातानुं ( पांच समिति अने त्रण गुप्तिनुं ) अने बकुश अने प्रतिसेवा कुशीलने उत्कृष्टथी दश पूर्वनुं श्रुत होय. ४४

**निग्गंथ कसाईणं चउदसओ सिणायओ सुयाईओ।दारं८॥**
**आइ तियं तित्थंमि, तित्थातित्थेसु अंततियं॥४५॥दारं९॥**

| | | |
|---|---|---|
| निग्गंथ-निग्रन्थ | सिणायओ-स्नातक | तित्थातित्थेसु-तीर्थ अने अतीर्थमां |
| कसाइणं-कषायकुशीलने | सुयाइओ श्रुतातीत | |
| | आइतियं-आदि त्रिक | अंततियं-छेल्ला त्रण. |
| चउदशओ-चौद | तित्थंमि-तीर्थमां | |

अर्थः—निग्रन्थने तथा कषाय कुशीलने उत्कृष्टुं श्रुतज्ञान चौद पूर्वनुं होय. स्नातक श्रतातीत होय. प्रथमनां त्रण तीर्थमां अने छेल्लां त्रण तीर्थातीर्थमां. ४५

विवेचनः—हवे निग्रन्थना चोथा भेद निग्रन्थ तथा कषाय कुशील निग्रन्थने उत्कृष्टथी चौद पूर्वनुं श्रुतज्ञान होय. स्नातक श्रुतातीत होय कारण के तेरमे चौदमे केवळज्ञान होय अने छद्मस्थिक ( एटले पहेलां चार ) ज्ञान टले केवली थाय.

हवे तीर्थद्वार कहे छेः—प्रथमना त्रण निग्रन्थ एटले १ पुलाक, २ बकुश अने ३ प्रतिसेवा कुशील तीर्थे होय. अने छेल्ला त्रण कषाय कुशील, निग्रन्थ अने स्नातक ए तीर्थे होय अने अतीर्थे होय. अतीर्थे तीर्थंकर तथा प्रत्येक बुद्ध अने ए बे विना बीजा तीर्थे होय. ४५.

नियलिंगे परलिंगे, गिहिलिंगे वावि दव्वउ हुज्जा ।
नियलिंगे चिय भावेण,हुज्ज सव्वे पुलागाई ॥४६॥दा.१०॥

| | | |
|---|---|---|
| नियलिंग-नीज लिंगे, स्वलिंगे | दव्वउ-द्रव्यथी | हुज्ज-होय |
| | हुज्जा-होय | सव्वे-सर्वे |
| परलिंगे-अन्य लिंगे | चिय-निश्चे | |
| गिहिलिंगे-गृहस्थलिंगे | भावेण-भावथी | पुलागाइ-पुलाकादि |

अर्थः—द्रव्यथी स्वलिंगे अने गृहस्थलिंगे होय अने भावथी सर्वे पुलाकादि निश्चे स्वलिंगे होय. ४६

विवेचनः—हवे नवमुं लिंगद्वार कहे छेः—पुलाकादि पांचे निग्रन्थो स्वलिंगे एटले साधु वेषे, अन्यलिंगे एटले अन्य तीर्थने वेषे तथा गृहस्थलिंगे ए त्रणे लिंगे द्रव्यथी होय. अने भावथी ए पांचे पुलाकादि निश्चे स्वलिंगे-भावलिंगे एटले ज्ञान दर्शन चारित्र रूप निज साधुलिंगज होय. ४६

ण्हाय नियंठ पुलाया ओरालिय तेय कम्मगशरीरा ।
बउसा सेवि विउव्वावि, कसायाहारगतणूवि ॥ ४७ ॥
॥ दा० ११ ॥

| | | |
|---|---|---|
| ण्हाय-स्नातक | तेय-तेजस | विउव्वावि-वैक्रिय पणु |
| नियंठा-निग्रंथ | कम्मग-कार्मण | अहारगतणुवि-आहारक शरीरी |
| ओरालिया-औदयिक | सरीरा-शरीरवाळा | |

अर्थः—स्नातक निग्रन्थ अने पुलाक ए त्रण औदारिक,

तैजस अने कार्मण शरीरवाळा होय. बकुश अने प्रतिसेवा कुशी-लने वैक्रियपण होय अने कषायाकुशीलने आहारकपण होय. ४७

विवेचनः—हवे दशमुं शरीरद्वार कहे छेः—

स्नातक निग्रन्थ, निग्रन्थ निग्रन्थ अने पुलाक निग्रन्थ ए त्रण निग्रन्थने औदारिक, तैजस अने कार्मण ए त्रण शरीर होय. बकुश अने प्रतिसेवा कुशीलने वैक्रिय साथे चार शरीर पण होय अने कषाय कुशीलने आहारक शरीर साथे पांच साथे पांच शरीर पण होय. ४७

कम्मधराइ पुलाओ, सेसा जम्मेण कम्मभूमीसु ।
संहरणेण पुण ते, अकम्मभूमीसुवि हविज्जा॥४८॥दा.११

| | | |
|---|---|---|
| कम्मधराइ-कर्मभूमिमां | कम्मभूमिसु-कर्म भूमिमां | ते-तेओ |
| पुलाओ-पुलाक | संहरणेण-संहरणथी | अकम्मभूमिसुवि-अकर्म भूमिमां पण |
| सेसा-बाकीना | पुण-वळी | हविज्जा-होय. |
| जम्मेण-जन्मथी | | |

अर्थः—पुलाक कर्म भूमिमां होय, बाकीना जन्मथी कर्म भूमिमां अने संहरणथी तेओ अकर्म भूमिमां पण होय. ४८

विवेचनः—हवे ११मुं क्षेत्रद्वार कहे छेः-पुलाक निग्रन्थ जन्मथी अने विहारथी कर्म भूमिज होय अने बाकीना सर्व. एटले बकुश कुशील, निग्रन्थ अने स्नातक. जन्मथी कर्म भूमिमां होय पण देवादिकना संहरणथी अकर्म भूमिमां पण विहरे. त्यां संहरण कर्या पछी पण निग्रन्थ अने स्नातकपणुं होय. ४८

तइय चउत्थ समासु, जम्मेणो सप्पिणीइओ ।
पुलाओ संतइ भविण, पुण तइय चउत्थ पंचमासुसिया४९॥

| | | |
|---|---|---|
| तइय-त्रीजा | ओसप्पिणीओ-अवसर्पिणीमां | अपेक्षाए |
| चउत्थ-चोथा | संतइभविण-सत्तानी | पंचमासु-पांचमामां |
| समासु-आरामां | | सिया-होय |
| जम्मेण-जन्मथी | | |

अर्थः-पुलाक निग्रन्थ जन्मथी अवसर्पिणीना त्रीजा अने चोथा आरामां होय. वळी सत्तानी अपेक्षाए त्रीजा, चोथा अने पांचमामां पण होय. ४९

विवेचनः—हवे बारमुं कालद्वार कहे छे. पुलाक निग्रन्थनो जन्म अवसर्पिणीमां त्रीजा अने चोथा आरामां होय. पण सत्तानी अपेक्षाए होवापणा रूपे, पांचमा आरामां पण होय. जे चोथा आरामां जनम्या होय ते पांचमा आरामां पुलाकपणुं पामे. पण पांचमा आरामां जन्मेला पुलाक थाय नहि. ४९

उसप्पिणीइ बीया तइथ चउत्थासु हुज्ज जंमणओ ।
संतइ भावेण पुण तइय चउत्थासु सो हुज्जा ॥ ५० ॥

| | | |
|---|---|---|
| उसप्पिणीइ-उत्सर्पिणी कालना | चउत्थासु-चोथा | सो-ते |
| | हुज्ज-होय | |
| बीया-बीजा | जम्मणओ-जन्मथी | हुज्जा-होय |

अर्थः--उत्सर्पिणीना बीजा त्रीजा अने चोथामां ते पुलाक निग्रंथ होय अने सत्ताभावे तो त्रीजा अने चोथामां होय. ५०

विवेचनः—हवे उत्सर्पिणी कालना बीजा त्रीजा अने चोथा आरामां पुलाक निग्रन्थनो जन्म होय. एटले ए त्रण आरामां जन्मेला पुलाकपणुं पामे अने सत्ताभावे एटले पुलाकपणे वर्त्तता तो त्रीजा अने चोथा आरामां ज होय. बीजा आरामां जन्मेला तेज आरामां पुलाकपणुं न पामे. ५०

ओसप्पिणी उसप्पिणी वइरित्ते जम्मणेण संतीए।
हुज्ज चउत्थे काले पुलाय समणो तहन्नेवि ॥ ५१ ॥

| | | |
|---|---|---|
| वइरित्ते-व्यतिरिक्त | हुज्ज-होय | समणो-श्रमण, निग्रन्थ |
| जम्मणेण-जन्मवडे | चउत्थे काले-चोथा आरा समान काळ | तहन्नवि-तेमज बीजा पण |
| संतीए-सत्तावडे | | |

अर्थः—उत्सर्पिणी अने अवसर्पिणी व्यतिरिक्त जन्मथी अने सत्ताथी पुलाकश्रमण तेमज बीजा पण चोथा आरामां होय.

विवेचनः—हवे ज्यां उत्सर्पिणी अने अवसर्पिणी एटले चडतो पडतो काल नथी एवा महाविदेह क्षेत्रमां हंमेशां अवसर्पिणी ना चोथा आरा समान काल होय छे. त्यां जन्मथी अने सत्ताथी हंमेशां पुलाक निग्रन्थ अने अन्य निग्रन्थो होय. ५१

बउस कुसीलाओ सप्पणीइं संतीइ जम्मणेणं च ।
तिचउत्थ पंचमासु समासु ओसप्पिणीइ पुणो ॥ ५२ ॥

| | | |
|---|---|---|
| ओसप्पिणी-अवसर्पिणीना | जम्मणेणं-जन्मथी | ओसप्पिणीइ-उत्सर्पिणीना |
| संतीइ-सत्ताथी | समासु-आराओमां | पुणो-वळी |

अर्थः—बकुश तथा कुशील ए बे निग्रन्थ अवसर्पिणीना त्रीजा चोथा तथा पांचमा आरामां सत्ता अने जन्मथी होय. हवे उत्सर्पिणीमां कहे छे. ५२

बीअति चउत्थियासुं जम्मणओ संतओ ति तुरियासुं ।
निग्गंथाण सिणायाणं जम्मणसंति जह पुलाए ॥ ५३ ॥

| | | |
|---|---|---|
| चउत्थियासु-चोथामां | तुरियाणं-चोथा | संति-सत्ता |
| जम्मणओ-जन्मथी | निग्गंथाण-निग्रन्थ | जह-जेम |
| संतओ-सत्ताथी | सिणायाणं स्नातक | |
| ति-त्रीजा | जम्मण-जन्म | पुलाए-पुलाक |

अर्थः—(बकुश अने कुशील उत्सर्पिणीना) बीजा त्रीजा अने चोथा आरामां जन्मथी अने सत्ताथी त्रीजा अने चोथामां निग्रन्थ अने स्नातक जन्म अने सत्ताथी पुलाक समान जाणवा. ५३

विवेचनः—कुशील अने बकुश जन्मथी उत्सर्पिणी कालना बीजा, त्रीजा अने चोथा आरामां होय. अने सत्ताथी एटले ते रूपे

वर्त्तता तो त्रीजा अने चोथा आरामां होय. हवे निग्रन्थ अने स्नातक जन्मथी अने सत्ताथी पुलाक समान आगळ जेम पुलाकनुं वर्णन कर्युं तेना सरखुंज जाणी लेवुं. ते आवी रीतेः—

स्नातक अने निग्रन्थ अवसर्पिणीमां जन्मथी त्रीजा अने चोथा आरामां होय सत्ताथी पांचमा आरामां पण होय. उत्सर्पिणीमां बीजा त्रीजा अने चोथा आरामां जन्मथी अने सत्ताथी त्रीजा तथा चोथा आरामां होय—अने उत्सर्पिणी अवसर्पिणी व्यतिरिक्त महाविदेहमां हंमेशां होय. ५३

संहरणेणं सव्वेवि हुंति सव्वेसु चेव कालेसु ।
मुत्तं पुलाय समणं एवं कालम्मि वक्खायं ॥ ५४ ॥

| | | |
|---|---|---|
| संहरणेहां-संहरणथी | चेव-निश्चे | एवं-ए प्रमाणे |
| सव्वेवि-सर्वे पण | कालेसु-कालमां | कालुत्ति-कालद्वार |
| हुंति-होय छे. | मुत्तं-मूकीने | वक्खायं-वखाण्युं, |
| सव्वेसु-सर्व | समणं-श्रमण | कह्युं. |

अर्थः—पुलाक निग्रन्थ मूकीने बाकीना सर्व निग्रन्थो संहरणथी निश्चे सर्व कालमां (आरामां) होय—अने (महाविदेहमां तेओनी सत्ता हंमेशां होवाथी) ए प्रमाणे कालद्वार कह्युं. ४४

समणी अवगयवेयं, परिहार पुलायमप्पमत्तं च ।
चउदसपुव्वी आहारगं च, न य कोइ संहरइ॥५५॥दा.१२

| | | |
|---|---|---|
| समणी-साध्वी | चारित्री | आहारगं-आहारक- |
| अवगयवेयं-अपगत- | पुलायं-पुलाक | लब्धिवंत |
| वेदी अवेदी | अप्पमत्तं-अप्रमत्त | कोइ-कोइ |
| परीहार-परीहार | चउदसपुव्वी-चौदपूर्वी | संहरेइ-संहरे |

अर्थः—अवेदी साध्वी, परिहार चारित्री, पुलाक चारित्री, अप्रमत्त साधु, चौद पूर्वी अने आहारक लब्धिवंत एटलाने कोई देवादिक संहरे नहि. ५५.

**अंतिम दुअ वज्जाणं, उववाओ जहन्नओ अ सोहम्मे ।**
**उक्कोसेणं सो पुण, होइ पुलायस्स सहस्सारे ॥ ५६ ॥**

| | | |
|---|---|---|
| अंतिमदुअ-छेल्ला बे | सोहम्मे-सौधर्म देव-लोके | होइ-होय |
| वज्जाणं-वर्जीने | उक्कोसेणं-उत्कृष्टथी | पुलायस्स-पुलाक |
| उववाओ-उपपात, उपजवुं | सो-ते ( उपपात ) | सहस्सारे=सहस्रार देवलोकमां |
| जहन्नओ-जघन्यथी | पुण-वळी | |

अर्थः—छेल्ला बे वर्जीने बाकीनानो उपपात जघन्यथी सौधर्ममां अने उत्कृष्टथी पुलाकनो सहस्रारे होय छे. ५६.

विवेचनः—हवे १३ मूं गतिद्वार कहे छेः-एटले निर्ग्रंथ कये कये स्थळे उपजे ते कहे छेः-निर्ग्रन्थ अने स्नातक ए बे निर्ग्रन्थने वर्जीने बाकीना पुलाक, वकुश अने कुशील ए त्रण निर्ग्रंथ जघन्यथी सौधर्म देवलोक सुधी उपजे. पुलाक उत्कृष्टथी सहस्रार देवलोक सुधी उपजे. ५६.

**बउस पडिसेवयाणं तु अच्चुएणुत्तरेसु सकसाए ।**
**अजहण्णाणुक्कोसे, णाणुत्तरेसु नियंठस्स ॥ ५७ ॥**

| | | |
|---|---|---|
| बउस-बकुश | अणुत्तरेसु-अनुत्तरे | अणुक्कोसे-अनुत्कृष्ट |
| पडिसेवयाणं-प्रतिसेवा कुशील | सकसाए-कषाय कुशीलने | अणुत्तरेसु-अनुत्कृष्ट |
| अच्चुएण-अच्युत | अजहण्ण-अजघन्य | नियंठस्स-निग्रंथने |

अर्थः—बकुश अने प्रतिसेवा कुशीलनुं उत्कृष्टथी उपजवुं अच्युत देवलोके होय. कषाय कुशीलनुं उत्कृष्टथी अनुत्तरे तथा निर्ग्रंन्थनुं जघन्य अने उत्कृष्टथी अनुत्तरेज होय (जघन्य उत्कृष्टनथी).५७

**सिद्धी सिणायगस्स उ एए अविराहगा पुण ।**
**हविज्जा इंदा सामाणिय तायत्तासया लोगपालाया॥५८**

| | | |
|---|---|---|
| सिद्धी-मोक्ष | राधक | नोक |
| सिणायगस्स-स्नातकने | पुण-वळी | ताय त्तीसया-त्रायत्रिंश |
| पए-ए निर्ग्रंथो | हविज्जा-होय | लोगपाला-लोकपाल |
| अविराहगा-अवि- | इंदा-इंद्र | वा-अथवा |
| | सामाणिय-सामा- | |

अर्थः—स्नातक मोक्षेज जाय वळी ए अविराधक थका इंद्र, सामानिक देव, त्रायत्रिंश देव अथवा लोकपाल थाय. ५८.

विवेचनः—छेल्ला स्नातक मोक्षेज जाय, कारण के तेरमे चौद गुणठाणे स्नातक होय. अने केवली तो अवश्य मोक्षेज जाय. स्नातक सिवायना बाकीना चार निर्ग्रन्थो अविराधक थका इंद्र, सामानिक देव, त्रायत्रिंश देव अथवा लोकपाल थाय. ए महार्धिक देवो जाणवा. ५८.

पलिय पुहुत्तं थोवा, देवठिइ अंतदुअ विवज्जाणं ।
उक्कोसा सव्वेसिं, जा जंमि इोइ सुरलोए ॥५९॥द्वा० १३

| | | |
|---|---|---|
| पलियपुहुत्तं-पल्योपम पृथक्त्व | अंतदुअ-छेल्ला बे | जा-जेटलुं |
| थोवा-थोडा, जघन्यथी | विवज्जाणं-वर्जीने | जंमि जेमां |
| देवठिइ-देवस्थिति | उक्कोसा-उत्कृष्टथी | होइ होय |
| | सव्वेसिं-सर्वेने | सुरलोए-देवलोकमां |

अर्थः—छेल्ला बेने वर्जीने जघन्यथी पल्योपम पृथकत्व जघन्य स्थिति होय. उत्कृष्टथी सर्वेनी जे देवलोके जेटली होय तेटली५९

विवेचनः—निग्रन्थ तथा स्नातक ए बे वर्जीने बाकीना त्रण एटले पुलाक बकुश तथा कुशील देवलोकमां उपजे त्यां जघन्यथी पल्योपम पृथक्त्व एटले बेथी नव पल्योपमनी स्थिति जाणवी. अने उत्कृष्टथी जे देवलोकमां पूर्वे उपपात कह्यो तेनी उत्कृष्ट स्थिति टली स्थिति जाणवी. ५९

पत्तेअमसंखिज्जा संजमठाणा हवंति हु चउण्हं ।
निग्गंथ सिणायाणं इक्कं चिय संजमठाणं ॥ ६० ॥

| | | |
|---|---|---|
| पत्तेअ-प्रत्येकने | स्थान | इक्कं-एक |
| असंखिज्जा-असं-ख्याता | हवंति-होतु | चिय निश्चे |
| | हु-निश्चे | संजमठाणं-संयम-स्थान. |
| सजमठाणा-संयम- | चउण्हं-चारने | |

अर्थः—चारने दरेकने असंख्याता संयमस्थान होय. निर्ग्रन्थ अने स्नातकने एकज संयम स्थान होय. ६०

विवेचनः—हवे चौदमुं संयमस्थान द्वार कहे छेः—पुलाक, बकुश, प्रति सेवा कुशील अने कषाय कुशील ए प्रत्येकने असंख्याता संयमस्थान होय. संयमस्थान ते अध्यवसायनी विशुद्धि रूप स्थानक जाणवा. असंख्याता लोकाकाशना जेटला प्रदेश तेटला संयमना अध्यवसाय स्थान छे. निर्ग्रन्थने तथा स्नातकने एकज संयमस्थान होय कारणके तेमने उपशम अथवा क्षपक रूप एकज अध्यवसाय छे. बीजा अध्यवसाय स्थान तेना कारण नथी. ६०

णिग्गंथ सिणायाणं, तुल्लं इक्कं च संयमेठाणं ।
पत्तेयमसंखगुणा, पुलाय बउसाण ते हुंति ॥ ६१ ॥

पडिसेवणा कसाइण, तहेव तत्तो असंखगुणिया य ।
छण्हंपिय पत्तेयं, चारित्ति य पज्जवाणंता ॥६२॥द्वा० १४॥

| | | |
|---|---|---|
| णिग्गंथ-निर्ग्रन्थ | पत्तेयं-प्रत्येकने | असंखगुणिया-असं-ख्यात गुणा |
| सिणायाणं-स्नातकने | असंखगुणा-असंख्यातगुण | छण्हंपि-छयने |
| तुल्लं-तुल्य | ते-ते ( अध्यवसाय ) | चारित्तिय-चारित्रना |
| इक्कं-एक | हुंती-होय छे | पज्जवा-पर्याये |
| संयमे-संजममां | तहेव-तेमज | अणंता-अनंत |
| ठाणं-स्थान | तत्तो-तेथी | |

अर्थः—निर्ग्रन्थ अने स्नातकनुं परस्पर तुल्य एटले एकज संयमस्थान होय.तेनाथी पुलाक अने बकुस प्रत्येकना असंख्यातगुणा६१.
तेनाथी प्रतिसेवना कुशोल अने कषाय कुशीलना असंख्तात गुणा. ए छएनां प्रत्येके चारित्रना पर्यायो अनंता होय. ६२

विवेचनः—निर्ग्रन्थ तथा स्नातकनां संयमस्थान सौथी थोडां अने तुल्य बंनेने सरखुं अने एकज संयम स्थान होय,तेथी पुलाकनिग्रन्थ तथा बकुशनि ग्रंथ ए दरेकना अध्यवसाय स्थानो असंख्यात गुणा, तेथी प्रतिसेवना कुशील अने कषाय कुशीलनां प्रत्येके अध्यवसाय स्थानो असंख्यात गुणा होय. एवी रीते संयमद्वार कह्युं. ए छए निर्गन्थना प्रत्येकना चारित्रना पर्यायो अनंता होय छे. ६१–६२

सट्ठाणं संनिगासे पुलओ पुलयस्स पज्जवेहिं समो ।
हीणहिओ छट्ठाणा परठाण कसाइणो एवं ॥६३॥

| | | |
|---|---|---|
| सट्ठाणं· स्वस्थान | पज्जवेहिं—पर्याय | छट्ठाण-स्वस्थान |
| संनिगासे-संनिकर्ष | समो-समान | परट्ठाण-परस्थान |
| पुलओ-पुलाक | हीण-हीन | कसाइणो-कषायी |
| पुलायस्स–पुलाकना | अहिओ-अधिक | एवं–ए प्रमाणे. |

अर्थः—स्वस्थान संनिकर्ष पुलाकने पुलाकना पर्यायो साथे सरखो हीन अथवा अधिक एम छ स्थान होय, परस्थानमां कषाय कुशीलने एमज. ६३

विवेचनः—हवे पंनरमुं निकर्षद्वार कहे छेः-निकर्ष एटले संयोग. अहींयां परस्परना पर्यायोनी विशुद्धिनुं हीनाधिक पणुं, ते बे प्रकारे १स्वस्थान संनिकर्ष. २परस्थान संनिकर्ष. स्वस्थान संनिकर्ष एटले स्वजातिनो एक बीजा साथे जेमके पुलाकनो पुलाक साथे अने परस्थान एटले भिन्न जातिनो जेमके पुलाकनो कुशील साथे

हवे पुलाकनो स्वस्थान संनिकर्ष आ प्रमाणेः-पुलाकनो पुलाक

साथे सरखो पण होय. एटले अमुक अमुक पर्यायो विशुद्धिमां सरखा पण होय. तथा हीन पण होय. एटले एकथी बीजाना विशुद्धिना पर्यायो ओछी विशुद्धिवाळा पण होय अने विशेष विशुद्धिवाळा पण होय. हीनाधिक होय ते छ प्रकारे हीन होय अथवा अधिक होय ते आवी रीते.

| हीननां छ स्थान. | वृद्धिनां छ स्थान. |
|---|---|
| १ संख्यात गुण हीन | १ संख्यात गुण अधिक |
| २ असंख्यात गुण हीन | २ असंख्यात गुण अधिक |
| ३ अनंत गुण हीन | ३ अनंत गुण अधिक |
| ४ संख्यात भाग हीन | ४ संख्यात भाग अधिक |
| ५ असंख्यात भाग हीन | ५ असंख्यात भागाधिक |
| ६ अनंत भाग हीन | ६ अनंत भागाधिक |

एम स्वस्थाने छ स्थाने परस्पर हीनाधिक होय.

हवे परस्थाने कषाय कुशीलनी अपेक्षाए पुलाक समहीनाधिक एमज छ स्थाने होय. कारण के पुलाकना तथा कषाय कुशीलना सर्व जघन्य संयम स्थानक शरुआतथी मंडाय ते असंख्याता असंख्याता स्थानक सरखा चाले माटे त्यां सुधी समविशुद्धि होय. पछी पुलाक तेवाज हीन परिणामे रही जाय अने कषाय कुशील विशुद्ध परिणामे वधतो वधतो असंख्याता स्थान चाले. पछी कषाय कुशील प्रतिसेवा कुशील अने बकुश असंख्याता स्थान साथे चाले एटले सरखी विशुद्धिए वर्ते पछी बकुश पाछल रहे एटले विशुद्धिए वधे नहि. प्रतिसेवा कुशील अने कषाय कुशील असंख्याता स्थान साथे चाले पछी प्रतिसेवा कुशील रही जाय पछी कषाय कुशील असंख्याता स्थान चाले. पछी आगळ एकज उत्कृष्ट संयम स्थान

निग्रंथनुं आवे. ते माटे कषाय कुशील तथा पुलाक छट्ठाणवडीआं संभवे.

असत्कल्पनाए छ वृद्धि हानि आवी रीते समजवी.

वृद्धि.

१ सोथी हजार संख्यात गुण वृद्धि.
२ सोथी बेहजार असंख्यात गुण वृद्धि
३ सोथी दशहजार अनंतगुण वृद्धि
४ सोथी एकसो एक ते अनंत भाग वृद्धि.
५ सोथी एकसो पांच ते असंख्यात भाग वृद्धि
६ सोथी एकसो दश ते संख्यात भाग वृद्धि

हानि.

१ सोथी नवाणु ते अनंत भाग हीन.
२ सोथी पंचाणु ते असंख्यात भाग हीन
३ सोथी नेवु ते संख्यात भाग हीन
४ सोथी दश ते संख्यात गुण हीन
५ सोथी पांच ते असंख्यात गुणहीन
६ सोथी एक ते अनंत भाग हीन.

बउसा सेविनियंठग नायाणं हुज्जणंतगुणहीणो ।
बउसो सठाण सेवग कसाइणं तुल्लग छठाणो ॥६४॥

| | | |
|---|---|---|
| बउसा-बकुशथी | हुज्ज-होय | सेवग प्रतिसेवी |
| सेवि-प्रतिसेवी कुशीलथी | अणंतगुणहीणो-अनंत गुणहीन | कसाइणं-कषाय कुशीलना |
| नियंठग-निग्रंथ | बकुसो-बकुश | तुल्लग-तुल्य |
| नायाणं-स्नातकथी | सट्ठाण-स्वस्थान | छट्ठाणो-छ स्थान |

अर्थः—(पुलाक) बकुशथी, प्रतिसेवी कुशीलथी, निग्रंथथी अने स्नातकथी अनंतगुण हीन होय. बकुश स्वस्थान प्रतिसेवी कु-

शील अने कषाय कुशीलनी अपेक्षाए तुल्य तथा छ स्थान (हीनाधिक होय. ६४.

विवेचनः—बकुशथी, प्रतिसेवी निग्रंथथी तथा स्नातकथी पुलाक अणंतगुणहीन विशुद्धिए वर्तता होय. ए प्रमाणे पुलाकनो परस्थान संनिकर्ष जाणवो.

हवे बकुशनो स्वस्थान तथा परस्थान संनिकर्ष आ प्रमाणेः—स्वस्थाने एक बकुशथी बीजो बकुश विशुद्धिए सरखो पण होय. तथा हीनाधिक होय. ते हीनाधिक छट्ठाण वडीया होय. स्वस्थाननी पेठे परस्थानमां पण प्रतिसेवी कुशील तथा कषाय कुशीलनी अपेक्षाए बकुशनी विशुद्धि जाणवी. एटले सरखी तथा छस्थान हीनाधिक होय. ६४.

एवं सेवी कसाई नेओ निग्गंथ नायगाय पुणो ।
तुल्ला इयराणं पुण, अहिया ते णंतगुणिएणं ॥६५॥

| | | |
|---|---|---|
| एवं-ए प्रमाणे | निग्गंथ-निग्रंथ | बीजाथी |
| सेवी-प्रतिसेवा कुशील | नायगा-स्नातक | अहिया-अधिक |
| कसाइ-कषाय कुशील | पुणो-वळी | ते-ते बे |
| नेओ-जाणवा | तुल्ला-तुल्य | अणंतगुणिएणं-अणंतगुणा |
| | इयराणं-इतरथी, | |

अर्थः—ए प्रमाणे प्रतिसेवा कुशील तथा कषायकुशील जाणवा. निग्रंन्थ अने स्नातक वळी तुल्य जाणवा अने इतरथी अणंतगुण अधिक जाणवा. ६५.

विवेचनः—ए प्रमाणे बकुशनी पेठे प्रतिसेवा कुशील तथा कषाय कुशीळ जाणवा. विशेषता एटली के बकुश कुशीलथी अधिक न होय. तथा कषायकुशील परस्पर छ स्थान वडीयो होय निग्रंथ अने स्नातक परस्पर तुल्य छे. अने प्रथमना चार करतां अनंतगुण अधिक अणंतगुण अधिक विशुद्धिए वर्तता होय. ६५.

सकसाय पुलायाणं समा जहन्नउ पज्जवा थोवा ।
तेहिं तोणंतगुणा उक्कोसा ते पुलायस्स ॥ ६६ ॥

| | | |
|---|---|---|
| सकषाय-कषाय कुशील | जहन्नउ-जघन्यथी | अणंतगुणा-अनंतगुण |
| पुलायाणं-पुलाकना | पज्जवा-पर्यायो | उक्कोसा-उत्कृष्ट. |
| समा-सरखा | थोवा-थोडा | ते-ते ( पर्यायो ) |
| | तेहिंतो-तेथी | पुलायस्स-पुलाकना |

अर्थः—कषायकुशील अने पुलाकना जघन्य पर्यायो थोडा छे अने परस्पर सरखा छे. ते करतां पुलाकना उत्कृष्ट पर्यायो अनंतगुणा छे. ६६.

बउस पडिसेवगाणं, समा जहन्ना तहाणंतगुणा ।
बउसा सेविकसाइ, णुक्कोसाणंतगुणकमसो ॥ ६७ ॥

| | | |
|---|---|---|
| पडिसेवगाणं-प्रतिसेवा कुशील | तहा-तथा | कसाइण-कषाय कुशीलना |
| समा-सरखा | अणंतगुणा-अनंतगुण | उक्कोसा-उत्कृष्ट |
| जहन्ना-जघन्य | बउसा-बकुश | कमसो-अनुक्रमे |
| | सेवी-प्रतिसेवा कुशील | |

अर्थः—बकुश अने प्रतिसेवा कुशीलना जघन्य पर्याय परस्पर सरखा. अने पुलाकथी अनंतगुणा. तथा बकुश, प्रतिसेवा कुशील अने कषाय कुशीलना उत्कृष्टा पर्याय अनुक्रमे अनंतगुणा. ६७

विवेचनः—बकुश निग्रंथ अने प्रतिसेवा कुशील निग्रंथना जघन्य पर्याय सरखा छे. अने पुलाक करतां अणंतगुण छे. तेथी बकुशना उत्कृष्ट पर्याय अनंतगुण, तेथी प्रतिसेवा कुशीलना उत्कृष्ट अनंतगुण तेथी कषाय कुशीलना 'उत्कृष्ट अनंतगुण. ६७

णिग्गंथ सिणायाणं अजहण्णुक्कोसया समा हुंति ।
पुरिमाणय णंतगुणा निगासदारं गयं एयं ॥६८॥ दा० १५॥

| | | |
|---|---|---|
| णिग्गंथ-निग्रंथ | समा-सरखा | निगास-निकर्ष |
| सिणायाणं-स्नातकना | हुंति-छे | दारं-द्वार |
| अजहण्णुक्कोस-अजघ-न्योत्कृष्ट | पुरिमाण-पूर्वनाथी | गयं-गयुं |
| | अणंतगुणा-अनंतगुण | एयं-आ |

अर्थः—निग्रंथ अने स्नातकना अजघन्योत्कृष्ट सरखा होय. तथा पूर्वनाथी अनंतगुण होय. आ निकर्षद्वार गयुं. ६८

विवेचनः—निग्रन्थो अने स्नातकना पर्याय सरखा छे. न जघन्य न उत्कृष्ट एटले परस्पर सरखा छे. अने पूर्वेना चारे निग्रंथो करतां अनंतगुणा छे. ए प्रमाणे पंदरमुं निकर्षद्वार पुरुं थयुं. ६८

मणवयकाइयजोगा एएउ सिणायउ अजोगोवि ।दा० १६।
दुविहु उवओग। सव्वे; (दा० १७) आइतियं चउकसाइ-
ल्लं ॥६९॥

सकसाओ पुण चउसुवि तिसु दुसु वा इक्कहिव लोहंमि।
खीणउवसंतकसाओ, निग्गंथो ण्हायगाकसाओ॥७०॥
दा० १८ ॥

| | | |
|---|---|---|
| मण-मन योग | सव्वे-सर्वे | दुसु-बेमां |
| वय-वचन योग | आइतियं-प्रथमना त्रणने | वा-अथवा |
| काइयजोगा-काययोग | चउकसाइल्लं-चार कषाय | इक्कहिं-एकमां |
| एएउ-एओमां | सकसाओ-कषायकुशील. | लोहंमि-लोभमां |
| सिणायउ-स्नातक | पुण-वळी | खीण-क्षीण |
| अजोगोवि-अयोगीपण | चउसुवि-चारेमां | उवसंत-उपशांत |
| दुविहु-बे प्रकारना | तिसु-त्रणमां | कसाओ-कषायवंत |
| उवओगा-उपयोग | | निग्रंथो-निग्रंथ |
| | | अकसाओ-अकषाय |

अर्थः—एमने मन, वचन अने काययोग होय, स्नातक अयोगी पण होय. सर्व बंने प्रकारना उपयोगवाळा होय. प्रथमना त्रण चारे कषायवंत होय. ६९

विवेचनः—हवे सोळमुं याग द्वार कहे छे. पांचे निग्रंथने मन वचन अने कायाना ए त्रणे योग होय. तेर गुणठाणा सुधी योग होवाथी तथा स्नातक अयोगी पण होय. चौदमे गुणठाणे योगनो अभाव होवाथी.

हवे सत्तरमु उपयोग द्वार कहे छेः—पांचे निग्रंथ साकारोपयोग अने निराकारोपयोग अथवा ज्ञानोपयोग अने दर्शनोपयोग ए बे उपयोगवंत होय.

अढारमुं कषाय द्वार—पुलाक, बकुश तथा प्रतिसेवा कुशीलने संज्वलन क्रोध, मान, माया अने लोभरूप चारे कषाय होय. तथा कषायकुशीलने ए चारे कषाय होय. तथा उपशम श्रेणिए क्रोध उपशमावे थके अथवा क्षपक श्रेणिए खपावे थके त्रण क्रोध विना त्रण कषाय पण होय. मान खपावे अथवा उपशमावे थके क्रोध अने मान विना बे पण होय. तथा माया उपशमावे अथवा खपावे एकलो लोभ पण होय. निग्रंथ क्षीणकषायी अथवा उपशांतकषायी होय. तथा स्नातक अकषायी होय. ६९—७०

आइतियं सुहलेसं कसायवं छसुवि छठिइ नियंठो ।
ण्हाओय परम सुक्को, लेसाइओ व हुज्जाहि ॥७१॥
दा० १९ ॥

| | | |
|---|---|---|
| आइतियं-प्रथमना त्रणने | शीलने | परमसुक्को-परमशुक्ल |
| सुहलेसं शुभ लेश्या | छसुवि-छएमां | लेसाइओ-लेश्यातीत |
| कसायवं-कषाय कु- | छठिइ-छठीमां | हुज्जाहि-होय छे |
| | ण्हाओय-स्नातक | व-अथवा |

अर्थः—प्रथमना त्रणने शुभलेश्या, कषाय कुशीलने छए लेश्या, निग्रंथने छठी लेश्या, स्नातक परम शुकल ध्यानी अथवा लेश्यातीत पण होय. ७१.

विवेचनः—हवे ओगणीसमु लेश्या द्वार कहे छेः-पुलाक, बकुश तथा प्रतिसेवा कुशीलने तेजो पद्म अने शुक्ल ए त्रण शुभ लेश्या होय. कषाय कुशीलने छए लेश्या होय. निर्ग्रंथने छठी शुक्ल लेश्याज होय. अने स्नातकने तेरमे गुणठाणे परम शुक्ल होय अने चौदमे गुणठाणे लेश्यातीत होय एटले एके लेश्या न होय. अलेशी होय. ७१.

वड्ढंत हीयमाणा य अवठियपरिणामया कसायंता।
नो हीयमाणभावा, निग्गंथ सिणायया हुंति ॥ ७१ ॥

| | | |
|---|---|---|
| वड्ढंत-वधता | कसायंता-कषाय कुशील सुधी | विन ना |
| हायमाण-हीन थता | | निग्गंथ निग्रंथ |
| अवठिय-अवस्थित | नोहीयमाण भावा-हीयमान परिणाम | सिणायया-स्नातक |
| परिणामया-परिणामी | | हुंति होय छे. |

अर्थः—कषाय कुशील सुधी वधता, घटता तथा अवस्थित परिणामी होय. निग्रंथ तथा स्नातक हीयमान परिणाम विनाना होय. ७२.

विवेचनः—हवे वीसमूं परिणामद्वार कहे छेः—कषाय कुशील सुधीना एटले पुलाक, बकुश, प्रतिसेवा कुशील तथा कषाय कुशील ए चारे निर्ग्रन्थो वधते परिणामे पण होय, घटते परिणामे पण होय अने अवस्थित परिणामे पण होय. निग्रन्थ तथा स्नातक हीयमान परिणामे न होय एटले वधता परिणामे होय अथवा अवस्थित परिणामे होय. कारणके निग्रन्थ पडतो ते कषाय कुशीलज होय. ७२.

समयमवठिय भावो जहन्न इयरो उ सत्तसमयाउ।
समयंत मुहुत्ताइं सेसाओ आइमचउण्हं ॥ ७३ ॥

| | | |
|---|---|---|
| समयं-एक समयनो | इयरो-इतर (उत्कृष्ट | यथी अंतर्मुहूर्त. |
| अविठियभावो-अवस्थितभाव | सत्त सात | सेस ओ बाकीना भावो |
| | समयाउ-समयनो | जाइमचउण्हं-प्रथमना चारने |
| जहन्न-जघन्यथी | समयंत मुहुत्ताइं-सम- | |

अर्थः—प्रथमना चारने जघन्यथी एक समयनो अवस्थितभाव अने इतर सात समयनो बाकीना समय अने अंतर्मूहुर्त ७३.

विवेचनः—पुलाक, बकुश, प्रतिसेवा कुशील तथा कषायकुशीळ ए चारने अवस्थित भाव जघन्यथी एक समय अने उत्कृष्टथी सात समयनो होय. बाकीना बे भाव वर्धमान तथा हीयमान जघन्यथी एक समय अने उत्कृष्टथी अंतर्मूहूर्तना होय. ७३

निग्गं थंतमुहुत्तं दुहावि भावो पवढ्ढमाणो उ ।
समयं जहण्णवठिय अंतमुहुत्तं चउक्कोसो ॥ ७४ ॥

| | | |
|---|---|---|
| निग्गंथ-निग्रन्थने | पवढ्ढमाणो प्रवर्धमान | अवट्ठिय-अवस्थित |
| अंतमुहुत्तं-अन्तर्मुहुर्त | समयं एक समय | अंतमुहुत्त-अन्तर्मुहुर्त |
| दुहावि-बंने प्रकारे | जहण्ण-जघन्य | उक्कोसो-उत्कृष्टथी |
| भावो-भाव | | |

अर्थः—निग्रंन्थने प्रवर्धमान बन्ने प्रकारे अंतर्मूहूर्तना अवस्थित जघन्यथी एक समय अने उत्कृष्ट अंतर्मूहूर्त ७४.

विवेचनः—निग्रंन्थने वर्धमान भाव जघन्यथी अन्तर्मुहूर्त अने उत्कृष्टथी अन्तर्मूहूर्त तथा अवस्थित भाव जघन्यथी एक समयनो अने उत्कृष्टथी अन्तर्मुहुर्तनो. ७४.

ण्हायस्स वढ्ढमाणो अंतमुहुत्तं दुहावि परिणामो ।
एवं अवठिओ विहु ऊक्कोसो पुव्वकोडुणो॥७५॥दा२०॥

| | | |
|---|---|---|
| ण्हायस्स-स्नातक | परिणामो-परिणाम | उक्कोसो-उत्कृष्ट |
| वढ्ढमाणो-वर्धमान | एवं-ए प्रकारे | पुव्वकोडुणो-पूर्व कोडिना |
| अंतमुहुत्त-अंतर्मूहुर्त | अवट्ठिओवि-अवस्थित पण | |
| दुहावि-बंने प्रकारे | | |

अर्थः—स्नातकनो वर्धमान परिणाम जघन्यथी अने उत्कृष्टथी एम बंने प्रकारे अंतर्मूहूर्तनो. एम अवस्थित परिणाम पण उत्कृष्टथी पूर्वकोडीनो ॥७५॥

विवेचनः—स्नातकनो वर्धमान परिणाम जघन्यथी अन्तर्मूहूर्त. उत्कृष्टथी पण अंतर्मुहूर्त शैलेशी करणकाले होय. तथा अवस्थित परिणाम जघन्यथी अन्तर्मूहूर्त आयुष्य होय अने केवल ज्ञान पामे तेनी अपेक्षाए अने उत्कृष्टथी अवस्थित परिणामनो काल देशेउणी पूर्व कोडी. एटले पूर्व कोटिमां कांइक ओछुं ए प्रमाणे परिणाम द्वार कह्युं ७५

बंधइ सत्तपुलाओ कम्मपयडी आउ वज्जाओ ।
बउसा सेवी सत्तठ कसाई सत्त अट्ठ छ वा ॥ ७६ ॥

| | | |
|---|---|---|
| बंधई-बांधे | प्रकृति | आठ |
| सत्त-सात | आउवज्जाओ-आयुष्य वर्जीने | कसाई-कषाय कुशील |
| पुलाओ-पुलाक | | छ-छ कर्म |
| कम्मपयडी-कर्म | सतट्ठ-सात तथा | वा-अथवा |

अर्थः—पुलाक आयुष्य वर्जीने सात कर्म प्रकृति बांधे. बकुश तथा प्रतिसेवा कुशील सात आठ अने कषाय कुशील सात आठ अथवा छ बांधे. ७६.

विवेचनः—हवे २१ मूं बंधद्वार कहे छेः—पुलाक आयुष्य कर्म सिवायना बाकीना सात कर्म बांधे कारणके एने आयुष्य योग्य अध्यवसाय स्थान नथी माटे आयुष्यनो बंध न होय. बकुश तथा कुशील आयुष्य विना सात तथा आयुष्य साथे आठ पण बांधे. कषाय कुशील आयुष्य साथे आठ. आयुष्य विना सात अथवा आयुष्य अने मोहनीय विना छ कर्म पण बांधे. ७६.

मोहाउ वज्जिआ छउ निग्गंथो वेयणीयमेविक्कं ।
ण्हाउय सायवेयं बंधइ बंधेण रहिओ वा ॥७७॥दा०२१

| | | |
|---|---|---|
| मोहाउ-मोहनीय अने आयुष्य. | निग्गंथो निग्रंथ | सायवेयं-शातावेदनीय |
| | वेयणीयं-वेदनीय | बंधेण रहिओ-बंध रहित |
| वज्जिआ-वर्जित | एव-निश्चे | |
| छउ-छ कर्म | इक्कं-एक | वा-अथवा |

अर्थ—मोहनीय अने आयु वर्जीने छ.निग्रंथ एक वेदनीयज बांधे स्नातक शाता वेदनीय बांधे अथवा बंधरहित होय ७७.

विवेचनः—छ नो बंध-मोहनीय अने आयुष्य ए बे कर्म वर्जीने जाणवो. निग्रंथने एक वेदनीय कर्मनोज बंध होय ते पण शाता वेदनीयनोज होय. स्नातकने पण एक शातावेदनीयनोज बंध होय ते तेरमे गुणठाणे. चोदमे गुणठाणे तो बंध रहितज होय. योगना अभावथी बंधनो अभाव होवाथी ७७.

वेयंति अठ चउरो निग्गंथो सत्तमोहवज्जाउ ।
एहाउ घाइ विवज्जो, चउरो वेएइ कम्मंसे॥७८॥द्वा०२२॥

| | | |
|---|---|---|
| वेयंति-वेदे, भोगवे | सत्त-सात | वर्जीने |
| अठ-आठ | मोहवज्जाउ-मोह | वेएइ-वेदे |
| चउरो-चार (निग्रंथो) | वर्जीने | |
| निग्गंथो-निग्रंथ | घाइविवज्जो-घाती | कम्मंसे-कर्मांश |

अर्थः—चार निग्रंथ आठ कर्म वेदे, निग्रंथ मोह वर्जीने सात स्नातक घाती वर्जीने चार कर्म वेदे. ७८.

विवेचनः—हवे वेदद्वार कहे छेः-पुलाक. बकुश, तथा बंने प्रकारना कुशील ए चार निग्रन्थो आठे कर्म वेदे. दश गुणठाणा सुधी आठे कर्मनो उदय होवाथी निग्रंथ मोहनीय विना सात कर्म भोगवे. अगिआरमे बारमे गुणठाणे मोहनीयनो उदय नहि होवाथी स्नातक ज्ञानावरणीय, दर्शनावरणीय, मोहनीय अने अंतराय ए चार घाती कर्म वर्जीने बाकीना वेदनीय, आयुष्य नाम अने गोत्र ए चार अघाती कर्म वेदे. ए बावीसमुं वेद द्वार-कर्मना उदयरूप कह्युं. ७८.

वेयणीयाउ अवज्जा पयडीओ उदीरइ छउ पुलाओ।
बउसा सेवी सत्तठ छच्च सत्ताउ वज्जाओ ॥ ७९ ॥

सकसाओ एयाउ पंचयं वेयाउ मोह वज्जाउ।
एव पंचनियंठो, दुन्नियनामं च गुत्तंच ॥८०॥दा.२३। ४१

| | | |
|---|---|---|
| वेयणीयाउअ-वेदनीय अने आयुष्य | पुलाओ-पुलाक | पंचयं-पांच |
| वज्जा-वर्जीने | आउ वज्जाओ-आयुष्य वर्जीने | एवं-एमज |
| पयडीओ-प्रकृतिओ | सकसाउ-कसाय कुशील | नियंठो-निग्रंथ |
| उदीरइ-उदीरे | पयाओ-आ | दुन्नि-बे |
| छउ-छ | | नामं-नाम कर्म |
| | | गुत्तं-गोत्र कर्म |

अर्थः—पुलाक वेदनीय अने आयुष्य वर्जीने छ कर्म प्रकृति उदीरे बकुस अने प्रतिसेवा कुशील सात, आठ अने छ आयुष्य विना सात कषाय कुशील वेदनीय, आयुष्य अने मोहनीय वर्जीने पांच ए प्रमाणे निग्रंथने पण पांच तथा नाम अने गोत्र ए बे कर्मनी उदीरणा होय. ७९-८०

विवेचनः—हवे २३ मूं उदीरणा द्वार कहे छेः-पुलाक ने वेदनीय अने आयुष्य वर्जीने छ कर्म प्रकृतिनी उदीरणा होय. बकुश अने प्रतिसेवा कुशील ने सातकर्मनी, आठ कर्मनी अने छ कर्मनी उदीरणा होय सर्व कर्मनो उदय होय त्यारे आठ, आयुष्य विना सात अने वेदनीय अने आयुष्य विना छ कषाय कुशीलने वेदनीय, आयुष्य अने मोहनीय ए त्रण कर्म विना पांच कर्मनी उदीरणा. निग्रन्थने एज पांच कर्मनी उदीरणा तथा बारमा गुणठाणानी अंतमां नाम अने गोत्र ए बे कर्मनीज उदीरणा होय. ७९-८०

ण्हाओ एवं दुन्नि उदीरणाए वज्जिओवसोहेइ।दा०२३।
चइऊण पुलायत्तं, होइ कसाई अविरओ वा ॥८१॥

| | | |
|---|---|---|
| ण्हाओ-स्नातक | वज्जिओ-वर्जीत | होइ-होय. |
| एवं-एमज | उवसोहेई-शोभे | कसायी-कषाय कुशील |
| दुन्नि-बे | चइऊण-त्यजीने | |
| उदीरणाए-उदीरणा | पुलायत्तं-पुलाकपणुं | अविरओ-अविरती |

अर्थः—स्नातकने एमज बे कर्मनी उदीरणा अथवा उदीरणा वर्जीत शोभे. पुलाकपणुं तजीने कषाय कुशील अथवा अविरती थाय. ८१.

विवेचनः—स्नातकने पण नाम अने गोत्र ए बे कर्मनी उदीरणा होय. ते तेरमे गुणठाणे होय तथा चौदमे तो अनुदीरक होय. एटले कोइ कर्मनी उदीरणा नहोय. हवे चोवीसमुं उव संपजहनद्वार कहे छेः–पुलाक पुलाकपणुं तजीने कषायकुशील थाय. कारणके ते सरखा परिणामी छे. अथवा देवपणामां अविरतिपण थाय. ८१.

बउसत्तचुओ सेवी कसायवं अविरओव ।
सड्ढो वा सेवित्तचुओ बउसो कसाय सड्ढो अविरओवा
॥ ८२ ॥

| | | |
|---|---|---|
| बउसत्त-बकुशपणांथी | शील | सड्ढो-श्रावक |
| चुओ-चवेलो | कसायवं-कषायकुशील | सेवित्तचुओ-प्रतिसेवा- |
| सेवी-प्रतिसेवा कु- | अविरओ-अविरत | कुशीलथी-चवेलो |

अर्थ—बकुशपणु तजीने प्रतिसेवा कुशील, कषाय कुशीलअविरती अथवा श्रावक थाय. प्रतिसेवा कुशीलथी चवेला बकुश, कषाय कुशील, श्रावक अथवा अविरत थाय. ८२

विवेचनः—बकुश निग्रंथ बकुशपणुं तजीने प्रतिसेवा कुशील थाय अथवा कषाय कुशील थाय अविरति पण थाय अथवा श्रावक पण थाय. तथा प्रतिसेवा कुशील कुशीलपणुं मूकीने बकुश थाय अथवा कषाय कुशील थाय, श्रावक पण थाय अथवा अविरतीपणूं पण पामे. ८२.

सकसाओ पुण पुलाओ, बउसो पडिसेवगो नियंठो वा।
सड्ढो असंजओ वा हविज्ज चइउ कसाइत्तं ॥८३॥

| | | |
|---|---|---|
| संकसाओ-कषाय-कुशील | असंजओ-अविरति | कसाईत्तं-कषाय कु- |
| हविज्ज-होय | चइउ-त्यजीने | शीलपणुं |

अर्थः—कषायकुशील कषाय कुशीलपणाने त्यजीने पुलाक थाय, अथवा बकुश थाय, अथवा प्रतिसेवा कुशील अथवा निग्रंथ अथवा श्रावक अथवा अविरति थाय. ८३.

निग्गंथत्तं चुओ पुणस कसायसीणायगो अविरओ वा।
ण्हाओ चइअ सीणायत्तंणं तु सिद्धो हविज्जन्ति ॥८४॥ द.२९

| | | |
|---|---|---|
| निग्गंथत्तं-निग्रंथपणाथी | पुण-वळी | कपणुं |
| | चइअ-त्यजीने | सिद्धो-सिद्ध |
| चुओ-चवेलो | सीणायत्तंम-स्नात- | हविज्जन्ति-थाय |

अर्थः—निग्रंथ निग्रंथपणु मूकीने वळी कषाय कुशील थाय अथवा स्नातक थाय अथवा अविरति थाय. स्नातक स्नातकपणुं मूकीने मोक्षे जाय. ८४.

विवेचनः—अगिआरमे तथा बारमे गुणठाणे निग्रंथ होय. तेमां बारमा गुणठाणाथी तेरमे आवे त्यारे स्नातक थाय. तथा अगिआरमा गुणठाणावाळा निग्रंथ अवश्य पडे. गुणठाणाना कालक्षयथी पडे ते अवश्य दशमे गुणठाणे आवे त्यां कषाय कुशील कहेवाय. आयुष्यक्षये पडे ते अवश्य देव थाय त्यां अविरती होय. तथा स्नातक स्नातकपणुं मूकीने अवश्य मोक्षेज जाय. ए प्रमाणे उवसंपजहण द्वार पुरुं थयुं. ८४.

ण्हाय नियंठ पुलायानो उवउत्ता हवंति सन्नासु।
सेसा दुहावि हुज्जा, (द्वा.२५) ण्हाओ दुहा सेसगाहारा ॥८५॥ (द्वा. २६)

| | | |
|---|---|---|
| ण्हाय-स्नातक | उपयुक्त न होय, आ | दुहावि-बंने प्रकारना |
| नियंठ-निग्रंथ | सक्तिवाळा नहोय. | हुज्जा-होय |
| पुलाया-पुलाक | सन्नासु संज्ञाओमां | सेसगा-बाकीना |
| नो-उवउत्ता हवंति- | सेसा-बाकीना | आहारा-आहारी |

अर्थः—स्नातक, निग्रंथ अने पुलाक संज्ञामां उपयुक्त नहोय बाकीना बंने प्रकारना होय. स्नातक बंने प्रकारना बाकीना आहारी होय. ८५.

विवेचनः—हवे २५ मुं संज्ञाद्वार कहे छेः-स्नातक निग्रंथ अने पुलाक संज्ञाने विषे उपयुक्त न होय. कारणके प्रधान ज्ञानोपयोगे वर्तता होवाथी आहारादि अभिलाष न होय. बाकीना एटले बकुश तथा बंने प्रकारना कुशील बंने प्रकारना होय एटले संज्ञावाळा पण होय अने संज्ञा विनाना पण होय.

हवे २६ मुं आहार द्वार कहे छेः-स्नातक आहारी पण होय अने अनाहारी पण होय. तेरमे गुणठाणे केवली समुद्घात करतां त्रीजो चोथो अने पांचमो ए त्रण समय अणहारी होय. बाकीआ हारी होय तथा चोदमे अणहारीज होय. स्नातक सिवायना बाकी ना पांच निग्रंथ आहारीज होय कारणके अणहारी उपर कहेलाअव-स्थामां तथा परभव जतां वक्रगतिए होय ते एमने नहिं होवाथी. ८५

पंचविय जहन्नेणं एगभवुक्कोसओ कमेणेवं ।
पुलायस्स तिण्णि तिन्हा अठय तिन्नेव इक्कोअ॥८६॥दा२७

| | | |
|---|---|---|
| पंचवि-पांचे पण | कमेण-अनुक्रमे | तिण्ह-त्रणने |
| जहन्नेणं-जघन्यथी | एवं-आ प्रमाणे | अट्ठय-आठ |
| एकभव-एकभव | पुलायस्स-पुलाकने | तिन्नेव-त्रण |
| उक्कोसओ-उत्कृष्टथ। | तिण्णि-त्रण | इक्कोअ-एक |

अर्थः—पांच निग्रंथ जघन्यथी एक भवमां अने उत्कृष्टथी अनु-क्रमे आ प्रमाणे-पुलाकने त्रण, त्रणने, आठ, त्रण अने एक.

विवेचनः—हवे २७ मुं भवद्वार कहे छे. पांच निग्रंथने जघ-न्यथी एक भव होय. एटले तेज भवमां मोक्षे जाय. अने उत्कृष्टपणे पुलाकने त्रण भव. बकुश, प्रतिसेवा कुशील तथा कषाय कुशील

आठ भवने आंतरे, निग्रंथ त्रण भवने आंतरे अने स्नातक एकज भवमां मोक्षे जाय. ८६

इक्को अ जहन्नेणं, आगरिसुक्कोसओ कमेणेवं ।
पुलयस्स तिन्नि तिन्हं सयग्गसो दुन्नि इक्को अ ॥ ८७ ॥

| | | |
|---|---|---|
| इक्को-एक | कमेणेवं-अनुक्रमेआ प्रमाणे | तिन्हं-त्रणने |
| जहन्नेणं-जघन्यथी | पुलयस्स-पुलाकने | सयग्गसो-शत पृथक्त्व |
| आगरिस-आकर्ष | तिन्नि-त्रण | दुन्नि-बे |
| उक्कोसओ-उत्कृष्टथी | | |

अर्थः—जघन्यथी एक आकर्ष होय. उत्कृष्टथी अनुक्रमे आ प्रमाणेः-पुलाकने त्रण, त्रणने शतपृथक्त्व, बे अने एक होय. ८७

विवेचनः—हवे आकर्ष द्वार कहे छे. जे अवस्थामां वर्ततो होय ते मूकी फरीथी ते अवस्था पामे ते आकर्ष कहेवाय. ते आकर्ष बे प्रकारे-१ एक भव आश्री २ घणा भव आश्री. प्रथम एक भव आश्री आकर्ष कहे छेः-पांचे निग्रंथने जघन्यथी एकज आकर्ष होय. एटले एकजवार चारित्र लइ मोक्षे जाय. हवे उत्कृष्टथी आ प्रमाणे पुलाकने त्रण आकर्ष होय. बकुश, प्रतिसेवा कुशील तथा कषायकुशील ए त्रणने शत पृथक्त्व आकर्ष होय. निग्रथने बे आकर्ष एक भवमां बे वखत श्रेणी करे तेने आश्री. अने स्नातकने एकज होय.

नाणभवे आगरिसा, हुंति जहण्णेणं दुन्नि पंचण्हं ।
उक्कोसओ कमेणं सत्त हवंति पुलायस्स ॥ ८८ ॥

| | | |
|---|---|---|
| नाणभवे-नानाभव, घणा भवना | जहण्णेणं-जघन्यथी | कमेणं-अनुक्रमे |
| आगरिसा-आकर्षो | दुन्नि बे | सत्त-सात |
| हुंति-होय छे. | पंचणहं-पांचने | हवंति-होय छे |
| | उक्कोसओ-उत्कृष्टथी | पुलायस्स-पुलाकने |

अर्थः—नानाभव आश्रीने पांचेने जघन्यथी बे आकर्ष होय. उत्कृष्टपणे अनुक्रमे पुलाकने सात होय. ८८.

विवेचनः—हवे नानाभव आश्री आकर्ष कहे छेः-जघन्यथी स्नातक सिवाय बाकीना पांच निग्रंथने बे आकर्ष होय छे. एक ते भवमां अने बीजो अन्य भवमां, तथा पुलाकने उत्कृष्टथी सात आकर्ष होय. प्रथम भवे त्रण वार त्यार पछी आगल एक भवे १ वार त्यार पछी एक भवमां त्रणवार एम सात थाय. ८८.

सहस्सग्गसो उ तिण्हं पंच नियंठस्स ण्हायए नत्थि ।
अंतमुहुत्तं कालो होइ दुहावि पुलायस्स ॥८९॥दा. २८ ॥

| | | |
|---|---|---|
| सहस्सग्गसो-सहस्र पृथक्त्व | नियंठस्स-निग्रंथने | होइ-होय छे |
| तिण्हं-त्रणने | ण्हायए-स्नातकने | दुहावि-बंने प्रकारे |
| पंच-पांच | नत्थि-नथी | |
| | अंतमुहुत्तं-अन्तर्मुहूर्त | पुलायस्स-पुलाकने |

अर्थः—त्रणने सहस्र पृथकत्व, निग्रंथने पांच अने स्नातकने नथी. पुलाकने बंने प्रकारथी अंतर्मुहूर्त काल होय. ८९.

विवेचनः—बकुश, प्रतिसेवा कुशील तथा कषाय कुशील ए त्रणने सहस्र पृथक्त्व आकर्ष नाना भव आश्री होय. एक भवमां नवसो छे तेने आठ गुणा करतां ७२०० थाय. निग्रंथने नाना भव आश्री पांच आकर्ष होय. एक भवमां बे बीजा भवमां बे अने त्यार पछी क्षपक निग्रंथ थई मोक्षे जाय. स्नातकने नानाभव आश्री आकर्ष नथी कारणके तेतो तेज भवमां मोक्षे जाय छे.

हवे २९ मुं कालद्वार कहे छेः-पुलाकने जघन्यथी तथा उत्कृष्टथी अन्तर्मुहूर्तनो काल जाणवो. कारणके पुलाकपणे वर्ततां छतां मरण पामे नहि. ८९.

बउसा सेवी कसाइ जहन्नओ समय मियरओ कोडी ।
समयं होइ नियंठो, अंतमुहुत्तं च उक्कोसो ॥ ९० ॥

| | | |
|---|---|---|
| जहन्नओ-जघन्यथी | (उत्कृष्टपणे) | होइ-छे |
| समयं-समय | कोडी-( देशेऊणी | नियंठो-निग्रंथ |
| इयरओ-इतर | पूर्व ) कोडी | उक्कोसो-उत्कृष्ट |

अर्थः—बकुश, प्रतिसेवा कुशील तथा कषायकुशील जघन्यथी एक समय, उत्कृष्टथी पूर्वकोडी, निग्रंथने जघन्यथी समय अने उत्कृष्टपणे अंतर्मूहूर्त. ९०.

बकुश, प्रतिसेवा कुशील तथा कषायकुशील ए त्रणनो जघन्यथी एक समयनो काल. कारणके ए त्रणे चारित्र लीधा पछी एक समयमां मरण पामे ते अपेक्षाए जाणवो तथा उत्कृष्टथी देशेऊणी पूर्व कोडी कारण के चारित्रनो उत्कृष्ट काल तेटलो छे. निग्रंथने जघन्यथी एक समयनो कारण के उपशम श्रेणीए अगिआरमे गुणठाणे आवी एक समयमां मरण पामे ते अपेक्षाए अने उत्कृष्टथी अंतर्मुहूर्तनोकारणके आगआरमा तथा बारमानो तेटलोज काल छे. ९०.

ण्हाओ अंतमुहुत्तं जहन्नओ इयरओ य पुव्वाणं ।
देसूणा कोडी खलु, बउसाई हुंति सव्वद्धं ॥९१॥

| | | |
|---|---|---|
| ण्हाओ-स्नातक | पुव्वाणं-पूर्वोना | बउसाइ-बकुशादि |
| अंतमुहुत्तं-अंतमुहुर्त | देसूणा-देशे ऊणी | हुंति-होय छे |
| जहन्नओ-जघन्यथी | कोडी-कोडी | |
| इयरओ-इतर | खलु-निश्चे | सव्वाद्धा-सर्व काल |

अर्थः—स्नातक जघन्यथी अंतर्मुहूर्त अने उत्कृष्टथी देशे ऊणी पूर्वकोडी बकुशादि सर्व काल होय.

विवेचनः—स्नातक जघन्यथी अंतर्मुहूर्त होय. कारणके अंतगड केवलीनो तेटलो काल जाणवो. अने उत्कृष्टथी देशे ऊणी पूर्व कोडी काल जाणवो. कारणके केवली अवस्थानो उत्कृष्टपणे तेटलो काल छे.

हवे नाना जीवनी अपेक्षाए बकुशादि एटले बकुश, प्रतिसेवा

कुशील अने स्नातक सर्व काले होय छे. कारणके महाविदेहमां सर्वदा संभवे. ९१.

निग्गंथा य पुलाया इक्कं समयं जहन्नओ हुंति ।
उक्कोसेण पुण ते अंतमुहुत्तं चि य हवंति ॥९२॥दा०२९

| | | |
|---|---|---|
| निग्गंथा-निग्रंथ | हुंति-होय छे | चिय-निश्चे |
| पुलाया-पुलाक | उक्कोसेणं-उत्कृष्टथी | |
| इक्कं-एक | पुण वळी | हवंति-होय छे. |

अर्थः—निग्रंथ अने पुलाक जघन्यथी एक समय अने उत्कृष्टथी अंतर्मूहूर्त निश्चे होय छे. ९२.

विवेचनः—निग्रंथ अने पुलाकनो जघन्यथी एक समयनो काल जाणवो अने एकनोज अंतर्मूहूर्त काल तेहने समये बीजो पुलाकपणुं पडिवजें एम एक समये बेनो जघन्यथी सद्भाव होय. उत्कृष्टथी ते निग्रंथ तथा पुलाक अंतर्मुहूर्त होय. फेर एटलो के एकनी स्थितिना अंतर्मुहूर्तथी घणानी स्थितिनुं अंतर्मुहूर्त मोटुं होय. ९२.

अंतोमुहुत्तमेसिं जहन्नओ अंतरं तु पंचण्हं ।
उक्कोसेण अवड्ढं पुग्गल परिअट्ट देसूणं ॥ ९३ ॥

| | | |
|---|---|---|
| एसिं-एमनुं | पंचण्हं-पांचनुं | पुग्गलपरिअट्ट-पुद्गळपरावर्त |
| जहन्नओ-जघन्य | अवड्ढं-अपार्ध-अर्धा | |
| अंतर-अंतर | मां ओछुं | देसूणं-देशे-ऊणुं |

अर्थः—ए पांचनुं जघन्य अंतर अंतर्मुहूर्तनुं. अने उत्कृष्टथी देशेऊणुं. अर्ध पुद्गल परावर्तन. ९३,

विवेचनः—हवे त्रीसमुं अंतरद्वार कहे छेः-स्नातक सिवाय बाकीना पांचनुं जघन्य अंतर अंतर्मुहूर्तनुं. आ अंतर एक जीवनी अपेक्षाए. एक पुलाक पुलाकपणुं छोडीने जघन्यथी अंतर्मुहूर्तमां फरीथी पुलाकपणुं पामे ते एक जीव आश्री अंतर जाणवुं. एम पांचे

मां कहेवुं. अने उत्कृष्टथी देशेऊणूं अर्ध पुद्गल परावर्तन जेटलुं अंतर जाणवुं. कारणके समकित पामेल जीव समकित पाम्या पछी उत्कृष्टपणे तेटलोज काल संसारमां रहे छे. माटे अनंता काळ चक्र मळीने एक पुद्गल परावर्तन थाय.

ण्हायस्स अंतरं नो समयं तु जहन्नउ पुलायाणं।
संखिज्जगवासाई उक्कोसगमंतरं तेसिं ॥

| | | |
|---|---|---|
| ण्हायस्स-स्नातकने | जहन्नउ-जघन्यथी | वासाइ-वर्षो |
| अंतरं-अंतर | पुलायाणं-पुलाकने | उक्कोसगं-उत्कृष्टथी |
| नो-नथी | संखिज्जग-संख्याता | तेसिं-तेमनुं |

अर्थः—स्नातकने अंतर नथी पुलाकने जघन्यथी समय अने उत्कृष्टथी संख्याता वर्षनुं अंतर जाणवुं. ९४.

विवेचनः—स्नातकने अंतर नथी. कारणके स्नातक अवश्य मोक्षेज जाय. अने स्नातक स्नातकपणु तजीने फरीथी स्नातकथाय त्यारे अंतर कहेवाय ते स्नातकने नथी माटे अंतर नथी.

हवे सर्वापेक्षाए अंतर कहे छेः—पुलाकने जघन्यथी एक समयनुं अंतर कारणके एक जीव पुलाकपणुं पाम्या पछी वचमां एक समय गया पछी वळी कोइ बीजो जीव पुलाकपणुं पामे ते अपेक्षाए जाणवुं. अने उत्कृष्टथी संख्याता वर्षोनुं आंतरुं जाणवुं. कारणके एक पुलाक थया पछी कोइ पुलाकपणु न पामे तो तेटला वर्ष सुधी न पामे. ९४

निग्गंथाणं समयं उक्कोसं अंतरं तु छम्मासा।
सेसाणं तु चउण्हं नो चेव य अंतरं अत्थि ॥९५॥दा.३०॥

| | | |
|---|---|---|
| निग्गंथाणं-निग्रंथोनुं | छम्मासा-छ महिना | नो-नथी |
| समयं-समयनुं | सेसाणं-बाकीना | चेव-निश्चे |
| उक्कोसं उत्कृष्टथी | चउण्हं-चारने | अत्थि-छे |

अर्थः—निग्रंथोनुं जघन्य एक समयनुं अने उत्कृष्ठ छ महि-नानुं. बाकीना चारने अंतर नथी. ९५.

विवेचनः—निग्रंथने जघन्यथी एक समयनुं अंतर अने उत्कृ-ष्टथी ६ मासनुं अंतर. बाकीना बकुश, प्रतिसेवा कुशील, कषाय कुशील तथा स्नातकने अंतर नथी. महाविदेहमां सदा सत्ता छे ते माटे. ए प्रमाणे अंतरद्वार कह्युं. ९५.

वेयण कसायमरणे तिन्नि पुलायस्स हुंति समुग्धाया।
पंचासेवग बउसे, वेउव्विय तेयगेहिं सह ॥ ९६ ॥

| | | |
|---|---|---|
| वेयण-वेदना समुद्-घात | तिन्नि-त्रण | आसेवग-प्रतिसेवा कु-शील |
| कसाय-कषाय समु-द्घात | हुंति-होय छे | वेउव्विय वैक्रिय |
| मरणे-मरण समुद्घात | समुग्धाया-समुद्घात | तेयगेहिं-तैजस |
| | पंच-पांच | सह साथे |

अर्थः—पुलाकने वेदना, कषाय अने मरण ए त्रण समुद्-घात होय छे. प्रतिसेवा कुशील तथा बकुशने वैक्रिय अने तैजस साथे पांच समुद्घात होय छे. ९६

विवेचनः—पुलाकने वेदना समु० कषाय समु० अने मरण समु० ए त्रण समुद्घात होय. संजलन कषायोदयथी कषायसमुद्घात संभवे. तथा पुलाकने मरण नथी तोपण मरण समुद्घातनो विरोध नथी जे माटे समुद्घातथी निवर्ती कषाय कुशीलादिक पामीने मरण पामे. तथा प्रतिसेवा कुशील अने बकुशने वैक्रिय अने आहा-रक वधारतां पांच समुद्घात होय. ९६

आहारएणं सहिया, कसाइणो छ नीयंठए नत्थि।
केवलिय समुग्घाओ, इक्को वि य होइ ण्हायस्स॥९७॥
॥दा. ३१ ॥

| | | |
|---|---|---|
| अहारएणं-आहारक सरिया-साथे कसाइणो-कषाय कुशीलने | छ-छ नीयंठुप-निग्रन्थने नत्थि-नथी | केवलिय-केवलिक समुग्धाओ-समुद्‌घात इक्को-एक ण्हायस्स-स्नातकने |

अर्थः—कषाय कुशीलने आहारक साथे छ समुद्‌घात. निग्रन्थने समुद्‌घात नथी. तथा स्नातकने एक केवली समुद्‌घात होय. ९७

विवेचनः—कषाय कुशीलने पूर्वे कहेली पांच समुद्‌घातमां आहारक वधारतां छ समुद्‌घात होय. एक केवली समुद्‌घात न होय. निग्रन्थने कोइ पण समुद्‌घात न होय. तथा स्नातकने तेरमे गुणठाणे आठ समय प्रमाणनी केवली समुद्‌घात होय. ९७

लोग असंखिज्जइमे भागे पंचण्हं होइ ओगाहो ।
ण्हायस्स असंखिज्जा, असंखभागेसु लोए वा॥९८॥दा.३२

| | | |
|---|---|---|
| लोग-लोकना असंखिज्जइमे भागे-असंख्यातमा भागे पंचण्हं-पांचनी | ओगाहो-अवगाहना ण्हायस्स-स्नातकनी असंख्याती | असंखभागेसु-असंख्यातमा भागे लोगस्स-लोकना |

अर्थः—पांचनी लोकना असंख्यातमा भागनी अवगाहना, स्नातकनी असंख्याती अथवा लोकना असंख्यातमा भागनी. ९८

विवेचनः-हवे ३२मुं अवगाहनाद्वार कहे छे. स्नातक सिवायना पांच निग्रन्थोने लोकना असंख्यातमा भागनी अवगाहना होय. स्नातक शरीरस्थ होय त्यारे लोकने असंख्यातमे भागे अवगाहना होय. वळी केवली समुद्‌घातमां दंडादिक करे असंख्यातमो तथा संख्यातमो भाग अवगाहे-अने लोक पूरे त्यारे सर्व लोक जेटली जीवनी अवगाहना होय. जीवना प्रदेशो लोकाकाश प्रदेश जेटला होवाथी ९८

एवं चेव य फुसणा(दा.३३)चउरो भावे खओवसमियंमि।
ण्हाओ खाइयभावे उवसमि खइयंमि वि नियंठो॥९९॥
॥ दा० ३४ ॥

| | | |
|---|---|---|
| एवं-ए प्रमाणे | भावे-भावमां | भाव |
| चेव-निश्चे | खओवसमियंमि-क्ष- | उवसमि-उपशमभाव |
| फुसणा-स्पर्शना | योपशम | खइयंमि-क्षायिकभाव |
| चउरो-चारे | खाइयभावे-क्षायिक | वि-पण |

अर्थः—एज प्रमाणे स्पर्शना जाणवी. चार क्षयोपशमभावे. स्नातक क्षायिकभावे-अने निग्रन्थ उपशम अथवा क्षायिकभावमां.९९

विवेचनः—हवे ३३ मुं स्पर्शनाद्वार कहे छेः-जे प्रमाणे अवगाहना कही ते प्रमाणे स्पर्शना जाणवी विशेष एटलुं के स्पर्शना कांइक अधिक छे. जेटलाने पडखे स्पर्शे तेटली अधिक स्पर्शना.

हवे ३४ मुं भावद्वार कहे छेः-पुलाक, बकुश, प्रतिसेवा कुशील तथा कषाय कुशील ए चार क्षयोपशम भावे चारित्रमां होय. स्नातक क्षायिक भावे चरित्रमां होय. तथा निग्रन्थ अगिआरमे गुणठाणे उपशमभावे चरित्रमां होय अने बारमे गुणठाणे क्षायिकभावे होय. ९९

पडिवज्जंति पुलाया इक्काइ जाव सयपुहुत्तंपि।
पडिवन्ना जइ हुंती सहस्स पुहु-तंत एगाई ॥ १०० ॥

| | | |
|---|---|---|
| पडिवज्जंति-पडिव-ज्जता प्रतिपध्यमान | सयपुहुत्तं-शतपृथक्त्व | हुंती-होय |
| इक्काइ-एकथी मांडी | पडिवन्ना-प्रतिपन्न | सहस्स-पुहुत्तं-सहस्र-पृथक्त्व |
| जाव-सुधी | जइ-जा | |

अर्थः—प्रतिपद्यमान पुलाक एकथी मांडी शत पृथकत्व होय. अने प्रतिपन्न एकथी मांडी सहस्र पृथक्त्व होय. १००

विवेचनः—हवे ३५ मुं परिमाणद्वार कहे छेः—प्रतिपद्यमान

एटले पुलाकपणाने पामता जघन्यथी एक समये एक होय अने उत्कृष्ट पणे शत पृथक्त्व होय. तथा प्रतिपन्न–पुलाकपणामां वर्तता जघन्यथी एकथी मांडीने उत्कृष्टपणे सहस्र पृथक्त्व होय. १००

सेवि वउसा पवज्जंतगाय इक्काइ जाव सयपुहुत्तं ।
पडिवन्नगा जहन्नगइयरे कोडीसयपहुत्तं ॥ १०१ ॥

| | | |
|---|---|---|
| पवज्जंतगा-प्रतिपद्य-मान | पडिवन्नगा-प्रतिपन्न पामेला | इयरे-इतर |
| जाव-सुधी | जहन्नग-जघन्यथी | कोडीसह पुहुत्तं-शत पृथक्त्व कोटी |

अर्थः—प्रतिसेवा कुशीलपणाने तथा बकुशपणाने पामता एकादिथी मांडी यावत् शत पृथक्त्व होय. अने प्रतिपन्न ते पणाने पामेला जघन्य तथा उत्कृष्टथी शत पृथक्त्व कोटि होय.१०१

सकसाया इक्काइ सहस्सपुहुत्तं सिया पवज्जंता ।
कोडी सहस्स पुहुत्तं उक्कोसजहन्नगपवन्ना ॥ १०२ ॥

| | | |
|---|---|---|
| सकसाया-कषाय कुशील | सहस्सपुहुतं-सहस्र पृथक्त्व | पवज्जंता-प्रतिपद्यमान |
| इक्काइ-एकथी मांडी | सिया-होय | पवन्ना-प्रतिपन्न |

अर्थः—कषाय कुशील प्रतिपद्यमान एकथी मांडी सहस्र पृथक्त्व होय. तथा पूर्व प्रतिपन्न उत्कृष्ट अने जघन्यपणे हजार कोटि पृथक्त्व होय. १०२

पडिवज्जंति नियंठा इक्काई जा सयं तु बासट्ठं ।
अठसयं खवगाणं उवसमगाणं तु चउवन्ना ॥ १०३ ॥

| | | |
|---|---|---|
| जा-यावत् सुधी | अट्ठसयं-एकसो आठ | उवसमगाणं-उपशामक |
| सय-सो | खवगाणं-क्षपक | चउवन्ना-चोपन |
| बासठं-बासठ | | |

अर्थः—निग्रन्थ एकथी मांडीने १६२ प्रतिपद्यमान होय. क्षपक १०८ अने उपशामक ५४ होय. १०३

विवेचनः—हवे निग्रन्थपणाने पामता जघन्यथी एकथी मांडा उत्कृष्टपणे. १६२ होय. कारणके क्षपकश्रेणीए एक साथे एकसो आठ चडे अने उपशम श्रेणि एक साथे चोपन जीवो मांडे माटे ते बंने मळी एक साथे निग्रंथपणुं पामता १६२ जीवो होय. १०३.

पुव्वपवन्ना जइ ते इक्काई हुंति जाव सयपुहुत्तं ।
ण्हाया उ पवज्जंता, अठसयं जाव समयंमि ॥ १०४ ॥

| | | |
|---|---|---|
| पुव्वपवन्ना-पूर्वे पति पन्न | हुंति-होय | पवज्जंता-प्रतिपद्यमान |
| जइ-जो | जाव-यावत् सुधी | समयंमि-एक समयमां |
| ते-तेओ | सयपुहुत्तं-शतपृथक्त्व | |
| | उ-वळी | |

अर्थः—निग्रंथ पूर्व प्रतिपन्न होय तो एकथी मांडी यावत् शत पृथक्त्व होय. स्नातक एक समयमां प्रतिपद्यमान एकथी मांडी एकसो आठ होय. १०४.

पुव्वपवन्न सिणाया कोडि पुहुत्तं जहन्नउ हुंति ।दा०३५।
उक्कोसा चेवंचिय परिमाणामि मेसिं एवं तु ॥ १०५ ॥

| | | |
|---|---|---|
| पुव्व पवन्न-पूर्व प्रति पन्न | पृथक्त्व | चिय-निश्चे |
| सिणाया स्नातक | जहन्नउ-जघन्यथी | परिमाणं-परिमाण |
| कोडिपुहुत्तं-कोटि | उक्कोसा-उत्कृष्टथी | इमेसिं-एमनुं |
| | चेवं-एमज | एवं-ए प्रमाणे |

अर्थः—पूर्वप्रतिपन्न स्नातक जघन्यथी कोटि पृथक्त्व होय. उत्कृष्टपणे पण एमनुं एटलुंज परिमाण जाणवुं. १०५.

निग्गंथ पुलय न्हाया बउसा पडिसेवगा कसाइल्ला ।
थोवा संखिज्जगुणा जहुत्तरं ते विणिद्दिठा ॥ १०५ ॥
॥ दा० ३६ ॥

| | | |
|---|---|---|
| निग्गंथ-निग्रंथ | कुशील | सगुणा |
| पुलय-पुलाक | कसाइल्ला-कषाय | जहुत्तरं-यथोत्तर, एक |
| न्हाया-स्नातक | कुशील | एकथी |
| बउसा-बकुश | थोवा-थोडा | ते-तेओ |
| पडिसेवगा-प्रतिसेवा | संखिज्जगुणा-संख्या | विणिद्दिट्ठा-कह्या छे |

अर्थः—'निग्रंथ' पुलाक, स्नातक, बकुश, प्रतिसेवा कुशील अने कषाय कुशील थोडा अने यथोत्तर संख्यातगुणा कह्या छे. १०६

विवेचनः—हवे ३६ मुं अल्पबहुत्वद्वार कहे छेः-निग्रंथ सोथी थोडा छे. उत्कृष्टपणे पण एकसो बासठ होवाथी तेथी पुलाक संख्यात गुणा कारणके सहस्त्र पृथकत्व होय. तेथी स्नातक संख्यात गुणा कोटि पृथक्त्व होवाथी तेथी बकुश संख्यातगुणा शतपृथक्त्व कोटि होवाथी तेथी प्रतिसेवा कुशील संख्यात गुणा ( अ. पूर्वे १०१ मी गाथामां प्रतिसेवा कुशील तथा बकुशनी संख्या सरखी कही छे. ) तेथी कषायकुशील संख्यातगुणा तेनी संख्या सहस्त्रकोटि पृथकत्वनी होवाथी. १०६.

भगवइ पणवीस सययस्स छठ उधे सगस्स संगहणी
एसाउ नियंठाणं रइया भावत्थ सरणत्थं ॥ १०७ ॥

| | | |
|---|---|---|
| भगवई-भगवती | छठ-छट्ठा. | नियंठाणं-निग्रंथोनी |
| सूत्रना | उदेसगस्स-उदेशानी | रइया-रची |
| पणवीस-पचीसमा | संगहणी-संग्रहणी | भावत्थ-भावार्थ |
| सययस्स-शतकना | एसा-आ | सरणत्थं-स्मरणनेअर्थे |

अर्थः—भगवती सूत्रना पचीसमा शतकना छठा उदेशानी संग्रहणी (द्वारोनो समूह ) निग्रंथोना भावार्थने स्मरण करवाने माटे रची. १०७.

॥ पंचनिग्रन्थी समाप्त ॥

## भविष्यनी सज्झाय.

॥ ज्ञान कदी नवी थाय मुरखने ज्ञान. ए देशी ॥

भविष्यमें लख्यु होय थाय, डाहापण कोइनुं काम न आवे ॥ कोड करोने उपाय ॥ भवि० ॥ १ ॥ राजाने मन रढज लागी, मृगया रमवा जाय ॥ साधु मुनि संतोषीआतारे, सर्प डसे शुं थाय ॥ भवि० ॥ २ ॥ मंगल मुहुरत सुभ चोघडीयुं, प्रथम ग्रह पुजाय ॥ जाणजोसी जाणता छतां, रंग भरी शिदने रंडाय ॥ भवि० ॥ ॥ ३ ॥ रामचंद्रजी जाणता छतां, वनमां शिदने जाय ॥ सती सीताने कलंक आव्यु तारे, रावण रणमां रोलाय ॥ भवि ॥ ४ ॥ अरजुन भीम नकुळ सेदेव, राजा धरम कहेवाय ॥ पांच पांडव जाणता छतां, भुपति शीदने लुंटाय ॥ भवि० ॥ ५ ॥ चंदनबाला चौटे वेचाणी, राख्या छे मुळा घेर ॥ हाथे पगे बेडी डहकला एमने, राख्या छे गुप्त भंडार ॥ भवि० ॥ ६ ॥ सती सुभद्राने कलंक आव्यु तारे, सासुए दीधी छे आल ॥ जीभ्याए करी तरणु काडयु तारे, मुनिने कपाले टीलु थाअ ॥ भवि० ॥ ७ ॥ सती अंजणाने कलंक आव्यु तारे, सासुए दीधी छे आल ॥ मावापे पण पाणीना पायु इमने, काडा छे उजड वनवास ॥ भवि० ॥ ८ ॥ हिरविजय गुरु सिरा नमी जे, लब्धिविजय गुण गाय ॥ माणेकविजय गुरु इम भणे तमे सांभली लेजो सार ॥ भवि० ॥ ९ ॥